૨૬૦

# શ્રી
# ઉત્તરાધ્યયન સૂત્ર
# ચિંતનિકા

卐

* ચિંતિકા *

પૂ. સાધ્વી શ્રી વાચંયમાશ્રીજી

# નમસ્કાર

卐 ચરમ તીર્થંકર પ્રભુ શ્રી મહાવીરને....

卐 અનંત લબ્ધિનિધાન પ્રથમગણધર
ગૌતમસ્વામીજીને....

卐 પંચમગણધર સુધર્માસ્વામિને...

卐 પરમ પવિત્ર શ્રી ઉત્તરાધ્યયન સૂત્રને....

卐 આ પવિત્ર સૂત્રની નિર્યુક્તિ કરનાર
શ્રી ભદ્રબાહુ સ્વામીને...

卐 કાલના પ્રવાહમાં આજસુધી અજ્ઞાત રહેનાર
આ સૂત્રના ભાષ્યકર્તાને....

卐 આ પવિત્ર સૂત્ર તથા મંગલમયી નિર્યુક્તિના મહાન અર્થોની વિવેચના કરનાર શ્રી વાદિ-વેતાલ શાંતિસૂરીશ્વરજી મહારાજને....

卐 અત્યાર સુધી આ સૂત્રની અવિચ્છિન્ન પરંપરા ચલાવનાર મહાપુરુષોને....

卐 પોતાની અંતિમ અવસ્થામાં આ સૂત્રના છત્રીસે છત્રીસ અધ્યયનના સ્વાધ્યાયમાં રમણ કરનાર અમારા પૂ. દાદાગુરુદેવ લબ્ધિ-સૂરીશ્વરજી મ૦ ને....

卐 પ્રસ્તુત વિવેચન ગ્રંથ પર હૃદયના આશીર્વાદ વરસાવનાર વાત્સલ્યદાતા પૂ. ગુરુદેવ વિક્રમસૂરીશ્વરજી મ૦ ને....

ह्रीँ

"जैनं जयति शासन"

ॐ ह्रीँ श्री शंखेश्वर पार्श्वनाथाय नमः

ॐ ह्रीँ श्री गौतमस्वामिने नमः

આત્મ-કમલ-લબ્ધિ સૂરીશ્વર સદ્‌ગુરુભ્યો નમઃ

જયંત-વિક્રમ-નવીન સૂરીશ્વર સદ્‌ગુરુભ્યો નમઃ

શ્રી

# ઉત્તરાધ્યયન સૂત્ર

"ચિંતનિકા"

શુભાષિત દાતાઃ—

પૂ. પા. નિત્ય ભક્તામર સ્તોત્રપાઠી તીર્થપ્રભાવક
ગુરૂદેવ વિક્રમસૂરીશ્વરજી મ. સા.

"સંપાદક"

પૂ. પા. તીર્થપ્રભાવક ગુરૂદેવ **વિક્રમસૂરીશ્વરજી**
મ. ના વિદ્વાન શિષ્ય પૂ. **પંન્યાસ રાજયશવિજયજી** મ. સા.

"પ્રકાશક":—

શ્રી લબ્ધિ-વિક્રમસુરીશ્વર સંસ્કૃતિ કેન્દ્ર
શ્રી ચંદ્રકાંત એ. દલાલ.
T/7, A શાંતિનગર આશ્રમરોડ.
અમદાવાદ-૧૩

પ્રકાશક :– શ્રી લબ્ધિ–વિક્રમસૂરીશ્વર સંસ્કૃતિ કેન્દ્ર
શ્રી ચંદ્રકાંત એ. દલાલ
T/7- A, શાંતિનગર, વાડજ,
અમદાવાદ–૩૮૦૦૧૩.

આવૃત્તિ પ્રથમ :–, નકલ–૨૦૦૦
વર્ષ :– ૨૦૪૧

સૂચના :– " પુસ્તક વાંચીને અન્ય ભાઈ–બહેનોને વાંચવા આપવું. જ્ઞાનની આશાતના થાય તેમ રખડતું મૂકવું. નહી. જરૂર ન હોય તો પાછું મોકલી આપવા વિનંતી, જેથી અન્યને લાભ આપી શકાય. પુસ્તક મલ્યાની પહોંચ તથા અભિપ્રાય લખી જણાવવા વિનંતી."

મુદ્રક :– ધરણેન્દ્ર એચ. કાપડીયા
રાજેશ ટ્રેડર્સ.
અવંતી એપાર્ટમેન્ટસ,
પાલડી, અમદાવાદ–૭.
ટે. નં. ૭૮૮૭૯

૧૦૦૦ પુસ્તકનો લાભ લેનાર

શ્રી સુપાર્શ્વનાથ જૈનસંઘ રાયપેઠા પુદુપાકમ્

(જયઉ વીર સચ્ચઉરિ મંડણુ) સાચોર

નં-૪૩ ચિલ્લઈ પિલ્લઈ કોઈલ સ્ટ્રીટ,

રાયપેઠા, મદ્રાસ-૧૪.

## ૧૦૦૦ પુસ્તક પ્રકાશનનો લાભલેનાર અનેક જ્ઞાનપ્રેમી મહાનુભાવ

### પૂ. સરલાશયી માતૃહૃદયા સાધ્વી સર્વોદયાશ્રીમ.ની પ્રેરણાથી

૧૦૦ નકલ શ્રીમતી કંચનબેન ભોગીલાલ ઝવેરી મુંબઇ

૧૦૦ નકલ શ્રીમતી કલાવતીબેન આર. ડી. ઝવેરી–અમદાવાદ.

૧૦૦ નકલ હરીન્દ્રભાઇ મણીલાલ મહેતાના સ્મરણાર્થે–મદ્રાસ

### શ્રી નંદલાલભાઈ તારાચંદ વોરાની પ્રેરણાથી

૧૦૦ નકલ વીરવાણી પ્રકાશન કેન્દ્ર C/o નંદલાલ તારાચંદ વોરા ૯૮ નેપીયન્સી રોડ મુંબઇ

૧૦૦ નકલ ચંદ્રકાન્ત રતીલાલ બેંકર સિકન્દ્રાબાદ

૧૦૦ નકલ જશવંતલાલ મગનલાલ વોરા વાલકેશ્વર–મુંબઈ–૬

૧૦૦ નકલ બળદેવભાઇ ડોસાભાઇ પટેલ–નારણપુરા અમદાવાદ

૧૦૦ નકલ નવનીતભાઈ સી. પટેલ–આશ્રમરોડ અમદાવાદ

૫૦ નકલ જશવંતલાલ શાંતીલાલ શાહ–મુંબઈ–૨

૫૦ નકલ પ્રેમજી હીરજી ગાલા–સૂર્ય એપાર્ટમેન્ટ મુંબઇ–૬

૫૦ નકલ ધીરજલાલ વ્રજલાલ શાહ–નવાવાડજ અમ.–૧૩

૨૫ નકલ ચંપકલાલ મણીલાલ—માટુંગા મુંબઈ–૧૯

૨૫ નકલ વજુભાઈ વાડીલાલ શાહ–નવજીવન સોસાયટી મુંબઈ

૨૫ નકલ શાંતીલાલ મગનલાલ શાહ–બોમ્બે નોવેલ્ટી સ્ટોર્સ મુંબઇ–૨

# સમર્પણ

ઉત્તરાધ્યયનાખ્યસ્ય, સૂત્રસ્ય શ્રી સુધાનિધેઃ,
પાનતો ગાનતો યેન, જીવનં સફલીકૃતં ॥
સ્વાધ્યાયૈકતાનાય, પરગુણૈકમોદિને,
મત્કૃતે યાનપાત્રાય, નિમજ્જન્ત્યાઃ ભવાંબુધૌ ॥
લબ્ધિસૂરિ ગણેશાય, વાચંયમેતિ બાલિકા,
સમર્પયંતિ ગ્રંથંહિ, ગુરુવાત્સલ્ય લાલિતા ॥



**સમર્પણ :—**

ઉત્તરાધ્યયનના શબ્દે શબ્દે વૃદ્ધત્વે પણ પલકે પલકે
મેળ કર્યો તો ખૂબ હરખે હરખે તે ગુરુના કર કમલે કમલે
ગ્રંથ સમર્પી મનડું મલકે ગોખ ગગનથી કૃપા તું જ છલકે...

આપની પુત્રી સમી શિષ્યા
વાચંયમાની
અનંત વંદના

જેઓની પુણ્યનિશ્રામાં
જેઓના શુભાશિષથી
શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર ચિંતનિકા આલેખાયી તે



નિત્ય ભક્તામર સ્તોત્ર સમારાધક તીર્થપ્રભાવક
પૂ. પા. ગુરુદેવ વિક્રમસૂરીશ્વરજી મ. સા.

# શુભાશિષ

લે. પૂ. પા. તીર્થપ્રભાવક ગુરુદેવ
વિક્રમસૂરીશ્વરજી મ. સા.

આજના યુગજન્મીઓને કંઈ ને કંઈ વાચન તો જોઈએ જ છે પણ આજે એવાં એવાં પુસ્તકો લખાઈ રહ્યાં છે જેના વાચનથી અનેક આત્માઓ વ્યસનોમાં વિલાસમાં સ્વચ્છંદતામાં જોડાઈ જાય છે અને આ લોક તથા પરલોકને બગાડી નાખે છે.

આવાં પુસ્તકો તો ઘરઘર ને જગેજગે બુકસેલરને ત્યાં પ્રાપ્ત થઈ શકે છે પણ આવાં અશ્લીલ અને આત્મઘાતક વાચનોથી આજના સમાજને બચાવવાની ખૂબ જરૂર છે. સારાં સુસંસ્કારી વાચનો ઠેર ઠેર પ્રાપ્ત થાય તેવાં પુસ્તકો લખવાની અને છપાઈને સહુને સુલભ થાય તે પ્રમાણે કરવાની જરૂર છે. જેટલા જોરથી સ્વચ્છંદતાને પોષનારાં પુસ્તકો બહાર પડે છે તે કરતાં પણ વધારે જોરદાર પુસ્તકો ખૂબ ખૂબ પ્રગટ કરવાં જોઈએ....

પણ....એવાં આત્મસન્મુખ બનાવનાર પુસ્તકોના લેખકો પણ આજે જૂજ છે. તેમાં પણ આવા આગમ ગ્રન્થોનાં રહસ્યોને લઈને પુસ્તક લખનારા લેખકો તો ગણ્યાંગાંઠયા જ છે. તેમાં પણ આપણા આ ઉત્તરાધ્યયન સૂત્ર ચિંતનિકા લખનારા લેખિકા તો આ એક જ છે એમ

લાગે છે. દશવૈકાલિકના અર્થો અને ભાવાર્થો તો ઘણાએ લખ્યા હશે પણ એનું ચિંતન મળે તેવું પુસ્તક લખનાર તો આપણા આ લેખિકા સાધ્વીવર્યા જ છે.

એમની આ દશવૈકાલિક ચિંતનિકા એટલી બધી અધ્યાત્મપ્રિય, આગમપ્રિય અને ગુણાનુરાગી આત્માઓને ગમી ગઈ છે કે આ લેખિકાને ધન્યવાદ આપતાં મારા ઉપર ઘણાં પત્રો આવ્યાં છે અને તેમાં પણ સ્થાનકવાસી સમાજે તો આ પુસ્તકને ફરી મુદ્રણ કરવા રજા લીધી અને ફરી પણ એનું મુદ્રણ થયું છે. હવે એ જ રીતે **'ઉત્તરાધ્યયન સૂત્ર ચિંતનિકા'** લખી છે. જે ચરમ તીર્થપતિ મહાવીરસ્વામી ભગવંતની ચરમ દેશનાનો સાર છે. આ ઉત્તરાધ્યયન સૂત્રનો પૂર્ણ અભ્યાસ ભવ્યાત્માઓ કરી શકે છે તેવું લખાણ તે જ ગ્રન્થના પ્રાન્ત ભાગમાં છે.

આવા ઉત્તરાધ્યયન સૂત્રની ચિંતનિકા લખનાર સાધ્વીશ્રી વાચંયમાશ્રી પણ મહાન ભવ્યાત્મા હોવા જોઈએ.

આ ઉત્તરાધ્યયન સૂત્ર ઉપર શ્રુતકેવલી ચતુર્દશ પૂર્વધર આચાર્ય ભગવંત શ્રી ભદ્રબાહુસ્વામી મહારાજાએ નિર્યુક્તિ નામની ટીકા લખી છે. પંચમાંગ શ્રી ભગવતીજી સૂત્રમાં પાંચ પ્રકારના જિન બતાવ્યા છે તેમાં શ્રુતકેવલીને જિન કહ્યા છે....એમની નિર્યુક્તિમાં લખ્યું છે કે—આ ઉત્તરાધ્યયન સૂત્ર અભવ્ય આત્મા પૂર્ણ કરી શકતો નથી.... આ નિર્યુક્તિને લઈને વાદિવેતાલ શ્રી શાંતિસૂરિ મહારાજે

'પાઈય ટીકા' રચી છે. જેમાં અનેક વાદસ્થળો છે જેનો અભ્યાસ કરનાર કોઈથી જિતાતો નથી.

આ લેખિકાએ જે 'ઉત્તરાધ્યયન સૂત્ર ચિંતનિકા' લખી છે તેનો અભ્યાસ કરી અનેક ભવ્યાત્માઓ પોતાની મોક્ષ-માર્ગની મંજિલ જલદી પૂર્ણ કરે અને લેખિકાના શ્રમને સફળ કરે.

લેખિકા હજી પણ આવા અનેક આગમ ગ્રન્થોનાં રહસ્યોને ગ્રન્થસ્થ કરીને આત્માઓને માર્ગસ્થ કરવાનો લાભ મેળવે. તેઓને મારા અંતઃકરણના આશીર્વાદ છે કે જિન-વાણીનાં રહસ્યોને સરળભાષામાં રજૂ કરવાની દિન-પ્રતિદિન તેમની શકિત વધતી જાય અને તેઓ શાસનભકિત, ગુરુભકિત અને શ્રુતભકિત દ્વારા શાસન પ્રભાવના કરી પરમપદની સાધનાનો પરમપંથ શીઘ્ર પૂર્ણ કરવામાં સફળ અને........

આચાર્ય વિક્રમસૂરિ
તા. ૩–૨–૮૫
વાપી જૈનઉપાશ્રય.

# સંપાદકીય

પૂ પા. આચાર્યદેવ વિક્રમસૂ. મ.ના
વિદ્વાન શિષ્ય, વ્યાખ્યાનકાર
**પૂ. પં. રાજયશ વિ. મ.**

પૂજ્ય હેમચંદ્રાચાર્ય મ. અયોગ દ્વાત્રિંશિકામાં ફરમાવે છે.
"વિમુક્ત વૈર વ્યસનાનુબંધા, શ્રયન્તિ યાં શાશ્વત વૈરિણોઽપિ,
પરૈરગમ્યા તવ યોગિનાથ ! તાં દેશના ભૂમિમુપાશ્રયેઽહ"

પ્રભુની એ દેશના ભૂમિ–સમવસરણ ભૂમિની કલ્પનાથી પણ આપણા રોમાંચ ખડા થઈ જાય છે. માલકોશ રાગની એ મધુરી દેશના ભલભલાનાં દિલ ડોલાવી દે છે. આવા દેશનાના પ્રવાહમાં અનેક મધુરાં તત્ત્વો જિનેશ્વર ભગવાનના મુખેથી સરી જાય છે.

પૂ. આચાર્ય ભગવંત હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ એ દેશના ભૂમિનો આશ્રય કરવા ઝંખે છે. દેશના ભૂમિમાં જેમ અનેક ભવના વૈર નાશ પામે છે તેમ પ્રભુની આગમ વાણીનો મહિમા જ એવો છે કે એ વાણીનું શ્રવણ અને વાસ્તવિક રીતે ધારણ કરનારના જીવનમાં એક અનેરી શાંત સ્થિતિને પ્રાપ્ત કરે છે. પ્રભુની વાણીનાં શ્રવણ–ચિંતન અને મનન બાદ દુનિયા કંઈ બદલાઈ જતી નથી. વિશ્વ તો છે તેવું જ રહે છે. પણ, સાધકનો પ્રજ્ઞાલોક એક નવો પ્રકાશ પાથરે છે. ગઈ કાલ સુધીનું વિશ્વ

તેને એક નવા સ્વરૂપે જ દેખાય છે. કાલ સુધી જગત સુખ–દુઃખ, હર્ષ–શોક, આનંદ–આક્રંદ, સંપત્તિ અને વિપત્તિ, સંયોગ અને વિયોગથી ખળભળેલું દેખાતું હતું. હવે સાધકને દરેક વાતનું ગણિત સમજાય છે. તેના દિલમાં 'સંયોગ' એ હર્ષ નથી, 'વિયોગ' એ શોક નથી. તે સંયોગને પણ કર્મના ગણિતનો જવાબ સમજી સ્વીકારે છે, તો વિયોગને પણ એટલા જ સ્થિતપ્રજ્ઞ ભાવે અવલોકે છે. જગતની તમામ ઘટનાઓ છએ દ્રવ્યોનું વિજ્ઞાન છે. સમુદ્રનાં કલ્લોલતાં મોજાં કિનારે ઊભા રહેનારને મન જેમ સ્વાભાવિક પ્રક્રિયા છે. ભરતી અને ઓટને તે સાગર માટે અનિવાર્ય માને છે અને જરાય લેપાયા વિના ક્યારે ભરતી આવશે અને ક્યારે ઓટ આવશે તેનું ગણિત જાણી તે પ્રમાણે જીવન કાર્યક્રમ ઘડે છે. તેમ આ વીતરાગની વાણીને આત્મસાત્ કરનાર પોતાના સમગ્ર જીવનને છએ દ્રવ્યના પર્યાયોના સંદર્ભમાં જુએ છે. અને તેવી જ સ્વાભાવિક ગતિ તેના જીવનની કરી નાખે છે. પરિણામે પરમાત્માની વાણી તેનામાં એવી દૃષ્ટિ એવી સમ્યક્ દૃષ્ટિ પેદા કરે છે કે જગત તેને સમ્યક્ લાગે છે.

કોઈ વેદાંતિક કહે છે કે જગત મિથ્યા છે. ત્યારે આ સમ્યક્ દૃષ્ટિ કહે છે કે જગત તો સત્ય જ છે. જગતના પ્રત્યેક પરિવર્તન પણ સત્ય છે. માત્ર આ પરિવર્તનો મારામાં સુખ–દુઃખ, હર્ષ–શોક પેદા કરે છે તેવો ખ્યાલ જ મિથ્યા છે. અને દૃષ્ટિનો આ મિથ્યા રાગ જતાં આ

જાગ્રત સાધકને એવું અપૂર્વ લાગે છે કે તે અપૂર્વતાની મસ્તીને નિહાળવા પ્રત્યેક ચાહકે સાધક બનવું જ પડે.

આવો સાધક ભૂમિકા તરફ લઈ જતો દેશના પ્રવાહ પ્રભુ મહાવીરે જીવનના અંતિમ સમય સુધી વહાવ્યો. કહેવાય છે કે છેલ્લા બે દિવસની અને સોળ પહોરની એ દેશનામાં જે વાણીપ્રવાહ વહ્યો તેના ગુંફનમાંથી જ **"શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર"**ની રચના થઈ. વિદ્વાનો એને વિવિધ રીતે વિચારે છે. પણ એક વાત તો નિર્વિવાદ લાગે છે કે તેમાં અંતિમ દેશનાનો કેટલોક ભાગ અવશ્ય છે.

પ્રભુ મહાવીર સ્વામીની અંતિમ દેશના રૂપે પંકાયેલ શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર એક ખજાનો છે. એ સૂત્રને જે સારી રીતે જાણે છે, સારી રીતે કંઠસ્થ કરે છે તે તો જીવનનો એક અપૂર્વ લાભ મેળવે છે. આપણે ત્યાં વૈરાગ્યજનક શાસ્ત્રો-પ્રકરણો ઘણાં છે. પણ શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર આ બધાં વૈરાગ્યબોધક પ્રકરણોનું એક પ્રેરણાસ્થાન છે એમ માનવું પડે છે. પૂ. આત્મારામજી મહારાજ આ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રને વૈરાગ્યનો સાગર કહેતા હતા. અને ફરમાવતા હતા કે જેને વિવિધતાપૂર્ણ એવું એક જ આગમ મુખપાઠ રાખવું હોય તેને હું નિઃશંક શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર જ સૂચવું. બીજા આગમ ગ્રંથો કરતાં શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં વિવિધતા ઘણી છે. વૈરાગ્યબોધક સૂકતો છે. સુંદર પ્રશ્નોત્તર સંવાદ છે દ્રવ્ય અને ગુણોની વ્યાખ્યાઓ પણ તેમાં ગોચર થાય છે. આમ કહી શકાય

કે શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર એક જ જૈન ધર્મ અને દર્શનનો પરિચય આપવા સમર્થ છે.

આ સૂત્રો પર અને આ સૂત્રની વિવિધ ગાથાઓ પર ઘણું ઘણું લેખન થઈ ચૂક્યું છે. પણ તેમાંથી ચિંતન-બીજોનું ચયન કરીને પ્રત્યેકની વ્યાપક વિચારણા કરતાં ચિંતનો અને વિવેચનો ઓછાં થયા છે. લેખિકા સાધ્વી-વર્યા વાચંયમાશ્રીજીનો આ દિશાનો પ્રયત્ન એક સફલ પ્રયત્ન છે. તેમને પ્રસ્તુત ગ્રંથમાંથી આવાં પંચાવન ચિંતન-બીજોને પૂર્વમહર્ષિઓની ટીકા અને વિવેચનનો ખ્યાલ કરીને પણ એવી સરસ રીતે ચિંતનપથ પર ચડાવ્યાં છે કે વાચક ચિંતનના પ્રવાહમાં આસાનીથી ખેંચાઈ જાય છે. તદ્દન બોલચાલની છતાંય વૈવિધ્યપૂર્ણ ભાષા એ પણ એક આકર્ષણ છે. તો બીજી તરફ સામાન્ય વાંચક પોતાની જીવનકથાના અનુભવોનું પૃથક્કરણ થતાં ગ્રંથની સાથે એકતા અનુભવે છે.

'સાધક' ના દિલની ભાવના લેખિકા સારી રીતે જાણી જાય છે. અને તેથી જ વાંચકને લેખન વાંચતાં પોતાની સાથે કોઈ 'વાત્સલ્યદાતા ગુરુજન' વાતચીત કરતો હોય તેવો અનુભવ થાય છે.

આવી રીતનાં ચિંતનબીજોને લોકાનુભવમાં અને લોક-ભાષામાં રજૂ કરવાનો તેમનો બીજો પ્રયાસ છે. પ્રથમવાર લેખિકાએ "શ્રી દશવૈકાલિક સૂત્ર ચિંતનિકા" નામની

પુસ્તિકામાં આવાં પચાસ બીજ પર ચિંતન વહાવ્યું છે. તે પુસ્તકની જે માંગ આવી છે, વાંચકોએ જે અનુભવો રજૂ કર્યા છે તેથી તો એમ સમજાય છે કે આ પુસ્તકનું માત્ર વાચન જ નથી થયું, પણ અનેક સાધુ–સાધ્વીજી મ. ની અંતરઆરાધના અને સાધનામાં આ પુસ્તકે અનેરો પ્રકાશ પાથર્યો છે. શું સ્થાનકવાસી કે શું મૂર્તિ-પૂજક....દરેક પંથના સાધુ–સાધ્વીજીએ આ પુસ્તકનો રસાસ્વાદ માણ્યો છે. મોટા મોટા આચાર્ય ભગવંતોએ પણ આ પુસ્તકની આવશ્યકતા સ્વીકારી છે. અને તેથી મને પણ એવા વિચાર આવે છે કે "જ્યાં બધા ચાલે તે જ માર્ગ." એ ન્યાયે આવી શૈલીએ વધુને વધુ પુસ્તકો લખાવાં જોઈએ. શ્રી દશવૈકાલિક સૂત્ર ચિંતનિકાનું સંપાદન કરવાનું આવ્યું હતું. તે જ વખતે મેં સૂચન કરેલ કે આ પુસ્તકની સ્થાનકવાસી સંપ્રદાયમાંથી પણ ખૂબ માંગ આવશે અને એમ જ બન્યું પણ છે. એક સહૃદય મુનિ-વરે આ પુસ્તિકા વાંચીને મને જણાવ્યું હતું "આવાં પુસ્તકો આજે કોણ લખે છે?" અને તે ક્ષણે મારી દૃષ્ટિએ પણ અવલોકન કરવા માંડયું. "શું આવી કક્ષાનાં પુસ્તકો લખાય છે ખરાં? અને મારે કબૂલવું પડયું. આ એક નવી છતાંય પ્રેરણાદાયી અને ઉપયોગી દિશા છે.

સાધુજીવનમાં આગમનું બહુમાન વધે, આગમ માટે આદર વધે, આગમનાં વચનોને વારંવાર પાઠ કર-વાની લાલસા પેદા થાય, આગમની વાણી સિવાય બધું

અધૂરું લાગે તે ખરેખર ઇચ્છવા યોગ્ય છે. અને આ પુસ્તક એ રીતે આગમની યશોગાથાની છડી પોકારનારું બને છે.

હજી પણ નવા નવા ચિંતકોને ખૂબ ખૂબ અવકાશ છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાંથી લેખિકાએ તો પોતાની ચિંતનધારાને અનુકૂળ આવે તેવાં પંચાવન બીજકો જ પુસ્તકની મર્યાદા પ્રમાણે પસંદ કર્યાં છે. આવાં ઘણાં ચિંતનબીજો હજી તેમાં છે જે વિવેચના અને ચિંતનને પાત્ર છે.

વાંચક માત્ર આ પુસ્તિકા વાંચી અને તેની પ્રશંસા કરે તે પૂરતું નથી. આ આગમ મુખપાઠ કર્યું ન હોય તો મુખપાઠ કરવા જેવું છે. મુખપાઠ કર્યું હોય તો તેનો સ્વાધ્યાય બહુ જ શાંત મને પણ સપ્તાહમાં એકવાર આ આ સૂત્ર પૂર્ણ થઈ જાય તેવી રીતે કરવા જેવો છે. જેઓ આવી રીતનો સ્વાધ્યાય કરતાં હોય અને લેખન કે વિવેચના શક્તિ હોય તેને આવાં ચિંતનબીજો શોધીને તેના પર વિવેચન કરવા જેવું છે. જાહેર વ્યાખ્યાતાઓને મારી નમ્ર વિનંતી છે કે દુનિયા ગમે તેવી વિવિધતા ચાહતી હોય છતાંય તમે વ્યાખ્યાનમાં આવા શ્લોકો ઉચ્ચારીને સુંદર છણાવટ કરશો તો લોકો આનંદ તો પામશે જ. પણ, સાથે સાથે હૃદયને કંઈક સ્પર્શી ગયું છે તેવો તમને પણ અનુભવ થશે. વક્તા–મુનિઓને તો મારી ખાસ પુનઃ વિનંતી છે કે વધુ નહીં તો લગભગ સો કે

બસો ગાથાઓ સુભાષિત રૂપે, વિવિધ વિષયની ચૂંટી તેનો વ્યાખ્યાનમાં વ્યાપક ઉપયોગ કરવા જેવો છે. આવાં બોધક વચનો શ્રોતામાં ધાર્યા કરતાં પણ વધુ વૈરાગ્ય પેદા કરશે. અને તેથી જ મને લાગે છે કે અમારા પૂજ્ય દાદા ગુરુદેવ શ્રીમદ્ વિજય **લબ્ધિસૂરીશ્વરજી મ. સા.** પોતાના જીવનના અંતિમ સમયે શ્રી ઉત્તરાધ્યયન સૂત્રને જ મુખપાઠ કરવા માંડયું હતું આવા મહાપુરુષો જે અંતિમ સમયે કરવું ઉચિત માનતા હોય તેને આપણે આરંભ સમયથી સ્વીકારીએ તો જીવનને ખૂબ જ સફળ બનાવી શકીએ.

તેથી મારા ખ્યાલ પ્રમાણે આ ગ્રંથ માત્ર અર્થ દર્શન તથા માર્ગ–દર્શન નથી, જીવન પદ્ધતિ દર્શન પણ છે. ભાગ્યશાળી આત્માઓ તો આ માર્ગને અનુસરશે જ તેમાં શંકા નથી.

પ્રભુ મહાવીરની આ આગમ વાણી પરનું વિવેચન જો ક્ષણવાર પણ આપણામાં વીતરાગીતાની મસ્તી જગાડી દેશે, ક્ષણવાર પણ આપણને ક્લેશથી દૂર કરી શકશે, ક્ષણવાર પણ જ્ઞાનાનંદમાં મસ્ત બનાવી અપ્રમત્ત સાધુતાનો આસ્વાદ કરાવી દેશે, જગતનું રહસ્ય છતું કરીને જાતમાં સ્થિર કરી દેશે, તો લેખિકા, વાચક, સંપાદક તેમ જ પ્રકાશક સહુનો પરિશ્રમ સાર્થકતાને પામશે. પ્રસ્તુત સૂત્ર અને તેની ચિંતનિકામાં જાતને જગાડી દેવાની તાકાત છે.

બસ, આપણી જાત પર સિદ્ધિની શાશ્વત ભાત પડે અને સહુ સફળ બનીએ. પ્રસ્તુત પુસ્તક એવી કક્ષાનું છે કે જેનું વિશેષ સંપાદન કાર્ય હોય નહીં. તેમ છતાં મેં મારી મતિ અને ક્ષયોપશમ પ્રમાણે યોગ્ય સુધારા વધારા કરી કરાવીને મારી દૃષ્ટિએ વધુ યોગ્ય અને વધુ પ્રામાણિક બને તેવો ખ્યાલ રાખ્યો છે. છતાંય દૃષ્ટિ દોષથી કે રભસ વૃત્તિથી કોઈ પણ વાક્ય, પદ કે અક્ષર શાસ્ત્રથી વિરુદ્ધ લખાઈ ગયા હોય તો તેનો "મિચ્છામિ દુક્કડં"

અંતે, આપણે સહુ આગમ શાસ્ત્રોનાં અનેરાં અર્ક મેળવી, જીવનને અજવાળી, પરમપદ પામી વિશ્વમાં "જૈનં જયતિ શાસનં" નો જયકાર કરીએ. એજ અભિલાષા.

પંન્યાસ રાજયશ વિ.
મોભારોડ, જૈન ઉપાશ્રય.
તા. ૧૦-૩-૧૯૮૫.

# "મારી વાત"

પરમાત્મા મહાવીરદેવની અંતિમ વાણી તે "**શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર.**" મારા સાધુ જીવનનો શૈશવકાલ હતો. શિશુસુલભ બાલ્યાવસ્થા હજી વીતી ન હતી. અમારા *સંસાર તારક ઉપકારી પૂ. ગુરુદેવ* **સુવ્રતાશ્રીજી મ.સા.** સાથે વિ. સં. ૨૦૦૭ નું ઇડરમાં ચતુર્માસ હતું. જીવનમાં પ્રથમવાર વાત્સલ્યવારિધિ, ચતુર્વિધ સંઘના યોગક્ષેમ કારક અમારા દાદાગુરુદેવ **પૂ.આચાર્યભગવંત લબ્ધિસૂરીશ્વરજીમ. સા.** નું સાંનિધ્ય મળ્યું. મહાપુરુષના સમાગમે શાસનના રહસ્યો શ્રવણ કરવાનો અમૂલ્ય અવસર તથા મહાપુરુષની ભાવદયાના દર્શન કરવા મળ્યાં. પૂ. પા. દાદાગુરુદેવેશે અમારા સાધ્વીમંડળને ફરમાવ્યું–"મારા વિદ્વાન્ શિષ્ય વિક્રમ વિજય તમને શ્રી ઉત્તરાધ્યયન સૂત્રની વાંચના આપશે." જીવનમાં પ્રથમવાર ઉત્તરાધ્યયન સૂત્રનું નામ સાંભળ્યું. પૂ. પા. ગુરુદેવે [વિક્રમસૂરીશ્વરજી મ. સા] અમારા જેવા બાલ સાધ્વીઓને લક્ષમાં રાખી ઉત્તરાધ્યયન સૂત્રની વાંચના દાનનો પ્રારંભ કર્યો. બુદ્ધિની અલ્પતા, વયની પરિપકવતા અથવા ભવપરિસ્થિતિ નિર્માણ નહિ થઈ હોય તેથી ત્યારે ઉત્તરાધ્યયનસૂત્રની મૌલિકતા–મહત્તા સમજાઈ ના હતી. એટલું જ સમજાતું હતું કે વિનયની વાત આવે છે. પૂ. ગુરુદેવના જીવનમાં વિનય અને આજ્ઞા પ્રધાનતા છે. એટલું આપણા જેવાં નાનકડા સાધ્વીને પણ સમજમાં આવે તેમ પૂ.

ગુરુદેવ કેટલું સુંદર સમજાવે છે. આપણે તો નાના બાલ! ગુરુદેવ જે સમજાવે તે આપણે સમજવું. આ વિચારથી અભ્યાસ અંગે કંઈક માનસિક અભિરુચિ પ્રગટી. પણ, સૂત્રના અભ્યાસ તરફ આકર્ષણ ના હતું. વિ.સં. ૨૦૦૯નું પૂ. દાદાગુરુદેવનું ખંભાતમાં ચતુર્માસ.

પૂ. દાદાગુરુદેવને મોતિયાની તકલીફ વધતી જતી હતી. દિવાળીના દિવસમાં પૂ. દાદાગુરુદેવની ભાવનાથી પૂ. ગુરુદેવે બે દિવસમાં સંપૂર્ણ ઉત્તરાધ્યયન સૂત્ર સંભળાવ્યું. પૂ. ગુરુદેવ મધુર વાણીમાં ઉત્તરાધ્યયન સૂત્રનું વાંચન કરે અને પૂ. દાદાગુરુદેવ સૂત્ર શ્રવણમાં એટલા નિમગ્ન બનતા હતા કે જાણે સાક્ષાત્ પરમાત્મા મહાવીરની જ દેશના શ્રવણ ના કરી રહયા હોય!!! તે મનોહર દૃશ્ય આજે પણ આંખ સમક્ષ ખડું થતાં આંખો અશ્રુથી સભર બને છે.

તે સમયે તો મનમાં એક આછી પાતળી ભાવના થઈ કે શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર કંઠસ્થ કરવું જોઈએ....પણ.... અમારા મનની ભાવના તો મનમાં રહી. પણ, અમારા તારક પૂ. પા. ગુરુદેવેશે ઓગણોસીત્તેરમાં વર્ષે પણ મહાન જ્ઞાન સાધનાનો પ્રારંભ કર્યો. શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર મોટા અક્ષરની પ્રત પ્રાપ્ત થવાથી આંખે મોતિયાની તકલીફમાં પણ ગાથાઓ કંઠસ્થ કરવા લાગ્યા. અમે જ્યારે પણ વંદન કરવા જઇએ–શાતા પૂછીએ...પણ, દાદાગુરુદેવેશને તો પુસ્તક હાથમાં લઈ નાના બાળકની જેમ અભ્યાસ કરતાં જ જોઇએ. હું આનંદ–વિસ્મય અને લાડથી પૂછી લઉં....

"સાહેબજી! આપ શું કરો છો? શ્રી ઉત્તરાધ્યયન સૂત્રની ગાથા? સાહેબજી! કેટલી ગાથા થઈ?" આ મારો રોજનો ક્રમ થઈ ગયો, પૂ. દાદાગુરુદેવ પણ અમારા જેવા બાળકોને પ્રેરણા મળે એટલે કહે. આજે મારી આટલી ગાથા થઈ. આટલાં અધ્યયનો થયાં. "તમારી ગાથા? શું અભ્યાસ?" મહાપુરુષની પ્રેરણાથી આંતરમનમાં જ્ઞાનપ્રાપ્તિની ઝંખનના થઈ. વિ:સં. ૨૦૧૦માં અમારા પૂ. ગુરુદેવે નાદુરસ્ત તબીયતમાં પૂ. દાદાગુરુદેવની આંતરિક ભાવનાથી પ્રેરાઇ શ્રી ભગવતીસૂત્રના યોગોદ્વહન પ્રારંભ્યા. પૂ. દાદાગુરુદેવની તે સમયની નિત્ય-નોંધ મેં વાંચી છે. દર બીજા-ત્રીજા દિવસની નોંધમાં અલગ અલગ રીતે એક જ વાત આવતી હોય. "અમારા પ્રિય વિદ્વાન્ શિષ્ય વિક્રમ વિજયે નાદુરસ્ત તબીયતે પણ ગુરુની ભાવનાથી શ્રી ભગવતીસૂત્રના જોગ પ્રારંભ્યા છે. દાદાશંખેશ્વરપાર્શ્વપ્રભુની સહાયથી જોગ પૂર્ણ થાય. કારણ, મને તેની ખૂબ જ ફિકર રહે છે."

પૂ. ગુરુદેવના યોગોદ્વહન સાથે અનેક સાધુ-સાધ્વીના યોગોદ્વહનનો આરંભ થયો. અમારા પણ ઉત્તરાધ્યયન સૂત્ર તથા આચારાંગ સૂત્રના યોગ વરસીતપની અંદર શરુ થયા. ચોથા અધ્યયનની અનુજ્ઞાનો સમય આવ્યો. ક્રિયા થઈ ગઈ. "એક કલાકમાં ચોથું અધ્યયન કંઠસ્થ કરીને લાવો." મારા વડીલ ભગિનીને તથા મને અમારા પૂ. ગુરુદેવે સૂત્ર પાઠ આપ્યો. અર્ધો પોણો કલાકમાં "અસંખયં જીવિય મા પમાયએ." અધ્યયન કંઠસ્થ કરી પૂ. ગુરુદેવને સાંભળાવ્યું. પૂ. ગુરુદેવે આશીર્વાદ આપ્યા.

જલ્દીથી ઉત્તરાધ્યયન સૂત્ર કંઠસ્થ કરજો. અમારા પૂ. વડીલબેન રત્નચૂલાશ્રીજી મ. ની અધ્યયનમાં ખૂબ તીવ્ર ગતિ. પૂ. ગુરુદેવે કૃપા કરી સિદ્ધહેમ સંસ્કૃત વ્યાકરણ પ્રારંભ કરાવ્યું. મારું મન તો ઘણીવાર થાકી જતું હતું. પણ, પૂ. ગુરુદેવની પ્રેરણાએ અભ્યાસ આગળ ચાલ્યો. અમે બંને ભગિનીઓ પૂ. દાદાગુરુદેવનો જન્મદિવસ હોય, કે પૂ. ગુરુદેવનો જન્મદિવસ હોય, દીક્ષાતિથિ હોય, કંઈક પ્રસંગ હોય તો ઉત્તરાધ્યયનનું અધ્યયન શોધીએ કયા અધ્યયની પચાસ ગાથા છે? કયા અધ્યયની એકસઠ ગાથા છે? તે કંઠસ્થ કરીએ.

આમ કરતાં કુશાગ્ર બુદ્ધિના કારણે મારા વડીલ ભગિનીનું ઉત્તરાધ્યયન સૂત્ર કંઠસ્થ થઈ ગયું અને મારું સૂત્રાધ્યયન અપૂર્ણ જ રહ્યું. વિ.સં. ૨૦૧૫ માં પૂ. દાદાગુરુદેવનું દાદર જ્ઞાનમંદિરમાં ચાતુર્માસ. મારું કંઈક સદ્ભાગ્ય જાગ્યું. એક દિવસ પૂ. દાદાગુરુદેવ કહે "વાચંયમા! જો, તું એક અધ્યયન રોજ કંઠસ્થ કરે તો તને હું ગાથા આપું." બસ....પછી તો મહાપુરુષની કૃપાએ જેમ "પંગુઃ લંઘયતે ગિરિં" તેના જેવું થયું. પૂ. દાદાગુરુદેવ એક અધ્યયન આપે. મારું એક અધ્યયન કંઠસ્થ થઈ જાય. આખું અધ્યયન મુખપાઠ બોલાવે. સંપૂર્ણ અધ્યયન બરાબર ચાલે તો બીજું આપે. આમ સત્તર દિવસમાં ઉત્તરાધ્યયન સૂત્રના સત્તર અધ્યયન કંઠસ્થ થવાથી મારો ઉત્તરાધ્યયન સૂત્રનો અભ્યાસ પૂર્ણ થયો. દાદાગુરુદેવ તથા પૂ. ગુરુદેવ ખૂબ ખુશ થયા. તે વખતે કહ્યું. "અગિયાર અંગ કંઠસ્થ કરવા પ્રયત્ન કરજો."

પૂ. દાદા ગુરુદેવ એક વખત ખૂબ આનંદમાં હતા અને મને કહ્યું– "વાચંયમા! જો આ ઉત્તરાધ્યયનનું પુસ્તક કે જેનાથી હું ગાથા કંઠસ્થ કરું છું તે હું તને ભેટ આપીશ....તારી જ માલિકી....તારે રાખવાનું....હું સમજીના શકી....કે પૂ. ગુરુદેવેશ આ દ્વારા મને શું ફરમાવી રહ્યાં છે...!!! બાદમાં તો વિ. સં. ૨૦૧૭ના અષાઢ સુદ પાંચમથી પૂ. દાદા ગુરુદેવેશની તબીયત મુંબઈમાં ખૂબ બગડી. પૂ. દાદાગુરુદેવેશના અંતિમ સમાધિના દિવસો સેવામાં લીન પૂજ્ય આચાર્ય ભગવંત જયંતસૂરીશ્વરજી મ. પૂ. ગુરુદેવ વિક્રમસૂરીશ્વરજી .મ. નવકારમંત્રની ધૂન.... ઉત્તરાધ્યયન સૂત્રનો મંગલપાઠ....મને અત્યારે પણ યાદ છે વિ. સં. ૨૦૧૭ના શ્રાવણ સુદ એકમનો દિવસ..."વાચંયમા તું બોલ." "અણુવંસિ મહોહંસિ" ઉત્તરાધ્યયન સૂત્રનું પાંચમું અધ્યયન....અધ્યયન બોલી પણ અર્થ સાક્ષાત્કાર થાય નહિ. પૂ. પાદ ગુરૂદેવે પણ પુનઃ એજ અધ્યયન પ્રકાશ્યું. ત્યારે જે ભવ્યતા અને દિવ્યતા પથરાયેલી હતી તે શબ્દાતીત છે.

પૂ. દાદાગુરુદેવ આધ્યાત્મિક વારસદાર સમા શિષ્યોને છોડીને મોક્ષમાર્ગે સંચર્યા. પૂ. આચાર્ય ભગવંત જયંત-સૂરીશ્વરજી મ. તથા પૂ. ગુરુદેવે મારા પર કૃપા કરી. પૂ. દાદાગુરુદેવનું ઉત્તરાધ્યયનસૂત્રનું પુસ્તક મને આપ્યું. કેટલાંય વર્ષો સુધી એજ પુસ્તકથી ઉત્તરાધ્યયનસૂત્રનો પાઠ કર્યો. અમારા પૂજ્ય મોટા મ.સા. સર્વોદયાશ્રીજી મહારાજે

પૂ. દાદાગુરુદેવેશના પ્રિયસૂત્રનું પ્રકાશન કરાવ્યું. અમારા જ્ઞાન સાધનામાં રત વિશાળ સાધ્વી મંડળે ઉત્તરાધ્યયન સૂત્રનો નાદ ગુંજિત કર્યો. પ્રતિદિન સૂત્રપાઠ–અર્થપાઠ–સ્વાધ્યાય થવાં લાગ્યાં. અમારા પૂજ્ય ગુરુદેવની સદૈવ પ્રેરણા રહે છે–"સૂત્ર ઉપર મૌલિક ચિંતન કરો..."

પૂ. પાદ ગુરુદેવના દીક્ષા પર્યાયની અર્ધશતાબ્દી પ્રસંગે શ્રી દશવૈકાલિક સૂત્રનું ચિંતન આલેખાયું. પૂ. પા. ગુરુદેવની પ્રેરણા–પ્રોત્સાહન જ્ઞાનારાધનામાં સદા રહ્યા છે. વિ. સં. ૨૦૩૬ના જેઠ સુદ ત્રીજના દિવસે અમારા પૂ. ગુરુદેવનો અર્ધશતાબ્દી મહોત્સવ કુલ્પાક તીર્થમાં ઉજવાયેલ. મેં પણ તે નિમિત્તે વર્ષીતપ કરેલ. પારણાના દિવસે પૂ. ગુરુદેવની આજ્ઞા લીધી. "હું કંઈક અભિગ્રહ રાખું ? મારા અભિગ્રહ પૂર્ણ થાય તો પારણું કરવું." પૂજ્ય ગુરુદેવે દશ કલાકની મુદત આપી. જેઠસુદ ત્રીજના બ્રાહ્મમુહૂર્તમાં માણિકયસ્વામીના દર્શન કર્યા પ્રભુના દર્શન કરતાં જેવા ભાવો થયા તે ભાવો પ્રમાણે બાર અભિગહ ધાર્યા. લખીને કવર બંધ કર્યું. એક થી બે વાગ્યા સુધીમાં નવ અભિગ્રહ પૂર્ણ થયા. ત્રણ અભિગ્રહ બાકી હતા. એક અમારા અભ્યાસી બાલમુનિ અજિતયશ મહારાજે નવ કલાક અભ્યાસનો અભિગ્રહ લઈ મારો અભિગ્રહ પૂર્ણ કર્યો. અમારા વડીલબેને કહ્યું વાચંયમા ! જો, હવે તારે ઉત્તરાધ્યયન સૂત્ર ઉપર લખવાનું છે, હોં ! ! આથી મારો અગિયારમો અભિગ્રહ પણ પૂર્ણ થયો.

"પૂ. ગુરૂદેવ કોઇપણ નિયમ મારા દુર્ગુણ દૂર કરવા માટે આપો."— આ મારો બારમો અભિગ્રહ હતો અને પૂ. ગુરૂદેવે પણ ખુદની સ્વેચ્છાએ મને અભિગ્રહ આપ્યો. આમ, મારા બાર અભિગ્રહ પૂર્ણ થયા....

હવે શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર ઉપર લખવાનું એ નિશ્ચિત થયું. વર્ષોની આંતરિક ભાવના હતી ઉત્તરાધ્યયન સૂત્ર ઉપર ચિંતન–મનન કરવાની....પણ, પ્રમાદ અને અનિયમિતતા એ મારા ભયંકર દુર્ગુણો. ભાવ પ્રમાણે કાર્ય થાય નહિ. પૂજ્ય ગુરુદેવની પ્રેરણા-સતત ચાલુ રહી. વિ. સં. ૨૦૩૮ના મદ્રાસમાં ચાતુર્માસ હતું. ચાતુર્માસ દરમ્યાન મામ્બલમ્‌માં જવાનું થયું. મહાપ્રભાવિક શાંતિનાથ પ્રભુનું સામ્રાજ્ય. શાંત અને આલ્હાદક વાતાવરણમાં શ્રી ઉત્તરાધ્યયસૂત્રનું આલેખન શરૂ કર્યું. બે ચેપ્ટર લખાયા અને તપસ્વી સાધ્વી નયપદ્માશ્રીજી તથા સુધાંશુયશાશ્રીજીની તબીયત નાદુરસ્ત થવાથી મદ્રાસ શહેરમાં જવાનું થયું. પ્રારંભેલ કાર્ય પૂર્ણના થયું. મામ્બલમ્ ક્ષેત્ર સાથે પણ કોઈક અજબનો સંબંધ છે. "**દશવૈકાલિકચિંતનિકા**" આલેખનનો પણ પ્રારંભ ત્યાં થયો. પૂર્ણ ના થયું. ઉત્તરાધ્યયન સૂત્ર અંગે પણ એમ જ થયું.

વિ. સં. ૨૦૩૯ પૂ. ગુરુદેવ સપરિવાર મદ્રાસથી ઓગણીસસો કિલોમીટરનો વિહાર કરી ગુજરાત પહોંચ્યા. મારે પૂ. ગુરૂદેવની આજ્ઞાથી ચૌદ સાધ્વીજી સાથે હૈદ્રાબાદ પીલખાના જિનમંદિરનાં ખાતમુહૂર્ત–શિલાન્યાસ પ્રસંગે જવાનું થયું. અમારો ગુજરાતનો વિહાર નિશ્ચિત હતો.

હૈદ્રાબાદ-સિકંદ્રાબાદ સંઘની વિનંતિ પૂજ્ય ગુરુદેવે માન્ય કરી અને મને આજ્ઞા કરી કે "ચાતુર્માસ હૈદ્રાબાદ-સિકંદ્રાબાદ કરો." વૈશાખ સુદ બીજના "મહાતીર્થ કુલ્પાકમાં" આવ્યા. માણિક્યપ્રભુના દર્શન કર્યા. તે જ દિવસે અમારા પૂ. ગુરુદેવની આજ્ઞાથી અમારા પૂ ગુરુબંધુ રાજયશ વિજયજી મ.નો પત્ર આવ્યો.

"પૂજ્ય ગુરુદેવ ઘણીવાર યાદ કરે છે વાચંયમા ! ઉત્તરાધ્યયન સૂત્ર ઉપરનું લેખન ક્યારે પૂર્ણ કરશે ?"

બની શકે તો તમે આ વખતની કુલ્પાક તીર્થની સ્થિરતામાં આ કાર્ય પૂર્ણ કરો. બે ચાર દિવસ વિચાર કર્યો. ચાલી રહેલા અનેક કાર્યોને સમેટયાં. કુલ્પાક તીર્થના ઇતિહાસની out line કર્યા પછી ઉત્તરાધ્યયન સૂત્રનું આલેખન કરવું હતું. સાથે રહેલ સાધ્વી મંડળના સહકારની પણ ખૂબ જરૂર હતી. બધા સાધ્વીએ સહકાર આપ્યો. કોઇ સ્વાધ્યાયમાં, કોઈ જાપમાં, કોઇ અધ્યયનમાં, કોઇ વાંચનમા જોડાયા. વયોવૃદ્ધ સાધ્વી કુલયશાશ્રીજી રોજ લેખન યોગ્ય વાતાવરણ તૈયાર કરી, પેન-પેપર-પાણી વિગેરે આવશ્યક જરૂરિયાતનું ધ્યાન રાખવા લાગ્યા. વૈશાખ સુદ આઠમના દિવસે ઉત્તરાધ્યયન સૂત્રના ચિંતનનો પ્રારંભ કર્યો. વૈશાખ વદ આઠમના લેખન પૂર્ણ થયું. અમારા પૂ. ગુરુદેવનું ચોપનમું વર્ષ પ્રારંભ થવાનું હતું. તે નિમિત્તે ઉત્તરાધ્યયન સૂત્રના ચોપન વિવિધ પદો ઉપર લેખ લખ્યા.

ખરેખર ઉત્તરાધ્યયન સૂત્ર ઉપર ચિંતન-મનન કરવા જેટલી મારી બુદ્ધિ ક્યાં ? પણ, એક જ શ્રદ્ધા અને વિશ્વાસે

લખતી ગઈ....પૂ. ગુરુદેવ મારા પર કૃપા કરી સાદ્યંત વાંચશે અને પૂ. ગુરુબંધુ પંન્યાસ રાજયશવિજયજી મ સા. સંપાદન કરી આપશે. શ્રી દેવાધિદેવ વીતરાગ પ્રભુ માણિકયસ્વામીની પરમ પવિત્ર છાયા...અધિષ્ઠાયક દેવોની સહાય....એટલે લેખન કાર્ય ચાલ્યું. તે સમયની ગરમી પણ અસહ્ય....છતાંય પેન હાથમાં લઉં ને પ્રસન્નતાનું સામ્રાજ્ય ફેલાઈ જતું હતું. મારો અભ્યાસ અલ્પ, બૌદ્ધિક પ્રતિભા પણ નહિ. પણ, ગુરુકૃપાના સહારે આલેખન પ્રારંભ્યું. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના સુભાષિતો જોઉં અને કયારેક પ્રભુનું અંતિમ સમવસરણ દેખાય. અને લાગે કે જાણે ત્યાં જ પહોંચી ગઈ છું. અને સાક્ષાત્ પ્રભુ મને ફરમાવી રહ્યા છે!!!

કયારેક એવું લાગે કે અમારા પૂ. દાદાગુરુદેવ મને બોધ આપી રહ્યાં છે. તો કયારેક એવો ભાસ થાય કે મારા પૂજય ગુરુદેવ મને હિતશિક્ષા આપી રહ્યા છે!! આ ભાવસૃષ્ટિમાં વિભોર બનીને લખતી હતી. મારો આત્મા સૂત્રના રહસ્યને પામે એ જ હિતભાવનાથી ચિંતન આલેખ્યું છે, પ્રભુ શાસન મંગલમય છે. પ્રભુ શાસનનો ચતુર્વિધ સંઘ મંગલમય છે. **"દોષ પાત્ર હોય તો મારો આત્મા છે. પંચમ આરો છે. મારા દોષોનું નિવારણ થાય એજ ભાવના."**

પ્રભુ આજ્ઞા વિરુદ્ધ-મહાપુરુષના શુભ ભાવ વિરુદ્ધ લખાયું હોય તો અવશ્ય મારી શુદ્ધિ કરજો. આ ચિંતનમાં કંઈ પણ શુભ હોય તો તેનું શ્રેય મારા તારક પૂ. ગુરુદેવને છે. ત્રુટિ મારી છે. હું તો અજ્ઞ છું. સુજ્ઞ! અજ્ઞ એવી મને સદા ક્ષમા બક્ષો...

આ લેખનથી **મારી લઘુ ભગિની સાધ્વી શુભોદયાશ્રીને તથા અમારા જ્ઞાની ધ્યાની સાધ્વી મંડળને આનંદ થશે.** પૂ. ગુરુદેવના શુભાશિષે અને અમારા પૂ. મોટા મહારાજના સંચાલને આ સાધ્વીમંડળ સદા જ્ઞાન ધ્યાનમાં રત છે. સાચે આ લેખન એ મારા તારક ગુરુદેવની કૃપાનું ફળ છે. તો મારા પૂ. વડીલ (સંસારી માતા) ઉપકારી સર્વોદયાશ્રીમહારાજે કરેલી નિષ્કામ શાસનસેવા અને ગુરુભક્તિના પ્રભાવે છે. અમારા યોગક્ષેત્રમાં તેમણે જે શ્રમ લીધો છે તે કથ્ય નથી પણ સ્તુત્ય છે.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રની ચિંતનિકાનું મેટર પૂ. ગુરુદેવના સંયમના ૫૪ વર્ષના અંતિમ દિને ખંભાતમાં મોકલાવ્યું. પૂ. ગુરુદેવે સ્વીકાર્યું ગુરુચરણાં શિષ્ય-શિષ્યાની સદા પ્રાર્થના હોય. વાત્સલ્ય મૂર્તિ ગુરુદેવ સદા જ્ઞાનના પ્રદાન કરે—સદા માર્ગદર્શન કરે. મારી અંતરની ભાવના હતી પૂ. ગુરુદેવ કૃપા કરી મને સાદ્યંત સુધારી આપે. પૂ. ગુરુદેવની પણ હ્રદયની ભાવના હતી. સંપૂર્ણ શોધી આપવાની....પણ....મારું પુણ્ય...પૂ. ગુરુદેવને અનેકવિધ શાસનકાર્યની જવાબદારી, ગચ્છના સંચાલનની વિશિષ્ટ કાર્યવાહી, સાથે નાદુરસ્ત તબીયત....દોઢ વર્ષ સુધી લેખન ફાઇલ એમ જ રહી. છેવટે પૂજ્ય ગુરુદેવે આજ્ઞા ફરમાવી. વાચંયમા ! પંન્યાસ રાજયશવિ. સંપાદન કરી આપશે. પૂ. ગુરુદેવની આજ્ઞાથી અને હ્રદયની શુભભાવનાથી જ અમારા પૂજ્ય ગુરુબંધુ રાજયશ વિ. મહારાજે સંપાદન

કાર્ય સ્વીકાર્યું. સતત પ્રવૃત્તિ-વિશિષ્ટ જવાબદારી હોવા છતાંય શાંતિનગર (અમદાવાદમાં) સળંગ સમય આપી અક્ષરશઃ સંપાદન કરવા તેઓએ ખૂબ જ શ્રમ લીધો. તેમના સંપાદને જ આ ચિંતનને નવતર રુપ મળ્યું.

"આત્મીય વ્યક્તિના આભાર શા? પ્રતિદિન પ્રાર્થના... સદા સહાયક બનજો..."

આ ગ્રંથની પ્રથમ સાદ્યંત કોપી સાધ્વી અર્હત્ પદ્માશ્રીજીએ કરી. બાદમાં પ્રેસ કોપી સાધ્વી તીર્થયશાશ્રી, સાધ્વી પ્રજ્ઞપ્તિયશાશ્રી અને સાધ્વી દિવ્યયશાશ્રીએ કરી. આ ગ્રંથનું પ્રુફ સંશોધન સાધ્વી પુનિતયશાશ્રી તથા સાધ્વી તીર્થયશાશ્રીએ કર્યું. આમ અમારા સાધ્વી મંડળની શુભેચ્છા સહકારે આ ગ્રંથ જનતા સમક્ષ આવી રહ્યો છે. પણ, ગ્રંથની શોભા તો અમારા તારક પૂ. ગુરુદેવના શુભાશિષથી જ છે. પુનઃ પુનઃ નતમસ્તકે ગુરુ ચરણમાં એક જ પ્રાર્થના.... હું આપના આશીર્વાદને યોગ્ય બનું. સૂત્રનો આદર્શ મારામાં સજીવન થાય. પ્રભુ શાસનના ચરણે સર્વસ્વ સમર્પિત રહો એજ સદાની નમ્ર ભાવના.

ગુરુ ચરણરેણુ
**સાધ્વી વાચંયમાશ્રી....**

જૈન ઉપાશ્રય,
દેવકીનંદન સોસાયટી,
અમદાવાદ.
વિ. સં. ૨૦૪૧ મા. સુ. ૫
તા. ૨૬-૧-૧૯૮૫

# પ્રકાશકીય

"શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર ચિંતનિકા" પ્રગટ કરતાં અમે અનેરો આનંદ અનુભવીએ છીએ. શ્રી દશવૈકાલિક સૂત્ર ચિંતનિકાની બીજી આવૃત્તિ પણ અમે હમણાં જ પ્રસિદ્ધ કરી છે. લબ્ધિ પ્રશ્ન ભા. બીજો પણ પ્રસિદ્ધ થઈ ચૂકયો છે.

આ ઉત્તરાધ્યયન સૂત્ર આમ તો સાધુ ભગવંતના અધિકારનો ગ્રંથ છે. પણ લેખિકા પૂ. સાધ્વીજી મહારાજે જે રીતનો ચિંતન પ્રવાહ વહાવ્યો છે તેથી તે સમસ્ત સાધુ જગતને ઉપકારી હોવાની સાથે શ્રાવક શ્રાવિકા વર્ગમાં પણ અધિકારનો ગ્રંથ બન્યો છે અને અભિનવ ભાષામાં આ આગમ અર્ક સહુ સુધી પહોંચતો થયો છે. અમને શ્રી દશવૈકાલિક સૂત્રની બીજી આવૃત્તિ પ્રકાશિત કરવાનો ભાવિક અને ખાસ કરીને ખૂબ જ મધ્યસ્થ પરિણામી સ્થાનકવાસી જૈન સંઘના ભાઈઓ તરફથી અનુરોધ થતો હતો. તેવી જ રીતે પ્રસ્તુત પ્રકાશન અંગે પણ તે ગુણાનુરાગી આત્માઓનો ખૂબ આગ્રહ હતો. જો આ ગ્રંથનું પ્રકાશન અમે યથાશીઘ્ર કરી શક્યા હોત તો આજે તો અમે શ્રી આચારાંગ ચિંતનિકા ને પ્રકાશિત કરી શક્યા હોત.

આ ઉત્તરાધ્યયન સૂત્રની ચિંતનિકા લેખિકા **પૂ. સાધ્વીજી વાચંયમાશ્રીજી** એ પૂ. ગુરુદેવના પંચાવનમાં સંયમવર્ષના આલંબને આલેખિત કરી હતી. અને આજે વડોદરા શહેરમાં પૂજ્ય ગુરુદેવની "છપ્પન"મી દીક્ષા તિથિ

નિમિત્તે અમે આ ગ્રંથનું પ્રકાશન કરી રહ્યા છીએ. તે પણ એક સુંદર યોગ છે.

પરમ પ્રભાવિક પૂજ્ય ગુરુદેવ **વિક્રમ સૂરીશ્વરજી** મ. નો પણ પરમ પુણ્યોદય છે કે પ્રતિવર્ષ પૂજ્યશ્રીની દીક્ષા તિથિ ખૂબ જ સુંદર રીતે ઉજવાય છે અને અમે સહુ ભક્તજનો સહિત અનેક શાસન ભક્ત પુણ્યાત્માને તપ–ત્યાગ–સંયમમાં પ્રગતિ કરવાની પ્રેરણા મળે છે.

**શ્રી રાયપેઠા જૈનસંઘ....**

કવિઓ એ ગાયું છે અને હજારો ગુંજારવોથી એ નાદ ગુંજિત થયો છે કે....

જિનકી લબ્ધિ સે વિકસિત હૈ, દાક્ષિણકા યહ દેશ હમારા,
લબ્ધિ સૂરીશ્વર ગુરૂવર પ્યારા, વંદન ઉનકો કોટિ હમારા ॥

દક્ષિણ ભારત પૂ. આ. દેવ લબ્ધિસૂરીશ્વરજી મ. ના લબ્ધિવંત શિષ્ય પ્રશિષ્યોથી ખૂબ ખૂબ વિકસિત થયું છે. ધર્મારાધના અને સંસ્કારમાં આગળ વધ્યું છે. માત્ર મદ્રાસમાં જ દસ જિનાલયોની શુભ પ્રતિષ્ઠા પૂ. દાદા ગુરૂ દેવ લબ્ધિ સૂ. મ. ના કૃપાવંત શિષ્ય પરમ શાસન પ્રભાવક નિત્ય ભક્તામર સ્તોત્ર સમારાધક પૂ. આ. દેવ શ્રીમદ્ વિજય વિક્રમ સૂરીશ્વરજી મ. ના શુભ હસ્તે થયેલ છે. આ શાસન પ્રભાવનાની હારમાળામાં શ્રી રાયપેઠા શ્રી જૈન સંઘ પણ સદા જોડાયેલ છે. આ ભવ્ય મંદિરનો પ્રતિષ્ઠા મહોત્સવ પણ મદ્રાસ શહેરની અનેક શાસન

પ્રભાવનામાંથી એક યાદગાર શાસન પ્રભાવના હતી. આ પ્રતિષ્ઠા મહોત્સવ પૂર્વે આખાય સંઘમા એક ધર્મ ચૈતન્યનું નિર્માણ કરવા તીર્થપ્રભાવક પૂ. ગુરૂદેવે સાધ્વી સર્વોદયાશ્રી મ. ના નિશ્રાવર્તી સા. વસુપદ્માશ્રીજી સા. કુલયશાશ્રીજી અને સા દિવ્યયશાશ્રીજીને ચાતુર્માસ માટે મોકલ્યા હતા આ ત્રણેય શાંત-દાંત-અને વિનયી સાધ્વીજીની નિશ્રામાં રાયપેઠા શ્રી સંઘે ખૂબ જ સુંદર આરાધના કરી હતી. આ આરાધનાના હર્ષોલ્લાસ રૂપે શ્રી રાયપેઠા સંઘે રૂ. ૧૦,૦૦૦)ની રકમ પોતાના જ્ઞાનખાતામાંથી સમર્પીને પ્રસ્તુત પ્રકાશનમાં લાભ લીધો છે. સંસ્થા શ્રી સંઘ રાયપેઠા તથા આગેવાન ટ્રસ્ટી ગણુ તથા ઉપદેશક પૂ. સાધ્વીજી મહારાજાઓનો ખૂબ જ આભાર માને છે.

આવા સુંદર પ્રકાશનોમાં સહાયભૂત થનાર સહુની પુનઃઅનુમોદના.

પ્રસ્તુત પ્રકાશનની ૧૦૦૦ કોપીઓને પ્રસિદ્ધ કરવામાં જેઓના ધનદાનનો સુંદર ફાળો છે તેઓના નામ નીચે પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે.

પૂ. સરલાશયી માતૃહૃદયા સાધ્વી સર્વોદયાશ્રી મ. તો લબ્ધિવિક્રમ સૂરીશ્વરજી સંસ્કૃતિ કેન્દ્રની પાયાની ઈંટ છે. સંસ્થાને સર્વ રીતે સદ્ધર કરવામાં તેમની પ્રેરણા ખૂબ જ આગવી અને મૌલિક છે. પ્રસ્તુત પુસ્તકમાં પણ ૧૦૦ નકલ પૂ. મા મ. ની પ્રેરણાથી શ્રીમતી કંચનબેન ભોગીલાલ

ઝવેરી મુંબઈવાળાના આત્મશ્રેયાર્થે તેઓના પુત્રવધુ ડો. હસુમતીબેન ચારૂબેન તથા સુનીતાબેને લાભ લીધો છે. ૧૦૦ નકલનો લાભ શ્રીમતી કલાવતીબેન આર. ડી. બકેરીના શ્રેયાર્થે તેઓના પુત્રવધુ હંસાબેન, કૈલાસબેને લાભ લીધો છે. તથા ૧૦૦ નકલનો લાભ શ્રી હરેન્દ્રભાઈ મણીલાલ મહેતાના સ્મરણાર્થે શ્રીમતી સવિતાબેન હરેન્દ્રભાઈ મહેતા મદ્રાસવાળાએ લીધો છે.

તથા શ્રી નંદલાલભાઈ વોરાની પ્રેરણાથી વીરવાણી પ્રકાશન કેન્દ્ર C/o નંદલાલ તારાચંદ વોરા–મુંબઈ, ચંદ્રકાંત રતીલાલ બેંકર–સિકન્દ્રાબાદ, જશવંતલાલ મગનલાલ વોરા –મુંબઇ, બળવંતભાઈ ડોસાભાઈ પટેલ—અમદાવાદ, જશવંતલાલ શાંતીલાલ શાહ મુંબઈ, પ્રેમજી હીરજી ગાલા મુંબઇ, ધીરજલાલ વ્રજલાલ શાહ—અમદાવાદ, ચંપકલાલ મણીલાલ—મુંબઈ, વજુભાઈ વાડીલાલ શાહ—મુંબઇ, શાંતીલાલ મગનલાલ શાહ—મુંબઇવાળાએ લીધો છે પરંતુ સંસ્થા આ દાનવીરો ને જેટલા અભિનંદન આપે છે તેટલા જ અભિનંદન પરમ સાહિત્ય પ્રેમી શ્રી નંદલાલભાઇ વોરાને આપે છે તેઓની ભવ્ય સાહિત્ય ધગશ, જિનશાસનનો પ્રેમ, અને સત્યની નિરંતર શોધ, વદ્ધવયે પણ એક યુવાન જેવું જોમ, ખૂબ ખૂબ ખૂબ અનુમોદનીય છે અમે સંસ્થા તરફથી આ દાતાઓમાંથી કોઇનાથી પણ ભાગ્યે જ પરિચિત છીએ; આ દાતાઓને જ્ઞાનપિપાસુઓને આ

માર્ગ તરફ વાળવાનું પુણ્યમય કાર્ય શ્રી નંદલાલભાઈએ જ કર્યું છે.

બસ, તેઓની આ સાહિત્ય સાધના અને આત્મ સંશોધના સદાય યશસ્વી બને એ જ શુભ ભાવના.

શ્રી દશવૈકાલિક ચિંતનિકાની કોપીઓ માટે જે ભારે સપાટો પડયો હતો. અને અમે ભાવિકોને નકલ પહોંચાડી શકયા ન હતા. તે અનુભવને ખ્યાલમાં રાખીને અમે પ્રસ્તુત પુસ્તિકાની કુલ ૨૦૦૦ નકલો છપાવી છે. છતાંય અમને સંદેહ છે કે અમે સહુને કોપીઓ પહોંચાડી શકીશું કે નહીં. તેથી જેઓને પુસ્તિકાની જરૂર હોય તેઓ તુરત જ અમને જાણ કરે.

આ પુસ્તિકાનું મુદ્રણ કરવામાં શ્રી ધરણેન્દ્રભાઇએ પણ સારો સહકાર આપ્યો છે, તે બદલ, ધન્યવાદ !

પુનઃ પૂજ્ય ગુરૂદેવને પ્રાર્થના કે લેખિકા પૂ. સાધ્વીજી મહારાજ પાસે આગમ ગ્રંથો તૈયાર કરાવી સંપાદન કરાવી અમને યથા શીઘ્ર પ્રકાશન માટે પહોંચાડે.

અમે પણ આશા રાખીએ છીએ કે, આપ સહુના જીવનમાં પ્રસ્તુત પુસ્તિકા જે કંઈ પ્રશસ્ત ભાવ સર્જે. તેની અનુમોદનાથી અમે સહુ પાવન બનીએ.

卐

મુખ્યમંત્રી

**શ્રી રાજેન્દ્રભાઈ એ. દલાલ (સિકંદ્રાબાદ)**

તથા

પ્રકાશન મંત્રી

૦૦ **શ્રી દિનેશભાઈ એસ. શાહ (કોઈમ્બતુર)**

# સંસ્થા-પરિચય

**નામ : શ્રી લબ્ધિવિક્રમસૂરીશ્વરજી સંસ્કૃતિ કેન્દ્ર**

ઉદ્દેશ્ય : પ્રસ્તક પ્રકાશન, શિબિર આયોજન, તેમજ સમ્યગ્ જ્ઞાનપ્રચાર.

સ્થાપના : બીજાપુર, આસો સુદ ૧૦ વિ. સં. (રજીસ્ટ્રેશન)

આશીર્વાદદાતા : શાંતમૂર્તિ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્

**વિજય નવીનસૂરીશ્વરજી મ. સા.**

પ્રેરક : વિદ્વાન વક્તા પૂ. પંન્યાસ

**શ્રી રાજયશવિજયજી મ. સા.**

ટ્રસ્ટીગણ

મેનેજિંગ ટ્રસ્ટી : (૧) શ્રીમાન રાજેન્દ્ર એ. દલાલ-સિકંદ્રાબાદ

(૨) શ્રીમાન માણેકચંદજી બેતાલા-મદ્રાસ

(૩) શ્રીમાન તારાચંદજી ચોરડીયા-હૈદ્રાબાદ

પ્રકાશનમંત્રી : (૪) શ્રીમાન દિનેશભાઈ શાંતિલાલ શાહ-કોઈમ્બતુર

(૫) શ્રીમાન ચંદ્રકાન્ત એ. દલાલ, અમદાવાદ

માનદકાર્યકર : શ્રી મહેન્દ્રકુમાર તુલસીદાસ કોન્ટ્રાકટર, પાલડી, અમદાવાદ-૭

સંસ્થાના પેટ્રનો : યાદી આગળના પૃષ્ઠ પર આપેલ છે.

સભ્યો : અનેક વિશેષ દાતાઓ સહિત ભારતભરમાં આ સંસ્થાના ૪૭૫ લગભગ દાતા છે.

**સંપર્ક સ્થળ : શ્રી રાજેન્દ્ર એ. દલાલ**

# દાતાઓની શુભનામાવલિ

## શ્રી લબ્ધિ-વિક્રમ-સૂરિશ્વરજી સંસ્કૃતિ કેન્દ્ર
અમદાવાદ-૧૩

## સંસ્થાના દાનવીર પેટ્રનોની શુભનામાવલિ

૧. શ્રી એસ. કપૂરચંદજી [હસ્તે : શ્રીમાન ડુંગરમલજી], બેંગલોર
૨. શ્રી ખીમચંદજી બેંગલોર
૩. શ્રી મિશ્રમલજી નવાજી [હ. લાલચંદજી], મદ્રાસ
૪. શ્રીમતી જયાબેન કપૂરચંદજી સુતરિયા [હ. રમેશભાઇ], મદ્રાસ
૫. શ્રીમાન કાંતિલાલ જે. શેઠ, મદ્રાસ
૬. શ્રીમાન દુર્લભજીભાઈ રણછોડદાસ ટંકારાવાલા, મદ્રાસ
૭. શ્રીમાન માણેકચંદ અમરચંદજી બેતાલા, મદ્રાસ
૮. શ્રીમાન ઢઢ્ઢા એન્ડ કું [હ. મોહનચંદજી], મદ્રાસ
૯. શ્રીમાન મંગલદાસજી ચૌધરી [હ. સૂરજમલજી], કલકત્તા,
૧૦. શ્રીમાન વચ્છરાજજી મેઘરાજ કવરાડાવાલા, મદ્રાસ
૧૧. શ્રીમાન વિનોદકુમાર બાબુલાલ [હ. સુંદરબેન], મદ્રાસ
૧૨. શ્રીમાન્ મિલાપચંદજી જેતલમજી જૈન, દિલ્હી
૧૩. શ્રીમાન રૂપચંદજી મરડિયા [હ. લતાબેન], મદ્રાસ
૧૪. શ્રીમાન લખમશી ઘેલાભાઈ [હ. ધનજીભાઇ], હૈદ્રાબાદ

૧૫. શ્રીમાન ખીમચંદભાઈ ઉજમશીભાઈ, કલકત્તા,
૧૬. શ્રીમાન અરવિંદભાઇ રતિલાલ શેઠ, કોઈમ્બતૂર

## સંસ્થાના અન્ય દાનવીરોની નામાવલિ

૧. શ્રી બોમ્બે સ્ટીલ હાઉસ મદ્રાસ
૨. શ્રી હીરાચંદ રતનચંદ નહાર, મદ્રાસ
૩. શ્રી જતનચંદજી ડાગા, મદ્રાસ
૪. માતૃશ્રી જવલબેન [હ. જિનદાસભાઇ] સાયન–મુંબઇ

આ સિવાયના આ સંસ્થાના લગભગ ૪૭૫ સભ્યો છે અમારા આ દાતાઓને શતશત ધન્યવાદ.

# અનુક્રમણિકા

## શ્રી ઉત્તરાધ્યનસૂત્ર


| નંબર | 'પદનું નામ' | 'અધ્યયન નં. | 'ગાથા | પૃ. નં. |
|---|---|---|---|---|
| (૧) | સેવિણીએત્તિ વુચ્ચઈ | પ્રથમ (૧) | ૨ | ૧ |
| (૨) | પસાયએ તે હુ દુરાસયંપિ | ,, | ૧૩ | ૭ |
| (૩) | ઉવચિટ્ઠે ગુરું સયા | ,, | ૨૦ | ૧૩ |
| (૪) | રમએ પંડિએ સાસં | ,, | ૩૭ | ૧૯ |
| (૫) | અપ્પાણં પિ ન કોવએ | ,, | ૪૦ | ૨૬ |
| (૬) | આયરિયં કુવિયં નચ્ચા | ,, | ૪૧ | ૩૨ |
| (૭) | પસન્ના લાભઈસ્સિંતિ | ,, | ૪૬ | ૩૮ |
| (૮) | નાણી નો પરિદેવએ | દ્વિતીય (૨) | ૧૩ | ૪૪ |
| (૯) | તમ્હા ભિક્ખૂ ન સંજલે | ,, | ૨૪ | ૪૯ |
| (૧૦) | મણં પિ ન પઓસએ | ,, | ૨૬ | ૫૪ |
| (૧૧) | નત્થિ જીવસ્સ નાસોત્તિ | ,, | ૨૭ | ૫૯ |
| (૧૨) | અલાભો તં ન તજ્જએ | ,, | ૩૧ | ૬૫ |
| (૧૩) | ન તેસિં પીહએ મુણી | ,, | ૩૮ | ૭૧ |
| (૧૪) | એવમસ્સાસિ અપ્પાણં | ,, | ૪૧ | ૭૭ |
| (૧૫) | ધમ્મો સુદ્ધસ્સ ચિટ્ઠઈ | તૃતીય (૩) | ૧૨ | ૮૨ |
| (૧૬) | અસંખયં જીવિય મા—પમાયએ | ચતુર્થ (૪) | ૧ | ૯૦ |
| (૧૭) | છંદં નિરોહેણ ઉવેઇ મોક્ખં | ,, | ૮ | ૯૬ |
| (૧૮) | ન તેસિં ભિક્ખૂ મણસા પઉસ્સે | ,, | ૧૧ | ૧૦૪ |

| નંબર. | પદનું નામ | અધ્યયન નં. | ગાથા | પૃ. નં. |
|---|---|---|---|---|
| (૧૯) | વિપ્પસીએજ્જ મેહાવી | ૫ મું | ૩૦ | ૧૧૦ |
| (૨૦) | અપ્પણા સચ્ચમેસેજ્જ | ૬ ઠ્ઠું | ૨ | ૧૧૭ |
| (૨૧) | ઇમં દેહં સમુધ્ધરે | ,, | ૧૪ | ૧૨૪ |
| (૨૨) | કસ્સ હેઉંપુરા કાઉં, જોગક્ખેમં ન સંવિદે | ૭ મું | ૨૪ | ૧૩૨ |
| (૨૩) | જાયાએ ઘાસ મેસેજ્જા | ૮ મું | ૧૧ | ૧૩૯ |
| (૨૪) | અપ્પિયં પિ નિ વિજ્જએ | ૯ મું | ૧૫ | ૧૪૭ |
| (૨૫) | તસ્સાવિ સંજમો સેઓ, અદિંતસ્સ વિ કિંચણં | ,, | ૪૦ | ૧૫૪ |
| (૨૬) | સમયં ગોયમ મા પમાયએ | ૧૦ મું | ૧ | ૧૬૧ |
| (૨૭) | ઓઇણ્ણો સિ પહં મહાલયં, ગચ્છસિ મગ્ગં વિસોહિયા | ,, | ૩૨ | ૧૬૮ |
| (૨૮) | અપિયસ્સાવિ મિત્તસ્સ, રહે કલ્લાણ ભાસઇ | ૧૧ મું | ૧૨ | ૧૭૬ |
| (૨૯) | સમણા ભવિસ્સામુ ગુણોહધારી | ૧૪ મું | ૧૭ | ૧૮૩ |
| (૩૦) | ધમ્મારામે ચરે ભિક્ખૂ | ૧૬ મું | ૧૫ | ૧૯૦ |
| (૩૧) | ઝાયઈ ખવિયાસવે | ૧૮ મું | ૫ | ૧૯૬ |
| (૩૨) | ભગવં વાહરાહિ મે | ,, | ૧૦ | ૨૦૪ |
| (૩૩) | અભઓ પત્થિવા તુબ્ભં, અભયદાયા ભવાહિય, | ,, | ૧૧ | ૨૧૦ |
| (૩૪) | જહા તે દીસઈ રુવં, પસન્નં તે તહામણો | | ૨૦ | ૨૧૭ |

| નંબર | પદનું નામ | અધ્યયન નં. | ગાથા | પૃ. નં. |
|---|---|---|---|---|
| (૩૫) | કહં ધીરો અહેઉહિં ઉમ્મત્તો વ્વ મહિં ચરે | ,, | ૫૨ | ૨૨૩ |
| (૩૬) | અણુજાણહ પવ્વઇસ્સામો અમ્મો | ૧૯મું | ૧૦ | ૨૨૯ |
| (૩૭) | જાવજ્જીવમવિસ્સામો ગુણાણં તુ મહબ્ભરો | ,, | ૩૫ | ૨૩૬ |
| (૩૮) | ઇહલોએ નિપ્પિવાસસ્સ નત્થિ કિંચિવિ દુક્કરં | ૧૯ | ૪૪ | ૨૪૪ |
| (૩૯) | ન પારએ હોઇ હુ સંપરાએ | ૨૦ | ૪૧ | ૨૫૦ |
| (૪૦) | પુચ્છિઊણ મએ તુબ્ભં ઝાણવિગ્ઘો ય જં કઓ | ,, | ૫૭ | ૨૫૬ |
| (૪૧) | સીહો વ સદ્દેણ ન સંતસેજ્જા | ૨૧ | ૧૪ | ૨૬૩ |
| (૪૨) | સન્નાણ નાએ વગએ મહેસી | ,, | ૨૩ | ૨૭૨ |
| (૪૩) | સંસાર સાગરં ઘોરં, તર કન્ને લહું લહું | ૨૨ મું | ૩૧ | ૨૭૯ |
| (૪૪) | વિન્નાણેણ સમાગમ્મ, ધમ્મ સાહણ મિચ્છિયં | ૨૩ મું | ૩૧ | ૨૮૭ |
| (૪૫) | એવં અલિત્તો કામેહિં, તં વયં બૂમ માહણં | ૨૫ મું | ૨૭ | ૨૯૪ |
| (૪૬) | તુબ્ભે સમત્થાઉદ્ધત્તું–પરં અપ્પાણ મેવ ય | ,, | ૩૯ | ૩૦૧ |
| (૪૭) | પુચ્છેજ્જા પંજલી ઉડો કિં કાયવ્વં મએ ઇહં | ૨૬ મું | ૯ | ૩૦૬ |

| | | | | |
|---|---|---|---|---|
| (૪૮) | સજ્ઝાયં તઓ કુજ્જા સવ્વભાવ વિભાવણં | ,, | ૩૭ | ૩૧૨ |
| (૪૯) | સમાહિં પડિસંધએ | ૨૭ મું | ૧ | ૩૧૯ |
| (૫૦) | ન અગુણિસ્સ મોક્ખો, અમોક્ખસ્સ નત્થિ નિવ્વાણં | ૨૮ મું | ૩૦ | ૩૨૫ |
| (૫૧) | પાયં રસા દિત્તિકરા નારણં | ૩૨ મું | ૧૦ | ૩૩૨ |
| (૫૨) | ખુદ્દો સાહસ્સિઓ નરો | ૩૪ મું | ૨૧ | ૩૩૯ |
| (૫૩) | ભિક્ખાવિત્તી સુહાવહા | ૩૫ મું | ૧૫ | ૩૪૬ |
| (૫૪) | વોસટ્ઠકાએ વિહરેજ્જા | ,, | ૧૯ | ૩૫૧ |
| (૫૫) | અરિહા આલોયણં સોઉં | ૩૬ મું | ૨૬૨ | ૩૫૭ |
| (૫૬) | અણુબદ્ધરોસપસરો | ,, | ૨૬૬ | ૩૬૪ |

# ૧. સે વિણીએ ત્તિ વુચ્ચઈ 卐

ભલા સાધક! તારે સાધકમાંથી સિદ્ધ બનવું છે? ભકતમાંથી ભગવાન બનવું છે? આરાધકમાંથી આરાધ્ય બનવું છે? પૂજકમાંથી પૂજ્ય બનવું છે? આત્મામાંથી પરમાત્મા બનવું હોય તો એક વાત તારી હૃદયપોથીમાં સુવર્ણાક્ષરે નોંધી લે.

પ્રથમ વિનીત બન. વિનયીના ચરણે વિશ્વની સર્વ સમૃદ્ધિ સર્વ સિદ્ધિ આળોટે છે. સાધક! તું કહીશ...અહો... એમાં શું મોટીવાત છે વિનયી જ બનવાનું ને! નમ્રતા શીખી લઈશ. નમ્રતા જ શા માટે! નમવાની વિશિષ્ટ પદ્ધતિ પંચાંગ પ્રણામ શીખી લઈશ. જો સાધકમાંથી સિદ્ધ બનવાનો આ કિમીઓ હશે તો જરૂર અજમાવીશ.

સાધક! ઉતાવળો ન થા. દુનિયાની બધી પરીક્ષાઓ સરળ છે, પણ કઠીન છે, આકરી છે વિનયની પ્રણાલી. કાયાને ઝુકાવવી, વાળવી, નમાવવી એજ વિનય કહેવાતો હોય તો એક નૃત્યાંગના વિનય સિદ્ધ બનવી જોઇએ. કાર્યને–કામને જ વિનય કહેવાતો હોય તો પ્રત્યેક નોકરને સાધક જ કહેવો જોઈએ.

હાથ જોડીને માથું નમાવીને બોલવું. હાજી હાજી કહેતા બોલવું તેને જ વિનય કહેવાતો હોત તો હજુરીયો જ સર્વશ્રેષ્ઠ ગુણી બની જાત.

પ્રતિક્ષણ....પ્રતિપળ જાગૃત રહીને સાવધપણે કાર્ય કરે તેજ વિનયી કહેવાતો હોત તો બંબાવાળો સાધક કહેવાત.

ના ભાઈ....ના....વિનય એ તો આત્માનો અદ્ભૂત

સદ્ગુણ છે. **સાધક જીવનના બાલમંદિરનો પ્રથમ પાઠ છે વિનય.**

વિનયથી જીવન દીપાવે શોભાવે અને ઉજ્જવળ બનાવે તે વિનયી. વિનયીને આજ્ઞા કરવી ના પડે. "તારે પ્રતિક્રમણ કરવું જોઈએ...તારે સેવા-શુશ્રૂષા કરવી જોઈએ."

પણ વિનયી પ્રતિક્ષણે-પ્રતિપળ જિનાગમના રહસ્ય પ્રાપ્ત કરવા તત્પર રહે. જિનાગમના રહસ્ય સમજાય તો વીતરાગની આજ્ઞાનું મૂલ્યાંકન ખ્યાલમાં આવે. આજ્ઞા સમજવા, શાસ્ત્રને આત્મસાત્ કરે. શાસ્ત્ર આત્મસાત્ બને તો વિનયનો ગુણ વિકસિત બને. શાસ્ત્ર સમજે એટલે ઉત્સર્ગ, અપવાદ સમજમાં આવે, વિધિ નિષેધ સમજમાં આવે, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને વ્યક્તિ વિશેષ માટે ફરમાવેલ સૂત્રના-આગમપાઠના રહસ્ય સમજમાં આવે. વિનયી શાસ્ત્ર સમજી માત્ર માહિતી-જ્ઞાન ના વધારે, વિનયી શાસ્ત્ર સમજી, વિચારી અટપટી વાતોનું પ્રદર્શન ના કરે. વિનયી શાસ્ત્રનું ચિંતન મનન કરી કોઈની ભૂલ ના દર્શાવે. પણ.... **"વિનયી તો શાસ્ત્રનું નિદિધ્યાસન કરી પોતાના જીવનને શાસ્ત્રમય બનાવે."**

**"વિનયી એટલે શાસ્ત્રાજ્ઞાનો સાક્ષાત્કાર."**

વિનયીનું બોલવું, બેસવું, વિચારવું, વાંચવું, જોવું, સાંભળવું પ્રત્યેક ક્રિયા પાછળ એક જ લક્ષ્ય હોય મને શાસ્ત્રનો શું આદેશ છે? દૂધ પીતું બાળક માતાથી દૂર ના રહે. તેમ વિનયી શાસ્ત્રાજ્ઞાથી દૂર ના રહે. જેમ દૂધપાન કરતું બાળક માથી દૂર રહે તો તેના પ્રાણ જોખમમાં, મા ન દેખાય તો નાનું બાળક રડીને ઘરને ગાંડુ કરે તેમ વિનયી શાસ્ત્રાજ્ઞા વગર એક ડગ પણ ના ભરે. શાસ્ત્ર ના સમજાય તોય વિનયી ગુરુદેવની છાયા બનીને રહે. ગુરુના સાંનિધ્યમાં જ વિનયીના

જીવનનું પ્રભાત પ્રારંભાય. ગુરુના સાંનિધ્યમાં જ વિનયીના જીવનની સંધ્યા ખીલી ઊઠે.

વિનયી બરાબર સમજે છે વર્ષોસુધી ઘોર પરિશ્રમ કરી વ્યાકરણશાસ્ત્ર, કોશશાસ્ત્ર, સાહિત્યશાસ્ત્ર, ન્યાયશાસ્ત્રમાં પારંગત બનું પછી ધર્મશાસ્ત્રનો અભ્યાસ કરું, ત્યારે મને કંઈક વીતરાગ વચનનું નવનીત મળે. પણ ક્યારે? જ્યારે ગુરુની શીતળછાયામાં રહું તો સદા અનુપમ વીતરાગ વચનનું નવનીત મળે.

જીવન વીતાવવા સહાય–સહારો–આલંબન પ્રત્યેક વ્યક્તિને લેવો પડે છે તો હું શા માટે ગુરુદેવના નજદીકમાં રહી ગુરુદેવના જ્ઞાનનો વારસદાર ન બનું?

ગુરુદેવ મને અભ્યાસ કરાવે કે ના કરાવે,
ગુરુદેવ મને વાંચના આપે કે ના આપે,
ગુરુદેવ મને પૃચ્છાનો પ્રત્યુત્તર આપે કે ના આપે,

પણ...ગુરુ જ્ઞાની છે.

ગુરુદેવ જ્ઞાનના હિમાલય છે. તેથી તેમનાથી જ જ્ઞાનની ગંગાના મીઠા ઠંડા પવનની તાજગીનો અવસર કેમ ચૂકું? જ્ઞાની ગુરુની છાયાથી દૂર તો રહું નહિ, જ્ઞાનીગુરુની દૃષ્ટિ પડે ત્યાંજ મારું આસન રાખું. એ દિવ્ય તેજોદૃષ્ટિ મારા તન મનના વિકારોને બાળીને ભસ્મીભૂત કરી દેશે. જ્ઞાની ગુરુના તપ ત્યાગના દિવ્ય સામ્રાજ્ય માત્રથી વિષય–કષાય–ઈર્ષ્યાના તોફાન શાંત બની જશે, મારા તન મન પણ સંયમ ધર્મના પાલનમાં સહાયક બનશે.

જ્ઞાનીગુરુના બોલવામાં ભાષા સમિતિનો સતત ઉપયોગ હશે ક્યારે પણ વચનનો અસંયમ નહિ હોય. જ્ઞાનીગુરુના

ભોજનમાં (ગોચરીમાં) કદાચ વિવિધ પ્રકારના રસવંતા આહાર હશે પણ જ્ઞાનીગુરુ ભોજન કરતાં પણ એક જ વાત કહેશે. પુદ્ગલને-જડને જડની સહાયની જરૂર છે. પેટ છે તો ખોરાક જોઇએ પણ આસક્તિ ના જોઈએ. ગુરુ રસવંત આહારને જે રીતે આરોગતા હશે તેના કરતાં અનેકગુણી મસ્તીથી નિરસ આહારને આરોગશે. આ જોવાનું કોને મળે? ગુરુના સાંનિધ્યમાં નિવાસ કરે તેને.

**"ગુરુના સાંનિધ્યમાં નિવાસ એટલે જ્ઞાન જગતમાં નિવાસ."**

જ્ઞાન જગતમાં નિવાસ કરનારો, જડ જેવો આત્માથી પણ ચેતન બની જાય. પંડિત જગદીશ ભટ્ટાલંકાર રસોઈયો પણ ન્યાય શાસ્ત્રના ક્રોડ પત્રો લખતો થઈ ગયો. તેમ ગુરુનું સાંનિધ્ય મારા આત્મા ઉપર રહેલ કર્મના પડદા હટાવી જ્ઞાનને પ્રકાશિત કરે. ગુરુના સાંનિધ્યમાં રહેવાથી ગુરુના જ્ઞાનની જાગતી ચોકીના ખોંખારાએ પણ મારા પ્રમાદ ભાવને ત્યાંથી પોબારા ગણવા જ પડે. ગુરુના આદેશ-ઉદ્દેશ પ્રવૃત્તિ-નિવૃત્તિ સમજવા સતત મારે ગુરુ મુખના ભાવોનું નિરીક્ષણ કરવું પડે. ગુરુના મુખના નિરીક્ષણથી મારી નિરીક્ષણ શક્તિ વિકાસ પામે.

જગતના કોઈ અજ્ઞાની મને કહે કે તમારા ગુરુ ગુસ્સે થયા....હું કહું ના....ના....મારા ગુરુને હું ઓળખું છું અનેક વખત મેં તેઓની વિવિધ મુખ મુદ્રાના દર્શન કર્યા છે. ગુરુ ગુસ્સે નથી થયા પણ મારા દુર્ગુણોને જણાવવા તેઓએ કૃપા કરી શંકરનું રૂપ ધારણ કર્યું છે. એ તો અમારા જેવા અનેકના અવિનયના ઝેર પચાવનાર નીલકંઠ

શંકર છે. મારા ગુરુ મારી ભૂલ દૂર થઈ એટલે પાછા વાત્સલ્યનિધિ મારા આત્મગુણના સર્જક બ્રહ્મા, મારા વિકસિત ગુણનું રક્ષણ કરનાર વિષ્ણુ....

"गुरुर्ब्रह्मा गुरुर्विष्णु गुरुर्देवो महेश्वर"

હું જ્ઞાન મેળવું, ગુરુના સાંનિધ્યમાં રહું. ગુરુના ભાવને સમજવા પ્રયત્ન કરૂં તે ગુરુ માટે નહિ. ગુરુની સેવા માટે નહિ. ગુરુ નારાજ ના રહે માટે નહિ પણ જો હું વિનયી ના બનું તો મારા કર્મો હટે નહિ. જો હું વિનય ના કરું તો મારા જ્ઞાનાવરણીય કર્મ દૂર જાય નહિ.

હું વિનયી બનું મારા આત્મકલ્યાણ અર્થે....
હું વિનયી બનું જ્ઞાન આચરના પાલન માટે....
હું વિનયી બનું સર્વ કર્મના ક્ષય માટે....

ભલે હું સ્વાર્થી કહેવાઉં....સ્વ એટલે મારા આત્માનો ઉદ્ધાર. મારા પોતાનું કાર્ય કરવું છે. કારણકે સ્વ જાગ્યા વિના સર્વને જગાવી ન શકાય માટે મારે વિનયી બનવું છે.

**પ્રભુ પરમાત્મા મહાવીરદેવ !**

આપે ગુરુ ગૌતમને વિનયી બનાવ્યા. ગુરુ ગૌતમને ગણધર પદથી સત્કાર્યા, અમને શું આપ વિનેય ના બનાવો ! વિનેય એટલે શિષ્ય, પ્રભુ મારે બનવું છે આપના શિષ્ય. આપનો શિષ્ય ના બનું ત્યાં સુધી મારા કર્મો ક્યાંથી વિનયી બને? મારાથી દૂર જાય ? ગુરુ ગૌતમના મિથ્યાત્વને હટાવનાર, ગુરુ ગૌતમના અભિમાનને દૂર કરનાર પ્રભુ ! મારા ઉપર કૃપા ના કરો ! મારા ઉપર પણ દયા કરો...મને વરદાન આપો. 'હું વિનયી બનું.'

" ગુરુ ગૌતમની લબ્ધિના ગુરુ બંધુ ના બનાવો તો પણ ગુરુ ગૌતમના જેવા સાચા શિષ્ય બનાવો, સાચો શિષ્ય જ સાચો ગુરુ બની શકે છે.

પ્રભુ મને જોઈએ પ્રથમ વિનય,
મારા ધર્મવૃક્ષનું મૂળ સ્થિર કરો.
મૂળ સ્થિર હશે તો હજારો શાખા પ્રશાખા
સ્વયં વિકસિત બનશે.

પ્રભુ ! પ્રભુ ! " મારું ભિક્ષા પાત્ર છલકાવી દો. "

## ૨. પસાયએ તે હુ દુરાસયંપિ 卐

એક બુદ્ધિમાન-સમજદાર ભયંકર દાવાનલ બુઝાવી શકે છે ત્યારે, એક મૂર્ખ ભયંકર આગ પ્રગટાવીને સમસ્ત શહેરને ભસ્મીભૂત કરી શકે છે. શક્તિ તો બંને પાસે છે. એકની પાસે સર્જક શક્તિ છે તો બીજાની પાસે સંહારકશક્તિ છે.

સર્જકનો પણ એક ઇતિહાસ હોય છે.

સંહારકનો પણ એક ઇતિહાસ હોય છે.

ઈતિહાસ બંને પાત્રને યાદ રાખે છે- પણ એકનું નામ લેતાં મસ્તક ઝૂકી જાય છે. એકનું નામ લેતાં મસ્તક ફરી જાય છે.

પંચમ ગણધર સુધર્માસ્વામી, સોળવર્ષના જંબૂસ્વામીને સમજાવી રહ્યા છે "જંબૂ! શેઠ બનવું સહેલું છે પણ.... સાધુ બનવું કઠીન છે. સાધુ એટલે સમતામૂર્તિ....

સાધુ એટલે સમતાની રસલ્હાણ કરનાર...

સાધુ એટલે ક્ષમાની સરિતા...

લોકમાતા નદી જેમ મલિનને નિર્મળ કરે; ગંદાને સ્વચ્છ કરે, તેમ સાધુ ક્રોધની જ્વાળામાં ભસ્મ થવા જતાં માનવને સમતાના પાન કરાવે. સાધુ વિશ્વમાં સમતાનો મંગલ આદર્શ ખડો કરે તો સ્વના તારક-ઉદ્ધારક-ઉપકારક ગુરુને પ્રસન્ન કેમ ન કરી શકે ? તેઓના ચિત્તની પ્રસન્નતા જળવાય તો કરી શકે.

પતિની પ્રસન્નતા તો પત્નીનું જીવન આનંદમાં.

શિક્ષક પ્રસન્ન તો વિદ્યાના દાન સરળ બને.

શેઠ પ્રસન્ન તો સેવકને આજીવિકાનો લાભ મળે.

નાવિક પ્રસન્ન રહે તો અનેક મુસાફરોની યાત્રા નિર્વિઘ્ન બને. વિમાન ચાલક પ્રસન્ન રહે તો અનેક ઉતારૂના પ્રાણનું રક્ષણ થાય. ગુરુદેવ પ્રસન્ન તો ગચ્છ પ્રસન્ન. સાધુકૂળ પ્રસન્ન તો સાધુ સમુદાય પ્રસન્ન. સાધુ સમુદાય પ્રસન્ન તો પ્રભુ શાસનની અદ્દભુત પ્રભાવના. પ્રભુશાસનની પ્રભાવના તો વિશ્વમાં સર્વત્ર આનંદ મંગલ. એ મંગલની શરણાઈના શૂરથી સર્વજીવનું કલ્યાણ.

જંબૂ! મંગળવાત સાંભળી, મંગલ મનોરથ કરીશ. પણ મેં તને પહેલાં જ કહ્યું આ કાર્ય કપરું છે. છતાં તેં મહાન બનવાનો નિશ્ચય કર્યો છે એટલે તારે આકરા ચઢાણ ચડવા પડશે. સાધનાની સિદ્ધિ અર્થે...સાધુતાના પાલન માટે....સ્વગુણોની પ્રાપ્ત માટે, અનંતજ્ઞાનના પ્રકટીકરણ માટે ...તારે તારા ગુરુને પ્રસન્ન કરવાં જ પડશે.

તું પ્રશ્ન કરીશ ગુરુદેવ! સાધના મારે કરવાની પછી પ્રસન્ન મારે રહેવાનું. મારી પ્રસન્નતા માટે હું પ્રયત્ન કરી શકું પણ મન આપનું તેમાં હું પ્રસન્નતા કેવી રીતે લાવી શકું?

તારી પ્રશ્નની ઝડી વરસવાની છે મને ખબર છે. આવા એક પ્રશ્ન નહિ એક લાખ પ્રશ્નની હારમાળા તું ખડી કરી શકે છે. પણ મારા એક પ્રશ્નનો જવાબ આપ! તું શિષ્ય ખરો કે નહિ! શિષ્ય અને ગુરુને સંબંધ ખરો કે નહિ? વિશ્વમાં અનેક સંબંધો કર્યા....અનેકને આત્મીયજન કહી ખુશ કરવા તેં જે નાટક કર્યા....તેનું વર્ણન કરું તો તારા ચિત્રો જોતાં તું હસી પડીશ. ભૌતિક સંબંધોને ભૂલવા એક આધ્યાત્મિક સંબંધ ગાઢ બનાવ. ગુરુ સાથે અભેદ સંબંધ બાંધ.

શિષ્ય એ તો ગુરુનું બીજું રૂપ છે. જેમ જમણી આંખ દુઃખે તો ડાબી આંખ તરત મીંચાઈ જાય. બંને આંખ ખુલ્લી ક્યારે રહે ? એક પણ આંખમાં દર્દ ન હોય તો.

**ગુરુ પ્રસન્ન રહે તો જ સાધનાની સિદ્ધિ.**

અપ્રસન્ન ગુરુ પાસેથી તારા યોગક્ષેમની અપેક્ષા તું કેવી રીતે રાખે ? અપ્રસન્ન ગુરુ પાસેથી રાગદ્વેષમાં અટવાતી તારી નાવને કિનારા પર લાવવાની અભિલાષા કેવી રીતે રાખે ? ગુરુજનને પ્રસન્ન કરવા તારે અનેક કિમીયાઓ શોધવા પડશે ! અનેક ઉપાયો, અને યુક્તિઓ વિચારવી પડશે ! દિલમાં ગુરુ પ્રસન્નતાની ઝંખના પેદા કરવી પડશે.

છ મહિનાના દૂધમલ બાળક સાથે મા કેટલી વાત કરે છે. તેને ખુશ કરવા....તેના સુખ–દુઃખને સમજવા, દુઃખ દૂર કરવા કેટલા ઉજાગરા કરે છે. શું તે દૃશ્યો તેં જોયા નથી ? માતા બાળકના ચિત્તને સમજવા અનુસરવા પ્રયત્ન કરે છે તે જ પ્રયત્ન તારે તારા ગુરુને સમજવા કરવો પડશે. તેમના ગમા-અણગમા, પસંદગી–નાપસંગી, તેમની આદત, જીવન જીવવાની પદ્ધતિ, વાત કરવાની–રજુઆત કરવાની ઢબ, તેઓની આરાધનાની ભાવના, તેઓના મનોરથો, તેઓનાં સંકલ્પો, તેઓના શરીરની અસ્વસ્થતા, તેઓના આહાર, નિહાર, આરામના સમય આ બધાનો તને ચોક્કસ ખ્યાલ હોવો જોઈશે. તેઓ ક્યારે શું કરશે ? ક્યારે શું નહિ કરે ? તેની નાનામાં નાની વિગતની પણ સૂક્ષ્મનોંધ તારા માનસપટ પર કોતરાયેલી રહેવી ખૂબ જરૂરી છે.

સાધક ! ના કહીશ મારામાં બુદ્ધિ નથી, તું શિષ્ય છે. **તારે ગમે તેવા સ્વભાવવાળા પણ ગુરુને પ્રસન્ન કરવા છે**

આ શરતને યાદ રાખીશ તો ગુરુ પ્રસન્નતાનો અમોઘ ઉપાય તને મળી જશે.

જગતની માથાકૂટ કરવાની ભલે તારી પાસે બુદ્ધિ ના હોય. સાધુ થઈને ગામ-ગામનાં નગર-નગરનાં અનેક ભાવિકો અનેક વિચિત્ર વ્યક્તિઓનાં પરિચયમાં તું આવીશ. તે બધાને ભલા ! ભૂલવામાં જ સાર છે. ત્યાં તું મંદમતિ નહિ મહા-મંદમતિ બનજે. પણ... તારા ગુરુને સમજવા તારે હોંશિયાર બનવું પડશે. જેમ સ્ત્રી, કશું ના સમજે પણ અગ્નિ સાથે કેમ વ્યવહાર કરાય તેનું તેને કેટલું સુંદર જ્ઞાન હોય, તેમ તારે તારા ગુરુને સમજવા બુદ્ધિમાન બનવું પડશે. બુદ્ધિશાળી હોઈશ તો જ ગુરુથી તારું આત્મકલ્યાણ થશે. નહિતર જગતના ચોગાનમાં તારી સાધુતાનું લીલામ થશે. હું શું કરું ? મારા ગુરુ ગુસ્સે થઈ ગયા. હું શું કરું ? મારા ગુરુ મારી સાથે બોલતાં નથી. હું શું કરું ? મારા ગુરુ મને ભણાવતાં નથી. હું શું કરું ? મારા ગુરુ નારાજ થઈ ગયા છે.

જો તું બુદ્ધિમાન હોઈશ તો તું બીજાને કહીશ મારા ગુરુ અંગે તમે ભલે ગમે તેમ કહો કે તારા ગુરુનો સ્વભાવ બરોબર નથી પણ આ તમે મને ખોટું સમજાવો છો.

પુણ્યશાળી !

મારા ગુરુનો સ્વભાવ ખરાબ નથી. મારા ગુરુ તો શ્રીફળ જેવા છે. આખું શ્રીફળ ખાવા જાય તેના દાંત તૂટે, પણ કાચલું છોતરા હટાવીને ખાય તેને સાકર જેવું મીઠું પુષ્ટિદાયક પાણી અને સ્વાદિષ્ટ કોપરું મળે. ભાઈ! તમે ના સમજો. મારા ગુરુને હું જ સમજું, તેમના જેવા ઉપકારક કોણ છે ? મારા હિતચિંતક બીજા કોણ છે ? તમે

મારા ગુરુના શબ્દને જુઓ છો. હું મારા ગુરુના હૃદયનો પરિચિત છું. જો તેમનામાં મારા ઉદ્ધારની ભાવના ન હોત તો મને કેમ દીક્ષા આપત? મારું અસ્તિત્વ જ તેમના પુણ્ય બળે પાંગરેલું છે.

ગુરુને પ્રસન્ન કરવા તારે બુદ્ધિમાન બનવું જ પડશે. બુદ્ધિમાન બનીશ એટલેથી જ નહિ ચાલે હજી એક પગથીયું આગળ વધ. બીજે પગથીયે આવ. તારે શીઘ્ર-જલ્દી કાર્ય કરનારા બનવું પડશે. સાધનાના માર્ગમાં વિલંબ ના પોષાય. ક્ષણનો વિલંબ શું કરે તેની તને ખબર છે ને! લવસત્તમ દેવો પાસે શું ખૂટયું? સાત લવનું આયુષ્ય. હા... હા....શું કહે છે, સાતલવનું આયુષ્ય અને છઠ્ઠનો તપ. વિલંબ કેટલો? સંસારવાસ ત્રેત્રીસ સાગરોપમ વધ્યો, અંતરાય થયો સિદ્ધિગતિમાં પહોંચવાનો.

ગુરુએ ચીંધ્યા-ઉપદેશેલા કાર્યમાં વિલંબ કરીશ તો વિલંબ થશે શુદ્ધાત્મદશાના પ્રગટીકરણમાં.

**ગુરુના વચનનું શીઘ્રપાલન એટલે મોક્ષમાર્ગનો ટૂંકો રસ્તો.**

મારે ગુરુને પ્રસન્ન કરવા છે. હું હવે વિલંબ નહિ કરું, જલ્દી કરીશ.

ના ભાઈ ના... દોડ નહિ, દોડવાથી મંઝિલ પ્રાપ્ત થતી નથી. સાચા માર્ગે દોડવાથી લક્ષ્ય સ્થળે પહોંચાય. હજુ એક વાત યાદ રાખી લે. ગુરુના દિલને જાણીશ અને ઝડપ કરીશ એટલાથી નહિ ચાલે...ગુરુના અભિપ્રાયને અનુસરીશ તો જ ગુરુને પ્રસન્ન કરી શકીશ. ખુદની ઇચ્છાને સાકાર કરવા દુનિયા પ્રયત્ન કરે, ખુદના સંકલ્પને સિદ્ધ કરવા દરેક મર-જીવા જીવનની હોડ લગાવે. પણ તારે તો મુક્તિનું ગાન

ગુંજિત કરવું છે એટલે તારે તારી ઇચ્છા, આશા, અભિલાષા,–સંકલ્પને ભૂલી જઈ ગુરુના આશયની પાછળ જ હરણફાળ ભરવી રહી.

જો (૧) બુદ્ધિમત્તા (૨) શીઘ્રતા (૩) અને ગુરુ આશય અનુવર્તિતા કેળવીશ તો તારા ગુરુ ગમે તેવા હશે પણ તને તો મુક્તિદાયક જ બનશે. પ્રેમની કળા હિંસકને અહિંસક બનાવે. તું તો સમર્પિત શિષ્ય છે. તારા ગુરુ મોક્ષના સાચા રાહબર છે. તેઓના સ્વભાવની વિલક્ષણતા–વિચિત્રતા તું ભૂલી જા. તારા સમર્પણની એક અમરગાથા વિશ્વમાં ગુંજિત કર.

હું આપનો શિષ્ય છું, આપના ચિત્તને સમજનાર છું આપનો પડતો બોલ ઝીલી તેને કાર્યમાં મૂકનારો છું. આપના અભિપ્રાયને સમજનારો છું. પ્રભુ! ગુરુ! પ્રસન્ન બનો.

**સુધર્મા સ્વામી !**

મને શક્તિ આપો ચંડરુદ્રાચાર્યના શિષ્ય જેવી, ગુરુની શિક્ષાને સહન કરતા હું કેવલજ્ઞાન પ્રાપ્ત કરું, મારા ગુરુ પણ મારી સહનશીલતાની અનુમોદના કરતાં કેવલજ્ઞાની બને. ગુરુ શિષ્ય અભેદ ભાવે શાશ્વત સંબંધે મળીએ એ જ પ્રભુ મને આપો. પ્રભુ મને નારાજ ના કરતાં. મારે દુન્યવી સિદ્ધિ નથી જોઈતી–પ્રસિદ્ધિ નથી જોઈતી... મારે **જોઈએ છે મારા ગુરુની પ્રસન્નતા...**

## ૩. ઉવચિટ્ઠે ગુરું સયા 卐

તૃષાર્ત જલની શોધ કરે
અને જ્યાં જળ હોય ત્યાં નિવાસ કરે.
ભોજનાર્ત ભોજનની શોધ કરે
અને જ્યાં ભોજન હોય ત્યાં નિવાસ કરે.
રોગાર્ત વૈદ્ય–ઔષધની શોધ કરે
અને જ્યાં વૈદ્ય અને ઔષધ હોય ત્યાં નિવાસ કરે.

જ્ઞાનાર્થી...સંયમાર્થી....મોક્ષાર્થી ક્યાં નિવાસ કરે ?
જ્ઞાનનો ચાહક વિચારે જ્ઞાનનો શ્રોત ક્યાં છે ?

પુસ્તકમાં...? અભ્યાસમાં ?
પુનરાવર્તનમાં....? જ્ઞાનભંડારમાં....?

ભલા સાધક ! એ બધા તો જ્ઞાનના સાધન છે. ઘડો એ જળ નહિ પણ જળ સંરક્ષણનું સાધન છે તેમ પુસ્તક–પુનરાવર્તન અભ્યાસ–જ્ઞાનભંડાર એ જ્ઞાનપ્રાપ્તિના સાધન.

તો પછી જ્ઞાનનો સ્રોત ક્યાં ? કોનામાં ? ગંગાનો સ્રોત ક્યાં ? કાશીમાં....હરદ્વારમાં....ના....ના....દૂર...દૂર ઉચ્ચહિમ-શિખરના ઝરણામાં-ગંગોત્રીમાં. બસ સાધક તારી દૃષ્ટિ થોડી વિશાળ કર, તારે જ્ઞાનાસ્રોતના દર્શન કરવા છે ને ? જ્ઞાનસ્રોતના અદ્‌ભુત સૌંદર્યની મસ્તી માણવી છે ને ? તો પછી ભૂલે ચૂકેય પુસ્તકની આળ પંપાળમાં ના પડતો.

**પુસ્તક જ્ઞાનમાં સહાયક છે પણ...જ્ઞાનનો સ્રોત નથી.**

આ સત્ય હકીકત તારી નોંધપોથીમાં નોંધ, પછી તને જ્ઞાન-સ્રોતના દર્શન કરાવું. જ્ઞાનસ્રોત ગુરુ....તારા તારક ગુરુદેવ ..

ગુરુ એ જ જ્ઞાનસ્રોતના હિમાલય છે. કદાચ તને ગંગા વિશાળ લાગશે. અને હિમાલયમાંથી પ્રગટ થતું ગંગાનું ઝરણું નાનું લાગશે પણ અધ્યાત્મનું ગણિત જુદું છે. તારી વામન અને વિરાટની કલ્પના અહીં ખોટી છે.

**"જ્ઞાનની ગંગા શિષ્ય...પણ જ્ઞાનગંગાના સ્રોત ગુરુદેવ"**

આ સોનેરી સિદ્ધાંત આત્મસાત્ કરીશ તો જ સાધક તને આધ્યાત્મિક બાળમંદિરમાં પણ પ્રવેશ મળશે. નહિતર ભટક્યા કર...રખડયા કર....તારી ઝાકઝમાળવાળી ભૌતિક જીંદગીમાં. ગંગાનું મૂલ્ય અને પવિત્રતા તેના કારણે જ છે તે ઋષિઓથી પવિત્ર થયેલ વન્ય અનેક ઔષધિઓનાં રાજા હિમાલયમાંથી પ્રગટ થાય છે તેથી જ ગંગા તાપ હારિણી અને પાપહારિણી બની.

જ્ઞાનપિપાસુ ! હું તારી જિજ્ઞાસાને સમજું છું. તારી જ્ઞાનની ઝંખનાને સમજું છું. તારી તત્ત્વપિપાસાનો સ્વીકાર કરું છું. તારી તીવ્ર તમન્ના જ મને પ્રેરે છે અને મને એક જ વાત કહેવાનું મન થાય છે.

જો તું જ્ઞાનાર્થી છે તો ઉવચિટ્ઠે ગુરું સયા....
જો તું સંયમ અભિલાષી છે તો ઉવચિટ્ઠે ગુરું સયા....
જો તું મોક્ષનો આકાંક્ષી છે તો ઉવચિટ્ઠે ગુરું સયા...

શા માટે ગુરુ પાસે હંમેશા બેસું ? શું ત્યાં અવાજ ન હોય ? શું ભક્તોની ભરમાળ ન હોય ? શું દર્શનાર્થીની ભીડ ન લાગી હોય ? શું હજારો જિજ્ઞાસુઓ હજારો જિજ્ઞાસા લઈને ન આવ્યા હોય ?

રખે ! આ બધા વચ્ચે જ્ઞાનની સાધના દુર્લભ ન થઈ જાય. મારું મન એવું વિચિત્ર છે કે હું મારી સાધના છોડી

પ્રશ્નાથી ઓની દુનિયામાં ખોવાઇ જાઉં છું અને તમે કહો છો જો તું જ્ઞાનાર્થી છે તો ગુરુ પાસે બેસ. કેમ કરું ? શું કરું ? નથી તમારા જેવા હિતસ્વીની વાતને ઓળંગી શકતો, નથી રોકી શકતો મારા વિચારોને. બસ...મને તો થાય છે કે પુસ્તક લઈ એકાંતમાં બેસી જાઉં, અને અનંતનું અપ્રતિમજ્ઞાન પ્રાપ્ત કરી લઉં ? શું હિતસ્વી તમે જ મારા મનની મૂંઝવણ દૂર ના કરો ?

સાધક.........તું મોક્ષાર્થી.......સંયમાર્થી.........જ્ઞાનાર્થી

તું શબ્દના રહસ્યાર્થને આત્મસાત્ નહીં કરે? અને ફક્ત શબ્દનો જ અર્થ કરે? ફરી એકજ અને પાછી પેલીજ વાત કરું છું 'ઉવચિટ્ઠે ગુરું સયા' મારા શબ્દ પાછળ રહેલા રહસ્યને વિચાર...જરૂર તને માર્ગ મળશે...મૂંઝવણ....મથામણ....અકળામણ નહિ થાય. સમતા—શાંતિ મળશે.

પુસ્તકથી જ્ઞાન મળશે તો પણ કદાચ એક વિષયનું, અને તે પણ કેટલી મહેનતથી? છતાંય કદાચ શાસ્ત્રનું રહસ્ય તો મેળવ્યું જ નહિ હોય. ગુરુથી જ્ઞાન મળશે તો ગુરુ તને એક વિષય ભણાવશે પણ તેઓએ જેટલી વિદ્વતા પ્રાપ્ત કરી હશે તેનો અર્ક તને એક શ્લોકમાં સમજાવશે. ગુરુ જ્ઞાન આપશે તો તારી નાડીની પરીક્ષા કરીને આપશે જેથી તારા દુર્ગુણો હટી જાય, અને સદ્‌ગુણો તને મળી જાય.

તું ગુરુ પાસે બેસીશ તો ગ્રંથ કંઠસ્થ તો તારી બુદ્ધિ જેટલા જ કરી શકીશ, પણ એ જ્ઞાન સાગર ગુરુદેવ પાસે હજારો વ્યક્તિ આવશે તેની સાથે થતી જ્ઞાનચર્ચા સાંભળીશ તો પણ લાખો પુસ્તકો વાંચવાથી જે જ્ઞાન તને નહિ મળે તે, જ્ઞાન તારા ગુરુના અનુભવથી તને પ્રાપ્ત થશે. મને ખબર છે તને હજી સમાધાન થયું નથી. તારી આંખમાં આનંદની ઉર્મિ

દેખાતી નથી...તારા મનમાં ખટકે છે....તું મનમાં બબડે છે કેવી બેહુદી વાત!!! ગુરુ પાસે બેસવાથી જ્ઞાન ? ગુરુ પાસે બેસવાથી સંયમ? અને ગુરુ પાસે બેસવાથી મોક્ષ? પાછું અધુરું હોય તેમ કહો છો, 'ઉવચિટ્ઠે ગુરું સયા' ગુરુ પાસેથી ક્યારેય ખસવાનું નહિ ત્યાંજ જીંદગી વીતાવવાની?

ભલા સાધક !

તને એક વ્યવહારની વાત પૂછું ? જવાબ આપ તેં સૌભાગ્યવતી સ્રીને મરેલી જોઈ છે? તેની મૃત્યુ શય્યા જોઇ છે? મૃત્યુબાદ પણ સૌભાગ્યવતી સ્રીની પાથીમાં સિંદુર હોય છે. કપાળમાં કુંકુમનું તિલક હોય છે. હાથમાં સૌભાગ્યના કંકણ અને ગળામાં મંગલસૂત્ર અને લાલસાડી હોય છે. મૃત્યુબાદ આ બધા ઠઠારા શા માટે? અનુભવી કહેશે આ ઠઠારા નથી. સ્રીના મંગલ સૌભાગ્ય જીવનની મંગલતાના સૂચક પ્રતીક છે. પત્નીએ દેહ છોડયો પણ પતિના મંગલ સામ્રાજ્યમાં. સ્રીના સુખી જીવનનો એ જ વિજયધ્વજ છે. જેમ અનુભવીની વાણી પાછળ અનુભવનું અમૃત હોય છે તેમ મારા હૈયામાં હિતભાવના છે તેથી કહુંછું 'ઉવચિટ્ઠે ગુરું સયા' પણ...તું શબ્દાર્થ ના કરતો. મારે તને વારંવાર રોકવો પડે છે.

卐 ગુરુની પાસે બેસવું એટલે....
 ગુરુની આજ્ઞા લઈને બેસવું.

卐 ગુરુની દૃષ્ટિથી પવિત્ર થતાં પ્રદેશમાં બેસવું.

卐 સંયમીઓના સામ્રાજ્યમાં બેસવું.

卐 જ્યાં સાધુયોગ્ય ભૂમિકા હોય ત્યાં બેસવું.

卐 નવવાડ શુદ્ધ બ્રહ્મચર્યનું રક્ષણ થાય ત્યાં બેસવું.

卐 આપણા દુર્ગુણ અને સદ્ગુણના સાક્ષી ગુરુ બને ત્યાં બેસવું.

卐 ગુરુની આજ્ઞા આપણે જ્યાં બેઠા હોઇએ ત્યાંથી સંભળાય ત્યાં બેસવું.

卐 ગુરુની સેવા શુશ્રૂષાનો આપણને લાભ મળે તેમ બેસવું.

ગુરુની પ્રસન્નતાના સદા ચાહક બનવું કારણ, ગુરુ જ્ઞાન ગંગોત્રી છે. જ્યારે તેમના હૈયામાંથી કૃપા વરસશે ત્યારે તારી જ્ઞાનગંગામાં જ્ઞાનના નીર હિલોળે ચઢશે.

વિચાર વિમર્શમાં મૂંઝાયેલો સાધક ગુરુને કહે છે, 'આપની વાત ઠીક છે... સમજવા જેવી છે....પણ....

સાધક !

તારા શબ્દો તારા હૈયાની ચાડી ખાય છે. તું મારી વાત ને ઠીક કહે છે, સમજવા જેવી કહે છે પણ આચરવા જેવી છે તેમ નથી કહેતો, ત્યાં સુધી હું સમજું છું મારી વાત તને ગળે ઉતરી નથી. તારા મનમાં હજી ઘોળાય છે ને ગુરુન પાસે રોજ બેસવાનું ?

હા....ભાઈ હા....મોક્ષ ના મળે ત્યાં સુધી. કેવી રીતે બને ? આયુષ્યકર્મની મર્યાદા ખરી કે નહી ? દેહ ઉપર તો કાળનો ધર્મ અસર કરવાનો ને ! પુદ્ગલ તો નાશ પામશે ને ! શું મારુ અને મારા ગુરુનું આયુષ્ય સમાન ? મારા ગુરુ મારી સાથે જીંદગી સુધી રહેશે ?

તું દેહનો પૂજક કયાં સુધી રહીશ ? તું પુદ્ગલની માયામાં જ અટવાઈશ ? ગુરુના દેહની સાથે સદા ન રહેવાય પણ ગુર્વાજ્ઞા સાથે તો રહેવાયને ? મારો કહેવાનો અર્થ જ એ છે કાળ બળે.... ક્ષેત્રના કારણે.... કર્મના કારણે.... ધર્મના કારણે

....તારા અને તારા ગુરુના દેહનું સામીપ્ય ના રહે. સ્થાન સાંનિધ્ય ના રહે. વચનથી આજ્ઞા ન મળે પણ તારે રહેવાનું છે હંમેશા ગુરુ પાસે.

'ગુરુ આજ્ઞાના પાલનમાં.'

સાધક!

તારી સાધક જીંદગીનો એકડો ઘુંટી લે, રટી લે. ફરી ફરીને સમજી લે. "તું મોક્ષાર્થી છે તેથી સદા ગુરુની આજ્ઞાના દિવ્ય સામ્રાજ્યમાં જ રહેવાનું." ગુરુ આજ્ઞાના દિવ્ય સામ્રાજ્યમાં રહેનારને ગુરુનો વિરહ ક્યારેય થતો નથી. ગુરુ આજ્ઞાનું દિવ્ય સામ્રાજ્ય એટલું બધું વિશાળ છે કે ગુરુ સિદ્ધાચલમાં હશે અને તું ભારતના કોઈપણ પ્રાંતમાં હોઈશ પણ ગુર્વાજ્ઞા તારું સદા સંરક્ષણ કરશે. અને તું ગુરુ સાંનિધ્યનો સદા અનુભવ કરીશ.

'ગુર્વાજ્ઞા રહિત બની ગુરુ સાથે રહેવું એટલે પેટના કૃમિ જેવું.'

"ગુરુ આજ્ઞા એટલે મોહશસ્ત્ર સામે અભેદ્ય કવચ."

જ્યાં મોહ નહિ ત્યાં મોક્ષ.

જ્યાં રાગ નહિ ત્યાં વીતરાગતા.

જ્યાં અજ્ઞાન નહિ ત્યાં સમ્યગ્જ્ઞાન.

ગુરુદેવ!

આપની વાત સાચી છે. મોક્ષાર્થીએ "ઉવચિટ્ઠે ગુરું સયા" મંત્ર સિદ્ધ કરવો જોઈએ.

બસ....

પરમાત્મા મહાવીર દેવ!

ગુરુ ગૌતમ જેવી ગુરુ ભક્તિ આપો.

એ જ આપના તારકચરણમાં નમ્ર વિનંતિ....

## ૪. રમએ પંડિએ સાસં. 卐

દરેક વ્યક્તિને પોતાનું કર્તવ્ય, પોતાની ફરજ અને પોતાનું ક્ષેત્ર હોય છે. વફાદાર, કર્તવ્યપ્રિય, ફરજ સમજનાર, સજ્જન ક્યારે પણ કર્તવ્ય ધર્મથી પીછે હઠ કરતો નથી. જેમ સૂર્ય, ચંદ્ર, સાગર, સરિતા પોતાના કર્તવ્ય માર્ગમાં અડીખમ રહે છે તેમ સજ્જન સ્વીકારેલ નિયમથી પાછો હઠતો નથી પણ, તે બધા સજ્જનો પાસેય હૃદય છે. લાગણી છે, લાગણીના નીરથી કોઈની હૃદય ભૂમિકાને પલ્લવિત થયેલી જુએ ત્યારે તેઓને હૈયે પણ એક ટાઢક-ઠંડકનો અનુભવ થાય છે.

૮૦ વર્ષના એક વયોવૃદ્ધપિતા મૃત્યુની અંતિમ ઘડી ગણી રહ્યા હતા. ગુરુ મુખે નમસ્કાર મહામંત્રનું સ્મરણ કર્યું. ગુરુએ કહ્યું તમારે સંસારીઓને કંઈ સૂચન કરવાં છે? અંતિમ કોઈ વાત કહેવાની છે?

છેલ્લા શ્વાસ લેતાં તે ભાઈ બોલ્યા....મારો મોટો દીકરો યુધિષ્ઠિરનો અવતાર છે. જીંદગીમાં કયારેય કશું કહેવું જ પડયું નથી. બધુ પોતાની મેળે સમજી સુયોગ્ય કર્તવ્ય સમય સૂચકતાથી કરે છે. તેને ઘણા સમયથી મને સંસારથી નિવૃત કરી દીધો છે.

પિતાના મુખ ઉપર એક સુયોગ્ય પુત્રને પૃથ્વી પર છોડીને જતાં આનંદ સ્પષ્ટ તરવરતો હતો. સુયોગ્ય પુત્રના પિતા કહેવરાવતાં વૃદ્ધ ગૌરવ અનુભવતાં હતાં.

ક્યારેક શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓના જીવન સંસ્મરણો

સાંભળતા થાય છે. હે ભારતદેશ! તારા સપુતોની આ રાવણ કહાની...તો કયારેક આદર્શ વિદ્યાર્થીના આદર્શો સાંભળતા થાય છે કે વિદ્યાદાતાના આ ગૌરવ, તમારા જેવા સંપુતોથી જ માતાઓ ધન્યમાતા બનેલી છે.

દ્રોણાચાર્ય રાજગુરુ હતા. હજારો વિદ્યાર્થીના આદર્શ આચાર્ય હતા. અર્જુન "મારો વિદ્યાર્થી" કહેતા રાજગુરુ દ્રોણાચાર્ય ખુશ થયા હશે પણ, એકલવ્યની ગુરુ દક્ષિણા અને તેનું સમર્પણ જોતાં સમસ્ત ગુરુઓ આજે પણ ખુશ થાય છે. એકલવ્ય કોનો શિષ્ય? એકલવ્યના ગુરુ કોણ? એકલવ્યના ગુરુ બનવાની કોની કોની ઝંખના?

એકલવ્ય વ્યવહારની દૃષ્ટિએ ગુરુ દ્રોણાચાર્યનો શિષ્ય, પણ હકીકતમાં જે જ્ઞાનનિધિ હોય, શિષ્ય પ્રતિ અગાધ વાત્સલ્ય યુક્ત હોય, જે ગુરુની મૂર્તિ પણ જ્ઞાન પ્રાપ્તિમાં સહાયક બને તેવા મહાન ગુરુનો શિષ્ય એકલવ્ય.

એકલવ્યના દેહના ગુરુ દ્રોણાચાર્ય પણ એકલવ્યના આત્મતત્ત્વના ગુરુ કોણ? સનાતન શાશ્વત ગુરુપદ પ્રત્યેક મોક્ષ માર્ગના રાહબર નેતા એકલવ્ય સમા સુયોગ્ય શિષ્યની ઝંખના કરતું જ હોય.

જળતો સ્વાતિનક્ષત્રનું પણ છીપમાં પડે તો મોતી.

જળતો સ્વાતિનક્ષત્રનું પણ સાપના મુખમાં જાય તો ઝેર.

સુયોગ્ય બીજનું વાવેતર સુયોગ્ય ભૂમિમાં થાય તો ૧ માંથી ૧ લાખ.

ઘોડેસ્વારને ઘોડા પર જ મુસાફરી કરવાની હોય પણ અસવારને મુસાફરીનો આનંદ તો ત્યારે જ આવે જ્યારે ઘોડાને ચાબુક મારવાની ના હોય પણ દેખાડવાની જ હોય.

ગુરુને આનંદ ક્યારે?-રમએ પંડિએ સાસં. પંડિતને અનુશાસન કરતાં ગુરુને ખુશી થાય. દિલ આનંદ અનુભવે "સાધક! તારો પ્રશ્ન મને ખબર છે તું હમણાં કહીશ અનુશાસન કોના ઉપર કરવાનું હોય? પંડિત ઉપર વળી અનુશાસન શાનું? મોરના ઈંડાંને ચીતરવાનાં શા માટે?

તારી વાત...તારો તર્ક પ્રથમ દૃષ્ટિએ વિચારતાં દાદ માંગી લે છે. તારી વિચાર શક્તિને બિરદાવું કે તારી અપૂર્ણ વિચાર શક્તિને પુનઃ પુનઃ વિચાર કરવાની તક આપું?

સંસારની ખૂબી છે. માનવને ગોરા ગાલ કરતાં ગુમડાની ચિંતા અધિક રહે છે. સાધક! ગુરુ તો તારા સદા હિત-ચિંતક રહેવાના.

જેમ નિસ્વાર્થી માતા એક અસહાય પુત્રનો જ પક્ષ કરવાની તેમ મોક્ષમાર્ગના રાહબર ગુરુને એક સુવિનયી શિષ્ય કરતાં અવિનયી શિષ્યની ચિંતા અધિક જ રહેવાની.

ગુરુ વાપરવા બેસશે તો સુવિનયી શિષ્યની સ્મૃતિ પણ નહીં કરે અને અવિનયી શિષ્યને યાદ કરશે. કહેશે....પેલા મહાત્મા કેમ દેખાયા નહિ? ગુરુના હૈયામાં કરુણા છે. જો એકલો વાપરશે તો વાપરવામાં ગરબડ કરશે, મારી સાથે આહાર કરશે....વાપરશે તો ભક્ષ્ય–કલ્પ્ય પણ સંયમયાત્રાના નિર્વાહ અર્થે વાપરશે.

ગુરુ જ્યાં બેસશે ત્યાં અવિનયી શિષ્યની જગા પાસે જ રાખશે. મારી પાસે નહીં બેસે તો ક્યારેક કેવી ભયંકર વિરાધના કરી દેશે. વિરાધનાથી બચાવવા અને આરાધનામાં જોડવા અવિનયીની જગ્યા નજીક રાખશે.

ગુરુ કોઈ વાત કરતા હશે તો અવિનયી શિષ્યને પહેલા યાદ કરશે. કારણ તેને હિતશિક્ષા પસંદ નથી. અને જો સંભળાયું ન હોય તો કહેશે મને ખબર ન હતી. ત્યારે કરુણા મૂર્તિ ગુરુ પુનઃ પુનઃ કરુણા વહાવીને પણ તેને તારવા પ્રયત્ન કરશે.

પ્રત્યેક કાર્યમાં....પ્રત્યેક પ્રસંગમાં....પ્રત્યેક સંસ્મરણીય બનાવમાં જો આપણને ગુરુએ યાદ કરવા પડે તો સમજી લેવું આપણે ગુરુના દયાપાત્ર છીએ. કરુણાપાત્ર છીએ. ગુરુ આપણું નામ લે છે, બોલાવે છે. પણ હૈયાના એક ઊંડા દર્દથી વિચારે છે કે મારી પાસે આવેલો એક આત્મા...મારી થોડી બેદરકારીના કારણે, બે શબ્દના અભાવના કારણે સાધના માર્ગથી ચૂકી ના જાય, હારી ના જાય. એવા ભાવે ગુરુને આપણું નામ લેવું પડે, આપણને બોલાવવા પડે તેનો અર્થ હે ભોળા શિષ્ય ! તું સમજ–વિચાર કે ગુરુની સાથે તેં અભેદભાવ સિદ્ધ કર્યો નથી. ગુરુથી તારું નામ જુદું આવવું જોઈએ. તારું કામ જુદું ગણાવવું જોઈએ. આ વાત તારી એક ગુપ્તવાતને પ્રગટ કરી દે છે. જે વાત ભૂગર્ભમાં સમાવી દેવા જેવી હતી તેને જાહેર કરી દે છે. તું તારા ગુરુના પદનો, ગુરુના કાર્યનો પૂરક બન્યો નથી. તારા અને ગુરુના કાર્ય અલગ છે માટે જ તારા કાર્ય તારે અલગ ગણાવવાં પડે છે.

ગુરુને આનંદ તો થાય છે. "રમએ પંડિએ સાસં" ઘોડા પર મુસાફરી કરવાની હોય. પણ ઘોડાને ચાબુક ન મારવાની હોય, હેરાન ન કરવાનો હોય, ચાબુક મારવી પડે તો ગધેડો–એટ્ટી ઘોડો. ભલે તે ઘોડો પણ તેનું લોહી ગધેડાનું,

મુસાફરીનો આનંદ તો ત્યારે જ આવે, મુસાફરીના જે સાધન હોય તે જરા પણ તકલીફ ના કરે.

સાધક ! તું તારી જાતને લઘુ ના સમજ તું એટલે તારા ગુરુના મોક્ષ પ્રવાસનો સહાયક. તને હિતશિક્ષા આપતાં તારા ગુરુને અનુભવ થવો જોઈએ કે મેં એક સુયોગ્ય આ આત્માને મોક્ષનો ટૂંકો રસ્તો બતાવ્યો.

જે શિષ્યને અનુશાસન કરતાં ગુરુને આનંદ થાય તે શિષ્ય પંડિત, ભલે તે શિષ્યની પાસે જ્ઞાન ના હોય. ભલે તે શિષ્યને તત્વજ્ઞાનની સૂક્ષ્મચર્ચા ન આવડતી હોય તો પણ પંડિત... કારણ જે આત્મા શાસનને યોગ્ય છે, આજ્ઞાને યોગ્ય છે, હિતશિક્ષાને યોગ્ય છે, તે જ સિદ્ધિને યોગ્ય બને છે.

ગુરુની હિતશિક્ષા સાંભળતો શિષ્ય મૂક વાત કહી રહ્યો છે. " હું તો આરીસો છું, કલ્યાણની ભાવનાથી આપના શરણે આવ્યો છું. મારું હૃદય દર્પણસમું નિર્મળ છે. સ્વચ્છ છે. વિષય-કષાયના ડાઘ નથી. આપના નિર્મળ જ્ઞાનથી પવિત્ર થયેલ આત્માનું જ મારે પ્રતિબિંબ ઝીલવું છે. આપના સમાન થવા તો આપનો શિષ્ય થયો છું ! ! આપના જ્ઞાન પાસે મારું જ્ઞાન તો અલ્પ છે. આપની સાધના હિમાલયની ટોચની છે. હું સાધનાના હિમાલયની તળેટીયે ઊભેલો છું. આપનું મન, વચન અને કાયા પવિત્ર થઇ ચૂકેલા છે જ્યારે મેં હજી મન, વચન અને કાયા પવિત્ર કરવાનો પ્રારંભ કર્યો છે. આપ માન-અપમાનને ઘોળી પી જનારા શંકર છો. જગતમાં આપે કોઈને શત્રુ મિત્ર માન્યા નથી પણ પ્રત્યેક વ્યક્તિમાં તેજોમય આત્માના દર્શન કર્યા છે. હું આપના ભાવનો ચાહક છું પણ બાળક છું એટલે માર્ગ ભૂલી જાવ છું. આપ સદા મને તારજો....

ઉદ્ધારજો. આપની હિતશિક્ષા જ મારું મંગળ કરશે. આ મારી મંગળ પ્રાર્થના છે."—"મને હિતશિક્ષાથી કયારે પણ વેગળો કરશો નહિ." નવજાત શિશુને માતાના સ્તનપાનની, માતાના સંરક્ષણની જેટલી જરૂર છે તેથી અધિક મને આપની આજ્ઞાની, આપના શાસનની જરૂર છે.

આવા મંગલભાવો બોલીને જ વ્યક્ત કરતો રહે તે વાચાળ. જીવનના આદર્શમાં જીવી જાણે તે પંડિત શિષ્ય. પંડિતને અનુશાસન કરતાં ગુરુ ખુશ જ થાય. રમએ શબ્દનો અર્થ અધિક ઊંડો છે. મસ્ત બને. આનંદ વિભોર બને. સહજ ભાવમય બને. જેમ રમત આનંદથી થાય તેમ જે શિષ્યનું પાલન કરતાં, હિતશિક્ષા આપતાં ગુરુને જરા પણ ગુસ્સે ના થવું પડે તેનું નામ રમએ.

જે શિષ્યને હિતશિક્ષા આપતાં ગુરુને એમ ન લાગે મેં કાયદાનો બોજ લાદ્યો. તેનું નામ પંડિત શિષ્ય. જે શિષ્યને આજ્ઞા ફરમાવતાં ગુરુને લાગે કે મેં આ આત્માના આત્મ સંરક્ષણનો કિલ્લો મજબૂત કર્યો, તેનું નામ પંડિત શિષ્ય.

જેમ સૈનિક યુદ્ધમાં જઈ રહ્યો હોય અને કોઈ તેને અવનવા આયુધ આપે અને સૈનિક ખુશ થાય તેમ જે શિષ્યને ગુરુ હિતશિક્ષા આપતાં હોય ત્યારે લાગે મારા ગુરુ કેવા મહાન્ છે! મોહ સામે જંગ જમાવવા કેવા સુંદર આયુધો આપ્યા! પ્રમાદ તો કરે જ નહીં તેનું નામ પંડિત શિષ્ય.

ગુરુના હૈયાના અરમાન હોય છે. મારો આ શિષ્ય શિષ્ય નથી પણ પંડિત છે. પંડિતને હિતશિક્ષા–અનુશાસન દ્વારા તૈયાર કરું જેથી ભવિષ્યમાં આ શિષ્ય મને અંતિમ સમયે આત્મામાંથી પરમાત્મા બનવા અધ્યાત્મના રસાયણ પ્રદાન

કરે. ખુદની સાધનાનો સરવાળો જે શિષ્યની હિતશિક્ષામાં હોય, ત્યાં ગુરુને આનંદ હોય, આનંદનો ઉદધિ ઉછળતો હોય !!!

ગુરુદેવ ! શિષ્ય તો બન્યો છું. મારી ઉપર કામણ કરો. જાદુ કરો. હું પંડિત બનું. જેથી મને હિતશિક્ષા આપતાં આપના હૈયામાં આનંદનો ઉદધિ પ્રગટે. આપના ચરણમાં એક નમ્ર વિનતિ છે, મને હિતશિક્ષા કરતાં આપને આનંદ અનુભવ થાય તેવું સુયોગ્ય સુવર્ણ પાત્ર હું બનું. મારી યોગ્યતા આપના હૃદયને વિકસિત કરનારી બનો. એ જ પુનઃ નત મસ્તકે ભાવના............

## ૫. આપણું પિ ન કોવએ 卐

વ્યવસ્થિતકાર્ય, વ્યવસ્થિત ભાષા અને વ્યવસ્થિત જીવન એ વ્યક્તિના વ્યવસ્થિત વિચારનું દ્યોતક છે.

જે વ્યક્તિ તરંગી હોય છે, ધુની હોય છે, કલ્પનાશીલ હોય છે તેનામાં ઉત્સાહની ભરતી પણ પુરજોશમાં આવે છે અને જરા મન પ્રમાણે ના દેખાતા ઓટ આવતા વાર લાગતી નથી. જાણે સમુદ્રમાં છઠના પાણી છટક્યાં..

સાધક! એક વાતની મનમાં તું ગાંઠ બાંધી લે. તું સાધક છે. એટલે તારી સાધના અપૂર્ણ છે. તારે સાધનાની સિદ્ધિ કરવા અનેક માર્ગો સ્વીકારવા પડશે. પણ....તારી આસપાસની દુનિયામાં તારો કોઈ સહાયક નથી.... સહારો નથી....આલંબન નથી. તારે એકલા અટુલાએ એકલવીર બનીને ઝઝુમવાનું છે. એક હોવા છતાં અનેક રૂપ ધારણ કરવા પડશે. અનેક મોરચે લડત આપવા તૈયાર રહેવું પડશે. તું એક પણ, તારા સામે એક નહિ, અનેક જ નહિ, અનંત....અનંત....

અનંતના અનંત વ્યૂહ! અનંત વાતો! અનંત વિચાર ધારા! અનંત કાર્ય પદ્ધતિ! આ બધા વચ્ચે તારે તારી સાધનાની સિદ્ધિ કરવાની, ગભરાતો નહિ! મુંઝાતો નહિ! અધીરો ના થતો! તું સાધક છે તો વિજયની વરમાલા તારા કંઠની જ શોભા બનવાની. જીત તારા ચરણ જ ચૂમવાની! યુદ્ધના મેદાનમાં સૈનિક પ્રવેશે ત્યારે એક જ વિચારે – મારી પાસે શું છે! તલવાર, બરછી, ભાલા, શક્તિ, હાથી, રથ, અશ્વ, શું આ બધા વિજયના સાધન?-શૂરો ક્ષત્રિય કહે વીરના માટે આ બધી ઉપાધિ! તેને ફક્ત અભેદ્ય વીરકવચ જ જોઈએ..

બખ્તર સિવાય કશું ના જોઇએ. બખ્તર અભેદ્ય હોય તો અડીખમ રહી શત્રુના ઘા ઝીલાય. ઘા કરનારનાં ઘા ખૂટે પણ વીરનું કવચ અભેદ્ય રહે! અખંડ રહે! તેમાં ક્યાંય કાણું ના પડે!

સાધક બનવું છે તો શ્રમણ બન. ના....ના....શ્રમણ નહિ **ક્ષમાશ્રમણ બન.** હું તારા મનની વાત જાણું છું. સમજું છું. તું કહીશ ક્ષમાશ્રમણ નથી તો શું હું ઝઘડા ખોર છું? શું હું લડાયક છું! હું સામું બોલું છું? હું કોઇને જવાબ આપતો નથી. બત્રીશ દાંત વચ્ચે જીભને દબાવીને જ બેસી જાઉં છું. કોઇને મારતો નથી. પીડા કરતો નથી. મુંગે મોંઢે સહન કરી લઉં છું. કોઈ પાસે મારા દુઃખની રજૂઆત કરતો નથી. ફરિયાદ કરતો નથી. બસ આપણે તો નિશ્ચય રાખ્યો છે મોઢું તો ક્યારેય ખોલવું નહિ. ન સહન થાય તો એકાન્તમાં જઇ થોડા ઉના આંસુ પાડી લઉં છું. બોલો શું મારો ક્ષમા અંગેનો આ પ્રયત્ન નથી?

સાધક! સાચું કહું તું નશામાં છે. ક્ષમા–સહન શીલતા શબ્દને તે સદાચારી રહેવા દીધો નથી? તું કહે છે હું કંઈ જવાબ આપું છું? "મુંગે મોંઢે સહન કરું છું. ફરિયાદ કરું છું?" આ શબ્દો જ તારા દિલની અનેક ગુપ્ત વાતો રજુ કરી દે છે. જે તું પણ જાણતો નથી.

ભલા સાધક! તારું મન તને છેતરી રહ્યું છે.

"જેના મનમાં ભરાયેલું હોય કે હું સહન કરું છું. હું સહન કરું છું તેનાથી ક્રોધના અણુઓંબનો ધડાકો અચાનક એક દિવસ ક્યાં ક્યારે થઇ જાય તે કહેવાય જ નહિ! જગતને ભસ્મસાત કરી શકે કે નહિ પણ ખુદની જાતને તો ખાખ કરી

દે. આત્મહત્યાના અવિચારી માર્ગનો મુસાફર બની જાય ? તેથી જ તને ફરી ફરીને કહું છું કે હવે તો "હું સહું છું, હું સહું છું," તે જુનું પુરાણું ગીત છોડ. તેની જગાએ મધુર દિલ દિમાગને તરબતર કરી દે. તેવી નાભિમાંથી સ્વર લહરી જાગૃત કર-હું મેળવું છું. હું પ્રાપ્ત કરૂ છું. હું મારા આત્માને સમૃદ્ધ કરું છું. મારી નિજની સંપત્તિ એકત્રિત કરું છું. નિજની પ્રાપ્તિમાં આનંદ હોય! વજન ના હોય! તું જ્યારે બોલે છે હું સહન કરું છું ત્યારે લાગે છે કે બિચારા મજૂરે ટોપલો ઉચક્યો! પણ જ્યારે તું અનંત આકાશ સામે એક દિવ્યદૃષ્ટિ નાંખી મુક્તમને એક ગીત ગાઈશ.... હું મેળવું છું ત્યારે લાગશે કે માતાએ બાળકને ઉચક્યો. વજન તો મજૂર પણ ઉઠાવે છે. મજૂર વજન ઉઠાવતાં થાકે છે. માતા બાળકનું વજન ઉઠાવતાં આનંદ અનુભવે છે.

પણ....એ માતા છે હું તો...."જરા રોકાઈ જા...." "મારી વાત તો સાંભળ...." હોઈ શકે એક સ્ત્રી બે, ચાર, પાંચ, દશ બાળકની મા, પણ...તું સાધક! વીતરાગનો સાધક...! કેવલજ્ઞાનનો ચાહક! વિશ્વના સમસ્ત જીવોની માતા તુલ્ય! માને બાળકનું કામ કરવામાં દુઃખ નહિ, દર્દ નહિ, પીડા નહિ, એક માતાના વાત્સલ્યમાં પણ આત્મિક સહનશીલતા વજનરૂપે નહિ પણ આનંદની વૃદ્ધિ માટે પેદા થાય છે.

સાધક! તારે સ્વગુણોની પ્રાપ્ત કરવાની છે. એટલે તારા ગુરુને....તારા આચાર્ય ભગવંતને, તારા ગચ્છનાયકને, તારા પૂજ્યને....તારા વડીલને નારાજ ના કરીશ. ગુસ્સો કરીશ તો નહિ ચાલે. તારે સતત ધ્યાન રાખવું જ પડશે. મારો એવો ભયંકર ગુન્હો થતો નથી ને કે મારા ગુરૂને ગુસ્સો કરવો પડે? મારા ગુરુ ગુસ્સે થાય તો....વિશ્વતંત્રમાં વિષમતા

સર્જાય ! આપણી ઘડિયાળ પાછળ હોય, બગડી હોય તો આપણે ટ્રેઈન ચૂકીયે. આપણો લાભ ચાલ્યો જાય. પણ જો ટાવર બગડે તો સ્ટાન્ડર્ડ ટાઈમમાં ફરક પડે તેથી દુનિયામાં સર્વત્ર અવ્યવસ્થા થઈ જાય. તેમ ગુરુ ગુસ્સે થાય તો અનેકની આરાધના જોખમાઈ જાય ! શાસનની પ્રભાવના રોકાઈ જાય. હિત અને મંગલની ખળખળ વહેતી સરિતાના નિર્મળ જલનો પ્રવાહ રોકાઈ જાય. અનેક ભાવિકો જિનવાણીના અમૃત જલ પાનથી અતૃપ્ત રહે.

પ્રત્યેક સાધક–આરાધક શિષ્યનું કર્તવ્ય છે કે ગુરુને ગુસ્સે ના કરાય. ગુરુને ગુસ્સો કરાવનાર અજાણપણે સમુદાયના હિતનો દ્રોહી બને છે. શાસનનો દ્રોહી બને છે. જીવ માત્રનાં અપમંગલને નોતરે છે. આથી જ સાધક સતત જાગૃત રહે. સાવધ રહે. વિચાર, વાણી અને વર્તનથી મારી કોઈ એવી પ્રવૃત્તિ થતી નથી કે જેનાથી ગુરુ ગુસ્સે થાય ? તારું મન આ હિતશિક્ષા સામે એક અટપટો પ્રશ્ન રાખશે. “ મારાથી ગુરુ ગુસ્સે થાય કે તેમના કષાય મોહનીયના ઉદયથી ગુસ્સે થાય ? સાચું કહું છું, તું હજી બાલમંદિરનો વિદ્યાર્થી છે. કર્મના તત્વજ્ઞાનનો આમ દુરુપયોગ ન કર. પ્રત્યેક કર્મ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, અને ભવને પામીને ઉદયમાં આવે છે. અશુભ લેશ્યાનું વાતાવરણ સંક્લેશ જન્માવે છે. એટલે જ તને કહું છું કે હિતશિક્ષા પામી તું અપમંગલનું નિમિત્ત ના બન...તારે તારા ગુરુને ગુસ્સો ન કરાવવા જેટલું સીમિત કાર્ય કરવાનું નથી પણ પ્રત્યેક જ્ઞાનીને પીડા ન થાય, દુઃખ ન થાય તે માટે ખ્યાલ રાખવાનો છે. તું ગુરુ તત્વનો આરાધક બન ! “ જે જે જ્ઞાની તે તે ગુરુ” જ્ઞાનીની આશાતનામાં, જ્ઞાનીને પીડા આપવામાં ગુરુતત્વની આશાતના થાય છે ! વિરાધના થાય છે ! ગુરુતત્વના વિરહે

તું અવિવેકી બની જઈશ. પશુની જેમ વિવેક શૂન્ય બની જીંદગી પૂર્ણ કરીશ. તેથી કહું છું કોઇ પણ જ્ઞાનીને દુઃખ ન થાય તેવી જીવનચર્યા બનાવ....હજી અધિક કહું! તું જાતિમાન અશ્વરત્ન જેવો બન. જાતિમાન અશ્વને પરોણો ખાવો ન પડે. ચાબુકનો માર સહન ન કરવો પડે! તું પણ સમજી વિચારીને ....આગળ વધ! તારા ગુરુને ઠપકો આપવો ના પડે! ઉપાલંભ આપવો ના પડે! ગુરુનો ઠપકો શબ્દકોશનો શબ્દ બનાવી દે. તું એવો સાધક બન કે ગુરુ તારી સાધનાની સદૈવ અનુમોદના કરે. જેમ પ્રભુએ ધન્ના અણગારની પ્રશંસા કરી તેમ શું તારા ગુરુ તારી પ્રશંસા-તારી અનુમોદના ન કરી શકે? પણ આવું શાંત સુવ્યવસ્થિત પ્રેરક જીવન તેનું જ બને કે જે સાધુ જગત પર ગુસ્સો ના કરે! ખુદના પર પણ ગુસ્સો ના કરે. સ્વને ક્ષમાના જળ દ્વારા શાંત રાખે! સાચું કહું છું સાધક! તું ગણિત ભણ્યો છે પણ અધુરું ભણ્યો છે. તને સરવાળો બાદબાકી આવડે છે પણ ગુણાકાર ભાગાકાર આવડતા નથી. જગતના મોઢે સાંભળતા તારા મનમાં પણ એક વાત સ્થિર થઈ ગઈ છે. "સાધુ જીવન એટલે સહવાનું".

ભૂલ-મોટી ભૂલ...માફ ન થાય તેવી ભૂલ-અક્ષમ્ય ભૂલ-મારે સહવાનું.? આમ વિચારવાથી તો પામરતા પેદા થાય છે. તેથી ક્યારેક ક્યારેક "મારે સહવાનું" આ વિચાર તને હલકી મનોવૃત્તિ તરફ પ્રેરે છે. અને છેવટે તું જીવમાત્રનો રક્ષક તારા ખુદના આત્માનો ભક્ષક બની જાય છે. તેથી તને કહું છું, જગત પર ગુસ્સો ના કર. તેવી જ રીતે જાત પર, સ્વ નિજાત્મા ઉપર પણ ગુસ્સો ના કર!

એક વખત હસતાં હસતાં કહે કે હું સહન કરતો નથી પણ મારા આત્મ વિકાસ માટે ક્ષમાગુણ પ્રાપ્ત કરું છું.

ક્ષમાગુણ પ્રાપ્ત થશે તો અનંતજ્ઞાન–કેવલજ્ઞાન તને વરમાળા પહેરાવવા તત્પર બનશે. ભૂલી ગયો મહાત્મા ગજસુકુમાલને! સોમિલ સસરાએ શિરપર અંગારાની સગડી રાખી. મહાત્માએ વિચાર્યું, અંગારાની સગડી કે મોક્ષની પાઘડી? ....કર્મબંધના ભયંકર નિમિત્તને સર્વોત્તમ કર્મનિર્જરાનો ઉપાય બનાવ્યો. શિરપર અંગારા સહન કર્યા તેમ ના લાગ્યું પણ મારા આત્મગુણો મને આપ્યા, તો જ કર્મના યુદ્ધમાં જયઘોષ કરી શકયા!

મહાત્મા ગજસુકુમાલ! મને જોઈએ તમારા વિચારની નવી પદ્ધતિ. કેટલી અદ્‌ભુત! તમે મોહ સામે કેવો વ્યૂહ રચ્યો! બિચારો સસરો સફળ ના થયો પણ અનંત તીર્થંકરોનો ક્ષમાયુક્ત પક્ષ સફળ થયો. પ્રભુ મને ધર્મક્ષમા આપો, સ્વભાવ ક્ષમા આપો. સ્વભાવ ક્ષમા જ સર્વગુણની જનની બની શકે છે. બાળકની જેમ જીદ લઈને બેઠો છું. પ્રભુ મારી હઠથી કંટાળીને પણ આપો–બસ એક જ વાત સ્વભાવ ક્ષમા આપ મને પ્રદાન કરો.. ....

હું કયારે પણ મારા ઉપર ગુસ્સો ન કરું પ્રભુ! આપ નિર્મોહી છો. મને નિર્મોહી બનવાનું વરદાન આપો. "અપ્પાણં પિ ન કોવએ" શાસ્ત્ર પાઠ દ્વારા એક જ ચિંતન જાગે છે, મોહનીય કર્મનો ક્ષય જોઈએ. કશું જ ના જોઈએ તો ગુસ્સો કોના ઉપર? ન જગત પર, ન ખુદની જાત પર.

હું નિજના સામ્રાજ્યને પ્રાપ્ત કરું એ જ હાર્દિક અભિલાષા..........

# ૬. આયરિયં કુવિયં નચ્ચા. 卐

પ્રકૃતિનો બાળ ખેડૂત જ ધરાને સમજી શકે અને વરસાદના એંધાણને પારખી શકે. ચારે બાજુ કડાકા–ભડાકા થતાં હોય, આકાશ વાદળાથી છવાઈ ગયું હોય અને વિજળીનો ગડગડાટ થતો હોય, અને કહે–"વરસાદ આવશે". એ તો કોઈ નાગરિક પણ કહી શકે. પણ ચારે બાજુ લૂ વરસી રહી હોય, ક્યાં ય જરા જેટલો છાંયડો ય ન હોય, છતાં ય આકાશ જોઈને એંધાણ પારખે, કે વરસાદ આવશે તે ખરો ખેડૂતનો દીકરો.

પ્રકૃતિની સાથે જેની દોસ્તી–માયા–મહોબ્બત હોય તે પ્રકૃતિના સત્યોને સહજ પ્રાપ્ત કરી શકે તેમ જેને આત્મજ્ઞાનની તમન્ના જાગી છે–રઢલાગી છે તે આત્મજ્ઞાન દાતા ગુરુના સ્વભાવને, તેમના મિજાજને સમજી શકે. ગુરુ પ્રસન્ન છે કે ગુરુ નારાજ છે? ગુરુ ગુસ્સામાં છે કે સમભાવમાં?

સજ્જન! ગુરુ અને વળી ગુસ્સામાં? અમને આ વ્યાખ્યા મંજૂર નથી. ગુરુને તો સ્વભાવમાં જ રહેવું જોઇએ. પુત્ર કુપુત્ર થાય, પણ માતાપિતા કુમાતાપિતા થાય? ગુરુ જો ગુસ્સામાં આવે તો કહેવું પડે, ધરા ધ્રુજી ઊઠી.

હા! સાધક!!! પૃથ્વી પર માનવના પાપ વધી જાય ત્યારે ધરા ધ્રુજી ઉઠે. "શિષ્યના પાપ વધી જાય ત્યારે ગુરુ ગુસ્સામાં આવે." શિષ્યની ઉચ્છૃંખલતા જુએ ત્યારે ગુરુનો પુણ્ય પ્રકોપ જાગી ઊઠે....પણ....સાધક બની તેં એક તરફી જ માહિતી રાખી છે.

**"ગુસ્સામાં ન આવે તે ગુરુ, પણ તું ભૂલી ગયો– ગુરુના ગુસ્સાને ગળી જાય તે શિષ્ય."**

સુયોગ્ય આત્મા પ્રત્યેક ક્ષેત્રમાં પોતાનું કર્તવ્ય શું છે? તેનો વિચાર કરે છે અને પોતે કર્તવ્ય ધર્મે ડગ ભરે છે કે નહિ તેનું નિરીક્ષણ કરે છે.

અયોગ્ય આત્મા જ્યાં જાય ત્યાં પહેલો જ પ્રશ્ન કરશે. મને શું અધિકાર મળે છે? મારો કક્કો જળવાય છે કે નહિ? મારું ગૌરવ, મારું પદ અખંડિત રહે છે કે નહિ?

સિદ્ધિમાર્ગની કેટલીક આગવી શરતો છે....તારા બધા અધિકાર, હક્ક, ગૌરવ, માન–સન્માનનું વિસર્જન કર. બધાએ શું કર્યું? તે પૂછવાનું નહિ. મારે શું કરવાનું? તે પૂછ ...બધાંની ભૂલ શું છે....? તે યાદ નહિ રાખવાની, મારી ભૂલ શું થઈ તે દેખાડો"....

જરા કડક શબ્દમાં કહું? જગતના દુર્ગુણ દેખવા અંધ બની જવાનું. જગતના દુર્ગુણ બોલવા મૂંગા બની જવાનું. જગતના દુર્ગુણ સાંભળવા બહેરા બની જવાનું.

આપણી જાત સામે....અપર માતા....શોકમાતાનો વ્યવહાર શરૂ કરી દેવાનો. દુર્ગુણ દેખવા તો મારા જ, દુર્ગુણ બોલવા તો મારા જ, અને દુર્ગુણ સાંભળવા તો પણ મારા જ.

વિદ્યાર્થી જેમ કોઈને અધ્યયન ના કરાવી શકે, અધ્યાપનનું કપરું કામ તો અધ્યાપક જ કરી શકે. તેમ હું સાધક, સાધના કરી શકું પણ સાધના ના કરાવી શકું...મારી ભૂલ હું સુધારી શકું, પણ બીજાની ભૂલ જોવી પણ ના જોઇએ અને કહેવી પણ ના જોઈએ. ભૂલ કહેવાનો અધિકાર તેનો જ છે કે જે ભૂલ સુધારી શકે. સિદ્ધ પુરુષ સમા ગુરુ, શિષ્યના

દોષ કહી શકે કારણ કે ગુરુ જ શિષ્યના દોષરૂપ વૃક્ષને જડ-મૂળથી ઉચ્છેદ કરી ત્યાં જ ગુણવૃક્ષને નવપલ્લવિત કરી શકે છે.

સાધકનું કાર્ય તો ફક્ત એટલું જ જોવાનું-તેની સાધનાના સુકાની ગુરુ પ્રસન્ન છે કે અપ્રસન્ન? મારા ગુરુ મહાત્મા સદશ, મારા ગુરુ સિદ્ધાત્મા સમાન! તેઓ નારાજ રહે! તેઓ ગુસ્સામાં રહે! આ વિચારથી સાધકની આંતર વ્યથા એટલી તીવ્ર વધી જાય કે હવે હું શું કરું?

જેમ કન્યાના માંડવે હસ્ત મેળાપ થયાં બાદ વરરાજાને હૃદયરોગનો હુમલો થાય અને કન્યાના માતાપિતાને જે આઘાત લાગે તેનાથી અધિક શિષ્યને ગુરુ ગુસ્સે થાય તો આઘાત લાગે.

મારા ગુરુ એટલે સાધના મૂર્તિ...હજારો આત્માની સાધનાના પ્રાણ. કાંડા ઘડિયાળ બગડે તો કાંડા ઘડિયાળ પહેરનાર અસુરો થાય. તેના સમયમાં ફેરફાર થાય પણ શહેરની મધ્યમાં રહેલ ટાવર બગડે તો...લાખો શહેરીનાં જીવન ધોરણમાં ધમાલ મચી જાય. અને સૂરજ–ચાંદ આડે જો વાદળાં આવી જાય તો સૂરજનો તડકો ના દેખાય તો....ચંદ્રની જ્યોત્સના ન દેખાય તો, પ્રકૃતિમાં સર્વત્ર અવ્યવસ્થા થઈ જાય. જડ–ચેતન બધાંની ગતિનો અવરોધ થઇ જાય. પુષ્પ પાંગરે નહિ. પુરુષ પુરુષાર્થ કરે નહિ, વિશ્વમાં સર્વત્ર અવ્યવસ્થાનું તાંડવ નૃત્ય શરુ થઈ જાય.

**"વિશ્વના સમસ્ત જીવોને સમતા શાંતિ અને અધ્યાત્મના અમૃતપાન કરાવનાર મારા ગુરુદેવ ગુસ્સે થાય** તો અધ્યાત્મનું દિવ્ય સામ્રાજ્ય છિન્ન ભિન્ન થઈ જાય.

ભૌતિકતાની ભૂતાવળ ચારે બાજુ ભયંકર તોફાન મચાવી દે. મારા ગુરુ ગુસ્સે થાય છે એ જોઇશ તો આકાશ પાતાળ એક કરીને પણ તેઓને .. મનાવીશ....વિનવીશ...કરગરીશ...

ભલા !! પશુ અને માનવમાં શું તફાવત ?

જોયા પછી તો પશુ પણ પાછો હટે છે. તું યાદ રાખ... તું પશુ નથી...તું માનવ નથી....તું સજ્જન જ નથી, તારી જવાબદારી આથી પણ અધિક છે...તું એક મહાન ગુરુનો શિષ્ય છે, તારું જતન કરવા ગુરુએ ઊંઘ અને આરામ હરામ કર્યા હતા. તને સદ્ગુણી બનાવવા તારા માન–અપમાનના કેટલાંય કડવા ઘુંટડા તારા ગુરુએ ગળી ખાધાં છે. તને મૂર્ખને જ્ઞાની બનાવવા તારા ગુરુએ શું શું પ્રયત્ન કર્યા છે? કેટલું સહ્યું છે? –તે વિષે લખવા બેસીશ તો મહાભારત અને રામાયણ કરતાં મોટો ગ્રંથ લખાઈ જશે.

તારે ગુરુને ગુસ્સે જોઇને વિનવવા જેટલું નાનું કામ કરવાનું નથી. ફરી ફરી શ્રી ઉત્તરાધ્યયનસૂત્રની અમર પંક્તિનું ચિંતન કર....મનન કર... "આયરિયં કુવિયં નચ્ચા" પદમાં 'નચ્ચા'–શબ્દ ખૂબ ચિંતન માંગે છે. જાણીને જોઇને નહિ...હા...હજી માળાની જેમ ફરીવાર રટી લે. ગુરુને ગુસ્સે થયેલાં જોઇને નહિ, પણ ગુરુને ગુસ્સે થયેલા જાણીને....

વિચાર શક્તિ તારી પાસે છે–શબ્દના રહસ્યને જ નહિ ઐદંપર્યને મેળવ........

પવન આવ્યો. ના....ના ..વાવંટોળ આવ્યો. હવે દિશા બદલવી જ રહી. ગુરુને ગુસ્સે થયેલા જાણ્યા. એટલે એ વાત તને કોઈએ પણ કહી, કોઇના ઉપર પણ ગુસ્સે થયા. કોઇ પણ કારણે ગુસ્સે થયા...પણ મારી ફરજ....સૌથી મુખ્ય ફરજ તેમને રીઝવવાના–મનાવવાના.......

આગ લાગેલી હોય ત્યારે બંબાવાળો ન પૂછે–આગ કેમ લાગી ? કોણે લગાવી ? ક્યારે લાગી ? બંબાવાળો કહે–પહેલી ફરજ આગ શાંત કરવાની....પ્રશ્નના જવાબ માટે જીંદગી આખી છે. જીવન રહેશે તો પ્રશ્નના જવાબ આપોઆપ મળશે. આગમાં સપડાયેલને પ્રશ્ન ન પૂછાય, તેને ઉગારી લેવાનો હોય...

તો મારા ઉપકારક ગુરુની ઉપર ક્રોધ–આગની લપટ.... મને આટલાં સમાચાર મલ્યા. મેં જાણ્યું, પછી....પછી હું ક્ષણવાર થોભું ? ના....ના....પવનવેગે પહોંચી જાઉં...મારા ગુરુના ચરણ કમલમાં....મારા ગુરુના ચરણ પશ્ચાત્તાપના અશ્રુજળ વડે પ્રક્ષાલી લઉં. હાથ જોડી માથું નમાવી એક જ કહું, હવે ફરી આમ નહિ થાય....માફ કરો...સાચો ગુન્હેગાર હું છું. મારા આદર્શને વફાદાર ન રહ્યો. આપની સાધનામાં સ્ખલના થાય તેવું મારાથી કંઇ ન થાય આ ભૂલ મારી હોય કે મારા ગુરુબંધુની હોય, મારી ગુરુભગિનીની હોય કે મારાં સહવર્તી કોઈપણ સાધકની હોય, પણ ગુન્હાનો સર્જક હું છું. મારા સહધર્મીને હું તેઓનો માર્ગ ન બતાવી શક્યો. મારી ગુરુ ભક્તિમાં ખામી, નહિતર મારી સાથે રહેનાર મારા ગુરુને ગુસ્સે કરી શકે ?

આપ, ગુસ્સે થયાં નથી. આપનો પુણ્યપ્રકોપ છે. આપની લાગણી કહી રહી છે કે આપે અમારી ઉપેક્ષા કરી નથી. આપના હૈયામાં અમારા મંગળની અપેક્ષા છે. બહેરો જેમ સાંભળે નહિ તો મોટેથી બોલનાર તેનું સારું કરે છે. તેમ ગુરુ ! અમે મોહથી પાગલ થયેલાં છીએ. આપની શાંત હિત શિક્ષાએ અમને ગાંડપણથી દૂર ના કર્યા...પણ....પાગલ માણસ બૂમથી ડરે છે. તેમ અમે પણ હવે સાધના માર્ગે આપના ગુસ્સાને સમજી જરૂર સીધા ચાલીશું.

ગુરુ ચંડરુદ્રાચાર્યના ગુસ્સાને નૂતન મુનિએ જાણ્યો તો ગુરુને રીઝવ્યા. ગુરુની મનામણી કરી. કેવળજ્ઞાન મેળવ્યું.

ગુરુદેવ ! અમે આપને રીઝવશું....મનાવીશું....

અમને વિશ્વાસ છે કે જો અમે આપનો ગુસ્સો અને તેનાં કારણો સમજીશું તો અમે પણ કેવળજ્ઞાનના અતિથિ બનીશું. શું આપના લાડીલા શિષ્ય શિષ્યાઓને કેવળજ્ઞાનના અતિથિ ના બનાવો !

"ગુરુના ગુસ્સાને જે શિષ્ય સમજે તે શિષ્યના,
આત્મ મંદિરમાં કેવલજ્ઞાનની પધરામણી થાય."

## ૭. પસન્ના લાભઈસ્સંતિ 卐

રાજા ભગીરથ ગંગાને ખેંચી જઈ શકે છે. તેના વહેણને બદલાવી શકે છે. ગંગાના તોફાનને શમાવી સાગરમાં મિલન કરાવી આપે છે પણ....ગંગાને નાથવા રાજા ભગીરથ નાગદેવતાને જ આરાધે છે...ગંગાને નહિ.

જ્ઞાનચાહક! તું જ્ઞાન ઈચ્છે છે? જ્ઞાનની ચાહના રાખે છે? તને નિજાત્મસ્વરૂપના દર્શનની રઢ લાગી છે? સિદ્ધના સુખને માણવા છે? તું એમ સમજે છે કે પુસ્તકો લઈને બેસી જઈશ એટલે જ્ઞાન મળી જશે? માત્ર પુસ્તકમાં જ લાગ્યો રહીશ એટલે જ્ઞાની બની જઈશ? પુસ્તકનો કીડો પુસ્તકમાં જન્મે છે અને પુસ્તકનો જ નાશ કરે છે તે ભૂલતો નહિ. વિચારણા કરવા માત્રથી પણ તત્ત્વજ્ઞાની બનાતું નથી. તત્ત્વજ્ઞાની, આત્મજ્ઞાની, વિશિષ્ટજ્ઞાની બનવા એક અનોખી સાધના કરવાની છે. સ્વની પ્રસન્નતાથી જ્ઞાનની પ્રાપ્તિ થાય પણ ખરી અને ન પણ થાય. જો મોહનીય કર્મથી...રતિ મોહનીયના ઉદયથી ખુશી મેળવી હોય તો ખુશી અનુભવતાં પણ કર્મબંધ.

**"ગુરુની પ્રસન્નતાથી જ્ઞાનની અદ્‌ભુત પ્રાપ્તિ"**

સૂર્યનો ઉદય થાય તો કમલનો વિકાસ થાય જ. ગુરુ પ્રસન્ન થાય તો શિષ્યને જ્ઞાનની પ્રાપ્તિ થાય જ. પ્રસન્ન ગુરુ શિષ્યના કલ્યાણમિત્ર બની શકે. કલ્યાણમિત્ર ગુરુની હિતશિક્ષા સફળ બને.

જ્ઞાન મેળવાનું મારે...મને જ્ઞાન મળે એ મારા જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી, જ્ઞાનાવરણીયકર્મનો ઉદય હોય

તો જ્ઞાન પ્રાપ્ત ના થાય, જ્ઞાન ના મળે. મારે પ્રયત્ન કરવાનો મારા જ્ઞાનાવરણીયકર્મના નાશ માટે. જ્ઞાન પ્રાપ્તિ માટે ધ્યાનની જરૂરત સમજાય છે, એકાગ્રતાની જરૂરત સમજાય છે. સ્વાધ્યાયની જરૂરત સમજાય છે, ચિંતનની જરૂરત સમજાય છે પણ જ્ઞાન મેળવવા ગુરુને પ્રસન્ન કરવા જોઈએ આ વાત મને મગજમાં ઉતરતી નથી. ટોળામાં એક વ્યક્તિ હાજી બોલે બીજા બધા સમજે પહેલો બોલ્યો તે ડાહ્યો, ચલો તેને અનુસરો. બધા બોલે હાજી હું તેવો ગાંડો નથી, મૂર્ખ નથી. મને મારો આત્મા જેમાં ડંખે... મારા આત્માનો અવાજ ના સંભળાય તેમાં તો હું હા ન જ બોલું, મારે મારા અંતરના અવાજને રુંધવો નથી.

સાધક !

મારે ના છૂટકે કડવો શબ્દ વાપરવો પડે છે. "તું વાચાળ છે" શબ્દો સોહામણાં વાપરે છે. પણ અર્થ સમજતો નથી. એક વાત યાદ રાખજે આત્માનો અવાજ ખૂબ દૂર છે. તારા અભિમાન નો અવાજ...અહંનો અવાજ તને ભ્રમમાં નાંખે છે. આત્માનો અવાજ તો સાચો હોય, સુંદર હોય, તારક હોય, ઉદ્ધારક હોય. આત્માનો અવાજ આત્મગુણથી દૂર રાખનાર ના હોય. જ્ઞાન મેળવવા જ્ઞાનાવરણીયકર્મનો નાશ જોઈએ. ક્ષયોપશમ જોઈએ પણ તું જાણે છે જ્ઞાનાવરણીયકર્મના નાશના ઉપાય ?

નિત્ય જ્ઞાનાર્જન જેમ જ્ઞાનાવરણીયકર્મના નાશનો ઉપાય છે. તેમ જ્ઞાનીની પ્રસન્નતા પણ જ્ઞાનાવરણીયકર્મના નાશનો ઉપાય છે, એટલે તો તને કહું છું, "ગુરુને પ્રસન્ન કર." ગુરુને પ્રસન્ન કરવા જે જે માર્ગ હોય તે વિચારી લે, સમજી

લે. પછી એ માર્ગે દોડવા માંડ...."જ્ઞાનમૂલં ગુરોઃ કૃપા" આ સોનેરી સૂક્તિ સમજી લે.

પણ...પ્રસન્નતા અને માખણવૃત્તિમાં ફરક છે. ગુરુ આગળ સારું બોલવું...સારું દેખાવું...ગુરુ સમક્ષ ગૌતમ-સ્વામી જેવી આરાધના કરવી...પાછળ અભવ્ય આચાર્ય જેવી આરાધના કરવી તે માખણવૃત્તિ ગુરુની પ્રસન્નતા શાસ્ત્રીય શુદ્ધમાર્ગના આરાધનથી થાય છે. પ્રસન્નતાનો રાજમાર્ગ ભૂલી ગુરુને દેખાવથી આવર્જિત કરવાના માર્ગે ભૂલો ના પડતો. દેખાવ જલ્દી કરી શકાય પણ પ્રસન્ન કરતાં વાર લાગે. કાગળના ઝાડ ઉપર કેરી એક દિવસમાં આવે પણ સાચા આંબાના ઝાડ ઉપર કેરી આવતાં વર્ષો લાગે...વિનયરત્ને ગુરુને આકૃષ્ટ કર્યા હતા. ગુરુ ગૌતમસ્વામીએ ગુરુને પ્રસન્ન કર્યા હતા.

પ્રસન્નતા સાધના છે, આકર્ષણ કૃત્રિમતા છે.

કૃતિમતા જ્ઞાન ન આપે, સાધના જ્ઞાન આપે.

પ્રસન્નતાનો માર્ગ જરા લાંબો છે. આકર્ષણનો માર્ગ ટુંકો લાગે છે. પણ તેમાં મોહની અનેક ભૂલભૂલામણી છે. આકર્ષણ કરનારો જાદુગર છે. પ્રસન્ન કરનારો સાધક છે.

આકર્ષણ પારકા ઉપર હોય....સ્વના નિજના આત્મીય-જનને રીઝવવાના હોય, તેઓની મહેરબાની કૃપા-અનુગ્રહ મેળવવાના હોય.

જાદુગર સમૃદ્ધિ મેળવે છે. સાધક શાંતિ મેળવે છે. તું એક મંત્ર રટી લે. અજપાજાપ બનાવી દે...મારે ગુરુને પ્રસન્ન કરવાના છે. ગુરુ પ્રસન્ન રહેશે તો જ મને વિપુલ જ્ઞાન મળશે.

દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણના યુગ પહેલાં જો ગુરુ પ્રસન્ન થાય તો જ્ઞાન મળે એ હકીકત હતી પણ, હવે તો આગમો પુસ્તકારૂઢ થઇ ગયા છે પુસ્તકો ભેગા કરીશ....વાંચીશ અને જ્ઞાની બની જઈશ. સ્વાધીનમાર્ગ છોડીને પરાધીનમાર્ગે શા માટે જાઉં ? વળી ગુરુને પ્રસન્ન કરવા જઉં ત્યાં ઘરડા, વૃદ્ધ, ગણી ગણીને આપનાર, જોખીને બોલનાર, હજારવાર ગુરુ મારી પાત્રતાનો વિચાર કરે. કદાચ હું ગુરુને પ્રસન્ન કરવા આકાશ પાતાળ એક કરૂં અને ગુરુ તો સ્વર્ગધામ તરફ મુસાફરી કરી લે, તો મારી બધી મહેનત નિષ્ફળ...! હું શા માટે પરાધીનતાને સ્વીકારૂં ? મારી આંખમા તેજ છે. મારી બુદ્ધિ છે ત્યાંસુધી સ્વપ્રયત્નથી જ્ઞાન ના મેળવી લઉં ? છતાં નહિ સમજાય તો એકાદ પંડિતને બોલાવી લઈશું. શંકા થશે તો સમાધાન મેળવી લઈશું. ગુરુને પ્રસન્ન કરવા જઉં ત્યાં પણ કોઈક કહે, આ તો દેખાવ કરનારો છે. કોઈક કહેશે આ વ્હાલો છે. અમે અદેખા છીએ આ બધી માથાકુટમાં પડી રાગદ્વેષ કરવા, અવજ્ઞા–આશાતના કરવી તેના કરતાં પુસ્તકથી જ્ઞાન મેળવવું કેટલું સારું છે. આજના કાળમાં તો આ માર્ગ શ્રેયકારી છે તેમ હું માનું છું.

સાધક ! મારે ગંભીરતા રાખવી જોઇએ પણ તારી વાત સાંભળી મારૂં હાસ્ય રોક્યું રોકાતું નથી. તને મશ્કરી લાગશે. તું કૃત્રિમતાના યુગમાં જન્મ્યો છે. મા ના દૂધનો આસ્વાદ કર્યો નથી એટલે તને બોટલના દૂધની જ યાદ આવે છે. બોટલમાં આવતું દૂધ પણ એક માતાનું જ વાત્સલ્ય છે. ફરક એટલો તે પશુમાતા પણ, તારી જન્મદાતા માતા નહિ. પશુના દૂધથી તું વિવેકશૂન્ય બની ગયો. બસ....ગુરુના મુખથી જ્ઞાન

અને પુસ્તકથી પ્રાપ્ત થતા જ્ઞાનમાં ફરક આટલો જ છે. હજી તને ભૂલાઈ ગયેલ મુદ્દાની એકવાત યાદ કરાવું.

પુસ્તકમાં જ્ઞાન ક્યાંથી આવ્યું ? કોઈપણ ગ્રંથ એક જ્ઞાની ગુરુનું સર્જન છે. ગુરુના બે સર્જન છે. ગ્રંથ અને શિષ્ય-સંતતિ. ગુરુના ગ્રંથનો વારસદાર છે સંયમી શિષ્ય. તું પુસ્તકથી જ્ઞાન મેળવીશ તો ચોર બનીશ. તું સર્જનને સ્વીકારીશ અને સર્જકનું વિસ્મરણ કરીશ ?

તું વિચાર કર...તને સમજાશે ગુરુ પ્રસન્ન થશે તો તારે યોગ્ય તને જ્ઞાન પ્રાપ્ત થશે. પ્રસન્નગુરુએ માષતુષ મુનિને બે પદ આપ્યા. મારુષ માતુષ ( ગુસ્સો ના કર...મમત્વ ન રાખ ) માષતુષ મુનિને આ બે પદે જ કેવલજ્ઞાન આપ્યું. પ્રસન્નગુરુએ જ ચિલાતિપુત્રની ધર્મપ્રાપ્તિની વિચિત્ર ઝંખના જોઈ...એક હાથમાં તલવાર છે. એક હાથમાં સ્ત્રીનું મસ્તક છે. મુખમાં ત્રાડ છે ' ધર્મ બતાવો ' પણ....આત્માની યોગ્યતા ગુરુ સમજ્યા અને ગુરુ મહારાજે ' ઉપશમ-વિવેક અને સંવર 'ની ત્રિપદી આપી. ગુરુવગર ચિલાતીપુત્રને કોણ સ્વર્ગની સીડી બતાવી શકે ?

ભૂલી જા તારા તર્ક...વિતર્કને. જ્ઞાની ગુરુની પ્રસન્નતા પેદા કરવી તે પણ એક અદ્વિતીય જ્ઞાન આરાધના છે.

પ્રસન્નગુરુ વર્ષોની સાધના બાદ અનુભવથી મેળવેલું અમૃત તને આપશે. ગુરુની પ્રસન્નતા એ જ્ઞાન અને મોક્ષ-પ્રાપ્તિનો અનોખો ઉપાય.

ભલા સાધક !

પતિવ્રતા સ્ત્રીની જેમ ગુરુને પ્રસન્ન કરવા તત્પર બન. ગુરુ પ્રસન્ન થશે તો ગૌતમસ્વામીના શિષ્યો જેવું પણ થાય. ગુરુ છદ્મસ્થ અને શિષ્યો સર્વજ્ઞ.

સમજાયું....સમજાયું.....પ્રભુ તમારું તત્ત્વજ્ઞાન. ગુરુને પ્રસન્ન કરવાનો પ્રયત્ન એટલે ગુરુતત્ત્વની સાધના. એક ગુરુની પ્રસન્નતાનો પ્રયત્ન, અને અનંતગુરુની કૃપાના હક્કદાર.

પ્રભુ !

પ્રથમ કર્તવ્યમાર્ગે ચાલવા શક્તિ આપો. કર્તવ્ય કરનારને અધિકારની માંગણી કરવી પડતી નથી. અધિકાર તેના ચરણમાં આળોટે છે.

હવે જ્ઞાન નહિ માંગું....જ્ઞાનીની પ્રસન્નતા જ માંગીશ...

પ્રભુ મારી વિનંતિ સ્વીકારજો.

## ૮. "નાણી નો પરિદેવએ" 卐

બોલવું અને બબડવું વચ્ચે શું તફાવત? સહજ રીતે વિચારીએ તો બોલવું અને બબડવું બન્ને વચન યોગ છે. બોલનારને પણ જીભની સહાય લેવી પડે છે. બબડનારને પણ જીભની મદદ લેવી પડે છે. ભાષા વર્ગણાના પુદ્ગલો બોલવામાં વપરાય છે અને બબડવામાં પણ વપરાય છે. બોલવામાં જે શબ્દકોશ વપરાય છે તે જ શબ્દકોશનો ઉપયોગ બબડવામાં થાય છે. બોલનાર પણ "અ થી હ" સુધીના અક્ષરો વાપરશે અને બબડનાર પણ "અ થી હ" સુધીના અક્ષરો વાપરશે. પર્યાપ્ત નામ કર્મનો ઉદય બંનેમાં સહાયક છે. પર્યાપ્ત નામ કર્મ પુણ્યોદય છે. પુણ્યોદયથી મેળવેલી બંને શક્તિ છે. ફરક શો? તે સમજાતું નથી!!!

સાધક! હજુ તું દરિયાના કિનારા ઉપર ઊભો છે. કિનારે છીપલાં આવે, મોતી ના આવે, રત્ન ના આવે. રત્નાકરમાં–સમુદ્રમાં મરજીવો થઈને ડુબકી મારે તો જ રત્નની પ્રાપ્તિ થાય.

શ્રુતસાગર પણ અપાર છે. અગાધ છે. શાસ્ત્રવેત્તા બનવાથી શાસ્ત્રના રહસ્યો ના મળે. ચિંતનના મહાસમુદ્રમાં ડુબકી મારીએ તો જ શાસ્ત્ર સુભાષિત રૂપ રત્ન પ્રાપ્ત થાય!

સાધક!! શબ્દમાત્રનો પારગામી ના બન. ભાવાર્થનો વિચાર કર. જરૂર તને શાસ્ત્રનું રહસ્ય પ્રાપ્ત થશે....

**બોલવું એ વચનની કલા છે. બબડવું એ વચનનો દુરુપયોગ છે.**

બોલવાં પાછળ શુભ આશય હોય છે. બબડવા પાછળ આક્રોશ હોય છે. બોલવામાં મનનો સંયમ હોય છે. બબડવામાં મનનો અસંયમ હોય છે. બોલવામાં શુભ વિચારો વ્યક્ત

થાય છે. બબડવામાં અશુભ વિચારો વ્યક્ત થાય છે. બોલવાથી સ્વ અર્થ (સ્વ કાર્ય) પર અર્થે (પર કાર્ય પર હિત) સિદ્ધ થાય છે. કંઇક પ્રાપ્તિ થાય છે. બબડવાથી સ્વાર્થ અને પરાર્થ બન્ને બગડે છે. પ્રાપ્તિ કંઇ નહિ....નકામું નુકશાન....

"બોલવામાં મહાપુરુષનું અનુસરણ થાય છે. બબડવામાં પશુનું અનુકરણ થાય છે. બોલવાથી આપણા શુભ ભાવો પ્રગટ થાય છે. બબડવાથી દુર્ભાવો પ્રગટ થાય છે."

**"બોલવાની આજ્ઞા સાધુને છે. બબડવાની સાધુને મનાઇ છે."**

ભલા મહાત્મા!!! પ્રભુની આજ્ઞાનો તું આરાધક છે. તેથી કલ્પ્ય અકલ્પ્યનો ખ્યાલ રાખે છે.

ભક્ષ્ય અભક્ષ્યનો ખ્યાલ રાખે છે.
વિવેક અવિવેકનો વિચાર કરે છે.
યોગ્ય અયોગ્યમાં ક્યાંય ભૂલતો નથી.
આચાર અને અતિચાર સમજે છે.
આરાધના અને વિરાધના સમજે છે.
આદર અને અનાદર સમજે છે.
સમ્યગ્ અને મિથ્યા સમજે છે.

જ્યાં ભૂલ થઈ ત્યાં તું તરત ગુરુ પાસે આલોચના લેવા દોડી જાય છે. તે તારી આરાધનાની સહર્ષ અનુમોદના...

આત્મીયભાવે એક પ્રશ્ન પૂછું—**તારી આલોચના પોથીમાં નોંધ છે કે તે એક વર્ષમાં કેટલીવાર બબડાટ કર્યો?**

**હિતસ્વી! આપે શું કહ્યું? બબડાટની યાદી?**

**આપે મને ઘણું સમજાવ્યું. પણ એક સમસ્યા મનમાં રહે છે. લડાઈની, ઝગડાની નોંધ કરું...કારણ, તેમાં બીજાને**

દુઃખ પહોંચે છે. બબડાટમાં તો ઘણી વાર સ્વગત સંભાષણ હોય છે. એકલાં જ બોલવાનું હોય છે. બીજાને દુઃખ નહિ કોઇ વ્રતની વિરાધના નહિ. પ્રભુ આજ્ઞાનું ઉલ્લંઘન નહિ તો બબડાટની આલોચના શાની ?

સાધક ! આ તારો પ્રશ્ન નથી. કલિયુગનો પ્રશ્ન છે. સ્વચ્છંદ મનનો પ્રશ્ન છે. ફરી ગોખી લે. પુનઃ પુન સ્મરણ કરી લે. બબડાટ એ લડાઇ–ઝઘડા મર્યાદા ઉલ્લંઘનની પ્રાથમિક ભૂમિકા છે.

"માનસિક અસંતોષ બબડાટ કરાવે છે. મનમાં ઉકળાટ હોય તો જ માનવ એકલો એકલો સ્વગત બબડે. જ્યાં સંતોષ હોય, મનની શાંતિ હોય ત્યાં ક્યારે પણ બબડાટ ન હોય."

સાધુ તું શાંતિનો ફિરસ્તો ..સંતોષનું જીવંત રૂપ...
તું બબડાટ કરે ???

સુધર્મા સ્વામી જંબૂસ્વામીને ફરમાવે છે "નાણી નો પરિદેવએ" તું સાધનામાર્ગનો પ્રવાસી–મોક્ષનો ચાહક–ચારિત્રધર એટલે તું સાચો જ્ઞાની (બીજા પુસ્તક પંડીત).

**"વિલાપ કરે તે સ્ત્રી, પ્રલાપ કરે તે મૂર્ખ."**

**"સંલાપ કરે તે સજ્જન, આલાપ કરે તે સાધુ"**

**જ્ઞાની આલાપ કરે–પ્રસંગે સંલાપ કરે, પણ પ્રલાપ ન કરે અને વિલાપ પણ ના કરે.**

મહાત્મા જંબૂ...તું સાધુ છે. એટલે પરમેષ્ઠિ છે. પરમ સ્થાને બિરાજે છે. શ્રેષ્ઠ સ્થાન શોભાવે છે. જ્ઞાન વગર શ્રેષ્ઠ સ્થાન મળે ? તારા એક વચનમાં વિશ્વના ઉદ્ધારની તાકાત પેદા થવી જોઈએ.

**"વચનને સંયમિત બનાવવા મનને સંયમિત બનાવવું જ પડે. જેનું મન સંયમી તેની કોની સામે ફરિયાદ ?**

શું સાધુ ભૂખથી સીદાય ? શું સાધુ તરસથી આકુળ બને ? શું સાધુને ઠંડી ગભરાવે ? શું ગરમી સાધુને અકળાવે ! શું સાધુ મચ્છર–માંકડના ડંખથી 'ત્રાહિમામ્ ત્રાહિમામ્' પોકારે! શું સાધુ વસ્ત્ર ના હોય તો જુના પુરાણા વસ્ત્રથી કંટાળે ! શું સાધુ પ્રતિકૂળ વાતાવરણમાં અણગમો અનુભવે ! શું સાધુ રૂપવતી સ્ત્રીના આકર્ષણમાં ભાન ભૂલે ? શું સાધુ વિહાર કરવાથી થાકે ? શું સાધુ એક જગાએ નિવાસ કરવાથી કંટાળો અનુભવે ! શું સાધુ અનુકૂળ ઉપાશ્રય ન મળવાથી બૂમો મારે ? શું સાધુ કોઈના તિરસ્કારથી સાધુ જીવનથી ઉભગી જાય ? શું સાધુને કોઈ મારે તો સામે પ્રતિકાર કરે ? શું સાધુ ગોચરી જતાં લજ્જા અનુભવે ? શું સાધુ એક દિવસ ગોચરી ના મળે તો બીજે દિવસે ગોચરી ના જાય ? શું સાધુ કોઇ દર્દ આવે વ્યથા અનુભવે ? શું સાધુ ક્યાંય શરીરને પ્રતિકૂળ સ્પર્શ થઇ ગયો તો હતાશ બને ? શું સાધુ શરીર પરનો મેલ જોઇ સ્નાનની ચાહના કરે ? શું સાધુ સાધુપણ.માં ચક્રવર્તીના નમસ્કાર જોઈ ખુદનું ગૌરવ માને ? શું સાધુ ખુદના બુદ્ધિ વૈભવથી મુગ્ધ બની બીજાને તુચ્છ સમજે ? શું સાધુ પ્રયત્ન કરવા છતાં જ્ઞાન ન મળે તો પુરુષાર્થથી કંટાળે ? શું સાધુ તર્કશાસ્ત્રનો અભ્યાસ કરતાં સત્ય અસત્યના વિવેકને વિસ્મરે ?

ના...ના...તું જ્ઞાની...તું ક્યારે પણ પ્રલાપ ના કરે. "પ્રલાપ એટલે સમજ્યો ને ? સાધના માર્ગથી વિપરીત કાર્ય તું કરે નહિ. તું જ્ઞાની છે **એટલે પ્રત્યેક વ્યક્તિ–પ્રત્યેક પદાર્થ**

અને પ્રત્યેક પરિસ્થિતિમાં સાધનાની મોજ માણી લે. જ્ઞાનની મસ્તી તું એવી અનુભવે કે પરિષહની પલટનને પલાયન થવું જ પડે.''

મહાત્મા! ભૂલ નહિ...સદા યાદ રાખ. ખંધક સ્વામીના શિષ્યો ઘાંચીની ઘાણીમાં પીલાતા ગયા પણ, તેઓએ પાપી પાલકની ફરિયાદ ના કરી. મૂક સાક્ષી બની રહેલ નગરજનોની નિંદા ના કરી. પણ પરિષહને સમભાવે સહન કરી આત્મ તેજના ચમત્કારને વિશ્વમાં વિસ્તાર્યા...

પ્રભુ! મને જોઈએ – પરિસહ સહવાની અનુપમ મસ્તી. પ્રભુ!

તમારા જ્ઞાનના મહાસાગરમાં નિમગ્ન બની કર્મના દાહજવરને દૂર કરવો છે. પ્રભુ! તમારા પ્રભાવે જ્ઞાની બનું. બબડાટ ચાલ્યો જાય અને આપની જેમ મારું વચન પણ સર્વ શ્રેષ્ઠ વચન બને. પ્રવચન બને, જેના સહારે સૌ તરે.

પ્રભુ! શું 'તિન્નાણં તારયાણં'ની પદવી મને ના આપો! મારે જગતના કોઇ પદ-સન્માન–ગૌરવ–અભિનંદન–અનુમોદન ના જોઇએ.

મારે જોઇએ તમારા જેવી જ શ્રેષ્ઠ પદવી...

પ્રભુ! આપોને 'તિન્નાણં તારયાણં' પદ. હું તે પદ મેળવવા કમ્મર કસીને પ્રયત્ન કરીશ. રાત–દિવસના ઉજાગરા વેઠીને પણ યોગ્ય બનીશ. પ્રભુ! ખાતરી આપું છું. આપે મને સાધુ બનાવ્યો. હવે જરા પણ બબડાટ નહિ કરું પણ...

તમે મને ખાત્રી ના આપો "તિન્નાણં તારયાણં" પદ આપવાની???

## ૯. ભિક્ખૂનું સંજલે ... 卐

એક વીસથી પચ્ચીસ વર્ષનો યુવાન છોકરો એક સ્ત્રીને એટલો પજવે છે. એટલી ગાળો દે છે. એટલું મારે છે. સ્ત્રીના હાથ-પગમાં ક્યારેક તો કળ ચડી જાય છે. ટુંટીયુંવાળીને સૂઈ જાય છે. પાછી પાંચ મિનિટ થાય છે અને તે છોકરાં પાછળ દોડે છે. સમજાવી ફોસલાવી છોકરાને લઈ આવે છે. પાછી એની એજ પ્રવૃત્તિ. નિત્યનો ક્રમ થઈ ગયો.

નથી સ્ત્રી થાકતી...નથી છોકરો થાકતો. પણ જોનારા હવે આ દૃશ્યથી થાકી ગયા. એક બટક બોલા દર્શકે હિંમત કરી પૂછયું બેન, તમે આમ તો ખૂબ કડક સ્વભાવના છો. એ વાત તમારી મુખાકૃતિ કહી દે છે. પણ આ બાળક આટલું મારે છે છતાં તમે કેમ સહી લો છો? ફરી ફરી એને કેમ સમજાવો છો?

બેન પ્રશ્ન સાંભળી કંઈક ગંભીર બની ગયા. ફરી હળવા થઇ કહેવા લાગ્યા....ભાઈ....આ મારો લાલ છે. એ ગર્ભમાં હતો અને એના પિતાએ વસમી વાટની વિદાય લીધી. ત્રણ વર્ષની ઉંમરથી આંચકી આવવી શરુ થઇ ગઈ. અને તેમાંથી આ તોફાન શરુ થઈ ગયું. કંઈ નહિ, હું "મા" છું તે બાળક છે. મને ગુસ્સો જ તેના ઉપર આવતો નથી તો શું કરું?

ગુસ્સો વ્યક્ત કરવો નહિ તે જુદી વાત છે, ગુસ્સો આવવો નહિ તે જુદી વાત છે અને ગુસ્સો થઈ જવો તે જુદી વાત છે.

જેની પાસે વિચારની શક્તિ નથી તે વ્યક્તિ ગુસ્સો કરી દે છે. જેની પાસે વિચારની શક્તિ છે તે વ્યક્તિ ગુસ્સો કરતી નથી....

પણ....જેને સદ્વિચારને અને ખુદના કર્તવ્ય ધર્મને સિદ્ધ કરવા કઠીન વ્રત લીધું છે તેને તો ગુસ્સો પેદા જ નથી થતો.

જગતના પ્રત્યેક દર્દ અંગે સંશોધન થાય છે અને સંશોધન બાદ તે દર્દને નાબુદ કરવા દરેક પ્રકારની પદ્ધતિ સ્વીકારાય છે. પણ સમસ્ત વિશ્વ સદા કાળ જે દર્દથી પીડાય છે, ઘર ..ઘરમાં જે દર્દના દર્દીઓ છે તે દર્દની આપણે કેટલી ઉપેક્ષા કરી રહ્યા છીએ. તેની નથી કોઈ ચિંતા! નથી કોઇ દુઃખ! બહુ કહીશું તો જવાબ એકજ મળશે...શું થાય? કોણ કોને કહે!!!

દર્દી ડોકટર બની શકે કે નિરોગી ડોકટર બની શકે? નિરોગી ડોકટર દર્દના નિદાન કરી શકે. દર્દીને દર્દની ચિંતા ન થાય તેને તેની ભયાનકતાની ખબર નથી. પણ ડોકટરને ખબર છે કે આ દર્દ તીવ્ર બનશે તો વિશ્વમાં કેવો ભયંકર રોગચાળો ફેલાશે ..

વિશ્વના સમસ્ત માનવ ક્રોધના ભયંકર રોગથી ઘેરાઈ ગયા છે. પરિસ્થિતિ એવી છે કોઈ કોઈને રોગી પણ કહી ના શકે. શા માટે? રોગી કહીશું તો સાંભળવું પડશે "મહારોગી."

આ ભયંકર દર્દીની ચિંતા થઈ ભવવૈદ્ય પરમાત્મા દેવાધિદેવ મહાવીર ભગવાનને. ક્ષમાની ઔષધિ લઇ તે ગામ ગામ ઘૂમ્યા...નગર નગર ઘૂમ્યા...માનવ માનવને સંદેશો પહોંચાડવા પરમાત્મા અનાર્ય દેશમાં પણ વિચર્યા–વિહર્યા...પરમાત્માની દયા માનવસુધી સીમિત ના રહી. જીવમાત્રના હિતચિંતક ક્રોધના મહારોગમાં ફસાયેલ પેલા ચંડકૌશિક સર્પના બીલ પાસે પણ પ્રભુ પહોંચી ગયા. ચંડકૌશિકને પણ પરમાત્માએ

ક્ષમાની દિવ્ય જડીબુટ્ટી આપી તો...પોતાના વારસદાર પુત્ર પુત્રી સમા શિષ્ય-શિષ્યાની ભાવ કરુણા ભૂલે? પરમાત્માએ દીક્ષા આપતાં જ શિક્ષા આપી...બાવીસ પરિષહનું જ્ઞાન આપતા ફરમાવ્યું કે...આક્રોશ...તિરસ્કાર...ગુસ્સો અપમાન આદિ પરિષહો તો દીક્ષા લઈશ ત્યારથી જ શરુ થઈ જશે.

તારું પુણ્ય હશે, કદાચ તારા ગુરુ શાંત હશે. તારા સહવર્તી સાધકો શાંત હશે. ઉપશાંત હશે, કારણ તે બધા મહાત્મા છે. પણ તારે જાહેર જીંદગી જીવવાની છે. જે સૌ તને મારા....મારા....અમારા....અમારા કહેતા હતા તેનો ત્યાગ કરી જે પૂછે છે "તમે કોણ? કયાંના? તમારે ને અમારે શું?" એવા પરાયાજન સાથે સમભાવ ભર્યો અમર સંબંધ સ્થાપિત કરવાનો છે. આ બધાને સાધુ નહિ ગમે, સાધુતાની વાત નહિ ગમે, સાધુનો સમાગમ નહિ ગમે. તેથી જેમ તેઓની નિકટ જઈશ તેમ તારું અપમાન કરશે, તિરસ્કાર કરશે, અસત્ય વચન બોલશે, તારી નિંદા કરશે, તારા પરમાત્માને નિંદશે, તારા ત્યાગ ધર્મને નિંદશે અને છેવટે તારા સમભાવને પણ નિંદશે....પણ સાધક! તું હવે મારો અંશ છે. મારા આદર્શનો પૂજક છે. તેથી તને એક સાર્થક પદ આપું છું, "ક્ષમાશ્રમણ...." અને હૈયાની હિતશિક્ષા આપું છું.

**"સરિસો હોઈ બાલાણં-તમ્હા ભિક્ખૂ ન સંજલે."**

જો તું જરા પણ કોપ કરીશ તો બાળક સરખો બની જઈશ. માટે હે! ભિક્ષુ તું જરાય કોપ ના કર.

પરમાત્માનાં વચનને આધીન બની સાધક કેશ-લુંચન કરાવે છે. રંગબેરંગી વસ્ત્રનો ત્યાગ કરે છે. પાંચ આશ્રવનો

ત્યાગ કરે છે. અસિધારા ગમન સંયમ મહાયાત્રાનો પ્રારંભ કરે છે. તો પરમાત્માના પ્રાણસમી ક્ષમાનો સદ્‌ભાગી કેમ ન બને ?

પ્રત્યેક આચારની પાછળ વિચારનું ગુપ્ત બળ જ પ્રેરક અને પૂરક હોય છે. માતા જીજીબાઈના પ્રેરક બળે જ શિવાજી હિન્દુ રાજ્યના સંરક્ષક બન્યા. આદર્શવાદી આગેવાન નેતા ક્યારે પણ પ્રજા ઉપર આચારનો ભાર લાદતા નથી. આચારની પ્રક્રિયા નિયત કરતાં નથી પણ શ્રેષ્ઠ આચારની જનની વિચાર શ્રેણીને જ મજબૂત બનાવે છે.

શિવાજી મહારાજા ગર્ભમાં છે અને માતા જીજીબાઈ રામાયણના અરણ્ય કાંડનો રોજ પાઠ કરે છે. શિવાજીના જન્મબાદ આઠ વર્ષ સુધી આ ક્રમ નિયત રહ્યો છે. એકવાર અરણ્યકાંડ સાંભળતા શિવાજી પૂછે છે. મા ! રાવણ કોણ ? રામ કોણ ? મા કહે છે બેટા વર્તમાનનો રાવણ ઔરંગઝેબ અને વર્તમાનનો રામ મારો દીકરો શિવાજી. બસ....આ પ્રેરણાએ શિવાજીને અદ્‌ભુત બળ આપ્યું અને હિન્દુ રાજ્યનો વિજય થયો....

માતા જીજીબાઈને શિવાજી માટે જે આદર્શ છે તેના કરતાં અનંતગણા સોણલાં તીર્થંકર દેવને સાધક માટે છે. એટલે જ આપણને ક્રોધના ભયંકર પરિણામો દર્શાવી કહે છે તને આ કાર્ય સોંપું છું, "વિશ્વ વ્યાપી ગુસ્સાના રોગને નાબુદ કરવાનું."...પણ....યાદ રાખજે,–આ દર્દીઓ હુલ્લડ મચાવશે. પણ તું તારો જ્ઞાન સિદ્ધ અધિકાર ના ગુમાવતો. "સરિસો હોઈ બાલાણં, તમ્હા ભિક્ખૂ ન સંજલે."

જગત્ ક્રોધની આગમાં ભડકે બળી રહ્યું છે. કારણ, તેમની પાસે જ્ઞાનનું જળ નથી. અજ્ઞાનનો લાવારસ જ ક્રોધનો જ્વાળામુખી જગાવે છે.

卐 "જ્ઞાની તે વડીલ, અજ્ઞાની તે બાળક."
卐 "જ્ઞાની તે નેતા, અજ્ઞાની તે ટોળું."
卐 "જ્ઞાની તે સંરક્ષક, અજ્ઞાની તે રક્ષાયોગ્ય."
卐 "જ્ઞાની તે માતા, અજ્ઞાની તે બાળક."

અજ્ઞાનીને જ્ઞાની બનાવવા સદા યત્ન કરે તે મહાત્મા. સાધક તારા શિર પર તો જવાબદારી છે. વિશ્વને સમજદારીની શિક્ષા આપવાની. જો તું ગુસ્સો કરે તો....સાધનાનો સરવાળો કે બાદબાકી ?

ફરી....ફરી....એક જ વાત કહું છું. તત્વજ્ઞાનથી પ્રત્યેક જીવને નિહાળ-પ્રત્યેક જીવને બાળ સમજ અને સૌ બાળકોને તારી અધ્યાત્મ દૃષ્ટિના દર્શન કરાવ....
હે પરમાત્મા !....

હું ભલે આપના હસ્તકમલથી દીક્ષિત ના બન્યો. પણ આપની આજ્ઞા દ્વારા જ દીક્ષિત બન્યો છું. મારી તો એક વિનંતિ આપના ચરણકમળમાં છે. ક્રોધ મને બાળક ન બનાવી દે. ક્રોધ મારી સાધનાને સંહરી ન લે, તેવા મારા અમોઘ સંરક્ષણકાર બનો.

## ૧૦. "માણંપિ ન પઓાસએ" 卐

અવાજ આવવાથી અનુમાન થાય અહીં કોઈ છે. શબ્દ વિચારવાથી સમજાય પશુ નહિ પણ માનવ છે. "તેમ સદ્‌વ્યવહાર અને અસદ્‌વ્યવહારથી સહજ દર્શન થાય છે, માનવીની માનસિક પરિસ્થિતિના"...

મનોવૈજ્ઞાનિકો કહે છે માનવીના પ્રત્યેક સ્વપ્નનો સૂક્ષ્મ અભ્યાસ કરો. વિશ્લેષણ થતાં માલુમ પડશે. માનસિક લાગણી ક્યાં દુભાઈ છે? ક્યાં લાગણીનું વહેણ સરળગતિએ ક્યાં વહ્યું છે? માનવીની આશા ક્યાં પૂર્ણ બની છે અથવા ક્યાં અપૂર્ણ રહી છે?

ધર્મશાસ્ત્ર કહે છે તારે સાચા ધર્મી બનવું છે? તારે આંતરિક ધર્મી બનવું જ હોય, તો જીવમાત્ર પ્રત્યેના તારા વર્તનને સુધાર. તારા વચનને સુધાર...તારા વિચારને શુદ્ધ કર.

આ આંતરિક ધર્મી બનવાનો ક્રમ છે. પહેલું પગથિયું હજી સહેલું છે. બીજું એથી અઘરું છે. અને ત્રીજું પગથિયું સિદ્ધ થાય તો આંતરિક ધર્મી બની જવાય.

વિશ્વ સાથે ભયંકર ચેડા કરનાર... એટમ બોંબ નાંખનાર પણ પોતાના શરીરનું સંરક્ષણ વિચારીને જ બીજાને હેરાન કરે છે. સ્વના સંરક્ષણ માટે પણ બીજાના પ્રાણ બચાવવા પડે છે. તેથી તે સહેલું છે. કોઇના પગને ઈજા પહોંચાડવા પ્રત્યેક વ્યક્તિ તત્પર છે. પણ પોતાના પગનો ઉપયોગ ના કરે. પગનો ઉપયોગ કરું અને કદાચ નુકશાન થાય તો.... આ વિચારથી પણ માનવ વર્તનને કાબુમાં લે છે.

માનવ કોઇ સાથે વાક્કલહ કરે છે. ઘણું લડવું છે. સામા માણસને બેઇજ્જત કરવો છે. પણ ગળું બેસી જાય તો? ભાષા ન સમજે તો? સામો જવાબ ન આપો તો? આવા કંઇક કારણથી પણ વાણીને કાબુમાં લે છે. પણ... મનનું યુદ્ધ, વિચારનો સંઘર્ષ—અવિરત પણે ચાલુ જ હોય છે. વિચારના સમરાંગણમાં માનવીને બહારના કોઈ બંધન રોકી શકતાં નથી. તેથી જ આંતરિક ધર્મી બનનારને જગત્ ગુરુનો ઉપદેશ છે, "તું મનથી વિશુદ્ધ બન. મનના સંઘર્ષથી વિરામ પામ. તારે એટલાં અહિંસક બનવાનું છે કે જીવ માત્ર પ્રત્યે માનસિક દ્વેષ-ભાવ પણ રાખવાનો નથી."

તું પ્રશ્ન કરવાનો...બહારથી વર્તન સારું રાખીયે બોલવામાં ન બગાડીએ ..પણ મનથી કેમ પવિત્ર રહી શકાય? અસંજ્ઞી ઓછાં છીએ? મન છે તો વિચાર આવે. વિચાર આવે એટલે બધાનાં વ્યવહાર વર્તન યાદ આવે...સાચું કહી દઉં?...બહારથી પ્રેમ રાખી શકાય. પણ મનમાં જેના પ્રત્યે-દ્વેષ થયો તેને મનથી કેમ માફી આપી શકાય???

સાધક! હું તને એજ હિતશિક્ષા આપું છું. તારા મનમાં પ્રદ્વેષ ન લાવ....મનમાં વેરઝેર...ઈર્ષ્યાની પરંપરા પેદા થઈ તો દૂર કરવી ખૂબ કઠીન છે. તેથી જ કહું છું. તારા મનને પવિત્ર રાખ...મનમાં દ્વેષ-પ્રદ્વેષ તેને પેદા થાય છે, કે જે બધાની પાસે હક્કનો દાવો કરે છે. સૌના ગુન્હાને યાદ રાખવાની અને તેનો બદલો લેવાની દુષ્ટ ભાવનામાંથી મનમાં દ્વેષ પ્રગટ થાય છે. જ્યારે આપણા ખુદના કર્તવ્યનું ભાન થશે ત્યારે વાત્સલ્યની સરિતા વહેશે. પ્રેમનો સાગર હિલોળે ચઢશે....

બાળક ગંદું થઈ ને આવે ત્યારે માતા ઠપકો આપે પણ દ્વેષ ના કરે. ગંદા બાળકને પણ ચોખ્ખું કરે. કારણ મા સમજે છે. નાનો છે એટલે સમજતો નથી તેથી ગંદો થાય છે. મને ગંદકી ગમતી નથી. કારણ, હું મોટા છું એટલે ગંદકીના નુકશાનને સમજું છું. મારું કર્તવ્ય છે કે મારે ગંદકી સાફ કરવી જોઈએ. કર્તવ્ય ધર્મ બજાવે ત્યાં કીર્તિના પાટીયાં લગાવવાનાં હોય? બસ, બાળકનું બાળપણ તેના સ્વભાવને કહી દે છે, અને માતાનું માતૃત્વ તેના વાત્સલ્યને કહે છે તે જ તેની સિદ્ધિ.

વિદ્યાર્થી લેખનમાં ભૂલ કરે. ખરાબ અક્ષર કાઢે તો શિક્ષક શું કરે?... ઠપકો આપે ને પણ તેની ભૂલનેય સુધારે... શિક્ષકના મનમાં શું વિચાર આવે? વિદ્યાર્થી છે. હજી વિદ્યાના મૂલ્ય સમજ્યો નથી...અજ્ઞાન છે. તેના પર દ્વેષ ના કરાય.... તેને માર્ગદર્શન અપાય....

"પરમાત્મા સર્વજ્ઞ તીર્થંકરનો સાધુ એટલે વિશ્વની જીવમાત્રની કરૂણાપૂર્ણ જનની-માતા...."

જગતના જીવો સાધુને ત્રાસ આપે. દુઃખ આપે-પીડે-કનડે-ગાળો દે....મારે....અરે! સાધનામાર્ગથી ભ્રષ્ટ કરે તો પણ સાધુ તેનો બદલો ના લે. તેની સાથે ઝઘડે નહિ. અરે! મનમાં પણ એ જીવ પ્રત્યે હલકો ભાવ ના લાવે. ફક્ત સાધુની મનોભૂમિકામાં વિચાર આવે તો એ વિચાર આવે.

**"ભૂલ કોની સામેના આત્માની કે મારાં કર્મોની?"**

અગ્નિ બાળે તે સનાતન સત્ય,
પાણી ઠંડક આપે તે સનાતન સત્ય;

કર્મો અવશ્ય ભૂલ કરાવે તે સનાતન સત્ય,
શેતાન સાધુને હેરાન કરે તે સનાતન સત્ય,

કદાચ કોઈ મંત્ર પ્રયોગ–તંત્ર પ્રયોગ–જાદુ પ્રયોગથી આ સત્ય–અસત્યમાં પરાવર્તન પામે....

**'ત્રણ કાળનું સત્ય તો એ જ સાધુ શેતાનને પણ ક્ષમા આપે.'**

શેતાન માટે પણ સાધુના હૃદયમાં દ્વેષ ના હોય–વેર ના હોય, ક્રોધ ના હોય. સાધુ દ્વેષ કરે–દ્વેષના કારણ રૂપ રાગ ઉપર, મમત્વ ઉપર, આસક્તિ ઉપર. આસક્તિનું પ્રથમ સ્થાન ખુદનો દેહ–ખુદનું શરીર.

આપણે લડીએ છીએ–વઢીએ છીએ–દ્વેષ રાખીએ છીએ. દેહને પીડા આપનાર ઉપર જ ને? આપણું મમત્વ દેહ ઉપર એટલું થઈ ગયું છે કે "દેહ તે હું અને હું તે દેહ." એટલી અજ્ઞાનદશામાં પહોંચી જઇએ છીએ–અને નશ્વર દેહ માટે શાશ્વત આત્માને પરના દ્વેષથી દુર્ગુણી બનાવી દઈએ છીએ. દ્વેષની માતા મમતાના ચક્કરમાં આવી અનંત જન્મ-મરણના અપમંગલને સ્વીકારી લઈએ છીએ.

આથી જ પરમાત્મા મહાવીરદેવે સાધકને સાધનાના પ્રારંભકાળમાં જ બાવીશ પરીષહનો વિજય કરવાનો કહ્યો. બાવીશ પરિષહ પર તે જ વિજય કરી શકે જેને દેહનું–મમત્વ ના હોય. દેહનું મમત્વ ના રહે તો દેહને દુ:ખી કરનાર પ્રત્યે દ્વેષ ના થાય. દ્વેષ ના થાય તો ખુદના કર્તવ્યનું જ્ઞાન થાય.

સાધક! મનને પવિત્ર કરવાનો કિમીયો છે–મમત્વના સામ્રાજ્યને ફગાવી દેવાનો. ધ્યાનપૂર્વક સાંભળ....

 પુરુષાર્થ એ વર્તમાનનો હિસાબ-કિતાબ છે.
અને પુણ્યાઈ એ પૂર્વનો હિસાબ-કિતાબ છે.

રાગ જશે એટલે દ્વેષ પોતાના બિસ્તરા બાંધી તુરત રવાના થશે.

રાગ-દ્વેષ જ્યાં આત્મામાંથી વિદાયની તૈયારી કરશે ત્યાં ક્ષપક શ્રેણીની શોભાયાત્રાના મંગલરૂપ અપ્રમત્ત ભાવ ના મંગલવાદ્યોથી તારું મનોમંદિર ગુંજિત બની જશે.

પ્રભુ ! મનનો પ્રદ્વેષ દૂર કરવાના બહાને આપે મને અપ્રમત્ત ભાવનો રાજમાર્ગ બતાવ્યો. તે બાલ ભાવે સ્વીકારું છું.-આપની સાધનાની પગદંડી પર ચઢી રહ્યો છું. રક્ષણ કરજો. મારી સાધનાનું........



# ૧૧. નત્થિ જીવસ્સ નાસોત્તિ 卐

માનવ તત્ત્વજ્ઞાનની મોટી મોટી વાતો કરી શકે છે પણ તત્ત્વજ્ઞાનને જીવંત સ્વરૂપ બનાવવાનો જ્યારે અવસર આવે છે ત્યારે સાચે વિરાટ દેખાતો માનવી વામન બની જાય છે. આપણને ક્ષણભર લાગી જાય શું આ માનવ વિરાટ હતો? તત્ત્વજ્ઞાનમાં આનંદ માનતો હતો?

પરમાત્મા મહાવીરે તત્ત્વજ્ઞાન ફરમાવ્યું છે, પણ તે જ ઉપદેશ તે જ શિખામણ જગતને આપ્યા છે કે જે સ્વના જીવનમાં પોતે આચર્યા હતા.

ઘણી વખત માનવ તત્ત્વજ્ઞાનની વાતો ફક્ત બુદ્ધિની કસરત માટે કરે છે પણ અંદરથી આવો માનવી ભૌતિકવાદનો ભક્ત હોય છે. કોઇને દર્દ થયું, તેણે ચીસ પાડી, તરત આપણે એક ભાષણ છોડયું એમાં શું કાયરની જેમ બૂમ મારે છે? શરીર છે તો દર્દ આવે!

કોઈ વિધવા સ્ત્રીનો એકનો એક લાડકવાયો દીકરો મૂછનો દોરો ફૂટે તે પહેલાં જ ચિર નિંદ્રામાં પોઢી જાય ત્યારે કર્તવ્ય-માર્ગે આપણે સ્થિર રહેતા નથી અને તત્ત્વજ્ઞાનના શિક્ષક હોઇએ તેવી જ અદાથી કહીએ છીએ આંસુ શા માટે? "સંયોગ છે તો વિયોગ થવાનો જ!"

કોઈ મધ્યમ પરિસ્થિતિવાળાં સજ્જનના ઘરે ચોરી થઈ. તેના ઘરમાં સહુના મોંઢા સીયાવીયા થઈ ગયા છે ત્યારે શ્રીમંતાઈના મદે-ઝૂલે ઝૂલતાં પેટ ઉપર હાથ ફેરવતા ટેલીફોનમાં રિસીવર ઉપર એક લાંબુ પ્રવચન આપી દઇએ છીએ. ભાઈ!

આમ શું ગભરાઈ જાય છે? સુખ–દુઃખ તો માનવ. ઉપર જ આવે ને? પૈસા ગયા છે તારું ભાગ્ય તો નથી ગયું ને? ફરી પુરુષાર્થ કર...પુરુષાર્થથી સર્વ સિદ્ધિ પ્રાપ્ત થશે.

કોઈ નવા નવા કાર્યકર ફરિયાદ લઈને આવ્યા, સાહેબ! હવે હું તો કામ નહિ કરું? લોકોને મારા પર વિશ્વાસ નથી. કેવી ગજબની વાતો કરે છે! દુનિયા કેટલી વિચિત્ર છે! મારાથી આ અપમાન સહન થતું નથી. આ તમારી ફાઈલ સંભાળો! આજથી મારું કાર્યક્ષેત્ર મેં તો બદલ્યું! તુરત આપણે કહી દઈશું....અરે ઢીલી દાળના! આમ શું ગભરાય છે? તું સેવા કરવા ગયો હતો કે મેવા મેળવવા? સમાજમાં તો આમ જ ચાલે. સૌની વિચાર શ્રેણી સરખી ના હોય. ગામ વચ્ચે જે કૂવા હોય તેને કોઈ ઉંડો તો કોઈ છીછરો કહે... ગભરાઈ નહિ જવાનું. નિષ્કામ બનીને સેવા કરવાની. બદલાની-ફળની આશા જ ના રાખવી. ભલો થા....અને તારા કાર્યમાં આગળ વધ.

એકવખત એક જગ્યાએ ટોળું એકત્રિત થયેલું જોઈ કોઇ ભલા સજ્જનને થયું, લાવ, શાંતિ સ્થાપું. ટોળાંની વચ્ચે ઘૂસ્યો, બંને જૂથને સમજાવવા લાગ્યો. ટોળાંવાળા કહે... અમારે સલાહકાર નથી જોઇતા. અમારે તો અમારા પક્ષકાર જોઇએ છીએ. બોલ! તું અમારા પક્ષમાં છે કે નહિ! એક તોફાનીએ પગ ખેંચ્યો બીજાએ હાથ ખેંચ્યો....પરિસ્થિતિ એ સર્જાણી હાથ પગ બંને નકામા થઈ ગયા. શું કરું? સમજાતું નથી. ભાઇ સાહેબ! સલાહ આપો, રાજ્યાશ્રય લઉં?

તુરત જ શાણા સજ્જન જેવા આપણે કહીએ છીએ.... ટોળું એટલે પશુવૃત્તિ-જ્યાં ફક્ત ધમસાણ જ હોય–બુદ્ધિ ના

હોય. તું હજુ પુણ્યશાળી છે જીવતો આવ્યો, હાથ પગને જ નુકશાન થયું છે ને? છ મહિનામાં આરામ થઈ જશે.

કોઈ દેશપ્રેમીની પત્ની આવીને કરૂણ કલ્પાંત કરે છે. દેશની રક્ષામાં વ્હાલાએ વસમી વિદાય લીધી. હવે એકલી-અટુલી હું શું કરીશ? દ્રૌપદીની વહારે દોડનાર શ્રીકૃષ્ણની અદાથી આપણે કહીએ છીએ બેન! શરીરનો નાશ થયો, આત્માનો નાશ ક્યાં થયો છે! બીજા જન્મમાં તમારો પતિ તમને મળશે.

આમ **વિવિધ** પરિસ્થિતમાં અનેક વ્યક્તિને રોજ તત્ત્વજ્ઞાનના પાઠ આપનારે આપણે આપણું જરા માથું દુઃખતા ગભરાઈ ગયા. જરા તાવ આવ્યો ને મુંઝાઈ ગયા. જરા કોઇએ અપમાન કર્યું અને કરમાઈ ગયા. કોઇએ એકાદ થપ્પડ મારી ત્યાં તો આપણા મૃત્યુની આગાહી કરવા બેસી ગયા.

મહાત્મા જંબૂ....!

સંસારી અને સાધુ વચ્ચે ફરક આ જ. સંસારી તત્ત્વજ્ઞાન મેળવે જગતને શિખામણ આપવા. સંયમી તત્ત્વજ્ઞાન મેળવે આત્મસિદ્ધિ પ્રાપ્ત કરવા....પરમાત્માના દર્શન કરવા...પોતાના આત્માને તારવા.

"**નત્થિ જીવસ્સ નાસોત્તિ**" પદ લલકારી આકાશને ગજાવવાનું નથી પણ ભૌતિકવાદમાં મુંઝાતા-અટવાતા આત્માને માર્ગ પર લાવવાની આ દિવ્ય મશાલ છે. આ મશાલ અજ્ઞાનના અંધકારમાં રાહ ભૂલેલા આત્મપ્રવાસીને અનંતના માર્ગમાં સ્થિર કરે છે. સાધના માર્ગનું પથદર્શન કરાવે છે.

તું ક્ષમાંશ્રમણ છે એટલે ક્ષમા માટે જ મહેનત કરનારો છે. ક્ષમાગુણની પ્રાપ્તિ માટે જ તારો ધરખમ પુરુષાર્થ...

અપમાન, તિરસ્કાર, નિંદાના પ્રસંગને તું એક નવી દૃષ્ટિથી નિહાળજે. ક્ષમાના પાઠ તો ઘણા ગોખ્યાં, આજે મારા ક્ષમા-ધર્મની પરીક્ષાનો ધન્ય દિવસ છે.

શાસનદેવ !

"સહાય કરજો ક્ષમાના પ્રદાનમાં, પ્રથમ શ્રેણિમાં પ્રથમ આવું."

હું જડનો પૂજારી નથી કે જડથી ઉશ્કેરાટ અનુભવું, મુક્ત મને હસતાં હસતાં કહીશ તમે મારા ગુરુ છો. તમે જે રીતે જે શબ્દ વાપર્યા તે હું પણ વાપરીશ તમારી જ પદ્ધતિએ. ફક્ત ફરક એટલો દુષ્ટ વ્યક્તિ ઉપર નહિ પણ મારા મનની દુષ્ટવૃત્તિ ઉપર.

મહાત્મા !

તું શ્રમણ જ નહિ, સુમન છે, પુષ્પ છે. પુષ્પ પમરાટ ફેલાવે, કરમાઇને પણ સુગંધનો સંદેશો વિશ્વને આપે. તું વિચારજે. હું મારા મનની વૃત્તિને સુમન બનાવીશ અહિત ચિંતકનું અહિત કરવું. વાડકી આપવી અને લેવી એ તો સંસારીની પદ્ધતિ.

માન આપે તેને માન આપવું,
અપમાન કરે તેનું અપમાન કરવું,
બોલાવે તો બોલવું ન બોલાવે તો ના બોલવું,
આપણી નિંદા કરે તેની નિંદા કરવી,
આપણી પ્રશંસા કરે તેની પ્રશંસા કરવી,
આપણું કામ કરે તેનું કામ કરવું ન કરે તેનું ના કરવુ,
આપણી સાથે સંબંધ રાખે તેની સાથે સંબંધ રાખવો,
આપણી સાથે સંબંધ ના રાખે તેની સાથે ના રાખવો,

આવું તો એક સંસારી કરે. તું સુમન! સારા મનવાળો. મનઃ પ્રર્યાપ્તિથી સપ્તમી નરકનું આયુષ્ય બાંધનારો માનવ, નહિ પણ મનઃ પર્યાપ્તિથી મનોયોગના સહારે અપ્રમત્તભાવે નિષ્કષાય બનવાનો પ્રયત્ન કરનાર મહાસાધક.

જગતના અબુધ અજ્ઞાની જીવ પ્રત્યે તારું વર્તન દયાયુક્ત, તારી વાણી કરૂણાપૂર્ણ, તારા વિચાર હિતપ્રેરક. તારા વિચાર, વાણી, અને વર્તન વિશ્વના માપદંડ બને તેવા આદર્શ જોઇએ. ક્યાંય કોઈ વ્યક્તિ ભૂલ કરતી હોય અને તારું નામ યાદ આવે અને તેનું જીવન બદલાઈ જાય, પરિવર્તન પામી જાય. તારી સ્મૃતિ કોઈ શેતાનને સંત બનવા પ્રેરે તો તું સાધુ છે....તું સુમન છે તે નક્કી માનજે.

પ્રભુ પાસે આપણે માંગીશું... પ્રભુ! આજે તમારી પાસે તમારા નજીકના સંબંધી તરીકે એક વસ્તુ ઉછીની લેવા આવ્યો છું. સંબંધ જાળવી મને આપના બે આંસુના બિંદુ ઉછીના આપોને! મેં એટલું રુદન કર્યું છે કે સ્વયંભૂરમણ સમુદ્રના જળ સાથે મારા આંસુ સ્પર્ધા કરે છે. સ્વયંભૂરમણ સમુદ્રના જળ કરતાં મારા આંસુ અધિક છે. પણ તે મારા સ્વાર્થના છે, મારા દુઃખના છે, મારા દર્દના છે, મારે તો તમારા જેવા બે આંસુના બુંદ જોઇએ.

પ્રભુ! તમે સંગમ માટે આંસુ સાર્યા, અધમ આત્માના ઉદ્ધાર અર્થે, શું હું મારા આત્માના ઉદ્ધાર અર્થે ના રડી શકું? પ્રભુ! આપના આંસુ મળે તો જ હું સુમન–સારા મનવાળો... સારા વિચારવાળો... નહિતર કુમન ખરાબ વિચારવાળો, મન દ્વારા દુર્ગતિ મેળવનાર. પ્રભુ! મને સુમન બનાવશો તો જ હું સંયમી બની શકીશ.

**સુમન વગરનું સંયમ દંડ છે...સજા છે...જેલ છે.**

સદ્‌વિચારથી...જ્ઞાનગર્ભિત વૈરાગ્યથી સ્વીકારેલ સંયમ જ આત્મસિદ્ધિમાં સહાયક છે. સંયમી જ દાન્ત, ઇન્દ્રિય વિજેતા બને છે. ઇન્દ્રિય વિજેતા આત્મદર્શન પ્રાપ્ત કરી શકે છે. આત્મદર્શન કર્યા હોય તેને નિજાત્માની મસ્તી ચઢે, તે આત્મા દેહનું ભાન ભૂલે, દેહના નાશમાં તેને નવાઈ ના લાગે, કાચનું વાસણ ફૂટયું તેમાં બૂમ ના મરાય. કાચનું વાસણ હતું તો ફૂટયું.

આત્માના દર્શન કરનારને દેહનો નાશ થાય ત્યારે એક આનંદની અનુભૂતિ થાય. દેહ નાશવંત હતો તે નાશ થયો. આત્મા તો અજર છે...અમર છે...હું પ્રભુ મહાવીરનો ઉપાસક મારા દેહનો નાશ થાય ત્યારે પરલોકના પ્રવાસ સમયે તમારા સૌની વિદાય લેતા મરક મરક હસતાં હસતાં કહું, મુક્ત ગગનનું પંખી છું દેહના પિંજરમાં મારું બંધન ના હોય, પિંજરનો નાશ થયો છે. મારો આત્મા શાશ્વત છે...અજર છે...અમર છે. ચાલો, મને શાશ્વતપથની ભવ્ય વિદાય આપો.

સાંભળી લો મારી છેલ્લી અહેલક.

**'નત્થિ જીવસ્સ નાસોત્તિ'**

પ્રભુ! મેતાર્ય મુનિના પ્રતિકૃતિ મને ના બનાવો?

**મારે બનવું છે....પથ બતાવજો....ઉપાય બતાવજો....**

# ૧૨. "અલાભો તં ન તજ્જએ" 卐

સુખ પ્રાપ્ત થાય ને હસે, દુઃખ પ્રાપ્ત થાય ને રડે, ઇચ્છિત મળે ને ખુશ થાય, અનિચ્છિત મળે ને નાખુશ થાય એ સંસારી. સારું મળે, સુંદર મળે, મૂલ્યવાન મળે.... અમૂલ્ય મળે ને ખુશ થાય તે સજ્જન....

"સમ્યગ્ મળે....સત્ય મળે...શાશ્વત મળે ને ખુશ થાય તે સંત"...મહાત્મા જંબૂ!....

તું માત્ર સંત નહિ, પણ સંત છતાં ભગવંત બનવા સમુત્સુક. દુનિયાના તોલ માપ જુદા....દુનિયાના તોલે જાતને માપે તે સંસારી....જ્ઞાનીના બોલે જીવનને ધન્ય બનાવે તે સંયમી. તારા સંયમ ભાવની, વૈરાગ્યની અનુમોદના કરતાં રોમાંચ ખડા થઇ જાય છે. તને આજે સંયમ મળ્યું છે તે એક જન્મના પુરુષાર્થની સિદ્ધિ નથી. છેલ્લા કેટલાંય જન્મથી રાગ વિરાગની સંતાકૂકડી રમ્યા બાદ આજ તું વૈરાગ્યના મેદાનમાં સંયમના સ્વાંગ સજી આત્મ સુભટ બન્યો છે.

વીરકવચ પહેરી ક્ષત્રિય જ્યારે તિલક કરાવી ઉલટભેર યુદ્ધના મેદાનમાં આવે છે ત્યારે રણભેરી વાગે છે પણ રણ ભેરીનો નાદ સાંભળતાં જ કેટલાંકની છાતી બેસી જાય છે. કેટલાં હતોત્સાહી બની જાય છે તો કેટલાકને રણભેરીના નાદથી ઝનૂન ચઢે છે અને કેસરિયા કરે છે. સંયમ સ્વીકાર્યા બાદ પરિષહની ફોજ તારા પર દશે દિશાથી હુમલા કરશે....ત્રાટકશે....તું ગરમી ઠંડી સહી લઇશ, મચ્છર માંકડના ડંખને સહી લઇશ, પણ જ્યારે ગોચરીમાં ઠનઠનપાલ હશે, જ્યારે ગૃહસ્થના ઘરે અન્નપાણી અસુઝતા હશે, ત્યારે મનને સમજાવીને, અને તનને

કષ્ટ આપી ધર્મલાભ કહીને બીજા કોઈના ઘરે ઊભો રહીશ. એક ઘરે નહિ, અનેક ઘરે જઈશ, ચાલી ચાલીને...ફરી ફરીને...તારા પગ ભરાઇ જશે પણ તારા પાત્ર ખાલી રહેશે ત્યારે મન મર્યાદા મૂકી વિચારવા લાગશે. તારા મનમાં શું વિચારો આવશે કહું ? હું કહીશ ત્યારે તું મને કહીશ, "...શું હું આટલો દુષ્ટ છું ? મને આવા વિચારો આવે એવી તમે કલ્પના કરો છો ?"

ના...."તું દુષ્ટ નહિ, તું સાધુ"...પરિષહથી થાકેલું, અનુકૂળતા ચાહતું મન, તારી પાસે આવા પાપ વિચાર કરાવે. તેથી જ તને કહું છું, મનની વિચિત્રતા સમજી લે. તોફાની નદી ઉપર બંધ બાંધી શકાય? સમુદ્ર ઉપર પુલ બાંધી શકાય ? પ્રકૃતિને કાબુમાં રાખી શકાય તો મનને કેમ નાથી ના શકાય ! ! ! હું તને જે કહું છું તે હતાશ કરવા નહિ, નિરાશ કરવા નહિ, પણ બમણી શક્તિ મેળવવા. તારા ઉત્સાહની ઉપાલંભ દ્વારા વૃદ્ધિ કરવા, મારે તો તને એક જ મંત્ર ભણાવવો છે, "અલાભો તં ન તજ્જએ." અલાભ સાધુને કદી પીડે નહિ પણ અલાભના સમયે શું શું વિચાર આવે છે ? આ વિચાર ઉપર વિજય મેળવવા તારે સજ્જ રહેવું પડશે તો જ વિજયી બનીશ. આ જ મારે સમજાવવું છે તું સુયોગ્ય છે માટે હિતશિક્ષા આપું છું.

ગણધર ભગવંત...હું સુયોગ્ય છું કે નહિ તે મને ખબર નથી પણ એક વાત મારા હૃદયમંદિરમાં સુવર્ણાક્ષરે મંડિત છે, કોતરાયેલી છે, આલેખાયેલી છે, આપની હિતશિક્ષા મને જરૂર સુયોગ્ય બનાવશે, આપે કૃપા કરી મને શિષ્ય બનાવ્યો હવે સુશિષ્ય બનવા હિતશિક્ષા ફરમાવો.

સાધક ! સાધન પ્રાપ્તિથી સિદ્ધિ સહુ કરે પણ સાધનની અપ્રાપ્તિથી સિદ્ધિ કરવાનું તો વીતરાગના શાસનમાં જ મળે.

નૂતન મુનિ ! સાધુ જીવનમાં બાવીસ પરિષહ છે. પણ બધા રોજના મહેમાન નથી. કેટલાંક ક્યારેક જ દેખા દે છે પણ અલાભ પરિષહ તો રોજ દર્શન આપે છે. રાગ-દ્વેષ છે એટલે કર્મ છે. કર્મ છે એટલે જન્મ છે. જન્મ છે એટલે શરીર છે. શરીર છે એટલે તેને ઢાંકવા વસ્ત્ર અને શરીરને લીધે વળગી રહેલા પેટને શાંત કરવા આહાર જોઈએ. આહારને ગ્રહણ કરવા પાત્ર જોઇએ. સાધુને પોતાને પોતાની નાની શી સાધના કરવા પણ એક નિવાસ જોઈએ. વસતિની જરૂર પડે. ક્યારેક ખપ પૂરતું અન્ન મળે તો વાપરવા સમી વસતિ ન મળે. ક્યારેક આહાર મળી શકે તેમ હોય તો લાવવા માટે પાત્ર ન હોય. સાધુ માત્ર સંયમ ગુણોનો જ ઉત્પાદક છે. કોઇ પણ ચીજ એ ઉત્પન્ન કરતો નથી. ષટ્ખંડનો ચક્રવર્તી સાધુ પણ કાનના મેલ કાઢવા જેવી સળીની કોઈની પાસેથી યાચના કરે છે. યાચના પૂર્ણ થાય ને મળે તે લાભ. પણ યાચના પૂર્ણ થાય તેવું હંમેશ ન બને અને તેથી અલાભ પ્રગટે ...પ્રગટે ને પ્રગટે...પણ આ અલાભ તેને પીડે નહિ. ગોચરીનો અલાભ મનમાં દીનતાનો લાવારસ પેદા કરે છે. વિષાદની માત્રા વધી જતાં સંયમની ધરા ધ્રુજી ઊઠે છે. ભયંકર ધરતીકંપ થાય છે. સંયમની પૃથ્વી ઉપર બાંધેલ ધૈર્યના મંદિરમાં તડ પડે છે. ક્યારેક જમીનદોસ્ત પણ થઈ જાય છે. ગોચરી ના મળી તો દીનતા શાની ? તું ગોચરી લેવા ગયો તો એ વાત સાચી. પણ આહાર એકઠો કરવા ગયો હતો એ વાત ખોટી. પાત્રા ભરવા ગયો હતો તે વાત ખોટી. ગોચરી મળી કે ના મળી એ મહત્ત્વની વાત નથી. કોઈએ આહાર વહોરાવ્યો કે નહીં તે તારે વિચારવાનું નથી. તારે એક જ વિચારવાનું મેં **ધર્મલાભનું પ્રદાન કર્યું કે નહિ ?**

સાધક ! તું ભૂલકણો ના બન. તારે અનંતનો તાગ મેળવવાનો છે.

પેટ ભરે તે પશુ.

પુણ્ય ભરે તે સદ્‌ગૃહસ્થ.

સૌના હૈયામાં ધર્મ ભરે તે સાધુ.

તું મુનિ છે. મુનિ અને મેઘના વ્રત સમાન હોય. મેઘ વરસે ધરતી ઉપર અને પહાડ ઉપર, મેઘ વરસે સૂકી નદી ઉપર અને ભર્યા સમુદ્ર ઉપર. "તું મુનિ ! મેઘથી પણ ઊંચો." મહાન કર્તવ્ય અંગે સદૈવ તૈયાર. –પાત્રની યોગ્યતા ઉપર તું ગોચરી ગયો. પ્રભુ આજ્ઞાનું પાલન થયું આ જ સૌથી મોટો લાભ. પાત્રા ભરાય કે ન ભરાય એ તારા કર્મ ઉપર આધાર રાખે છે.

લાભાંતરાય કર્મનો ક્ષયોપશમ હોય તો આહાર પ્રાપ્તિ થાય. લાભાંતરાય કર્મનો ઉદય હોય તો એક કણ પણ ના મળે. કણ ન પ્રાપ્ત થાય તો દીનતા, હતાશા, થાક, માંદલાપણું અનુભવાવું ન જોઈએ. આહાર ન મળે તો દીનતા પેદા થાય તેનાં કરતાં તો તું વિચાર કે આ બધી ઝંઝટ આહારની જરૂરિયાત કરાવે છે. અણહારી પદ ક્યારે પ્રાપ્ત કરીશ ? અપ્રાપ્તથી પેદા થયેલ દીનતાને તપભાવમાં પરિણત કરી દે. વિચારની કળા જોઈએ. મૂર્ખ કહે બે રાત વચ્ચે એક દિવસ છે શું કાર્ય થાય ? વિચારક કહે બે દિવસ વચ્ચે એક જ રાત છે. મારું કાર્ય કેટલું ઝડપથી થશે....?

વિચારની અદ્‌ભુત કળા હતી પ્રભુ ઋષભદેવ પાસે...પ્રથમ રાજા...પ્રથમ સાધુ...પ્રથમ તીર્થંકરને ૧ વર્ષ સુધી ગોચરી ના

મળી. છતાં ન હાર્યા...ન થાક્યા...લાભાંતરાય કર્મ પ્રભુને હરાવી ના શક્યું. શાસ્ત્ર કહે છે, પરંપરા કહે છે. પ્રભુ ઋષભદેવે ૧ વર્ષ તપ કર્યો. મન પ્રશ્ન કરે, ગોચરી ગયા છતાં તપ? બસ, ભાઈ આ જ સાચા સાધકની કળા. આહારની જરૂરત ખરી પણ આસક્તિ નહિ. જ્યાં આહારની આસક્તિ નહિ ત્યાં જ સાચો તપ. અ–લાભ રૂપ પરિષહનો જય કર્યો એ જ તપ. અનશન, એ પણ ખરેખરો તપ ત્યારે જ બને કે જ્યારે પરિષહ જયરૂપ સંવર ધર્મ ગુંજતો હોય.

પરમાત્મા પણ સ્વકર્મના નાશ માટે આટલો પ્રયત્ન કરે તો પામર! વિચાર, તારે કેવા પુરુષાર્થ યજ્ઞનો પ્રારંભ કરવો જોઇએ. અંતરાય કર્મના ઉદયમાં કોઈ વ્યક્તિ, કોઈ સ્થાન કે કોઇ શહેર ઉપર તિરસ્કાર ન કરાય. હીન શબ્દ નહિ પણ હીન વિચાર આવી જાય તો પણ તારી સાધુતા લાજી ઉઠે. તું તિરસ્કાર કરે તો અંતરાય કર્મ ઉપર! ના...આનાથી આગળ વધ. અંતરાય કર્મના બંધ હેતુ સાથે સત્યાગ્રહ શરુ કરી દે. ચાલો! હટો! દૂર જાવ! મારા સંયમમંદિરથી. મારા આત્મદેવને ભ્રષ્ટ ના કરતાં...

જંબૂ! મારે તારી આ વીરતા ને ધીરતા જોવી છે! નિહાળવી છે! હજી તો એક માર્ગ સમજાવ્યો. બીજો માર્ગ બાકી છે. આકરું ચઢાણ લાકડીના સહારે ચઢી જવાય પણ સુંવાળું–ગોળ, પોચું, ચઢાણ હોય તો. તેમાં કોઈ આલંબન સફળ ન થાય પથ્થરના પહાડ ઉપર ચઢવું સહેલું, પણ રેતીના પહાડ ઉપર ચઢવું ખૂબ કઠીન, રોજ ગોચરી મળી જાય, તારા પાત્ર બત્રીસ પકવાનથી ભરાઈ જાય. તારો આહાર શાલિભદ્ર જેવો હશે, ત્યારે સાચું કહું? તારી અટપટી પરીક્ષા શરુ થશે. સ્વપ્રયત્નથી

ગોચરી મળે છતાં ખુશી નહિ માનવાની. ખુશી માની તો પરિષહથી જીતાઈ ગયો. ગોચરીના લાભમાં પણ એ જ માનવાનું કે મારી આત્મ શક્તિના અનુપમ દર્શન તો અનંતવીર્ય શક્તિ પ્રાપ્ત કરવામાં છે જે મારી પોતાની સંપત્તિ છે. મારા લાભાતરાય-કર્મ અને દાતાના દાનાંતરાય કર્મના ક્ષયોપશમથી મને આહારની પ્રાપ્તિ થાય આમાં શું ગૌરવ? શું મોટાઈ માનવાની?

મહાત્મા જંબૂ! ગોચરીની હકીકત દ્વારા મારે તને બધી જ વાત કરવી છે. વસ્ત્ર, પાત્ર, શય્યા, શિષ્ય, ભક્ત, સન્માન આ બધી ઉપાધિ છે, જો તું વિવેક ભૂલ્યો તો! કહું? સાધુ જીવનમાં વિવેક ભૂલ્યો તો દીવો લઈને કુવે પડયો. તારે કર્મના બંધન જોઈતા ન હતા...તને આસક્તિની ચાહના ન હતી છતાં પણ મોહની રાવણ લીલાએ તને ઘેરી લીધો. મોહ બહુરૂપી છે. અનેકરૂપ કરી તને ઠગશે. મોહ વિજેતા બનીશ તો જ કર્મ વિજેતા બની શકીશ. ફરી ફરી એક જ હિતશિક્ષા છે, તું કર્મનો અલાભ કરનાર થા! તું આત્મગુણને પ્રાપ્ત કરનાર થા! linedismiss

ગુરુદેવ! મારે સંસારનો પક્ષ નથી કરવો. સંસારીઓનો પક્ષ નથી કરવો. મારે કર્મના પક્ષમાં રહેવું નથી. મારે તો ધર્મધ્યાનના સહારે શુકલ ધ્યાન પ્રાપ્ત કરી તીર્થંકરના પક્ષમાં જ રહેવું છે. હું વીતરાગનો પક્ષકાર છું. બસ, મારા ગુરુદેવ હવે તો મને હિતશિક્ષા આપશોને! હું આપની હિતશિક્ષાનો ચાહક છું, અને ગ્રાહક પણ છું જ.

## ૧૩. "ન તેસિં પીહએ મુણી" 卐

સ્વરાજ્યની લડત ઉગ્ર બની રહી હતી. ઘરે-ઘરે, ગામે-ગામે યુવાનો સુધી સ્વરાજ્યનો સૂર પહોંચી ગયો હતો ત્યારે અનેક શહેરોમાં જાહેર સભાઓ યોજી વિદેશી વસ્ત્રોની યુવાનો હોળી સળગાવતા હતા.

કંઈક વિભૂષાપ્રેમી-વસ્ત્રપ્રેમી બોલી ઉઠતાં "આમ કપડાં બાળી દેવાથી શું ?" ગોળી છૂટે તેવો જવાબ મળતો, વિદેશી વસ્ત્રો બાળવા દ્વારા વિદેશનું આકર્ષણ બાળીએ છીએ. ચારે બાજુ સ્વદેશનું વાતાવરણ ગુંજિત કરીએ છીએ."

સ્વરાજ્યની ઝંખના વિદેશી વસ્ત્રોનો સહજ ભાવે ત્યાગ કરાવી શકે તો આત્મ-ધર્મની ભાવના શું ન કરાવી શકે ?

કંચન-કામિનીનો ત્યાગ શક્ય છે. કારણ, બાહ્ય ચીજ આજે નહિ તો આવતી કાલે છોડવી પડે છે. મન તે ત્યાગમાં સંમત થાય છે. બાહ્ય ત્યાગ તો પરિસ્થિતિ પણ કરાવે છે. લાખો રૂપિયા લઈને મુસાફરી કરતો માનવ પ્રાણનું જોખમ હોય તો પૈસાને છોડે. પ્રાણને બચાવે. જીવનમાં ભલે એક પૈસાનું દાન ન કર્યું હોય પણ, પ્રાણ માટે લાખોનો ત્યાગ કરે.

પ્રિય પત્ની ખાતર ભલે ઇતિહાસ કહે લાખો યુદ્ધો ખેલાયાં. રામાયણ અને મહાભારત જેવાં ગ્રંથોના સર્જન થયાં પણ, પત્ની અપ્રિય બની ગઇ, તો, અથવા પતિને શંકા રુપ રાહુ વળગી ગયો તો હજારો વ્યક્તિએ ક્ષણમાં કામિનીનો ત્યાગ કર્યો. તે દરેક કાળનું સત્ય છે.

પણ, જેના સંબંધો બાહ્ય પદાર્થ સાથે નથી, પણ મનની લાગણી સાથે જોડાયેલ છે. તે માન–સન્માન, સત્કાર અભિવાદન, નમસ્કાર–આ બધાંનો ત્યાગ એટલે માનવને લાગે કે માનવ મંનનો ત્યાગ કરી દેવાનો...

સત્કાર–સન્માન માંગવા નહિ, સત્કાર–સન્માન લેવા જવાના નહિ પણ, તેને સ્વીકારવાના ય નહિ ?

**સાધક ! !**

卐 સાધુતાનો મજબૂત પાયો–અહંનું વિસર્જન....
卐 સાધુતાનો મજબૂત પાયો–નમ્રતાનું સર્જન....
卐 સાધુતાનો મજબૂત પાયો–નિરીહતાની પ્રક્રિયાનો પ્રારંભ...
卐 સાધુતાનો મજબૂત પાયો-ઇચ્છાનો, આંતકનો નાશ...
卐 સાધુતાનો મજબૂત પાયો–વિભાવ રૂપની વિદાય...
卐 સાધુતાનો મજબૂત પાયો–આત્મ સ્વભાવના પ્રગટીકરણ....

વસ્ત્ર...પાત્ર.....કંબલ.....આહાર.....નિવાસ......તેમાં માનવ નિરીહ બને કે ના બને, સ્વેચ્છાએ ત્યાગ કરે કે ના કરે, પણ દેહનો ધર્મ જ તેને ત્યાગ કરાવે છે. આશ્રિતવર્ગની

માનવ મર્યાદા કરે કે ના કરે, પણ તે બધાંની આશા–ઇચ્છાઓ, માંગણીઓ, લાગણીઓ એટલી બધી છે કે તું સંતોષે તોય સંતોષાય તેમ નથી. અને અતૃપ્ત માંગણી અને અતૃપ્ત લાગણીવાળા આશ્રિતવર્ગનો–તો તું શું ત્યાગ કરે? તેઓ જ તારો ત્યાગ કરી કયાંય રફુચક્કર થઈ જવાના. બાંધ્યા બંધાવાનાં નથી. સંસારના સમસ્ત સ્નેહીઓ. તારા પર સ્નેહ નથા રાખતાં, તેઓ તને સમજે છે કે તું માંગણીઓ પુરી કરનાર કલ્પવૃક્ષ છે. કલ્પવૃક્ષની પણ લોકો કયાં સુધી પૂજા કરે? જ્યાં સુધી તેમની ઇચ્છાઓ પૂર્ણ થાય, ત્યાં સુધી. જેની શીતલછાયામાં કલ્લોલ કર્યો હતો, ઠંડક અનુભવી હતી, જે વૃક્ષે મનોરથ પૂર્ણ કર્યા, ફળ–ફૂલ–પત્ર લાકડાં અને ઠંડક આપી, તે વૃક્ષ પણ નકામું થતાં, લોકોએ તેનો નાશ કરવા, તેને બાળી નાંખવા પ્રયત્ન કર્યો છે. તો શું તું એમ સમજે છે કે આ પત્ની...પુત્ર... આશ્રિતવર્ગ તારી આજ્ઞાનું અનુસરણ કરશે? તું ત્યાગ શું કરે? તેઓ સ્વાર્થ માટે તને છોડીને ભાગી જવાના...

તેથી સાધક!!! ભૂલે ચુકે ય ગીત ના ગાતો—સ્તુતિ ના કરતો મેં કંચન—કામિનીનો ત્યાગ કર્યો છે. તારી બહાદુરી, તારી યશોગાથા તો ત્યારે જ મહાત્માઓ ગાશે. કે જ્યારે તું માન–સન્માનનો ત્યાગ જ નહિ, પણ, તેની ઝંખના ય છોડી દઈશ. ઝંખના વિદાય લેશે ત્યારે તારા ત્યાગમંદિર ઉપર નિસ્પૃહતાનો વિજયધ્વજ લ્હેરાવા લાગશે....! ! !

સાધક ! સાચે તને એક વાત કાનમાં કહું ? આ તો મોહ સાથેનો આગળ–પાછળથી ખેલાતો અટપટો ખેલ છે. તને લાગશે કે હું માન પર વિજય મેળવું છું પણ, માનના વિજય સાથે તું લોભનો વિજેતા બની શકીશ.

પરમાત્મા કરુણાનિધાન છે. તેઓ સમજે છે. સાધક સાધનાનો પ્રારંભ કરે છે. પણ, તેને કેટ–કેટલાંય સાથે યુદ્ધ કરવાનું છે તેની સૂચિ મોટી થઇ જશે તો ગભરાઈ જશે. તેથી માન–સન્માનનો ત્યાંગ જ કહે છે. પણ, માન–સન્માનનો ત્યાગ ક્યારે થાય ? માન–સન્માનની ચાહના ન જાગે તો.... ફરી ફરી સ્વાધ્યાય કરી લે—"**ન તેસિં પીહએ મુણી**"

卐 પ્રાયઃ જ્યાં માન ત્યાં ઇચ્છા ...

જ્યાં ઇચ્છા ત્યાં લોભ....

અને જ્યાં લોભ ત્યાં જ બીજા કષાયો....

અને જ્યાં કષાયો ત્યાં જ જન્મમરણ....

બોલ ! તને જન્મમરણના દુઃખ પસંદ છે ?

સંયોગ વિયોગની ઈન્દ્રજાળમાં સંતાકુકડી રમવી ગમે છે ? લોભ કષાય ભયંકર છે. અપ્રમત્ત મહાત્મા જ્યાં ક્ષપકશ્રેણીનું તોરણ વધાવવા જતાં હોય ત્યાં જ મોહરાજા ક્ષપકશ્રેણી કરી શકે તેવા પ્રથમ વર્ગના મુસાફરને ઉપશમ શ્રેણી રૂપ દ્વિતીયવર્ગનો પ્રવાસ શરુ કરાવી દે છે અને જ્યાં મોક્ષનો સિગ્નલ દેખાઈ જાય છે ત્યાં લોભ ભયંકર અકસ્માત સર્જી દે છે. આરાધના–સાધના બધું ચકચૂર કરી નીચે પછાડી દે છે. પાછી એ જ સંસારની ઘટમાળ...

સાધક ! સાધનામાર્ગથી અજાણ છે. પણ, સાધકના ગુરુ જગદ્‌ગુરૂ-પરમાત્મા પૂર્ણ જ્ઞાની છે. સાધકના યોગક્ષેમ કરવા માટે તો પ્રભુ લોકનાથ બન્યા છે. લોકનાથની જવાબદારી વહન કરતા પરમાત્મા સાધકને કહે છે, "યાદ રાખ, **ન 'તેસિં પીહએ મુણી'** બાહ્ય ત્યાગ જેટલો જરૂરી છે. તેટલો અંતરત્યાગ પણ જરૂરી છે."

પરમાત્માએ બાવીસ પરિષહમાં ક્ષુધા, તૃષા, ચર્યા, નિષદ્યા, સ્ત્રી, પરિષહ વિગેરે દ્વારા બાહ્ય ત્યાગનું મહત્ત્વ સમજાવ્યું તો સન્માન પરિષહ દ્વારા આંતર ત્યાગનું મહત્ત્વ સમજાવ્યું છે."

સાધક ! સન્માન એ તારી સાધના માટે ભયંકર સ્ફોટક પદાર્થ છે. સાવધ રહેજે–ધ્યાનમાં રહેજે–જાગૃત રહેજે.

### 卐 "સન્માન તારી પાસે શાસન ગૌરવનું રૂપાળું રૂપ લઈને આવશે"

તારું સન્માન નથી. તારા પરમાત્માના શાસનનું સન્માન છે. તારા પરમાત્માનું સન્માન છે.

ભલા ! તે વાત સાચી છે, પણ તેમાં ય ખૂબ સાવધ રહેવાની જરૂર છે. તું ગૌણ છે તું શૂન્ય છે શાસન જ મહાન છે. આવી ભાવના સતત ન રહે તો તારી બુદ્ધિ ચકરાવે ચઢી જશે. મારી જીંદગી શા માટે ? શાસનના ગૌરવ માટે જ ને ! છેવટે ના....ના...કહેનારો તું સંમત

થઇ જઇશ. એકવાર રાક્ષસના પંજામાં આવેલ છૂટે પણ, પ્રશંસા પિશાચના હાથમાં ગયેલો કદી ય ના છૂટે. અંદરથી તારો આત્મારામ ઊંઘી જશે.

કર્મો જાગી ઉઠશે. શાસનનું સન્માન અને શાસન પ્રભાવકનું મેં....મેં....બસ, પછી શાસન....પરમાત્મા.... ગુરુ....સમુદાય....સાથી....સહવર્તી સૌ ક્યાંય ભૂલાઈ જશે. અને અહંનો અજગર તારો ભરડો લઇ લેશે. તેથી જ સાધક પ્રત્યે કરુણાપૂર્ણ પરમાત્મા ફરમાવે છે–તારા શુદ્ધ ચારિત્રના પ્રભાવથી આકર્ષાઈ તારું સન્માન કરવા આ પાંચ દશ માનવો શું ? કરોડો દેવો અને દેવેન્દ્રો પણ દોડી આવશે....

પણ, તું સન્માનની ઈચ્છા કરતો નહિ. **"સન્માનની ઈચ્છા એટલે સાધનાનો સત્યાનાશ"....**

બસ, તારા જેવા પ્રાજ્ઞને વધુ શું કહેવાનું હોય ?

સ્વયં તું લાભ–નુકશાનનો વિચાર કરજે–હિતમાર્ગે સંચરજે.... અહિતથી તત્ક્ષણ પાછો ફરજે....

**પરમાત્મા !!**

બાળક છું. ક્યારેક સતાવી જાય છે માન-સન્માન. પણ, અંતે સમજાય છે–આપની વાત. **"સન્માનની ઈચ્છા દ્વારા લોભ રાક્ષસ ના વળગે તેનાથી સાવધ રહેજે."**

પરમાત્મા....પરમાત્મા ! બસ, મને ઈચ્છાનો ત્યાગ આપો. ના....ના....પેલો લોભ રાક્ષસ મને ના વળગે. તે માટે નિસ્પૃહતાનું મંત્ર કવચ આપો....

# ૧૪ એવમસ્સાંસિ અપ્પાણં 卐

જગતમાં પ્રત્યેક વ્યક્તિ સંબંધ ચાહે છે. પ્રત્યેક વ્યક્તિ કોઇ ને કોઇ દ્વારા હુંફ ચાહે છે, પણ, જગતમાં કોણ કોને હુંફ આપે ? પ્રત્યેક વ્યક્તિ પાસે પોતાનું દર્દ હોય છે. પોતાની ફરિયાદ હોય છે, જ્યારે બે સંબધ વચ્ચેનો પડદો ચિરાય છે ત્યારે ખબર પડે છે કે જેના સહારાને હું વજ્રનો અભેદ્ય કિલ્લો માનતો હતો એતો પત્તાનો મહેલ છે. હુંફ તો ન આપી પણ દગો આપ્યો. ભલા ! તારી ગણત્રીમાં ભૂલ છે તારી નીતિ ભૂલ ભરેલી છે. તે હુંફ માટે સાથ શોધેલ પણ તારા તે સાથીને પણ હુંફની જરૂર હતી પરંતુ તારાથી તેની જરૂરત પૂરી ના થઈ તો સાથી બીજા મજબૂત વ્યક્તિની શોધમાં નીકળ્યો. ભૂલ તે વ્યક્તિની નથી ભૂલ તારા અજ્ઞાનની છે.

卐 "અજ્ઞાન સમાન કોઇ શત્રુ નહિ, જ્ઞાન સમાન કોઇ મિત્ર નહિ"

卐 વિશ્વની વિચિત્ર પરિસ્થિતિ જોઈ જગતને જે નિંદે તે અજ્ઞાની. વિશ્વની વિચિત્રતા જોઇ સાહજિક પ્રસન્નતામાં મસ્ત રહે તે જ્ઞાની."

હું ભૂલ્યો...હું ઠગાયો...હું લુંટાયો તેમાં ગુન્હો કોનો ? મારા અજ્ઞાનનો. જો જ્ઞાન હોત તો ઠગાત ? ભૂલ કરત ?

卐 અજ્ઞાન જેવો ગુન્હો નહિ અને જ્ઞાન જેવો કોઇ ગુણ નહિ. જ્ઞાન એ તો અંતરના અનંત અંધકારને દૂર કરે....સત્ય તત્ત્વની સાચી સમજ આપે. સત્ય સમજાય એટલે અસત્ય આપોઆપ હટી જાય.

શું સૂર્યના પ્રકાશમાં અંધકાર રહી શકે ?

શું જ્ઞાનના દિવ્યતેજમાં કર્મોના તોફાન રહી શકે ?

ભગવંત ! મારે જ્ઞાન જોઇએ. હું રોજ બાર કલાક પ્રયત્ન કરીશ. સુખ 'દુઃખને ભૂલી જ્ઞાનની સાધના કરીશ. મને જ્ઞાની ગુરુ બતાવો ! તેમના ચરણ પકડી વિનવીશ- "ગુરુજી ! મને જ્ઞાન આપો, આપનો ભક્ત છું પણ, અજ્ઞાની છું. મને જ્ઞાની બનાવો!" બસ પછી તો જ્ઞાની બની જઇશ ને ? હું અજ્ઞાનથી ખુબ ઉભગી ગયો છું, કંટાળી ગયો છું, જ્ઞાનની પિપાસા તીવ્ર બની છે.

**સાધક !**

સાધનાનો માર્ગ એટલે ધૈર્યનો પંથ. અહીં ઉતાવળ ના ચાલે. પ્રથમ બધું શુદ્ધ અને સ્વચ્છ કરવું પડે. પ્રયત્ન એકલો ના ચાલે.

ભગવંત હું બાર કલાક મહેનત કરું છતાંય મને એક પદ પણ યાદ નથી રહેતું. મારા ગુરુબંધુને ગુરુદેવ પાઠ આપેને એકવાર સાંભળતાં જ કંઠસ્થ થઈ જાય છે. આવું જોઉં છું ત્યારે કંટાળી જાઉં છું-ખિન્ન થઈ જાઉં છું. મારું સ્થૈર્ય-ધૈર્ય વિચલિત થઇ જાય છે, સાચું કહું છું, હું પાગલ બની જાઉં છું.

જ્ઞાનેચ્છુક !

એટલે જ તને કહું છું " एवमस्सासि अप्पाणं " આત્માને આશ્વાસન આપ તારા આત્મસ્વભાવને સ્થિર કર જગતમાં ઘણાને આશ્વાસન આપ્યું–ધૈર્ય આપ્યું પણ....તારી આશ્વાસનની કળાય અનોખી છે! કેટલાંયને તારા આશ્વાસને જ જીવવાની શક્તિ પ્રાપ્ત થઇ છે. પણ અત્યારે અગત્યની જરૂર છે તારા આત્માને તારી હુંફની-માનવ ખરેખર મુંઝાય ત્યારે જગતની બધી હુંફ-આશ્વાસન તેના માટે ખોટા થાય. તું ખુદ જ ખુદની નાવનો નાવિક બની જા. તારે જીવન કિતાબનું આજે એક નવું પૃષ્ઠ વાંચવાનું છે. તું મન સ્થિર કર. જ્ઞાન દ્વારા કર્મને સમજ. કર્મના સ્વભાવને સમજ, કર્મની મર્યાદાને સમજ, કર્મની તાકાતને સમજ, કર્મના સ્કંધ–દેશ–પ્રદેશ પરમાણુને સમજ. જગતમાં કેટલી વર્ગણા ? કર્મ જડ કે ચેતન ? ચેતન ઉપર જડની અસર કેવી રીતે ? કર્મ અને આત્માનો સંબંધ ક્યારે થયો ? કર્મનો વિયોગ કઇ રીતે થાય ?

ગુરુજી !

હું થાકી ગયો છું. મને લાંબી વાત ગમતી નથી. બસ, મને કહો, મને ભણતાં કેમ ન આવડે ?

મહાનુભાવ ! હું તને એજ સમજાવું છું કે એક વિદ્યાર્થીને જ્ઞાન પ્રાપ્ત થાય અને તને કેમ પ્રાપ્ત ન થાય ? તારા આત્મા અને તેના આત્મા વચ્ચે શું ફરક ? આત્મામાં

ફરક ન હોય, તફાવત ન હોય છતાં આ વિરોધ કેમ? કર્મે તારા ઉપર શું મેલી વિદ્યા અજમાવી? કર્મે તારા આત્મા ઉપર શું ચમત્કાર સર્જ્યો? કર્મમાં કોણ કારણ? બાહ્ય હેતુ કે અભ્યંતર? કર્મ બંધના બાહ્ય હેતુ કયા? અભ્યંતર હેતુ કયા? ભયંકરમાં ભયંકર કર્મબંધનો હેતુ કયો? આ વિચાર કર. પણ, તારા આત્માને આર્તધ્યાનમાં ના જવા દે.

卐 આત્માને આર્તધ્યાનમાંથી રોકવો તે જ આત્મિક આશ્વાસન છે. જેમ સુખદુઃખમાં નહીં મુંઝાવાનું, તેમ અજ્ઞાનના ઉદયમાં પણ નહિ ગભરાવાનું. પ્રત્યેક પરિસ્થિતિને ધર્મધ્યાન અને શુકલ ધ્યાનની ભૂમિકા બનાવી દે! કર્મના ઉદયમાં પણ ધર્મના જ દલાલ બનવાનું.

જ્ઞાનાવરણીય કર્મના જોરદાર ઉદયમાં પણ પાગલ નહિ બની જવાનું, ધ્યેય–લક્ષ્ય ચૂકી નહિ જવાનું, કર્મની ધાક ધમકીથી દબાઇ નહિ જવાનું. આત્મરાજને શાનમાં સમ–જાવવાનો. "જો તું ધૈર્ય રાખીશ તો કર્મોને ગચ્છન્તિ કર્યા વગર છૂટકો નથી."

卐 "જ્ઞાનાવરણીય કર્મના ભયંકર ઉદયમાં પણ ગાઢ જ્ઞાનાવરણીય કર્મ ના બાંધે તે જ જ્ઞાની." આ આંતરિક સમજ, આજ સાચું આત્માને આશ્વાસન. જગતને મુગ્ધ બનાવવા કર્મનું તત્ત્વજ્ઞાન મેળવવાનું નથી પણ, કર્મને પ્રશસ્ત કરવાં કર્મશાસ્ત્રમાં પારંગત બનવાનું છે.

卐 આત્માને આશ્વાસન એટલે નિજાત્મ સ્વભાવમાં સ્થિરતા .......કર્મના ઉદયમાં ધીરતા........અને કર્મ નિર્જરામાં વીરતા. મહાત્મા જંબૂ! તને એજ મારા અંતરના આશિષ. "સ્થિરતા....ધીરતા...અને "વીરતાના ત્રિવિધ સંયોગે" આધિ....વ્યાધિ....ઉપાધિની ત્રિપુટીને પરાસ્ત કર!"

પ્રભુ!

જગતને નિષ્કામ ભાવની સાચી હુંફ તો તીર્થંકર પરમાત્મા જ શાસનની સ્થાપના કરીને આપી શકે પણ, હું તો આપનો એક નાનો સેવક, હું જગતને કેવી રીતે હુંફ આપી શકું? બસ, મને તો બળ આપો. મારા આત્માને હુંફ આપવાનું. આત્માને હુંફ મળશે તો જ સિદ્ધાત્મ-દશાના દર્શન થશે.

પ્રભુ!

સિદ્ધ બનવાના મારા સમણાં સિદ્ધ કરો....

## ૧૫. ધમ્મો મુધ્ધસ્સ ચિટ્ઠઇ 卐

પવનની લ્હેરી તો ઘરમાં પણ આવે અને કદાચ ભોંયરામાં પણ આવે. પણ, પવન સદૈવ મંદ મંદ વહે નદી કિનારે....સમુદ્ર તટે....

'હોવુ'' અને 'રહેવુ'' માં ખૂબ ફરક છે. 'હોવુ'' શબ્દ કયારેકનો દ્યોતક છે. 'રહેવુ'' શબ્દ એ નિત્યનો સાથી છે. નિત્યનો સાથી હોય તો નિવાસી બને, આત્મીય બને. અન્યથા આવ જા કરનાર પ્રવાસી બને, પરાયો બને.

**મહાનુભાવ !**

ધર્મ તારા હૃદય મંદિરનો નિવાસી કે પ્રવાસી ? ધર્મ તારા મનોમંદિરમાં આવ–જા કરે છે કે તેના રોજના ડેરા છે ? હું એ બધું ના સમજું–નિવાસી કે પ્રવાસી ? હું તો મારા હૃદયના ભાવો વ્યક્ત કરું. મારી અંતરંગ ભાવના છે, ધર્મ સદૈવ મારી અંદર રહો. ધર્મ વગર મોક્ષ નહિ તેથી જ મારે ધર્મની જરૂરત છે–આવશ્યકતા છે.

''ધર્મ જોઇએ... ધર્મ જોઈએ.'' એમ બોલીશ એટલે ધર્મ શું તારામાં આવી જશે ? જગતને એક વિચિત્ર રોગ છે–પ્રત્યેક પરિસ્થિતિમાં, પ્રત્યેક પ્રસંગમાં, પ્રત્યેક વ્યક્તિ પાસે નાની મોટી દરેક વાતમાં, ખુદની બડાઈ કરવી. નાના મોઢે મોટી વાતો કરવી. તારા જેવા ધર્મ ચાહક વ્યક્તિની આ વાત નથી. દુનિયાની પાપીમાં પાપી વ્યક્તિ પણ એવી

વાત કરી શકે છે 'મારે ધર્મ કરવો છે,' કોઈ કહેતું નથી "મારે અધર્મ કરવો છે, પાપ કરવું છે." કાંસાની થાળીના રણકારની જેમ ખોટા ધર્મી—દેખાવના ધર્મી તો વળી અધિક જોરથી કહે છે 'આપણને બધાં જેવું ગમતું નથી, થોડું કરવું પણ સારું કરવું. જે કરવું તે લોકોને દેખાડવા માટે ન કરવું, આપણી આત્મ પ્રસન્નતા માટે કરવું. શુદ્ધ કરવું, ગોટાળા મને પસંદ નથી....'

આવા પુણ્યાત્માની સિકલ જોતાં કયારેક હસવું પણ આવી જાય. વાહ ભાઇ વાહ! તારી વાતો અને તારા વિચારો જ કહી દે છે શું તું સાચો અંતરંગ ધર્મી છે?....કે શબ્દ જાળ બિછાવનારો છે? સાચો ધર્મી કયારેય પોતાની આરાધનાને જ શુદ્ધ ગણાવવા દાવો ન કરે, બીજાની ભાવનાને ના ઠુકરાવે....

સાચો ધર્મી ખુદની ધર્મ ભાવનાના પોતે ઢોલ ના પીટે....ખુદ પોતે જ જાહેરાત ના કરે....સરિતા, વૃક્ષ, મેઘ, કયારેય પોતાની ઉપયોગીતાને પુરવાર કરે? કયારેય પોતાની મહત્તા ગાય....?

ખુદ જ ખુદની મહત્તાનું વર્ણન કરે, સ્વની યોગ્યતા સાબિત કરે તો સમજવું જોઈએ કે આ તો ભેળસેળવાળો માલ. સાચી વ્યક્તિને પોતાની મહત્તા ના દર્શાવવાની હોય. લઘુતા વગર પ્રભુતાના દર્શન દુર્લભ. આપણે આપણી જાતને શુદ્ધ-વિશુદ્ધ કહીએ કે વિશ્વ કહે?

પંચમ આરાની વાત કહો, કલિયુગની ફેશન કહો, અથવા આપણા જેવા ભારે કર્મીની કરુણ કથની કહો....પણ પ્રાયઃ સૌ પોતાની જ આત્મકથાના પૃષ્ઠો વાંચે છે. આત્મકથા પોતે માની લીધેલા પોતાના ગુણનો વિસ્તાર, પ્રચાર કરે છે.

કયારેક કોઇક દુર્ગુણ પકડાઇ જાય તો જીભના જોરે, વાણીના જાદુએ પ્રશ્ન પૂછનારને મૂંગા કરી દઇએ છીએ....

પુણ્યશાળી ! મંદિરે કેમ આવતો નથી ? રોજ પ્રભુ દર્શન નહિ કરવાના ? આપણે હસીને કહીશું-દર્શન કરવાની કોણ મનાઇ કરે છે ? પણ શું મંદિરમાં જ કંઇ ભગવાન છે ? ના....ભાઇ ના....તું વિશિષ્ટ સાધક. તને સિનેમા ઘરમાં પણ ભગવાન દેખાય, પણ, મંદિરમાં ન દેખાય.

શ્રીમંત, દાન કરે છે; તું દાન કેમ નથી કરતો ? ભાઇ સાહેબ ! આ બધી વાત મને કરશો નહિ. જાહેરમાં દાન તે, જ કરે કે જે માનનો વેપારી હોય હાર તોરા-માન-સન્માનનો ભિખારી હોય, મને આ બધું ના ગમે....

[ તું જેની વાત કરે છે તેણે તો છેવટે પૈસા આપીને નામ કર્યું, સન્માન મેળવ્યું પણ, તું તો એવો જાદૂગર છે કે પૈસા વગર જીભના જોરે જાણે તારી ગુપ્ત દાનવૃત્તિ હોય તેવો ખોટો આટોપ કરે છે.]

આજકાલ શું અભ્યાસ કરો છો ? મને પૂછો છો ? અભ્યાસ શું કરો છો ? પહેલાં અધ્યયન અંગે જિજ્ઞાસા

હતી. પણ, ઘણા વિદ્વાનોને જોયા....જ્ઞાનીને જોયા. બોલવામાં બહુ જબરા હોય....આચારમાં કંઇ ઠેકાણાં જ ના હોય.... જ્ઞાન મેળવી નમ્ર બનતા નથી. અહંનું પોષણ કરે છે. સર્વત્ર ખુદની વાતની પક્કડ રાખે છે આપણને આ ન ગમે....ઝાઝું જાણીએ તો ઉપાધિને ?

**ભલા !**

તું શું બોલે છે, તેમાં જ તારા વિચારોની પક્કડ જ નથી. જ્ઞાનીને સિદ્ધાંતનો જ આગ્રહ છે તને તો તારી જ વાતનો આગ્રહ છે. ખુદની વાતમાં અહંને પોષે છે અને જ્ઞાની ઉપર અહંનો આરોપ કરે છે? શું આ–તારા અજ્ઞાનનું–અહંનું પ્રગટીકરણ નથી ?

રે ભલા! બીજું કંઈ ન થાય તો કંઈ નહીં, ભક્તિ કરજે....ભક્તિ તો ભવતારિણી છે ને ?

ભાઈ ! તમારી વાત સાચી પણ, આજે દુનિયામાં વધુમાં ઢોંગી, કપટી જમાત છે, ભગત લોકોની. મંદિરમાં પૂજા કરે અને બજારમાં ? બહારથી બગલા અને અંદરથી ? ભક્ત લોકો ભક્તિ કરતાં નથી. પણ કંઇ જ પાસે ના હોય. ત્યારે ભક્તિના નામે પ્રસિદ્ધિ મેળવવા આવે છે. નામ મળી ગયું એટલે પોબારા ગણી જાય હું આવા ઢોંગથી ખૂબ દૂર રહું છું.

[ શું આ ઢોંગ નથી ? જીંદગીની અમૂલ્યયાત્રાને વ્યર્થ વીતાવવી અને કોઈની આંતરિક ભક્તિનું અવમૂલ્યન કરવું. ]

**પુણ્યશાળી !**

આજે તો સંવત્સરી છે ઉપવાસ છે ને ? મારી વાત પૂછો છો ? મને કહો છો ? ઉપવાસ તો કરવો જોઇએ પણ મારો સ્વભાવ અલગ પ્રકારનો છે. થોડું કરવું પણ શુદ્ધ કરવું. ઉપવાસ કરીને પણ ભોજનની યાદ આવે તો દોષ લાગે ને ? મનથી તો ઉપવાસ ભાંગી જ ગયો ને ? કાયાને કષ્ટ આપવાથી શું લાભ ? એટલે જ મેં ઉપવાસનો દેખાવ ના કર્યો. બધા કહેશે તો કહી દઈશ, મેં ઉપવાસ નથી કર્યો એમાં શરમ શાની ? 卐

卐 શાંત બનીને વિચાર ! ઉપવાસ કરીશ તો તારી શક્તિ અશક્તિનો ખ્યાલ આવશે. પચ્ચક્ખાણ લઈશ તો સમજાશે પાલન કેટલું કઠીન છે. પચ્ચક્ખાણ કર્યા વગર તું તારી જાતને મહાન માની નાહકના અભિમાન દોષની ભયંકર પુષ્ટિ કરે છે. કશું કર્યા વગર આરાધક મહાત્માઓનાં હૃદયની વિશુદ્ધિ તું ક્યાંથી સમજે ? કંઇક કરીશ તો જ સમજાશે આરાધક આત્માની વિશુદ્ધિ.

ધર્માત્મા ! તમે ખૂબ આરાધના કરો છો તો દીક્ષા કેમ નથી લેતા ? મારી વાત ?....દીક્ષા ? શુદ્ધ સાધુ જીવન દુર્લભ છે. મને ગોટાળા ગમે નહિ. મેં તો નક્કી રાખ્યું છે, અશુદ્ધ કરવું નહિ. ઘરમાં રહી મહેનતનું ખાઈ શુદ્ધ જીવન ના જીવું ?

**આત્મ વંચના ન કર....કઠોર ત્યાગના માર્ગે જવાનું સાહસ પણ નથી તો શુદ્ધ જીવનની વાત ક્યાં? બાર કલાકની મુસાફરી માટે તો અનુકુળતા અંગે કેટલા ફાંફા** મારે છે? રીઝર્વેશન ન મળે તો કેટલાં કાળાબજારના પૈસા આપે છે.

## ભોળા ભક્ત !

બોલવાથી ધર્મ ના થાય ! તારી વાતો સાંભળતાં તારા અજ્ઞાન ઉપર મારે હસવું ન જોઇએ પણ.... જરા હસાઈ જાય છે. સત્ય અને શુદ્ધના નામે તારા કપટને, માયાને, શઠવૃત્તિને તું પોષે છે. તું જે ધર્મ કરતો નથી તેના બચાવની, કપટની આ જાળ છે, અસત્ય–જૂઠને–દંભને તું પોષે છે. આપણા દુર્ગુણો ઢાંકવાથી ધર્મ ના થાય. પણ દુર્ગુણોને સ્વીકારવાથી ધર્મ થાય.

'ધમ્મો સુદ્ધસ્સ ચિટ્ઠઇ' ધર્મ શુદ્ધ પવિત્ર વ્યક્તિમાં રહે છે, સ્થિર થાય છે. શુદ્ધિ કોને કહેવાય? પવિત્રતા કોને કહેવાય, સમજવું છે? પ્રાકૃતિક દર્શન, આપણી વૃત્તિ, આદત, સ્વભાવ–વાણી–વર્તન જેવા હોય તેવા સ્વીકારવા, સહજ સરળતા, સીધાપણું, આપણામાં જે સદ્ગુણ ન હોય તેનો જરા પણ દેખાવ ન કરવો, આપણામાં જે દુર્ગુણ હોય, બદઆદત હોય તેને સ્વીકારવામાં માયા કરવી નહિ તેનું નામ સરળતા. એટલે સહજતા–સ્વના શુદ્ધ પવિત્ર–પ્રદર્શન.... ક્યાંય ઢાંક પીછેડો નહિ.

તું કહીશ, સરળતાથી શું લાભ ! હું પૂછું છું, કોઢના ડાઘને દવાના લેપવડે ઢાંકવાથી, સંતાડવાથી, છુપાવવાથી કોઢ ફેલાશે નહિ ? કોઢ છે તે રોગ છે. રોગ ગુપ્ત ન રખાય રોગની દવા કરવાની, આકરું પથ્ય પાલન કરવાનું, વૈદ્ય પાસે સત્ય હકીક્ત રજૂ કરવાની. ભલા ! સમજ દુર્ગુણ છે તો કોઈ જાણી જશે ? કોઇ અધમ કહેશે ? પાપી. કહીને ધૂત્કારશે ? આવી.... આશંકા નહિ કરવાની....સદ્‌ગુરુ સમક્ષ આપણું આત્મ-નિવેદન કરવાનું, ગુરુ ભગવંત દુર્ગુણ હટાવવાં અને સદ્‌-ગુણ મેળવવાં જે ઉપાય બતાવે-માર્ગ બતાવે તે આચરવાનો....

માયા–વક્રતા–કપટ એ તો સાપના ઇંડાં છે. એક રાતમાં લાખો–કરોડો પાપને પેદા કરે. પછી તો પાપની સંતતિ, અશુભ વિચારની પરંપરાની વૃદ્ધિ થવાની–સાપ ના પોષાય, સાપ હોય ત્યાં સાવધ થઈ જવાનું. પાપ હોય–દંભ હોય ત્યાં જાગૃત બની જવાનું, દંભ–કપટ–દેખાવ–છુપાવવું–સંતાડવું–છાનું રાખવું ગુપ્ત રાખવું આ બધાં ચોરીના ભાવો છે. તું ધર્માત્મા ! ચોરના કુંટુંબી સાથે બેસે ઊઠે ? ચોરીની ભાવના ત્યાં ધર્મ નહિ, તો કપટ ત્યાં ધર્મ કેવી રીતે ?

ઉત્તરાધ્યયન જેવા મહાસૂત્રનાં રહસ્ય મને સમજાતાં નથી તેમ કહીશ તો નહિ ચાલે. ઝવેરાત ખરીદવું હશે તો ઝવેરીની બાત સમજવી પડશે. તારે પરમાત્મા બનવું હશે તો પરમાત્માની વાત–પરમાત્માનો ઉપદેશ સમજવો

જ જોઈએ અને પચાવવો પણ જોઈએ. ચલ....ઉત્તરાધ્યયન જેવું શાસ્ત્ર નથી સમજતો, તો કંઈ નહીં સ્તવન તો સમજે છે ને? આનંદઘનજી મહારાજે ઋષભદેવ પ્રભુના સ્તવનમાં શું લલકાર્યું? "કપટ રહિત થઈ આતમ અરપણા– આનંદઘન પદ રેહ." નિષ્કપટ શુદ્ધ સ્વભાવે દેવાધિદેવના ચરણે આત્મસમર્પણ એ જ મોક્ષગિરિના આરોહણની તળેટી છે. સરળતા હોય તો જ શુદ્ધ સમ્યક્ત્વ પ્રગટ થાય.

**પ્રભુ !**

મને સરળતા....સરળતા દ્વારા શુદ્ધિ....અને શુદ્ધિથી ભાવોની વૃદ્ધિ....સમ્યક્ત્વ અને છેવટે મોક્ષ.

પ્રભુ ! મને મોક્ષગિરિ પર આરોહણનું પ્રથમ સોપાન સરળતા આપો...

એ જ હાર્દિક પ્રાર્થના....

## ૧૬. "અસંખયં જીવિય મા પમાયએ"卐

વિશ્વનો એક વિચિત્ર ક્રમ છે. તારું છે, તે તારી પાસે રહેવાનું છે. તારાથી કોઈ દૂર કરાવી શકે એમ નથી. એમ છતાં તે વસ્તુનો માનવ સદુપયોગ પણ કરે અને દુરુપયોગ પણ કરે....

માનવ શું મેઘના મૂલ્યાંકન કરે છે? ચાતક મેઘના કેટલાં મૂલ્યાંકન કરે છે? મેઘ માટે કેટલી તપશ્ચર્યા કરે છે? કારણ, ચાતક સમજે છે. પોતાના જીવન માટે જળ જરૂરી છે. દુનિયામાં જળ તો ઘણું પણ, તેને ઉપયોગી મેઘનું જ જળ, કારણ, ચાતકના ગળા ઉપર કાણું હોય. નદી–સરોવરના પાણી તેના માટે નિરુપયોગી ફક્ત વર્ષાનું જ જળ. ઉપયોગી ચાતક અવિરત દૃષ્ટિએ મેઘને નિહાળે–વર્ષા વરસે તે પહેલાં મુખ પહોળું કરીને બેસી જાય.

સાધક ! ! તારી અને ચાતકની પરિસ્થિતિ કંઈક અંશે સમાન છે. ગતિ ચાર....શરીર પાંચ....દેશ અનેક પણ, મોક્ષમાં સહાયક ગતિ મનુષ્ય ગતિ.

શરીર પાંચ પણ સાધનામાં સહાયક શરીર ઔદારિક શરીર ! દેશ અનેક પણ, આર્ય દેશ જ આરાધનાને અનુકૂળ....

માનવ જન્મ, ઔદારિક શરીર, આર્યદેશ, આર્યકુળ, પંચેન્દ્રિય પૂર્ણ મળી એટલે તું હર્ષઘેલો ના બની જતો કે મારી મોક્ષ સાધના સુલભ થઈ ગઈ.

ઉત્તરાધ્યયન સૂત્રનો સમસ્ત માનવ જગતને શાશ્વત ઉપદેશ છે—"અસંખયં જીવિય મા પમાયએ". જીવન અસંસ્કૃત છે એટલે સંસ્કાર પામે તેવું નથી. જેનું રક્ષણ કરી શકાય તેવું નથી, જેને સાંધી શકાય તેવું નથી. તેથી જ ગાફેલ ના રહેતો. સાધનાના સહાયક અંગોનો ઉપયોગ કરી લે. તું સાધક બન્યો છે. તેથી સાધનાના મનોરથ છે. પણ ક્યાંક મનમાં શિથિલતા આવી જાય છે.

થાય છે, જીંદગી લાંબી છે પણ, તું જો "અસંખયં જીવિય મા પમાયએ" વિચારીશ તો તને બે માર્ગ મળશે.

શા માટે પ્રમાદ નહિ કરવાનો ? જીવિય શબ્દના રહસ્યને પકડ. શરીર અશાશ્વત છે, વૃદ્ધત્વ શરીરની શક્તિને ક્ષીણ કરશે. રોગનો હુમલો તારી શક્તિઓનો નાશ કરી દેશે. ભયંકર ચિંતાઓના કારણે શરીર પરનો કાબુ હટી જશે. શરીરના સહારે ભાગતો દોડતો છેવટે શરીરથી કંટાળીને હારી જઈશ.

આયુષ્ય અલ્પ છે, તારું આયુષ્ય કર્મ પરાવર્તનીય કે અપરાવર્તનીય ? સોપક્રમી કે નિરુપક્રમી ?

અશાતા વેદનીય કર્મ–આયુષ્ય કર્મ અને મોહનીય કર્મના ત્રિભેટે તું અથડાઈ ગયો છે. ત્રિભેટે ઊભેલાને ત્રણ મોરચા સાચવવાના. તારી સાધનાની ભાવનાએ પણ આ ત્રણ કર્મના મોરચા સંભાળવાનાં છે. બેસાવધ બન્યો કે તુરત અશાતા વેદનીય કર્મ હુમલો કરશે.

તેથી જ પરમાત્મા તને ચેતવે છે. જીવન અસંસ્કૃત છે, નાશવંત છે. તે જ્ઞાન થયું પણ, પ્રમાદ કર્યો તો ? જીવનમાં પ્રમાદને છોડવો જ જોઈએ.

પરમાત્માએ તને અપ્રમત્તભાવની આહેલક જાગૃત કરવા ગુરુની નિશ્રા સ્વીકારવા શા માટે કહ્યું ? તારી સામે કરુણા છે, દયા છે. તેથી જ કહે છે. "મા પમાયએ." પ્રમાદી–અત્યંત ઉન્મત્ત, હિંસા–અહિંસા, આશ્રવ–સંવર, કર્મબંધ–કર્મનિર્જરા કશું સમજતો નથી. આવા પ્રમાદીનું શરણ કોણ બને ? શરણ વગરનો નિરાધાર પુનઃ પુનઃ કર્મના ચક્કરમાં અટવાયા જ કરે.

**સાધક !**

હવે મૌખિક વાત ના કર. તારા હૃદયનો અવાજ પ્રગટ કર....તારી નાભિનો સ્વર ગુંજિત કર........

卐 "અશાશ્વતથી શાશ્વતની સાધના કરી લઈશ."

શું ખેડૂત ખાતરમાંથી ધાન્ય પેદા નથી કરતો ?
શું ધૂળધોયો ધૂળમાંથી સોનું નથી મેળવતો ?
શું કલાકાર પથ્થરમાંથી પ્રતિમાનું સર્જન નથી કરતો ?

એક બાવીસ વર્ષના નવયુવાનના મુખમાં નહિ, હૃદયમાં ઉત્તરાધ્યયન સૂત્રના ચોથા અધ્યયનની પ્રથમ પંક્તિ ગુંજી ઊઠી....જીવનનો રાહ બદલાયો....અનેક કષ્ટો–સંકટો સહી ૨૩ માં વર્ષે દીક્ષા લીધી. ત્રણ મહિનાનું અલ્પ ચારિત્ર જીવન પાળ્યું. તેમનો દેહ અસંસ્કૃત થયો. સુધારાય

તેવો નહિ થયો. અને આત્મા આરાધનાથી પવિત્ર થઈ પરલોકની વાટે સંચર્યો. આ મુનિ તે સૌરાષ્ટ્રની પવિત્ર છાયાના અગ્રણી શ્રાવક, વીરાણી કુટુંબના નબીરા વિનોદમુનિ....

પ્રભુ ! દેહ અને દેહીના ધર્મ સમજાવો. આરાધના અને વિરાધનાના મર્મ સમજાવો. મારે પ્રમાદ કરવાનો નથી. પ્રમાદ ભાવ મારા યથાખ્યાત ભાવના વિશુદ્ધ ચારિત્રને રોકે છે. હું આપની હિતશિક્ષા સમજ્યો છું.

"પ્રમાદ ન કર." એ કહેવાના બહાને આપે મને યથાખ્યાત ચારિત્રને અનુપમ માર્ગ સૂચવ્યો.

શું આપના આશીર્વાદથી મારા આચરણમાં પરિવર્તન ન આવે ?

પંચેન્દ્રિય હોવા છતાં પાંચે ઇંદ્રિય તારી કર્મેન્દ્રિય... બનશે...પણ જ્ઞાનેન્દ્રિય નહિ બને. આયુષ્યકર્મ કહેશે તમે મને દોષ આપો છો ને ? અલ્પ આયુષ્ય હતું, શું કરીએ ? બસ, તારું આયુષ્ય લાંબુ. કરું, પણ જ્યાં નહિ જ્ઞાન, નહિ સંસ્કાર, નહિ આરાધક ભાવનું નામ નિશાન. ૫૦....૫૦ વર્ષ બિછાનામાં. રોજ મૃત્યુને યાદ કરી આર્તધ્યાન કરવાનું. આવા સ્થાનમાં સાધના કયાંથી થાય ?

શરીર નિરોગી....આયુષ્ય મોટું પણ મર્કટ જેવું. આરાધના માટે તૈયાર જ નહિ. વિરાધના માટે તત્પર....વાત કરતાં...ગપ્પા મારતાં નિંદ આવે નહિ. સ્વાધ્યાયમાં નિંદ, ધ્યાનમાં પણ નિંદ. અર્થ વિચારતાં સુયુક્તિ કે સારા તર્ક કે

શાસ્ત્રીય વાત સમજાય નહિ. કુતર્ક-અવળી દલીલ અશાસ્ત્રીય વાતમાં એક અક્ષર પરથી અનુમાન શક્તિ વિકસિત બની જાય. મહાપુરુષના ચરિત્ર—સદ્ગુણ યાદ રહે નહિ અને દુર્ગુણની વાત સાંભળતાં દુર્ગુણ કંઠસ્થ થઇ જાય. સાધના માર્ગના કેટલાં અવરોધો ? સદ્ગુરુની કૃપાએ મોહ ઉપર વિજય મેળવવા તું શુકનની ગાંઠ લગાવ, "પ્રમાદ નહિ કરું...." શરીરની ક્ષણભંગુરતા અને આયુષ્યની અલ્પતા સમજાય તેટલાં માટે ફરી બોલ—"અસંખયં જીવિય મા પમાયએ" પણ આ પદ માત્ર બોલવાલાયક છે કે ચરિતાર્થ કરવા લાયક છે ?

ઇંદ્રિયો અને બુદ્ધિ હોય તો પુદ્ગલ ધર્મ સમજાય પણ પ્રેરક વગર સાચું માર્ગદર્શન ના મળે. દોડે ખરો.... પણ લક્ષ્ય વગર....

ભારતીય સંસ્કારને પામેલી રાજરાણી ધારિણી રાજા પ્રસેનજીતના માથાનો સફેદવાળ રાજાને બતાવે...સમજાવે.

卐 વૃદ્ધત્વનો દૂત—"સંન્યાસી જીવન સ્વીકારવાની આમંત્રણ પત્રિકા"....કરો હવે વનમાં રાજ. દેહની મર્યાદા સમજાઈ ગઈ. દેહના પ્રસ્થાનની મંગલભેરી વાગી. હવે છોડો રાજયની ખટપટ. પ્રસેનજીત અને ધારિણી જંગલમાં જઈ સંન્યાસીની જીંદગીનો પ્રારંભ કરે છે.

卐 "તત્વજ્ઞાની દેહને ટકાવવા પ્રયત્ન ના કરે, પણ દેહ સાધન નષ્ટ થતાં પહેલાં તેના દ્વારા આત્મસાધનાનું ભાથું બાંધી લે."

ભૌતિક ભાવનાવાળાને જ્ઞાન થાય કે દેહ નષ્ટ થવાનો છે તો ગભરાઈ જાય....અકળાઈ જાય... અને છેવટે હાય-હાય કરી અકર્તવ્યપંથે આંધળી દોટ મૂકી દે છે.

એક નૃત્યાંગનાને પોતાના દેહનું-રૂપનું અને યૌવનનું અત્યંત અભિમાન....તે સમજે મારો દેહ નષ્ટ થશે નહિ, મારું રૂપ, કુરૂપ થશે નહિ, મારું યૌવન પુષ્પ ક્યારેય ચીમળાશે નહિ. એક દિવસ દર્પણમાં નિરખી રહી છે, ત્યાં મુખ ઉપર વૃદ્ધત્વની એક કરચલી જોઈ, હવે મારા જીવનની કિંમત શું ? મને કોણ બોલાવશે ? મારી પાસે કોણ આવશે ?

# ૧૭. 'છંદં નિરોહણ ઉવેઈ મોકખં' 卐

ભારત દેશમાં બાલ મંદિર છે દાદા–દાદીનો–ખોળો. બાળકનાં જ્ઞાનનો પ્રારંભ થાય છે દાદા–દાદીની ચકા–ચકી, હાથી, વાંદરા–બગલાની વાર્તાથી. આ વાર્તાઓ દીકરાનાં વિજ્ઞાનની ક્ષિતિજો ખુલ્લી કરી દે છે. વડીલોનું કાર્ય દિશા સૂચન કરવાનું, થાળીમાં ભોજન પીરસવા સુધીનું કાર્ય માતા કરે. કદાચ મુખમાં કોળિયો પણ મૂકી દે. પણ, છેવટે ચાવવો તો બાળકને જ પડે ને!

પરમાત્મા અને ગુરુજનોએ આપણી સામે અધ્યાત્મ ભોજનનાં સુંદર થાળ ધરી દીધાં છે. પણ....'અધ્યાત્મના થાળ જોવા માત્રથી, સમજવા માત્રથી વાચાળ બનાય, પણ અધ્યાત્મ જીવનનો રસાસ્વાદ ના આવે....અધ્યાત્મના રસાસ્વાદ કરવાં અધ્યાત્મને આત્મસાત્ કરવું પડે.'

પરમાત્મા મહાવીર દેવની અંતિમ દેશના–"ઉત્તરાધ્યયન સૂત્ર" એ અસ્ખલિત પ્રેરણા પ્રવાહ છે. જે આ અવસર્પિણી કાળમાં હજારો વર્ષો સુધી અધ્યાત્મના અમીપાન કરાવશે....

'અધ્યાત્મનું બાલમંદિર–પરમાત્માની દેશનાનું શ્રવણ. આત્મજ્ઞાનનો પ્રારંભ ત્યાંથી જ થાય. પરમાત્માએ અધ્યાત્મની લિપી આપણને શિખવાડી છે. જગતની લાયબ્રેરીમાં અધ્યાત્મનાં પુસ્તકોનું જેટલું સંશોધન કરીએ તેટલી અધ્યાત્મની પ્રાપ્તિ થાય.'

ગુરુજનો આપણને ફરમાવે છે, "અધ્યાત્મનો નિષ્ણાત પછી બનજે પ્રણ, પહેલો અધ્યાત્મના મૂળાક્ષરોને ઘૂંટતો જા. 'છંદં નિરોહેણ ઉવેઈ મોકખં' જે ઇચ્છાઓનો રોધ કરે તે મોક્ષ મેળવે.'

આ પદમાં રહેલ છંદં શબ્દનો, નિરોહ શબ્દનો, અને ઉવેઇ મોખ્ખં શબ્દનો જો વિચાર કરીશું તો પરમાત્માની હિતશિક્ષાની મૌલિકતાનો સ્પષ્ટ ખ્યાલ આવશે.

## 'ઈચ્છાના રોધથી મોક્ષપ્રાપ્તિ'

શેઠ બની નોકરની ઇચ્છા રોકી, રાજા બની પ્રજાની ઇચ્છા કચડી નાંખી, ચક્રવર્તી બની ચોસઠ હજાર રાણીઓની ઈચ્છા દાબી. અરે ! જ્યાં જ્યાં ગયો ત્યાં ત્યાં સતા–સંપત્તિમાં મદમસ્ત બની સૌની ઉપર સત્તા જમાવી. ભય, ત્રાસ, ડર, યુદ્ધ માટે મારા મનથી હું હિટલર અને કોણિક બન્યો જ્યાં નબળાઈ દેખી ત્યાં ચડી બેઠો. જ્યાં દયાજનક પરિસ્થિતિ લાગી ત્યાં નિષ્ઠુરતાની પાશવી લીલાનું સામ્રાજ્ય જમાવી દીધું, સાચું કહું ? ઈચ્છાનો રોધ તો ઘણો કર્યો. પણ મોક્ષ તો શું ? સમત્વ પણ ના મળ્યું. મહાનુભાવ ! 'દુનિયાનો ડાહ્યો ઘરમાં ગાંડો હોય, દુનિયાને કાબુમાં રાખનાર ખુદના પરિવારના ઘણીવાર અસફળ થાય.'

તને જરૂર શાબાશી આપવી પડશે કે તેં પરમાત્માના વચન યાદ રાખ્યાં, 'છંદં નિરોહેણ ઉવેઈ મોકખં'. પણ શું તું પોપટ છે? માત્ર શબ્દ રટે છે કે અર્થને

પણ સમજે છે? નાળિયેર ઉપરથી છોતરાં–ફોતરાં ઉખાડયાં વગર ખાય તો? દાંત તૂટે...પરમાત્માના શબ્દનો સહારો લઈ બીજાની ઇચ્છાઓ રોકવાં તું અસુર બન્યો....દૈત્ય બન્યો. જિનશાસન બીજાની ઈચ્છાને રોકવાની વાત કરે નહીં. જિન શાસન તો બતાવે પોતાની ઈચ્છાનો રોધ. પણ સાચું કહું? મારાથી ફક્ત સાચું ના કહેવાય. હિતકારક કહેવાય. મંગલકારક કહેવાય. શ્રીફળમાંથી કોપરું મેળવવું હોય તો કઠોર કવચને તોડવું પડે. પરમાત્માની હિતશિક્ષા મેળવવી હોય તો શબ્દના કઠોર કવચની અંદર સચવાઈ રહેલ રહસ્યનો પાર પામવો જોઈએ. પુનઃ પુનઃ વિચાર....

## 'છંદં નિરોહણ ઉવેઇ મોક્ખં'

卐 'પાગલ પહેલાં બીજાને શિક્ષા આપે. બુદ્ધિમાન પ્રથમ હિતશિક્ષાનું આચરણ કરે. ત્યારબાદ તેનો ઉપદેશ આપે.' પણ, ક્યાંય હુકમ ન કરે. પરમાત્માનાં હિતવાક્યમાં પણ બળજબરી નથી. સત્ય હકીકતનું દિગ્દર્શન છે. તને સત્ય લાગે તો તું અનુસરણ કર....

ઇચ્છાના નિરોધ વડે મોક્ષ મળે છે. પરમાત્માની હિતશિક્ષા તારી અનેક શંકાનું સમાધાન કરે છે. ઈચ્છાનો રોધ શક્ય? હા, શક્ય....તદ્દન સાચી વાત. કોની ઈચ્છાનો રોધ? ગાંડો ન થા. પહેલાં તારી ઈચ્છાને રોક...મારી ઈચ્છા?

હા....તારી ઈચ્છા રોક...એવું તો મેં ઘણીવાર કર્યું છે. અને હજી પણ રોજ કરું છું જ. સવારમાં ઊઠતાં જ ખૂબ નિંદ આવતી હોય છે. પણ ભોજન કરવું છે તો તો ઉઠું છું ને ? બોલો. મેં નિંદની ઈચ્છાનો ત્યાગ કર્યો કે નહિ ? ખાવાની ખૂબ ઈચ્છા હોય છે પણ ચાલવાનું હોય એટલે કેટલીકવાર ભૂખ્યો પણ રહું છું, બોલો મેં ભોજનની ઈચ્છાને રોકી કે નહિ ? બોલવાનું ઘણું મન હોય છે. પણ સાંભળ્યા વિના બોલાય કેમ ? તેથી મૌન કરું છું. કહો. મેં બોલવાની ઈચ્છા રોકી કે નહિ ?

સાધક ! ! ' આ ઇચ્છાનો રોધ નથી. દ્રાવિડ પ્રાણાયમ છે. દેખાવ કરે છે–બોલે છે, મેં ઇચ્છા રોકી. પણ તેં ઇચ્છા રોકી નથી. તારી ઈચ્છા પૂર્તિ કરવા તું રોકાયો છે. ઇચ્છા નિરોધ જુદી હકીકત છે અને ઇચ્છા બદલવી એ જુદી હકીકત છે.'

' ઇચ્છા નિરોધમાં ઇચ્છાનાશની ભાવના રહેલી હોય છે"

' ઈચ્છાના પલટામાં ઈચ્છા પૂર્ણાહુતિના સમયની રાહ હોય છે. :

ઇચ્છા પૂર્ણાહુતિ કરવા સમયની રાહ તો સૌ જુએ છે. શું ખેડૂત બીજ વાવ્યા પછી ધૈર્ય નથી રાખતો ? ગાડીમાં બેઠાં પછી મુસાફર સ્ટેશન ન આવે ત્યાં સુધી રાહ નથી જોતો ? વ્યાપારી માલ આપ્યા પછી પૈસા

માટે ધૈર્ય નથી રાખતો ? ઇચ્છા પૂર્ણાહુતિ માટે માનવના પ્રયત્નો એ જુગજુની કથા છે. મોહનીય કર્મનો એ તો રોજ નવો ખેલ છે. પણ, આત્મરાજનો સફળદાવ તો ત્યારે જ કહેવાય, કે ઇચ્છા નાશ માટે પ્રયત્ન થાય.

ઇચ્છા નાશ માટેનો રાજમાર્ગ એ છે કે જેમણે ઇચ્છાઓનો નાશ કર્યો છે તેવા પરમાત્માના માર્ગે ડગ ભરવા...દેવ ગુરુના ચરણમાં આપણી બધી ઇચ્છાઓ છોડી દઇ તેઓના ઉપદેશ પ્રમાણે જીવન વ્યતીત કરવું....સ્વેચ્છાએ સ્વછંદતાને અગ્નિ સ્નાન કરાવવું....

## "સ્વેચ્છાએ દેવ ગુરુના ચરણે સમર્પિત બનવું."

જેમ ઘોડાને રણપાર કરવું હોય તો ચોકઠું બાંધવા દેવું પડે, પલાણ વગર ઘોડાની ગતિમાં વેગ આવે નહિ. પલાણ નંખાય પછી જ તેની ગતિ વેગ પકડે. રણનો વિકટ માર્ગ પણ તે સહેલાઇથી પાર કરી જાય. તેમ ભલા! સાધક ! "તને ઇચ્છાના ત્યાગ દ્વારા પરમાત્મા સમજાવે છે – સ્વચ્છંદ મનોવૃત્તિનો ત્યાગ કર" – જીદનો ત્યાગ કર" જેમ પલાણ વગરનો ઘોડો ઉન્માર્ગે ચાલ્યો જાય છે તેમ તું પણ દેવ ગુરુના ચરણ વગરનો ભવના જંગલમાં રાગ-દ્વેષ ના વેરાનમાર્ગમાં સજ્જનોથી વિખૂટો પડી જઇશ.

સ્વચ્છંદ વ્યકિતના દેવ ગુરુ રક્ષક ના બને. પણ સમર્પિત આત્માના દેવ ગુરુ રક્ષક બને. જીદ્દીને કોણ સમજાવવાં જાય? સીધા સાદાને સૌ સાચી વાત સમજાવે. કદાગ્રહીની

સાથે માથા ફોડ કરવા કોઈ સજ્જન સમય બગાડે ? પણ સદાગ્રહીને શાણા માણસો શાન વધે તેવો માર્ગ બતાવે. પૂર્વાગ્રહીને જે સમજાવવાં જાય તેની ઉપર જ તે પ્રહાર કરવા જાય. જ્યારે જિજ્ઞાસુને સમજાવતાં માર્ગદર્શકને પણ માર્ગ મળે.

સાધક ! તું પ્રશ્ન કરવાનો ? શું મારી ઈચ્છાને જરા પણ સ્થાન નહિ આપવાનું ? મનવાળા દરેકને મન હોવાનું – મન હોય એટલે ઈચ્છા થાય. આ તો જુલમ છે. શું મારે શૂન્ય મનસ્ક બની જવાનું ? જેમ પાગલને બધાં કહે તેમ કરવાનું.......શું તેમ મારે પણ પાગલની જીંદગી જીવવાની ? સાચું કહી દે. તારા મનમાં પણ આ વિચારોનું ઘમ્મર વલોણું ચાલે છે ને ?

ઘણીવાર કહું છું અને આજે પણ કહું છું – તું હિતસ્વીની બાબતમાં અધૈર્ય કેમ કરે છે ? શાંત થા.... ઉપશાંત થા....ગંભીર બન.... "જ્ઞાનીની વાત વૈદ્યની ભસ્મ જેવી હોય, વૈદ્યની ભસ્મ જેટલીવાર ખરલમાં ઘૂંટાય તેટલી તેમાં વધુ શક્તિ પેદા થાય. તેવી જ રીતે જ્ઞાનીની વાત તારા અંતરના ખરલમાં ઘૂંટીશ તેટલી તેની મહત્તા તને સમજાશે."

ક્યારેય તેં કોઈ કોડભરી કન્યાને સસુરાલય જતાં દેખી છે. ગામ–ઘર–માતા–પિતા, ભાઈ–બહેન, પિતૃ ગૃહની સંપત્તિ અને છેવટે પિતાના કુટુંબની અટક (સરનેઇમ) પણ છોડી દે છે.

કન્યા પિતૃગૃહ છોડે છે તો પતિના ગૃહની સામ્રાજ્ઞી બને છે. ત્યાગ વિના પ્રાપ્તિ અશકય. પરમાત્માંના હૃદયની સંપત્તિ મેળવવી હશે, તો મોહની સંપત્તિને છોડવી જ પડશે.

"તારી ઇચ્છા એટલે જેમાં ક્રોધ–માન–માયા ઇર્ષ્યા –મદ–મત્સર હોય, પણ, દેવ ગુરૂની ઇચ્છા, અનુશાસન એટલે વિશ્વના પ્રાણીમાત્રના કલ્યાણની હિતશિક્ષા "........

જયાં હારીને શરણાગતિ સ્વીકારવાની હોય ત્યાં શૂન્યમનસ્કતા હોય–પાગલપણું હોય....પણ જયાં સમજીને–વિચારીને હિત જોઇને શરણાગતિ સ્વીકારી હોય ત્યાં સમર્પણ છે. શાણપણ છે.

સાધક ! ! ! ફરી કહું છું. મારી વાત છે માટે નહિ માનતો પણ, સારી વાત લાગે–સાચી વાત લાગે તો જ સ્વીકારજે........

卐 "મારી વાત–મારી ઇચ્છા–મારા મનોરથ ત્યાં મોહનીય કર્મનો આવિષ્કાર. મોહનીયકર્મ હોય ત્યાં મોક્ષ સંભવી શકે ?........

દેવ ગુરુની આજ્ઞા–ઇચ્છા–ભાવના–મનોરથ હોય ત્યાં આત્મસાક્ષાત્કારનો દિવ્યમાર્ગ. એટલે જ કહુ છું. ઇચ્છાનો રોધ નહિ. નિરોધ કર....સદંતર ઇચ્છાનો ત્યાગ કર....

卐 "મોક્ષ પ્રાપ્તિનો રાજમાર્ગ સ્વેચ્છાના બલિદાનમાં છે

卐 મોક્ષ પ્રાપ્તિનો રાજમાર્ગ દેવ ગુરુની શિક્ષાના સ્વીકારમાં છે."

તું મોક્ષનો ચાહક હોય તો તે માર્ગ સ્વીકારજે.... અન્યથા સંસાર તો સદાનો સાથી છે અને રહેશે....સૂર્ય પ્રકાશ આપે. આંખ ખોલવાનું કામ ચક્ષુવાળાનું છે....બસ, વિચારજે..."છંદં નિરોહેણ ઉવેઇ મોક્ખં."

ઓ ! પરમાત્મા ! સદા ઇચ્છા-આશા-અભિલાષા-સંકલ્પ કરવા ટેવાઇ ગયેલો મારો આત્મા એમ કેમ કરીને ઇચ્છાની દોસ્તી છોડી શકે? પરમાત્મા! વરદાન આપો એક ઇચ્છા પૂર્ણાહુતિનું-

**"દેવ ગુરુનાં ચરણે સમર્પિત બનું."**

# ૧૮. ન તેસિં ભિક્ખૂ મણસા પઉસ્સે 卐

વ્યક્તિના વિકાસમાં બહુમુખી ફાળો હોય છે તેના વડીલનો અને વાતાવરણનો, વડીલ અને વાતાવરણ સહજ રીતે વ્યક્તિના માનસને ઘડે છે. માનવીને ખ્યાલમાં પણ નથી આવતું કે હું પથ્થરમાંથી પ્રતિમા બની ગયો ! પ્રણામ કરતાં સમૂહને જોઈ કોઈ વિરલ અતીતકાળ તરફ સિંહાવલોકન કરે છે અને સહસા મુખમાંથી નીકળી જાય છે. "કેટલાંયે મને સહયોગ આપ્યો." ! તેની નામાવલી લખું તો મારા ચોપડા ભરાઈ જાય અને નોંધ અધૂરી રહી જાય! ક્યારેક થાય છે, સાચું ના છુપાવવું જોઈએ. હિતસ્વી તો મારા ઉપકારક છે જ. મને મિત્રો કરતાં મારા શત્રુએ....ઘડયો, સુઘડ બનાવ્યો જેણે જીવનના બહુમૂલા પાઠ શીખવ્યા તે દુશ્મન શાનો ? પ્રગતિ પથનો પ્રવાસી તો કહે પ્રત્યેક પળ, પ્રત્યેક પરિસ્થિતિ પ્રત્યેક વ્યક્તિ મારા ઉપકારી છે મારા ગુરુજન છે. મારે તો યશોગાથા જ ગાવાની, મારા મુખમાં મરશીયા ન હોય !

વાત તો ખૂબ સુંદર છે, તારી કલા, આવડત, વિચારણા દાદ માંગી લે એવી છે પણ....વચન મધુરું બનાવવાં હૃદય ભવ્ય બનાવવું જરૂરી છે. તન, મન અને વચન વચ્ચે પણ કોઈ સૂક્ષ્મ સંબંધ છે.

તબીબ તબિયત સુધારવાની કોશિશ કરે.

ભાષા શાસ્ત્રી વાણી શક્તિના વિકાસની કલા શીખવે.
માનસશાસ્ત્રી મનને સુધારવાની વાત કરે.

ત્યારે ધર્મશાસ્ત્રી સમા ગુરુ તન, મન, વચન ત્રણેયને શુદ્ધ કરવાની વાત કરે. તેના વિશિષ્ટ ઉપાય બતાવે.

અલ્પજ્ઞ બહારનાં કારણમાં અટવાઇ જાય. સર્વજ્ઞ ભૂલની જડ મૂળ બતાવે–તન, મન, વચન નિર્વિકારી કયારે બને? જીવ અને જડનું સ્વરૂપ સમજાય ત્યારે. ચેતન અને પુદ્ગલના ભેદ સમજાય ત્યારે "હું શુદ્ધ જ્ઞાની, નિજાનંદી બ્રહ્મની મસ્તી" એ જ મારું સાચું રુપ. એ જ મારું લાવણ્ય; બાકી બધી જડની ઉપાધિ ! ! !

કોઇ પણ પરિસ્થિતિ કે પદાર્થ પ્રત્યે આગ્રહ-હઠ, રાગ, આસક્તિ ત્યાં સુધી જ રહે જ્યાં સુધી તેનું પ્રાકૃતિક સ્વરૂપ ન સમજાયું હોય. કૃત્રિમતાનો પ્રેમી કાગળના ફૂલથી મુગ્ધ બને. અત્તરનો વ્યાપારી સાચા ફૂલ ના જુવે ત્યાં સુધી મલકે કયાંથી? કાગળના ફૂલથી કોઇ શ્રીમંતનું દિવાનખાનું કદાચ શોભી ઊઠે....પણ પ્રકૃતિનું પ્રાંગણ તો છોડ ઉપર થયેલ એકાદ પુષ્પના પરિમલથી જ પાંગરે ! ! !

જડના મનગમતા આવિષ્કારો સંસારીને આનંદિત કરે. જડના અણગમતા આવિષ્કારો સંસારીને દુઃખી કરે પણ સંયમીને ત્યાગીને તો બધાં જ બંધન લાગે. શાલિભદ્ર હોય કે, પરમાત્મા મહાવીર હોય, ગૃહસ્થ જીવનમાં કોઇની પણ અગ્નિ પરીક્ષા ન થાય! સંયમ જીવનનો પ્રારંભ કરે

અને પરિષહોનો ઉપસર્ગોનો દુઃખ દર્દ વ્યાધિ, અને પ્રતિકુલતાનો વાવંટોળ ફૂંકાય. વર્ષોથી સ્નેહીજનોની વચ્ચે રહેવાને ટેવાયેલા મનને સંયમ લીધા બાદ પ્રશ્ન થાય. અહીં મારું કોણ ? ગુરુ પરાયા, ગુરુબંધુ પરાયા—સંઘ પરાયો, તો મારું કોણ ?

મન મમત્વના બંધન છોડીને પણ મારાની શોધમાં અટવાતું હોય, આ છે મનની વિચિત્રતા. સાધુ જીવનની કઠોર જીવનચર્યા, નિવાસ, આવાસનો બહુ મોટો પ્રશ્ન ! એક દિવસ રાજમહેલ જેવો ભવ્ય ઉપાશ્રય તો, એક દિવસ ગંદીગલીના નાકે જેલ જેવો ઉપાશ્રય ! એક દિવસ ઉદ્યાનમાં વસતિ, તો એક દિવસ સ્મશાન, ઘાટ, કબ્રસ્તાનમાં વસતિ ! હરહંમેશાં બદલાતાં ચિત્ર વિચિત્ર આવાસમાં નિદ્રાદેવી રૂસણાં લે ! સાધુ જીવનનો શૈશવકાલ, જ્ઞાન અધ્યયનની અપરિપક્વ દશા, મન અતીતના સંસ્મરણે ચડે, અતીત અને વર્તમાનની સરખામણી કરવા લાગે....અનુકુળ વાતાવરણથી ટેવાયેલ પ્રતિકૂળ વાતાવરણમાં આવી ગયો. ભોજનથી માંડી શયન સુધીની દરેક જીવન ચર્યામાં ક્યાંય અનુકૂળતાના દર્શન જ નહિ. અનાદિના સંસ્કારો જોર જમાવી જશે તેમ લાગે ત્યાં પ્રતિજ્ઞાબદ્ધ આત્મા વિચારે, મહાવ્રત ન ભંગાય, મહાવ્રત ના ચૂકાય. રાગ અને ત્યાગ વચ્ચે ભયંકર માનસિક સંઘર્ષ જાગે અને દશે દિશામાં અંધકાર દેખાય ત્યારે માનવ મન વામન બની જાય !

આ માનસિક સંઘર્ષ પાંચમા આરાના બહુલકર્મી સાધુ સાધ્વી માટે જ નથી પણ, ચોથા આરાના પ્રભુના સ્વહસ્તે દીક્ષિત મેઘકુમારે પણ આ સંઘર્ષ અનુભવેલ ! આ મોહનો ચેપી રોગ પ્રત્યેક કાળ અને પ્રત્યેક વ્યક્તિમાં છે. પણ, રાગ, દ્વેષ, ઉત્કટ બને ત્યારે દેખાદે. જેમ ઘાસને ઉગતાં કેટલીવાર ! ઝેરી જંતુને ફેલાતાં કેટલીવાર ! માત્ર વરસાદ એક દિવસ, બે દિવસ અને ત્રણ દિવસ આવ્યો, ચારે બાજુ ઘાસ ઉગવા માંડવાનું ! વૈરાગ્યનો દીપક ઝાંખો થવા માંડયો એટલેમોહનું સામ્રાજ્ય ફેલાવાનું જ. આથી જ પ્રત્યેક વૈરાગીએ, પ્રત્યેક સાધકે–વૈરાગ્યની લાલબત્તી પ્રગટાવેલી જ રાખવીની છે. નહિતર. પ્રતિકૂળતા અણગમતા સંજોગો અણગમતી વ્યક્તિઓ, અણગમતા સ્પર્શ, રસ, ગંધ, રૂપ અને શબ્દના શિલા જેવા મોટા મોટા પથ્થરો તારા સંયમ રથના ચૂરા કરી દેશે. પ્રત્યેક સર્જન–વિસર્જનની પ્રક્રિયાનું બીજ મનની ધરતી ઉપર જ અંકુરિત થાય છે. એટલે જ ફરી ફરી કહું છું, અણગમતી વ્યક્તિ, પરિસ્થિતિ કે પદાર્થ ઉપર મનથી પણ દ્વેષ ન કર. પ્રદ્વેષ ન કર. વૈરની જવાળા પેદા ન કર. મન જ પ્રતિકૂળતા સામે સ્થિતપ્રજ્ઞ બનશે તો વચન, મનના હુકમ વગર કયાંથી આગળ ચાલવાનું ? બિચારી જીભ તો મનની મુખ્યમંત્રી છે. મનના દરેક હુકમોને જાહેર કરે છે. મન જ શાંત, સ્વસ્થ બની જશે તો શરીરનું જોર કયાંથી ચાલશે ? શરીર તો યંત્ર છે. મન તેનું મેનેજર છે. મેનેજરની સ્વીચ પ્રમાણે શરીરનું યંત્ર

ગતિ કરવાનું. તનની ગતિને રોકવા હાથ પગ બાંધવા પડતાં નથી. મન સામે એક મંત્ર જપી લો. બધા જોડાણ આપો આપ કપાઈ જશે !

એટલે જ કહ્યું "ન તેસિં ભિક્ખૂ મણસા પઉસ્સે."

બીજી એક વાત પણ સાંભળી લે. મન જીતવું કઠીન છે, એ તેં ઘણીવાર સાંભળ્યું છે. પણ, એક સાદી સીધી વાત યાદ રાખી લે. મન ઉપર પણ વાતાવરણ, વાણી અને કાયાની ખૂબ અસર થાય છે. મનના દોરવાયા વાણી વર્તન દોરાઇ જાય છે એ જેટલું સાચું છે તેના જેટલું જ આ સાચું છે કે વાણી વર્તન દ્વારા થયેલ સંસ્કારની પણ મન ઉપર તીવ્ર અસર પડે છે. તેથી જ મન તેજ વિષયો તરફ ઘસડાઈ જાય છે. મનથી થયેલ પાપ રોકાઇ જાય છે પણ તન અને વચનથી થયેલ પાપ, પાપની સંતતિ પેદા કરે છે.

"તેથી પ્રદ્વેષ ન કર." તેનો રહસ્યાર્થ તારે સ્વીકારવાનો છે. પ્રતિકૂળ પરિસ્થિતિથી પાછો ના હઠ-વિરોધ વ્યક્ત ના કર., મનમાં દુર્ભાવ પેદા ન કર. પણ એક જ નક્કી કરી લે, બધું ઉપકારક છે કર્મનાશમાં, અનુકૂળ પરિસ્થિતિમાં તીવ્ર કર્મબંધ થવાની અધિક શક્યતા....પ્રતિકૂળ પરિસ્થિતિમાં જાગૃતતા રહે, આસક્તિ ન થાય એટલે કર્મનિર્જરાની અધિક શક્યતા....

પ્રતિકૂળ પરિસ્થિતિ દેવ ગુરુ ધર્મની નજદીક લાવે, અનુકૂળ પરિસ્થિતિ દેવ ગુરુ ધર્મથી દૂર કરે. મન રાગમાં

ઘેરાયેલું છે એટલે જ દ્વેષ કરે છે. "દ્વેષ ન કર", કહેવા દ્વારા બધા સંયોગો તારા આત્મ ઘડતરના સહાયક છે તેમ સમજાવ્યું છે. સહાયક ઉપર આક્રોશ કરાય? સહાયક સાથે રિસામણાં લેવાય? પ્રદ્વેષ ન કર, તેનો આંતરિક અર્થ એ જ છે કે ક્રોધ–વેરના પ્રત્યેક કારણોને ભગાડી દે. બસ.... તારા આત્મ મંદિરને વીતરાગ ભાવથી શોભાવી દે. વિશ્વ પ્રત્યે ઔદાસીન્યતા કેળવી લે. આજ હૈયાની ભિક્ષુ! તને હિતશિક્ષા છે. પ્રભુ પાસે ઔદાસીન્ય ભાવની ભિક્ષા માંગી ધન્ય બની જા!!!

## ૧૯. વિપ્પસીએજ્જ મેહાવી 卐

મજૂરને પત્થર ગણવાં મળે. ભરવાડણને ઘી દૂધ માપવાં મળે ! મુનીમને પૈસા ગણવાં મળે ! શેઠને સહી કરવાં મળે ! માનવ તો બધા. પણ, કાર્ય કેમ અલગ ? તરત જ જવાબ મળશે. જેટલી બૌદ્ધિક્તા અધિક તેટલું કાર્ય મહાન મળે.

卐 મહેનત ઓછી અને પ્રાપ્તિ અધિક ત્યાં બૌદ્ધિક્તા...
卐 જ્યાં શ્રમ અધિક અને સંપત્તિ ન્યૂન ત્યાં મૂર્ખતા...

સાધક....તું મને જવાબ આપ. તું બુદ્ધિમાન....? મને ખબર છે. મારા પ્રશ્નથી તુ: અકળાઈ જવાનો. હાથ હવામાં વીંઝવાનો....મુટ્ઠીઓ વાળવાનો....ભવાં ચઢાવવાનો, આંખના ખૂણાં લાલ કરવાનો...મુખ કરડું કરવાનો અને દાંત પીસી મને એક બે વાર નહિ પણ દશ વાર તું કહીશ, તમે મને શું સમજો છો ? શું હું બુદ્ધિમાન નથી ? હું મૂર્ખ છું ?

હિતશિક્ષા આપનારે કડવુ ના કહેવુ જોઇએ-પણ તારું વચન તારી ધમાલ જ કહી દે છે કે તું બુદ્ધિમાન નથી. મારી વાત જરા ઠંડા કલેજે સાંભળીશ તો ગળે ઉતરશે....

શું તું હોસ્પિટલમાં ગયો છે ? સારા ડોકટરને તેં ગુસ્સે થતાં જોયા છે ? બજારમાં ગયો છે ? સારા વ્યાપારીને તેં ગુસ્સે થતાં જોયા છે ? શાળામાં ગયો છે ?

સારા શિક્ષકને તેં ગુસ્સે થતાં જોયા છે? વિદ્વાનોની સભામાં ગયો છે? સારા વિદ્વાનોને તેં ગુસ્સે થતાં જોયા છે? કદાચ કાંસાનો રણકાર તારા કાને અથડાયો હશે પણ, સોનાનો અવાજ કયારેય તેં સાભળ્યો છે? મેં પ્રશ્ન પૂછયો અને તું ગુસ્સામાં આવી કેમ જવાબ આપવા લાગી ગયો? શું ફક્ત ગુણવત્તા શબ્દથી સિદ્ધ થાય? શબ્દોથી ગુણવત્તા સિદ્ધ ન થાય, પણ અવગુણનું પ્રદર્શન થાય. ગુણવત્તા વર્તનથી સિદ્ધ થાય. શબ્દ એ તો વ્યવહાર છે. હૃદયના સદ્‌ગુણ શબ્દથી સમજાતા નથી. કેટલીકવાર જવાબ આપવાથી એકના બદલે બે અવગુણ સિદ્ધ થઇ જાય.

બુદ્ધિમત્તા એટલો મહાન ગુણ છે કે શબ્દની તાકાત નથી કે તેનું વર્ણન કરી શકે.

પેશવાના દરબારમાં એક નવો ઝવેરી આવેલ. પેશવા સરકારે ત્રણ હીરા સામે મૂકયા. "કદમાં, વજનમાં, આકારમાં તેજમાં બધી રીતે સરખા." પેશવાએ પૂછયું બોલો ઝવેરી! ત્રણમાંથી સાચો અને મૂલ્યવાન હીરો કયો? હીરા જે થાળમાં મૂકયા હતાં ત્યાં ઝવેરી ગયા. થાળ ઉપર એક વેધક દૃષ્ટિ નાંખી. પેશવાને તથા સભાંજનો ને પણ એકવાર દૃષ્ટિથી માપી લીધા. અને સૌ વિચારે છે. આ ત્રણમાં ઝવેરી કોનું મૂલ્ય કરશે? પણ સૌના આશ્ચર્ય વચ્ચે ઝવેરીએ બે હીરા મોઢામાં મૂકયા

અને હસતાં હસતાં કહ્યું–નામદાર ! આ એક હીરો સાચો. સભામાં સન્નાટો છવાઈ ગયો. "હીરા પેટમાં જાય તો મૃત્યુ થાય." પેશવા સરકારે પુછયું પણ આ શું કર્યું ? જવાબ મળ્યો "મહારાજ ! સત્ય–અસત્યનો વિવેક કર્યો. મારા મોઢામાં સાકર છે હવે કેમ કડવું બોલું ? મહારાજ ! હીરા ત્રણ નહિ એક છે, બે તો સાકરના ટુકડા છે." ઝવેરી ! તમે કેમ સમજ્યા ? "મહારાજ ! હું ઝવેરીનો દીકરો છું. માટે સમજું છું, હીરા ઉપર માખી ન બેસે...."

આ દૃશ્ય બધાએ જોયું પણ વિવેક બધા કેમ ન કરી શકયા ? બધા ઝવેરી ના હતા. એક ને જ હીરાની પારખ હતી. દ્રશ્ય જોવાં સૌની પાસે નેત્ર, હોય....પણ, વિવેકની બુદ્ધિ તો વિરલ વ્યક્તિ પાસે જ હોય.... વિવેક હોય તે બુદ્ધિમાન, વિવેકી; બુદ્ધિમાન બુદની યોગ્યતા શબ્દના ગજ દ્વારા સિદ્ધ ના કરે....!

વારંવાર ગુસ્સો આવે, ઘડી ઘડીમાં મોઢું ચડી જાય ઘડી ઘડીમાં રીસાઈ જાય, રોજ રોજ મનામણાં, રિસામણા કરાવે, બૂમાબુમ કરે, કટાક્ષ બોલે, ગુપ્તવાત બોલે તે મુર્ખ !

ગુરુદેવ ! હવે હું નહિ બોલું, સામો જવાબ નહિ આપું. આપ જ ફરમાવો–સમજાવો–કૃપા કરો ! બુદ્ધિમાન્ કોને કહેવાય...?

સાધક ! યાદ રાખ. "વિપ્પસીએજ્જ મેહાવી.' સદા પ્રસન્ન રહે તે બુદ્ધિમાન્. અપ્રસન્નતા, અણગમો, અરતિ

શોક જેનાં હૃદયના દ્વારેં દેખા ન દે તે મેધાવી–બુદ્ધિમાન્. જેમ દહીં અને દુધ સાથે ના રહે. જેમ સમ્યક્ત્વ અને મિથ્યાત્વ સાથે ના રહે, જેમ આશ્રવભાવ અને સંવરભાવ સાથે ના રહે તેમ અપ્રસન્નતા અને બુદ્ધિમત્તા સાથે ના રહે !

મહાત્મન્ ! આપની વાત સાચી હોઇ શકે પણ, દુનિયાનાં ગળે ઉતરે એવી નથી. બુદ્ધિમત્તા સાથે પ્રસન્નતાને શું સંબંધ ? બુદ્ધિનું કાર્ય કોઈની આંટીઘુંટી જાણવી, કોઇના પેટમાં રહેલ પાપને જાણવું. આ સિવાય બુદ્ધિમત્તાની વળી કંઈ નવી પરિભાષા ? મને તો આ સમજાતું જ નથી.

સાધક ! સત્યમ આકરું છે. સમજાશે એટલે તું સ્વીકારીશ—"પરમાત્માની શિક્ષા કેવી મજાની છે !" વિપ્પસીએજ્જ મેહાવી."—પરમાત્માની શિક્ષાનો મણિ માથે ચઢાવીશ તો જ પરમાત્મા બની શકીશ. ઉત્તરાધ્યયન સૂત્રમાં પ્રસન્નતા સાથે પ્રજ્ઞાવાન્, બુદ્ધિમાન્, મંતિમાન્, શબ્દ ના વાપરતાં મેધાવી શબ્દ વાપર્યો છે, બુદ્ધિ વર્તમાનનો વિચાર કરાવે છે, મેધા ભવિષ્યનો વિચાર કરાવે છે. ભવિષ્યનો વિચાર તે જ કરી શકે છે કે જેને ભૂતકાળ સમજાઇ ગયો હોય, વર્તમાનની ક્ષણ જીવિતા તથા ઉપયોગિતા ખ્યાલમાં આવી ગઇ હોય અને ભાવિમાં શું થશે ? શું પ્રાપ્ત કરવું જોઇએ ? આ વિચારે તે મેધાવી.

મેધાવી હોવાથી પોતાના ભૂતકાળને પણ સમજે છે અને બીજાના ભૂતકાળને પણ સમજી શકે છે. મેધાવી હોવાથી પોતાના વર્તમાન જીવનને *કેમ સફળ બનાવવું* તેનો ખ્યાલ હોય છે અને બીજાના વર્તમાનને કેમ સફળ બનાવવું તેની જાગૃતતા રાખે છે. મેધાવી હોવાથી પોતાના ભાવિની સુંદર યોજના તેની પાસે તૈયાર છે. બીજાના ભાવિ જીવન માટે સુંદર આયોજન છે તેથી જ મેધાવી પ્રસન્ન રહે.

પરમાત્માનો વિપ્પસીએજ્જ...શબ્દ તારી શક્તિઓને પ્રગટ કરે છે. જરા વિચાર સદ્ (સીદ્) સંસ્કૃતનો ધાતુ, તેનો અર્થ પીડાવું, દુઃખી થવું. પ્ર ઉપસર્ગ લાગતાં એ અર્થ દૂર થઈ જાય છે અને પસીએજ્જનો અર્થ થાય છે. પ્રસન્ન થા. જરા પણ ન પીડાય. લવ માત્ર પણ ન પીડાય તે. પ્રસન્ન થવું, આનંદમાં રહેવું, પ્રશાંત બનવું, વિપ્પસીએજ્જ શબ્દનો અર્થ થાય છે—વિશેષ રીતે પ્રશાંત રહેવું, પ્રશાંત બનવું, સદા પ્રસન્ન રહેવું, સર્વત્ર પ્રસન્ન રહેવું, સર્વ પરિસ્થિતિમાં પ્રસન્ન રહેવું. સર્વની સાથે પ્રસન્ન રહેવું.

તારી પ્રસન્નતાને કાળના બંધન નહિ, પદાર્થના બંધન નહિ, વિભાવદશાના બંધન નહિ, કારણ તું બુદ્ધિમાન્ મેધાવી....

મેધાવી બુદ્ધિના ત્રાજવેથી જગતને તોલે નહિ પણ,

પરમાત્માની હિતશિક્ષાના ત્રાજવા દ્વારા ખુદની જાતને તોલે, ખુદને માપે.

મહાત્મા....હું મૂર્ખ બની ગામનો પંચાતીયો બની જગત્ આખાંને તોલવા ગયો, માપવાં ગયો—બધાના ગુન્હા, બધાની ભૂલ અને અપરાધ શોધવા ગયો એટલે અપરાધ, ગુન્હા અને દુર્ગુણનું ચિંતન કરતાં અપરાધી, ગુન્હેગાર, અને દુર્ગુણી બની ગયો. પછી પ્રસન્નતા રહે ક્યાંથી ? ખુદનાં ઉદ્યાનનાં ગુણ પુષ્પોને વીતરાગ વાણીનું જલ સિંચન કરવાનું ભૂલી ગયો અને કર્મના કચરાને લાવી મારા આત્મ ઉદ્યાનને ઉજ્જડ બનાવ્યું. આ છે મહાત્મા મારી કુબુદ્ધિમત્તાની–સાચું કહું તો મૂર્ખતાની કરુણ કથની. પ્રસન્નતાનો ચાહક...પ્રસન્નતાનો ઉપાસક.... પ્રસન્નતાનો પ્રશંસક....આજે હું અપ્રસન્નતાની સાક્ષાત્ મૂર્તિ સમો છું.

સાધક !

મેધાવી પહેલા વિશ્વનો પરીક્ષક નહિ પણ, ખુદનો પરીક્ષક બને. જગત, જીવ અને પદાર્થને સમજી તેના ગુણધર્મને સમજી સદા આત્મ સ્વભાવમાં મસ્ત રહે. ખુદના આત્મગુણનો વિકાસ કરે. મેધાવીને પોતાની દિવ્ય-દૃષ્ટિ વડે જગત્ જીવનાં ગુણનાં જ દર્શન થાય. વિશ્વના ગુણી સાથે જ પરિચય થાય. તેથી તે પ્રસન્ન રહે. એટલે ચિદાનંદના દર્શન થાય. પ્રસન્નતાથી મિથ્યાત્વ મોહનીય

કર્મનો નાશ થાય. પ્રભુપૂજાનું ફળ મળે અને આનંદઘન પદ પ્રાપ્તિના તિલક સમું ક્ષાયિક સમ્યગ્દર્શન મળે! પ્રસન્ન વ્યક્તિને વિશ્વમાં કયાંય અબોલા નહિ, અણગમો નહિ, સર્વની સાથે આત્મિક સંબંધ.

પ્રભુ !

આપનો ઉપાસક છું, ભક્ત છું, આપની હિતશિક્ષા સ્વીકારનારો બનું એજ નમ્ર પ્રાર્થના....

## ૨૦. અપ્પાણા સચ્ચમેસેજ્જા 卐

બહેરા આગળ ગાન કરવાથી શું ?
અંધ આગળ દર્પણ ધરવાથી શું ?
મૂર્ખને હિતશિક્ષા આપવાથી શું ?

વેશ્યા પાસે શીલનું માહાત્મ્ય બતાવવાથી શું લાભ ? તેમ આત્મજાગૃતિ થયા વગર સત્યથી શું લાભ ?

કેરી જોવાથી રંગ સમજાય પણ....સ્વાદ ન અનુભવાય, સાકર જોવાથી તેનું કદ ખ્યાલ આવે પણ...તેની મીઠાશ ન અનુભવાય તેમ જગતમાં સત્ય સિદ્ધ કરી શકાતું નથી, સત્ય બતાવી શકાતું નથી.

卐 'સત્ય એ તો સ્વના સંશોધનથી સિદ્ધ થાય.'

સત્યને સિદ્ધ કરવાના દરેક માર્ગ અપૂર્ણ...પૂર્ણ શુદ્ધ અને સમ્યગ્ માર્ગ તો પરમાત્માએ એક જ દર્શાવ્યો.

### "અપ્પાણા સચ્ચમેસેજ્જા"

મહાત્મન્ ! શું તમે કહો છો ? આત્માના અવાજને અનુસરો ! પરમાત્માના અવાજને નહિ ? ગુરુની વાણીને નહિ ? ખુદની વાત ખુદે સ્વીકારવાની ? મનમાં આવે તે ધર્મ, મનમાં આવે તે કર્મ, મનમાં આવે તે પાપ, અને મનમાં આવે તે પુણ્ય. બસ....ગુરુ ! પછી તો જગતમાં ભયંકર અંધાધુંધી....ઘરઘરમાં હિટલર અને ઘરઘરમાં રંગા

બિરલા. વર્તમાન માનવોનો પ્રધાન સૂર જ આ છે. ન જોઈએ માતાપિતાના બંધન, ન જોઈએ કુટુંબના બંધન, ન જોઈએ જ્ઞાતિના બંધન, ન જોઈએ સમાજના બંધન, ન જોઈએ દેવ–ગુરુ–ધર્મના બંધન. બસ...પછી અમે અમારા મનના રાજા...મહારાજા....બેતાજ બાદશાહ....મનમાં આવે તે જ કરીએ, મનમાં આવે તેમ જ બોલીએ, જગતની પરવા જ નહિ કરવાની, કયારેય કોઈથી દબાવાનું નહિ, દબાઈએ તો સૌ દબાવે. પડકાર કરીએ તો સૌ પગે લાગે. પ્રભુ! આ માર્ગે આજનો સમાજ વણથંભી કૂચ કરી રહ્યો છે. આમાં કંઈ ઉપદેશ–આદેશની જરૂર ખરી?

સાધક! 'અપ્પણા સચ્ચમેસેજ્જા' વાકયનો અર્થ સમજીશ કે તારું જ પ્રવચન શરૂ કરી દઈશ? તારું આ લાંબુ પ્રવચન 'અપ્પણા' શબ્દનો, 'સચ્ચં' શબ્દનો અને 'એસેજ્જા' શબ્દનો અર્થ સિદ્ધ કરી શકે તેમ છે? કશો વાંધો નહિ. તેં વિશ્વની માનસિક પરિસ્થિતિનું ખૂબ સુંદર વિશ્લેષણ કર્યું. ગધેડાને સાકર આપો તો શું થાય? ગધેડો સાકર ખાય અને મરી જાય. બસ...વર્તમાનના જીવો હવે ફક્ત સૂત્રથી શિખામણ નહિ લે, સૂત્ર...નિર્યુકિત...ભાષ્ય...ચૂર્ણિ...ટીકાથી નહિ સમજી શકે એટલે જ દરેકની વ્યાખ્યા કરવી પડશે. પ્રત્યેક વ્યકિતના પ્રશ્ન અને પરિસ્થિતિ તથા બૌદ્ધિકતા સમજી તેની પાસે શાસ્ત્ર જ્ઞાનની રજૂઆત કરવી જરૂરી છે. તેથી જ કહું છું તેં ઉત્તરાધ્યયન સૂત્રનો સૂત્રપાઠ કર્યો તે સારું છે પણ, ઘણું સારું નથી. ઘણું સારું તો

સૂત્રાર્થને સમજીશ ત્યારે થશે. પરમાત્માના પ્રત્યેક સૂત્રો અનંત અર્થયુક્ત છે. શ્રુત સાગરને કિનારે બેસી આપણે તો છીપલાથી રમીએ છીએ. અર્થરૂપ રત્ન તો શ્રુતસાગરમાં ડૂબકી મારે-ચિંતન કરે તો જ મળે. તેથી જ તને વારંવાર કહું છું, સ્વાધ્યાયને સમજ. સ્વાધ્યાય એટલે ગાથાઓ ફેરવી જવી તે નહિ પણ, સ્વાધ્યાય એટલે આત્મામાં નિમગ્ન બની જવું. અર્થ વગર આત્મધ્યાનમાં લીન બનાય? "અપ્પણા સચ્ચમેસેજ્જા"ના અર્થનું ચિંતન કર...

સત્ય પ્રગટ કરવાનું નથી...સત્ય સિદ્ધ કરવાનું નથી. સત્ય તો વિશ્વમાં છે તેને શોધવાનું છે. શોધવાનું કોને હોય? ખોવાઈ ગયું હોય એને, આડું-અવળું થઇ ગયું હોય તેને...

એક વસ્તુ જડતી નથી, ખોવાઇ ગઈ છે. ઘણી મહેનત કરી, શ્રમ કર્યો, વસ્તુ મળી પણ, પાછી જેમ વાદળાની આડે સૂરજ આવી જાય તેમ-વસ્તુ ગુમ. પરમાત્માએ તને સત્યનું શોધન કરવાનું નથી કહ્યું પણ સત્યનું સંશોધન કરવાનું કહ્યું છે-ગવેષણા કરવાની કહી છે. શોધન અને સંશોધનમાં બહુ ફરક છે.

卐 શોધનમાં બીજાની સહાય ચાલે. પણ સંશોધનમાં કોઈની પણ સહાય ના ચાલે. ઈન્દ્રિયોની મદદથી થતું જ્ઞાન તે શોધન. આત્માના સહારે થતું જ્ઞાન તે સંશોધન. પરમાત્માએ સંશોધન કર એ કહેવા દ્વારા તને કેવલજ્ઞાન માટે લલકાર

કર્યો છે, પડકાર કર્યો છે, "તું તારા આત્મા વડે જ સત્યને। સાક્ષાત્કાર કરી શકે છે. કેવલજ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. જ્યારે તું સત્યનું સંશોધન કરી લઇશ ત્યારે તું આત્મા નહિ પરમાત્મા બની ચૂકયો હોઈશ."

શું સત્યનું સંશોધન કરનાર આત્મા મારા–તારાના ગુંચવાડામાં અટવાય ? તેની મૈત્રી, તેનો સંબંધ, તેનું સગપણ–વિશ્વના સમસ્ત પ્રાણી સાથે, ભૂત સાથે, જીવ સાથે અને સત્ત્વ સાથે. કારણ...સત્ય એ છે સર્વ પ્રાણી, સર્વ ભૂત...સર્વ જીવ...સર્વ સત્ત્વ સમાન....સર્વ આત્મ શકિતમય છે, ચૈતન્યમય છે, સર્વ સચ્ચિદાનંદ સ્વરૂપ છે. કોઈ ખાણમાં રહેલું સોનુ છે તો કોઈ આભૂષણ બનેલું સોનુ છે પણ સુવર્ણ સર્વત્ર સમાન છે. શું સુવર્ણકાર સુવર્ણનું અવમૂલ્યાંકન કરે ? શું આત્મજ્ઞાની....સત્ય સંશો-ધક આત્માનું અવમૂલ્યાંકન કરે ? આત્મજ્ઞાનીએ વિશ્વ સાથે મૈત્રી કરવી જોઈએ તેમ કહેવાય ? ના....તો પછી આત્મ જ્ઞાનીને વિશ્વ સાથે મૈત્રી કર્યા વિના ના ચાલે ? આત્મ-જ્ઞાની, સત્ય સંશોધક વિશ્વનું સાચું તત્ત્વજ્ઞાન સમજે નહિ અને એને પચાવે નહિ તો તે સત્ય સંશોધન કહેવાય ? બીજાની આંખે જોયેલું ખોટું પણ પોતાની આંખે દેખેલું તો બાળકો પણ માને...આત્મા વડે સત્યનું સંશોધન...આમાં તને સમસ્ત તત્ત્વજ્ઞાનનો સાર આપ્યો છે. આત્માને સમજ. બહિરાત્માને સમજ....અંતરાત્માને સમજ....મહાત્માને સમજ....પરમાત્માને સમજ....આત્મા અમર, અજર, શાશ્વત

છે. તો પછી મૃત્યુ કેમ ? જન્મ કેમ ? આત્મા નિરંજન, નિરાકાર તો તેના ઉપર રાગદ્વેષ કેમ ? આત્મા અવ્યાબાધ સુખનો માલિક છે. તો હું સુખી, હું દુઃખી, આવો અનુભવ કેમ ? આત્મ સ્વભાવ અગુરુલઘુ, તો પછી નાના–મોટાનો ભેદ કેમ ?

બસ...'સત્યનું સંશોધન કર.' તો શું વિશ્વમાં સત્ય અને અસત્ય બે છે ? સાચું અને ખોટું ? સમ્યગ્ અને મિથ્યા....મને શું સમજ પડે ? હું તત્ત્વજ્ઞાની નથી. મને તો કોઇએ કર્યું તેનું અનુકરણ કરતાં આવડે. પરમાત્માના શાસનમાં શ્રદ્ધાથી અનુસરણ કરાય પણ અંધવિશ્વાસી બની અનુકરણ નથી કરવાનું. પરમાત્માના જીવનમાં જે બન્યું તે બધું નહિ કરવાનું....પરમાત્માએ જે ઉપદેશ્યું તે કરવાનું. એટલે જ પરમાત્માએ કહ્યું છે 'સત્યનું સંશોધન કર.'

卐 આત્મ દ્વારા આત્મ સ્વરૂપ.

卐 સત્ય દ્વારા તત્ત્વજ્ઞાન.

卐 સંશોધન દ્વારા સમ્યગ્ ચારિત્ર.

卐 આમ સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્ ચરિત્ર દ્વારા પ્રભુએ નિઃશ્રેયનો માર્ગ દર્શાવ્યો છે.

આ શાસનમાં કયાંય ચમત્કાર નહિ....દેવમાયા નહિ, ઈન્દ્રજાળ નહિ....પરમાત્માના સમવસરણમાં ચોસઠ ઈન્દ્ર હોય પણ, ઈન્દ્રો પ્રભુને છોડી કયાંય સેવા કરવા જાય નહિ. પરમાત્મા જ સત્યનો ઉપદેશ આપે. ઈન્દ્રભૂતિ ગૌતમસ્વામી

સામે પણ કોઈ ઈન્દ્રે ચમત્કાર ન દર્શાવ્યો. ભવ પરિસ્થિતિ પરિપકવ થશે એટલે આત્મા મોક્ષના સાધનોને પામશે... દુર્ભવ્યોને–અભવ્યને ઉપદેશ ના હોય આસન્ન ભવ્યને જ ઉપદેશ અપાય અને તેઓને જ ઉપદેશ અસર કરે !

ઈન્દ્રભૂતિ પરમાત્મા સામે વાદ કરવા આવ્યા તો પરમાત્માએ કહ્યું, "તારા વેદશાસ્ત્રનો પુનઃ વિચાર કર. સમ્યગ્ આલોચના કર. વેદ પદનો અર્થ તું ખોટો કરે છે. વેદપદ એટલે જ્ઞાન." જ્ઞાન સત્ય છે. જ્ઞાનનો ધારક મિથ્યાત્વી હોય તો સમ્યગ્ જ્ઞાનને પણ મિથ્યા બનાવે. તેથી જ પરમાત્માની હિતશિક્ષા છે. "અપ્પણા સચ્ચમેસેજ્જા" 'સત્યનું સંશોધન કરી શકે તે પંડિત,' પંડિત છે તો સમીક્ષા કરવાની તાકાત છે. જીવો કેમ જન્મમરણમાં ભટકે છે? જગત કેમ અજ્ઞાનમાં અટવાય છે? સાધક કેમ સાધનાથી ભ્રષ્ટ થાય છે? સાધક અવસ્થામાં સાધનાનો શત્રુ–માન કેમ ફાવી જાય છે? સત્યનું સંશોધન કરવા નીકળ્યો અને અસત્યના રવાડે ચઢી ગયો? આત્મા વડે સત્ય જ્ઞાન કરવાને બદલે દેહનો ઉપાસક બની ગયો! ગુર્વાજ્ઞાની આરાધના કરવાને બદલે અહંની આભડછેટમાં અભડાઈ ગયો !

તેથી જ ફરી ફરી કહું છું, 'અપ્પણા સચ્ચમેસેજ્જા' તું વિચાર....સત્ય અપાતું નથી. સત્ય કોઈ પદાર્થ નથી કે તેની લેવડ દેવડ થાય. આદાન–પ્રદાન તો પદાર્થના હોય! સત્ય મેળવવાનું હોય....પ્રાપ્ત કરવાનું હોય....સત્યનો

અનુભવ કરવાનો હોય. સૂર્ય પૃથ્વી ઉપર પ્રકાશ ફેલાવે, ચક્ષુ આપણે ખોલવાના અને જગતને નિહાળવાનું....દેવ, ગુરુ સૂર્ય જેવા છે. પ્રકાશ ફેલાવશે પણ જગતનું જ્ઞાન તો ત્યારે જ થાય કે જ્યારે આંખ ખોલીએ–તેથી જ પરમાત્માની હિતશિક્ષા છે. 'અપ્પણા સચ્ચમેસેજ્જા'.

પ્રભુ !

આપની હિતશિક્ષા શિરસાવંદ્ય.

આપની હિતશિક્ષા તો સ્વસ્વભાવના પ્રગટીકરણની પરમ પ્રક્રિયા છે...પ્રભુ ! આપ તો સાચા દાનવીર છો.

'અપ્પણા સચ્ચમેસેજ્જા' પદ વડે આપ મને આપ સમાન પદવીના પ્રદાન કરવા ચાહો છો ! પણ....શું આપની પદવી સ્વીકારવાને લાયક બનીશ ?

આપની કૃપા મારી પાત્રતા સિદ્ધ કરે એજ નમ્ર વિનંતી....

## ૨૧ "ઈમં દેહં સમુદ્ધરે" 卐

બે સ્ત્રીઓ એક એક મણ વજનનું પોટલું લઈને જાય છે. બંને સ્ત્રીઓની ઉંમર સમાન છે. દેહની મજબૂતાઈ સમાન છે. બંનેને માર્ગ પણ સરખો જ છે. છતાં એક હાય....હાય કરે છે. એક હાશ....હાશ કરે છે. એકને કંટાળો લાગે છે તો એકને આનંદ આવે છે. એક ક્યારે પંથ પુરો થાય ને પોટલું ઊતારું–એમ વિચારે છે. એક જ્યારે પંથ પુરો થશે ત્યારે પોટલું યોગ્ય સ્થાને સંભાળીને જ મૂકીશ. એમ વિચારે છે.

ક્રિયા બંનેની સમાન છે, પણ ધ્યેય બંનેના અલગ છે. કારણ, એક મજૂર સ્ત્રી છે, જ્યારે એક માલિક સ્ત્રી છે મજૂર અને માલિકના ધ્યેય અવશ્ય અલગ પડે.

તલવાર તો સજ્જન–શાહુકાર પાસે પણ હોય અને ડાકુ પાસે પણ હોય. એક તલવારથી કોઈનાં ગળાં કેમ ઊતારવાં–પોતાના મનની મેલી મુરાદો કેમ પુરી કરવી, તેના વિચારમાં જ હોય. ત્યારે એક કોને કેવી રીતે સહાયક થવું–કષ્ટમાંથી કેમ ઉગારવાં તે જ વિચારમાં હોય.

દેહ ધારણ તો સંયમી પણ કરે અને સંસારી પણ કરે. "પણ દેહ માટે જીવે તે સંસારી, સંયમ માટે જીવે તે સંયમી." દેહની આળપંપાળ કરે તે સંસારી, દેહની રક્ષા કરે તે સંયમી. દેહ દ્વારા આશ્રવનું આચરણ કરે તે

સંસારી–દેહ દ્વારા નિર્જરા ઉત્પન્ન કરે તે સંયમી. દેહ દ્વારા રાગ દ્વેષ કરે તે સંસારી–દેહ દ્વારા રાગદ્વેષનો ક્ષય કરે તે સંયમી. દેહના કારણે નરકમાં જાય તે સંસારી.

**"દેહના સહારે સિદ્ધિ હાંસલ કરે તે સંયમી."**

દેહ માટે સંગ્રહ કરે તે સંસારી...દેહને ભોજન આપવા દ્વારા સાધના કરે તે સંયમી....દેહના સંરક્ષણ માટે સતત જાગૃત રહે તે સંસારી....દેહના સદુપયોગ માટે સદા સાવધ રહે તે સંયમી...દેહના મમત્વથી ઔષધ લે તે સંસારી–દેહ દ્વારા સાધના કરવા ઔષધ લે તે સંયમી... દેહના મમત્વથી આરામ કરે તે સંસારી...દેહ દગો ના દે તે માટે આરામ કરે તે સંયમી...દેહની શોભા માટે વસ્ત્ર પહેરે તે સંસારી...દેહના દર્શન દ્વારા કોઈને પાપ ન બંધાઈ જાય તેવી સાદાઈથી વસ્ત્ર ધારણ કરે તે સંયમી...

ઉત્તરાધ્યયન સૂત્રમાં પરમાત્મા ફરમાવે છે, "ઇમં દેહં સમુદ્ધરે" આ દેહ એટલે ઔદારિક દેહ, ઔદારિક વર્ગણાથી બનેલ દેહ–શરીર. શરીર પાંચ–ઔદારિક–વૈક્રિય–આહારક–તૈજસ–કાર્મણ. પણ ઔદારિક સિવાય એક પણ શરીર કર્મક્ષયમાં સહાયક નહિ–સંયમ સાધનામાં સહાયક નહિ.

મહાત્મા ! જે પરમાત્માએ કર્મમાત્ર ઉપાધિમાત્ર છોડવાની કહી તે પરમાત્મા જ ફરમાવે છે – "ઇમં દેહં સમુદ્ધરે" ઔદારિક શરીર પણ ઔદારિક કર્મનું ફળ છે.

કર્મમાત્રના વિરોધી દેવાધિદેવ કર્મના ફળ સમા ઔદારિક શરીરનું – દેહનું સમર્થન કરે? આત્માના પુરસ્કર્તા આત્મવાદના નિરૂપક પરમાત્મા દેહનું સમર્થન કરે? દેહને ધારણ કરવાની વાત કરે? મને તો સમજાતું નથી. શત્રુનો તો નાશ કરવો જ જોઇએ. "શત્રુનું સંરક્ષણ એટલે જ મિત્રનું દમન." દેહનો પક્ષ ત્યાં આત્માની હાર. પરમાત્માના નામે દેહનું સંરક્ષણ?

**સાધક!!!**

તારી વાત દાદ માંગી લે તેવી છે. તું દૂધનો દાઝેલો છાશ પણ ફૂંકીને પીવે છે. તારી વાત સાચી છે. જગતમાં પરમાત્માના નામે ઘણાં ખુદની સ્વમતિ સ્થાપે છે.

卐 "પરમાત્માની આજ્ઞાના રહસ્ય સમજ્યા સિવાય સૌ શાસ્ત્રની જ વાતો કરે છે. શાસ્ત્રમાં અનેક વિધિ, અનેક નિષેધ આવે–શાસ્ત્રમાં અનેક ઉત્સર્ગ આવે–અનેક અપવાદ આવે. શાસ્ત્રના નામે ગમે ત્યાં મતું મરાય નહિ."

પ્રત્યેક શાસ્ત્રની વાતોના ખુલાસા ગીતાર્થ ગુરુ ભગવંત પાસે મેળવવા જોઇએ. દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ અને વ્યક્તિ વિશેષની અપેક્ષાએ થયેલી વાતને અપેક્ષા છોડી ઉપયોગ કરીએ તો, ભયંકર નુકશાન થાય.

દવાની દુકાનમાં દવા તો અનેક હોય. બધી દવાઓ જીવાડવા જ હોય, રોગ નિવારવા જ હોય,- આરોગ્ય પ્રાપ્તિ

માટે જ હોય, પણ...તે દવા ડોકટરની અનુમતિ વગર લઈએ તો? ડોકટર સાથે કુતર્ક કરીએ કે અમારી ભાવના ઘણી ઉચ્ચ છે. તમને તકલીફ ન થાય માટે પૂછયા વગર દવા લઈ લીધી... આમ કરે તો શું થાય? ડોકટરનું કંઈ ન જાય. દવા લેનારના પ્રાણ જાય...

તેમ પ્રત્યેક શાસ્ત્ર આત્મ કલ્યાણ માટે. પણ, "ગુર્વાજ્ઞા વગર આપણી જાતે શાસ્ત્ર જ્ઞાનનો ઉપયોગ કરીએ તો આત્મિક આરાધના જોખમમાં. સમ્યગ દર્શન રૂપ આત્મ-પ્રાણનો નાશ થઈ જાય" તારી શુદ્ધ શાસ્ત્રાજ્ઞા સમજવાની ભાવનાની અનુમોદના કરું છું. શુદ્ધ શાસ્ત્રીય ચારિત્ર પાળનાર! તને ધન્યવાદ આપું છું. તારો પ્રશ્ન છે—મારો જવાબ છે. પરમાત્માની હિતવાણી છે—હિતોપદેશ છે "—ઇમં દેહં સમુદ્ધરે!"

પૂર્વે બાંધેલા કર્મના ક્ષય માટે આ દેહને ધારણ કરે. આ હિતશિક્ષા દ્વારા પરમાત્મા કહે છે. આ માનવ-દેહની એટલી સુંદર તાકાત—તારા જન્મ—જન્મના બાંધેલા કર્મનાશમાં તને સહાય કરશે—મદદ કરશે. બિભીષણ, રાવણનો ભાઈ એ હકીકત પણ તે સાત્વિક વૃત્તિમાં સહાયક. કેટલાંક ચિંતકો કહે છે, જો બિભીષણ રામચંદ્રજીને સહાયક ન બન્યા હોત તો રામચંદ્રજી રાવણને જીતી શકયા ન હોત... કર્મનો જંગ જમાવીને બેઠાં છીએ. પછી વિચારવાનું નહિ—કોણ કોના પક્ષનું? બસ, ફક્ત એટલું વિચારવાનું કે

આપણને તે સાધનનો સદુપયોગ કરતાં આવડે છે કે નહિ? શરીર દ્વારા બાર પ્રકારના તપની સાધના કરી લેવાની. શરીર દ્વારા જ જાપ અને ધ્યાન કરી લેવાના. શરીર દ્વારા જ જગતનો ઉપકાર સાધી લેવાનો...

જે દેહના મમત્વથી જન્મ મરણનું કોકડું ગુંચવાયું, તે દેહ દ્વારા જ જન્મ મરણના કોકડાને ઉકેલી દેવાનું છે.

"તેં દેહ દ્વારા કર્મ બાંધ્યા. હવે તારે દેહ દ્વારા જ કર્મનો નાશ કરવાનો છે." આ આંતરિક હકીકત છે.

દેહના મમત્વ માટે દેહના જતન નહિ પણ, અપ્રમત્ત ભાવની પ્રાપ્તિ માટે. દેહના મમત્વ માટે ભોજન નહિ પણ, ભજનમાં સ્થિરતા રહે માટે. દેહના મમત્વ માટે ઔષધ નહિ લેવાનું પણ સમાધિભાવની પ્રાપ્તિ માટે.

"યાદ રાખી લે...દેહ તારો પણ, દૂત તો પરમાત્માનો જ. પરમાત્માનો દૂત કર્મક્ષય સિવાય શાની વાત કરે?"

પરમાત્માના દૂત સમા સાધુના દેહનો એક જ સંદેશ હોય....જાગૃત બનો. આત્માને જ વિજયી બનાવો. વીર બનાવો....મહાવીર બનાવો....

પરિગ્રહ માટે સાધુનો ઉપદેશ ન હોય....આદેશ ના હોય....પણ જગત જીવ પ્રત્યે અપાર કરુણા ને વાત્સલ્ય હોય. તેથી જ મહાન શાસન પ્રભાવક આચાર્ય ભગવંતે જગડુશાને ધનનિધિ બતાવ્યો. ભયંકર દુકાળની આગાહી કરી....અને સારા ય ભારતને જગડુશાહે ત્રણ વર્ષ સુધી

અન્ન પૂરું પાડયું. લોક કથા કહે છે – જગડુશાહના મૃત્યુ સમયે દિલ્હીના બાદશાહે માથા પરથી મુગટ ઉતાર્યો હતો. ગુજરાતના સુબાએ ત્રણ દિવસ શોક પાળ્યો હતો. સાધુની અંતર્વાણી પાછળ પરિગ્રહ સંજ્ઞાનું જોર હતું કે દાનભાવનાનું પ્રેરક પીઠ બળ હતું ? આજે પણ સૌ જગડુશાહના પરિગ્રહને અભિનંદન આપે છે કે જગડુશાહના દાનને ! ! !

સાધક ! સાધુનો દેહ એટલે પરમાત્માના શાસનની સંપત્તિ. દેવદ્રવ્યનું ભક્ષણ જેમ અનંત સંસાર પરિભ્રમણ કરાવે, તેમ જો સાધુ પણ દેહનો દુરુપયોગ કરે તો ?

"જેમ જિનમંદિરની જગતિમાં આશાતનાનો ત્યાગ કરવો જોઈએ. તેમ સાધકે દેહમંદિર વિરાધનાથી મલિન ન થાય, તેની તકેદારી રાખવી જોઇએ."

જેમ જિનમંદિરમાં અધિષ્ઠાયક દેવ જાગૃત રહે તે માટે સુગંધી વાતાવરણ રાખવું જોઈએ તેમ દેહનો અધિષ્ઠાતા આત્મા જાગૃત રહે તે માટે કલ્પ્યાકલ્પ્યનો વિચાર રાખવો જોઇએ. પેયાપેયનો ઉપયોગ રાખવો જોઈએ.

સાધક ! શરીર તારું પણ અધિકાર પરમાત્માનો–ગુરુનો. તારી ઇચ્છા મુજબ–ભાવના મુજબ–મનોરથ મુજબ ઉપયોગ ન કરી શકાય. સાધકને શરીર ઉપયોગ માટે પરમાત્માની આજ્ઞા જોઇએ, ગુરુનું અનુશાસન જોઇએ. નદી–સમુદ્રમાં મળી ગયા પછી પોતાનું અસ્તિત્વ અલગ રાખી શકે નહિ અને જો પોતાનું અસ્તિત્વ અલગ રાખે

તો સમુદ્રની વિશાળતા અને અક્ષયતાને પામી શકે નહિ. સાધુ સંયમ લીધા બાદ મને પેટ દુઃખે છે–માથું દુઃખે છે–ફરિયાદ કરી શકે નહિ. સાધુ સંયમ લીધાં બાદ ક્યારે ય શરીરનો પક્ષ કરે નહિ. મારું શરીર ચાલતું નથી. હું ગોચરી નહિ જાઉં–વિહાર નહિ કરું–ગરમીમાં નહિ જાઉં આવી કાયરતાની વાતો કરે નહિ. સાધુએ દીક્ષાને દિવસે જેમ બધી સંપત્તિ–સત્તા સંસારી સ્વજનોને સોંપી દીધી છે, તેમ

卐 "સાધુએ દીક્ષાના દિવસે જ શરીર સાધના માટે શાસનને સમર્પિત કરી દીધું છે."

શરીરની જવાબદારી ગુરુના ચરણે સોંપી તે નિષ્પરિગ્રહી બન્યો છે. દીક્ષાના સમયે શરીર ગુરુને સોંપ્યું નહિ તો નિષ્પરિગ્રહી શાનો ? પરિગ્રહ રાખે તે સાધુ કહેવાય ? જેમ ગુર્વાજ્ઞા દ્વારા નવદીક્ષિત વસ્ત્રકંબલ–પાત્ર–રજોહરણ સંયમ પાલન માટે સ્વીકારે છે તેમ ગુર્વાજ્ઞા દ્વારા આ શરીરને પણ સંયમ સાધના માટે સ્વીકારે છે. રજોહરણ જેમ જીવદયામાં સહાયક તેમ શરીર પૂર્વકર્મક્ષયની નિર્જરા માટે સહાયક !

સાધક !! આતો દેવાધિદેવ વીતરાગનું શાસન અનેકાંતવાદમય છે.

卐 "દેહના મમત્વ છોડવાનો અને દેહનો સદુપયોગ કરવાનો, દેહ ધારણ કરવાનો પણ, તેના સમ્યગ્

ઉદ્ધાર માટે, ફરી દેહ ધારણ કરવો ના પડે તે માટે."

અમારા પૂ. દાદા ગુરુદેવ લબ્ધિસૂરિ મ.સા. તેઓશ્રીએ નિત્યનોંધમાં લખ્યું છે "ઓ ! કર્મ હું તારી પાસે એક માંગણી કરું છું. એકવાર એવું ઔદારિક શરીર આપ કે જે ક્ષપકશ્રેણિમાં સહાયક હોય. મહાન આત્મા હતા. સ્વાધ્યાયમાં લીન હતા એટલે દેહના ઉદ્ધારની પ્રક્રિયા સમજેલાં અને દેહના ઉદ્ધાર માટે ચિંતનમાં દૃઢ ચિત્ત બનેલાં....

**પરમાત્મા ! !**

હું અલ્પ સત્ત્વવાન્. આત્મા દ્વારા આત્મોદ્ધાર ના સમજું તો દેહોદ્ધાર દ્વારા ક્યાંથી આત્મોદ્ધાર સમજું ? પણ, જો આપ કૃપા કરો તો "વિશ્વ કલ્યાણમાં સહાયક તીર્થંકર નામકર્મ યુક્ત ઔદારિક દેહ પ્રાપ્ત કરું."

સદા મને આપનો ઉપદેશ રહે અને વિશ્વ કલ્યાણ માટે સદા ભાવ જાગૃત રહે તે જ શક્તિ આપો....

# ૨૨. કસ્સ હેઉં પુરા કાઉં જોગક્ખેમં ન સંવિદે 卐

વિશ્વનો પ્રત્યેક માનવ આશા-ઇચ્છા-અભિલાષા રાખે છે. આશા-ઇચ્છા-અભિલાષા પૂર્ણ કરવાં મથે છે. આશા-ઇચ્છા અભિલાષા પૂર્ણ ન થતાં હૈયાફાટ રુદન કરે છે. હવે શું? કોને કહેવું? કોણ અમારા રખવાળાં કરે? પણ ભલા માણસ! તે અસત્યની આરાધના કરી. બાવળના ઝાડ નીચે તો કંટક જ મળેને? કંટકની ફરિયાદ કેમ કરે છે? રણમાં રેતી ના હોય તો શું હોય? સમુદ્રમાં ખારા જળ ના હોય તો શું હોય? ગૃહકંકાશમાં સત્યાનાશ ના હોય તો શું હોય? આશા અને અભિલાષાનો આતશ સર્વનાશનો દાવાનળ ન પ્રગટાવે તો શું થાય?

તારા માનવ જન્મનો દાવાનળ કોઇએ પ્રગટાવ્યો નથી પણ, તે જ પ્રગટાવ્યો છે. ઠંડી નિવારણ માટે અગ્નિની જરૂરિઆત, કદાચ એ સ્વીકારવા જેવી વાત....પણ, અગ્નિ પ્રગટાવવા કલ્પવૃક્ષને જલાવાય?

ઇચ્છાઓ...આશાઓ....કામનાઓ પૂર્ણ કરવા દેવ-દાનવના અનેક જન્મ હતાં. માનવ જન્મનાં આયુષ્યને ઇચ્છાના આતશમાં હોમી દેવાય? માનવ જન્મના એક અંતર્મુહૂર્તની તાકાત શું તું સમજે છે? તને વિમાનની ગતિ ખબર છે? રોકેટની ગતિ ખબર છે? તને સૂર્યના

પ્રકાશની ગતિ ખબર છે ? તને શબ્દના મોજાની શક્તિ ખબર છે? તને મનના તરંગોની શક્તિ ખબર છે? પણ સાચુ કહું ? તુ મૂર્ખ છે ! મહામૂર્ખ છે! મૂર્ખશિરોમણિ કહું તો પણ માહું....શું ? મનુષ્યના આયુષ્યના એક અંતર્મુહૂર્તની તાકાત તને ખબર છે? જો આટલું ન જાણતો હોય તો આત્મશકિતની વાત જ તને કયાં કરવી ? તું કહીશ....ના હું જાણું છું. મને ખબર છે. પણ તને નથી લાગતું તારું જ્ઞાન તારા સંયમના યોગક્ષેમ કરી શકશે ? તારી સાધનાના રખોપા કરવાની તારી પાસે શકિત છે?

卐 માનવ જન્મનું એક અંતર્મુહૂર્ત એટલે અનંત અનંત કાળચક્ર સુધી કરેલ કર્મબંધનો ક્ષણમાં નાશ કરી શકે તેવો ભવ્યકાળ.

માનવ જન્મના સાત લવનું આયુષ્ય ઓછું પડે. છઠ્ઠનો તપ અધૂરો રહે તો પુણ્યની તેત્રીસં સાગરોપમ સુધીની રાજશાહી કેદ આત્મરાજને ભોગવવી પડે....

જગતનું મૂલ્ય કર યા ન કર તે તારી મરજીની વાત. વીતરાગની વાતનું મૂલ્યાંકન કરવા જેટલું હજી તારામાં સામર્થ્ય નથી. સાચે વીતરાગની વાત સમજવાને ગર્ભસ્થ બાળક જેવી તારી દશા છે પણ, મારી તો તને એક જ હિતશિક્ષા છે. તારા પુરુષાર્થનું, તને મળેલ અદ્વિતીય સંપત્તિનું તું મૂલ્યાંકન કર. ગમે તેમ તોયે તું વીતરાગ પંથનો ચાહક છે. ઉપાસક છે. પણ કામના....વાસના

ચાહનાના ટોળામાં ફસાઈ ગયો છે. મોક્ષની આહેલક પોકારવાની તારી શક્તિને તેં રુંધી છે. પહાડોના પહાડો કુદી જનાર આજે તું કીડી વેગે પણ ચાલતો નથી.

જેમ રૂપવતી સ્ત્રીને કોઈ મારી નાંખે નહિ. પણ તેના ઉપર વશીકરણ વિદ્યા કરે...વશીકરણને વશ થયેલી તે રૂપવતી બધાને ભૂલી. આકર્ષણ કરનારને જ અનુસરે, ન પોતાના રૂપનો વિચાર કરે. ન ભયાનક માર્ગનો વિચાર કરે, ન અમાસની અંધારી રાતનો વિચાર કરે. એક જ ઝંખના, એક જ તલસાટ, આકર્ષણ કરનારની પાછળ દોટ! મુઠીવાળીને દોટ! આંધળી દોટ....!

તું મોક્ષનો મુસાફર! તું અનંતનો પ્રવાસી! તું શાશ્વત આત્મા...! આજે કામનાને રવાડે ચઢી વાસનાની વિષમ વાટે ભાગી રહ્યો છે પણ, તને ખબર છે? તારી માનવ જન્મની સાધનાનું અવમૂલ્યાંકન થાય છે? સરળતા.... ભદ્રિકતા, મધ્યસ્થતાના સહારે તે ગતજન્મમાં મનુષ્ય આયુષ્ય કર્મ બાંધ્યું. માનવ જન્મ માટે હંમેશા એક જ સિદ્ધાંત છે કે ત્યાં પ્રવેશ મળવો ખૂબ કઠીન છે. અસંખ્ય દેવો અસંખ્ય નારકીઓ, અનંતા તિર્યંચો, સંખ્યાતા માનવીઓના અરજી પત્રો હતાં. "અમને માનવ જન્મ જોઇએ." બધા જોતાં રહ્યા અને તારા પુણ્યે જોર કર્યું તું માનવ બની ગયો. પણ હવે શું? તું જ તારા પુરુષાર્થનું, તારા પુણ્યનું અવમૂલ્યાંકન કરીશ? મહામૂલા માનવજન્મની પળોનો, માનવના આયુષ્યનો, નશ્વર અને તુચ્છ ઇચ્છાઓની

પૂર્ણાહુતિ માટે ઉપયોગ કરીશ ? સૌ પોતાની જાત માટે સ્વતંત્ર છે. તું બંધન નહિ ચાહે તો તારા ઉપર કોઈ તપ, ત્યાગ, યમનિયમના બંધન નહિ નાંખે પણ, જવાબ આપ! ઈચ્છા પૂર્ણાહુતિમાં તારું માનવનું આયુષ્ય વ્યતીત થાય છે. પછી તારા સંયમ ધર્મના યોગક્ષેમ શાનાથી ? કઈ આરાધના–સાધના દ્વારા તારી કુશળતા ? તારા સંયમ ધર્મના યોગ ક્ષેમ કર્યા વિના તું સંયમનો માલિક સંયમનો સ્વામી, સંયમનો નાથ કેવી રીતે રહી શકે ? જગતમાં કોઈનો પણ વિચાર ન કર. કોઈના પણ માટે વિચાર ના કર.

પણ....યોગક્ષેમનો વિચાર કર. એક બાજુ ઈચ્છાઓને રાખ. તારી દરેક ઇચ્છાઓમાંથી પૂર્ણ થાય તેવી કેટલી ઇચ્છા? તારી પૂર્ણ થયેલી ઇચ્છા કેટલી ? ઈચ્છા પૂર્ણ કરવા તારે શું બલિદાન આપવું પડ્યું છે તેની ખબર છે? પોતાના પાદ પ્રક્ષાલન માટે જલ વપરાય પણ અમૃતનો દુરુપયોગ કરાય? ના....ના....અમૃતનો દુરુપયોગ ન કરાય....ભલા! અમૃતનો દુરુપયોગ કરાય કે ના કરાય એ દેવોને પૂછજે....હું તો સાધના પંથનો પ્રવાસી. શુભ-ભાવનાનો સંગાથી. મને એકલી જ પરમાત્માની હિતશિક્ષા યાદ રહી છે. ઈચ્છા માટે માનવ જન્મની હોળી ના જલાવાય. પાછું સુખ તો નહિ જ. ઈચ્છા તો અપૂર્ણ ને અપૂર્ણ. કુશાગ્ર બિન્દુ જેટલી પૂર્ણ ઈચ્છા પણ, સાગર જેટલી અપૂર્ણ ઈચ્છા.

ક્ષણવારમાં દુષ્ટ મોહ આંખ સામે રૂપનું નવું રમકડું લાવ્યો. રાવણના અંતપુરમાં રૂપવતી રમણી અનેક હતી. બધી પ્રિય હતી પણ, સીતાજીના રૂપનું વર્ણન સાંભળતા મોહે તુરત પલ્ટો કર્યો. હવે આ બધા ના જોઈએ. રામચંદ્રજીની પત્ની સીતા જ જોઇએ. ઈચ્છાની સફળતા, નિષ્ફળતા એ તો ભાવિના ગર્ભમાં પણ, માનવ-જન્મનું અપમાન તે નક્કર હકીકત—

માનવ જન્મના અવમૂલ્યાંકન દ્વારા સાધનાનું અવ-મૂલ્યન, સાધનાના અવમૂલ્યન દ્વારા દેવ ગુરુ ધર્મનું અવમૂલ્યન. દેવ ગુરુ ધર્મનું અવમૂલ્યાંકન કરનાર સંયમના યોગક્ષેમ કેવી રીતે કરી શકે?

સાધક! તારી સાધુતાની ભાવનાનું અભિનંદન કરું છું. તારી દીક્ષાના સાહસને લાખો કરોડોવાર બિરદાવું છું. પણ મારી ફરજ છે. તેથી સાવધ રહેવા સાયરન બજાવું છું. સાધુ બન્યો છે પણ, ઈચ્છાએ તારો પીછો છોડયો નથી, દશમા ગુણસ્થાનક સુધી તારી સાથે છાનગપતીયાં રમશે. તને એવો ભૂલભૂલામણીમાં નાંખી અનાથ બનાવી દેશે કે તારા સમ્યગ્ દર્શનના નયનો પણ ફોડી નાંખશે. તારું સમ્યગ્ જ્ઞાન, તારું સમ્યગ્ ચારિત્ર કયારનાય ઝુંટવાઈ ગયા હશે? તું મોક્ષ માર્ગથી દૂર દૂર ફેંકાઈ જઈશ.... તને મિથ્યાત્વી બનાવી નરક નિગોદની જેલમાં કેદ કરાવી દેશે. આ બધી મોહલીલા શ્રી ગુરુમુખે સાંભળી છે. મોહથી મારી થયેલી નારાજી અનુભવી છે એટલે વૃદ્ધ

માજીની જેમ એકની એક વાત ફરી ફરી તને કહું છું.
' કસ્સ હેઉં પુરા કાઉં જોગક્ખેમં ન સંવિદે. '

ભલા ભાઈ ! તું પ્રતિજ્ઞા કરી લે, "હું મારા યોગક્ષેમના માર્ગે જ સંચરીશ" સાધક ! તારી સિદ્ધિ જોવાની હૃદયની અભિલાષા છે. એટલે જ કહું છું તું બોલ. ' હું તપસ્વી બનીશ કે નહિ તે મને ખબર નથી. હું જ્ઞાની બનીશ કે નહિ તે મને ખબર નથી, હું ધ્યાની બનીશ કે નહિ તે મને ખબર નથી, હું પ્રવચનકાર બનીશ કે નહિ તે મને ખબર નથી, હું ગ્રન્થ સર્જન કરીશ કે નહિ તે મને ખબર નથી, હું શાસન પ્રભાવક બનીશ કે નહિ તે મને ખબર નથી. પણ, મારી પ્રતિજ્ઞા છે હું સંયમના યોગક્ષેમ અવશ્ય કરીશ. દીક્ષા દિવસના આરંભથી જે જેટલાં સદ્ગુણો આપ જેવા વડીલોની હિતશિક્ષાથી પ્રાપ્ત થયા છે તેને હું બરોબર જાળવી રાખીશ. તેમનું માતા જેવા વાત્સલ્યથી ક્ષેમ–કુશળ કરીશ. અને તે ગુંણોનું ક્ષેમ–કુશળ કરતાં જે જે નવા સદ્ગુણો આપ જેવાની કૃપા દૃષ્ટિથી પ્રાપ્ત કરવા જેવા સમજાશે તે બધાની પ્રાપ્તિ કરીશ. મારે તો અપૂર્વ ગુણોનો યોગ કરવાનો છે અને પ્રાપ્ત ગુણોનું ક્ષેમ કરવાનું છે.

બસ...બસ....મારા નવલા સાધક....જો તું ઇચ્છાનો રોધ કરીશ. તો તું તારી મેળે યોગક્ષેમને સાધી શકીશ. અનંત સિદ્ધોની અનુપમ આત્મસભામાં તારું

સિંહાસન નિશ્ચિત થશે. મોક્ષ પ્રાપ્તિના તારા હક્કની જય ઘોષણા વિશ્વમાં વિસ્તૃત બની જશે.

**પ્રભુ !**

આપની હિતશિક્ષા શિરસાવંદ્ય કરું છું. મેઘકુમાર મુનિ મહાત્માની જેમ આપ મારા નાથ બનો. મારા સંયમના યોગક્ષેમને....હું સમજ્યો...પણ...આપના સેવકની યોગક્ષેમની જવાબદારી આપની, આપની આજ્ઞાને અનુસરવાની બાંયધરી મારી..બસ સ્વીકારો મારી સમજદારીની શુભ ભાવના...કરો સહાય મારા યોગક્ષેમ...

# ૨૩. જાચાએ ઘાસમેસેજ્જા 卐

પ્રવૃત્તિ દરેક માનવની સમાન હોય પણ, વૃત્તિ દરેક માનવની અલગ હોય. એકલી પ્રવૃત્તિથી માનવના મૂલ્યાંકન ના કરાય! પણ વૃત્તિથી માનવના ખરા પારખાં કરાય!

જીવન છે તો આહાર, નિદ્રા, વસ્ત્ર અને નિવાસની સહુને પ્રાથમિક જરૂરિયાત રહેવાની. આહાર જેવી જીવનધારણની અગત્યની પ્રવૃત્તિ પ્રત્યેક જીવંત વ્યકિતને કરવી પડે. ભોજનની પ્રવૃત્તિમાં પ્રાયઃ સૌની સમાનતા રહે પણ, ભોજનવૃત્તિમાં કક્ષા મુજબ વિવિધતા રહે.

જે ખાવા માટે જ જીવતો હોય તેનામાં કોઈ લક્ષ્ય હોતું નથી, ઉદ્દેશ હોતો નથી. તેવા માણસને હજારો પ્રશ્ન પૂછશો, તો પણ એક જ જવાબ મળશે, જગતમાં ભક્ષ્ય છે તો તેનો ભક્ષક હોવો જોઇએ. ભોજન છે માટે આરોગવાનું! તેમાં વળી શાનો વિચાર કરવાનો? આ ભક્ષ્ય, આ અભક્ષ્ય, આ અકલ્પ્ય, આ કલ્પ્ય, આ અનેષણીય, આ એષણીય, આ યોગ્ય આ અયોગ્ય, આ શુદ્ધ, આ અશુદ્ધ, આ પ્રાસુક, આ અપ્રાસુક, ભોજનમાં આ બધી તત્ત્વચર્ચા ના કરવાની હોય, મળ્યું તે બધું ખાઈ જવાનું, આપણા પેટનો જ વિચાર કરવાનો....

ભલા! તારા પેટનો પણ વિચાર તો કરીશને?

મહાનુભાવ ! ના...ના...હું પેટનો પણ વિચાર નહિ કરું, જીભનો જ વિચાર કરીશ. મને પસંદ છે, સ્વાદિષ્ટ લાગે છે તો ૐસ્વાહા કરી જવાનું, પેટનો વિચાર હું શા માટે કરું ? શું હું વૈદ્ય છું ? એવી ચીકાશ મને પસંદ ના આવે. મોળું લાગે તો મીઠું નાંખી દેવાનું, કડવું લાગે તો સાકર નાંખી દેવાની, ઠંડુ લાગે તો ગરમ કરી દેવાનું, ગરમ લાગે તો ઠંડુ કરી દેવાનું, જે ભોજન સ્વાદિષ્ટ લાગે તેમાં આરોગ્યનો બહુ વિચાર નહિ કરવાનો. આરોગ્યનો–કુટુંબનો-ધર્મનો વિચાર કરીએ તો ભૂખે જ મરી જઇએ. ભોજન કર્યું અને સ્વાસ્થ્ય બગડ્યું તો દવા, ડોકટર અને હોસ્પીટલનો ક્યાં તોટો છે ? બિચારા ભૂખે મરતાં ડોકટરને જો અમે બિમાર થશું તો રોજી રોટી મળશે. સહજમાં સેવાનો ધર્મ થશે. આજે તો દરેક રોગની દવા મળે છે. તો પેટમાં હજમ કરવાની દવા નહિ મળે ? સાચું કહું, અમારે તો ખાવા માટે જીવન છે....

જગતમાં જ્યારે આવા ખાઉધરાની એક જમાત છે તો એકવર્ગ એવો પણ છે, ભોજન કરવાનું પણ પેટ માટે, આરોગ્ય જળવાય માટે, ભોજન માટે અમે નહિ, અમારા માટે ભોજન. ભોજનનો ત્યાગ કરાય પણ અમારું સ્વાસ્થ્ય ના બગાડાય સ્વાસ્થ્ય માટે વિચારી વિચારીને પણ ભોજન કરનારા છે.

સાધક ! તારે આ બે વર્ગના લોકોની જેમ ભોજન નથી કરવાનું, પણ પરમાત્માનું વચન છે 'જાયાએ ઘાસ-મેસેજજા' તું સંયમનો યાત્રિક. ભોજન જોઈને તને ભૂખ ના લાગે તારી ક્ષુધા સદા સંયમિત. પાણી જોઈને તને પીવાનું મન ન થાય, તારી પિપાસા પરંતુ કાબુ જમાવી શકે.

બત્રીશ પકવાન્નયુક્ત, ષડ્રસયુક્ત, ચક્રવર્તીના ભોજન તારી સામે આવે પણ તું તારી જાતને કહે, અણાહારી પદનો ઉપાસક, બત્રીશ પકવાન્ન તો શું. ? સંસારના સમસ્ત ભોજનના મનોહર પદાર્થ મારી સામે કેમ મૂકી દેવામાં ન આવે ? પણ મારી જાતને સંયમી રાખી શકીશ. મારા મનને કહીશ આતો પુદ્ગલની માયા છે. વનસ્પતિકાયના કલેવર છે, અગ્નિકાયના દેહ છે. અપ્કાયના મડદાં છે. જીવ સામે જડની ઊભી થયેલી માયાસૃષ્ટિ છે, પૃથ્વી અને પાણીના સંયોગ દ્વારા રચાયેલ પુદ્ગલની મનોહર લીલા છે. જેમ નારીનું સહજરૂપ અલગ હોય છે અને બજારમાં ઊભી રહેલી રૂપજીવિકા સ્ત્રીઓનું રૂપ અલગ હોય છે તેમ આ રસનેન્દ્રિયને આકર્ષવાની અદ્ભુતકલા છે. પણ હું રસલોલુપી નથી કે જેથી આ ભોજન સામે આંખ ઊંચી કરીને પણ જોઉં. પરમાત્માની હિતશિક્ષા મારા હૃદયમાં છે. તેથી જ ચાર વિકથાને સમજું છું તેનાથી સર્જાતા ભયંકર વિના-શની મને ખબર છે. એટલે જ ભક્તકથાનો ત્યાગ કર્યો છે. ભોજનની વાતો ના કરું ભોજનના રસને ઉશ્કેરવા પાક-

શાસ્ત્ર પણ ના વાંચું. જ્યાં ભોજન થતું હોય ત્યાં બેસી પણ ના રહું.

卐 હું ભોજન માટે જીવન વ્યતીત કરનાર નહિ!
卐 હું દેહની આળપંપાળ માટે ભોજન કરનાર નહિ!
卐 હું સંયમ યાત્રા માટે નિર્દોષ આહારનું સંશોધન કરનાર.

સંયમ યોગ્ય આહાર મળે તો ઉપયોગ કરી લઉં, અન્યથા ભોજન સાથે પણ વ્યવહાર છોડી દઉં. મારા સાધુ જીવનનો પ્રથમ પાઠ મારા ગુરુએ ભણાવ્યો છે. 'જાયાએ ઘાસમેસેજ્જા,' સાધકનો પ્રધાનસૂર સંયમયાત્રાનો નિર્વાહ, સંયમની રક્ષા થાય તો ભોજન લેવાનું. અન્યથા તપસ્વીના વર્ગમાં ચાલ્યા જવાનું. સંયમનું જતન થાય તો જીવવાનું અન્યથા મહાત્માઓ પાસે અનશન પ્રક્રિયા સમજી લેવાની.

પરમાત્માએ જ શ્રમણ દેહના, સાધના દેહના ઝાઝેરાં જતન કરવાનાં ફરમાવ્યા છે, એજ પરમાત્મા ફરમાવે છે, 'જાયાએ ઘાસમેસેજ્જા,' ભોજન જેવી જીવનનિર્વાહની અગત્ય પ્રવૃત્તિ માટે પણ, વૃત્તિથી... ધ્યેયથી....લક્ષ્યથી કયારે ચલિત થવાનું નહિ, ભોજન હશે તો દેહ ટકશે એવી બેહુદી વાતોમાં કયારેય ફસાતો નહિ. આયુષ્ય કર્મ સાથ આપશે તો દેહ ટકશે. આ વાત તારા દિલની દિવાલ પર કોતરી લેજે. બીજે લખેલું ભૂલાઈ જશે પણ દિલ પર લખાયેલ હિતશિક્ષા સદા તારા સાધક જીવનની રક્ષા કરશે.

'ધર્મલાભ' બોલતાં આવડી ગયું અને પાત્રા પકડતાં આવડયાં એટલે તું ગોચરી જવાનો અધિકારી નહિ. ગોચરી જવાની યોગ્યતા ઓછામાં ઓછું 'દશ વૈકાલિક સૂત્ર'નું પાંચમું પિંડૈષણા અધ્યયન અર્થ સાથે કરે ત્યારે મળે. પણ ગોચરીમાં ગીતાર્થ બનવા ઓઘનિર્યુક્તિ પિંડનિર્યુક્તિ યતિદિનચર્યા, યતિશિક્ષા વગેરેમાં નિષ્ણાત બનવું પડે.

## સંયમીનો દેહ એટલે મોક્ષનું જંગમ મંદિર.

[ Mobile Temple ] મંદિરમાં પવિત્રતા શુદ્ધિ અને શ્રેષ્ઠ દ્રવ્યનો જ ઉપયોગ થાય તેમ સંયમીનો દેહ આહાર માત્રથી ના ભરાય.. આ કંઈ ભગ્ન મંદિર નથી કે તેમાં કચરો નંખાય...શુદ્ધ, કલ્પ્ય. પ્રાસુક, એષણીય આહાર જ લેવાય સાધુ આહાર લાવ્યા પછી ગુરુને આહાર બતાવી સીધો પોતાના પાત્રમાં ન લે. તેનો મંત્ર છે, 'જાયાએ ઘાસમેજ્જા' સંયમ યાત્રાના પાલક અનેક બાલ...વૃદ્ધ..ગ્લાન તપસ્વીને તો અધિક જરૂર, બાલ મહાત્મા ભાવિના શાસન પ્રભાવક છે, વૃદ્ધ-સ્થાવિર મહાત્મા સંયમ વડે પવિત્ર થયેલ પુણ્યાત્મા છે, ગ્લાન સાધુ જેમનો દેહ રોગથી જર્જરિત છે પણ, જેમના મનમાં સંયમ સાધનાના અનેક સોણલાં છે. તપસ્વી તો સંયમાર્થે કર્મનિજરા માટે તપ કરી રહ્યા છે. આ બધા મોક્ષમાર્ગના મહાયાત્રિકો-પ્રવાસીઓ છે. તેમની ભક્તિ કર્યા વગર મારાથી ગોચરી કરાય? જો હું તેમ કરું તો સંયમનો યાત્રિક કેવી રીતે?

સમાનધર્મીને ભૂલી પેટની પીડાને યાદ કરનાર પોપટ પંડિત, આ બધા ભક્તિના પાત્રો...હજી બાકી છે. મારા ઉપકારી મહાત્માઓ...આચાર્ય ભગવંત્ ઉપાધ્યાય ભગવંત, પ્રવર્તક, ગણાવચ્છેદક, રત્નાધિક મારા વિદ્યાદાતા, આપ બધા અનુગ્રહ કરશો તો હું લલકારીશ

'જઈ મે અણુગ્ગહં કુજ્જા, સાહૂ હુજ્જામિ તારિઓ'

આપે મારા ઉપર ઉપકાર કર્યો...મને તાર્યો...ઉદ્ધાર્યો, બાદમાં સંયમ યાત્રા માટે અન્ન ઉપયોગી છે આસ્વાદ માટે નહિ.

આહાર એવી વૃત્તિથી કરીશ વચ્ચેના નિરર્થક દલાલ દાંત અને જીભને દલાલી મળે નહિ અને પેટમાં પહોંચી જાય. શુદ્ધ આહારથી મારામાં અપ્રમત્તભાવની અભિવૃદ્ધિ થશે.

હું બકુશ–કુશીલ–ચારિત્રધર, ધીમે ધીમે સંયમ યાત્રાના લક્ષ્યથી ચારિત્રનો ઉપાસક બનીશ.

સાધક !

'જાયાએ ઘાસમેસેજ્જા' નો આટલો સંકુચિત અર્થ કરવાનો નથી. હું કહું અને તું હા–હા કહે તો તેમાં શી મઝા? 'જાયાએ ઘાસમેસેજ્જા'નો તેં પૂર્ણ વિચાર કર્યો છે કે અપૂર્ણ?

ગુરુદેવ !

મને તો હું બધી વાતમાં પૂર્ણ જ લાગું છું. આખી દુનિયાની વાતમાં પૂર્ણ વિચાર કરું છું પણ મારી

જાત માટે તો મને આદત બની ગઈ છે, જાણે હું પૂર્ણ ન હોઉં !...સર્વજ્ઞ ન હોઉં ! મને મારા એક પણ દુર્ગુણ દેખાતા નથી, ભૂલ દેખાતી નથી, દોષ દેખાતા નની, પણ હમણાં કંઇક આપની કૃપાથી ફેર પડયો છે. મારી જાતને જનમાંથી જિન બનાવવા માટે કંઈક આપ જેવા હિતેચ્છુ કહો તો ફરી વિચારું.

'જાયાએ ઘાસમેસેજ્જા'નો રહસ્યાર્થ શું ? આહાર જેવી અતિ અગત્યની જરૂરિયાત માટે પણ સંયમયાત્રાનું લક્ષ્ય રાખવાનું તો વસ્ત્ર-પાત્ર-ઉપાધિ-વસતિ માટે કેટલો વિચાર કરવાનો ? તેં જેટલા વસ્ત્ર-પાત્ર-પુસ્તક-પેન વગેરે જે જે ઉપકરણ રાખ્યાં હોય તેની તપાસ કરજે. આ બધાં મારી સંયમયાત્રાના નિર્વાહ માટે ! આ આર્થિક અધિક ઉપકરણ દ્વારા તને પરિગ્રહનો એરૂ તો નથી કરડી ગયો ને ? મારી કંબલ-મારું પુસ્તક કહી તેં અહીં પણ નવો સંસાર તો નથી શરુ કર્યો ને ? તું જે જે વસ્તુ રાખે તેનાથી જવાબ લેજે. બોલો.હે ઉપકરણો ! તમે શા માટે આવ્યાં ? મારા ઉપર સંયમનો ઉપકાર કરવા ? સંયમનો ઉપકાર કરો તો તમારું રક્ષણ કરું,માવજત કરું. અન્યથા તમનેય રોકડું પરખાવી દઉં, સીધાવો.... સીધાવો તમારા માર્ગે....નહીંતર મારે તમને બધાને વોસિરાવવાની ક્રિયા કરવી પડશે....સંયમાર્થે કેવલ આહારનું જ સંશોધન નહિ પણ મારી પાસે રહેલા દરેક પદાર્થનું સંશોધન કરીશ....શુદ્ધ લાગશે-સહાયક

લાગશે-ઉપકારક લાગશે તેટલાંનો સ્વીકાર કરીશ નહીંતર જેમ છ મહિને કેશનો લોચ કરી દેહના મમત્વ હડાવીશ તેમ આ બધી ફોજને પણ હઠાવીશ.

હવે તું કંઇક સમજ્યો 'જાયાએ ઘાસમેસેજ્જા'નો રહસ્યાર્થ.

**પરમાત્મા !**

હું તો તમારો પરમ ભક્ત. આપના આદર્શ પાછળ ઘેલો બન્યો છું....પાગલ બન્યો છું. જાયાએ ઘાસમેસેજ્જા પદના ચિંતનથી મારામાં જોમ પેદા કરો.

સંયમયાત્રાર્થે પ્રવૃત્તિનું સંશોધન....

સંયમયાત્રાર્થે વાણીનું પ્રગટીકરણ....

અને સંયમયાત્રાર્થે જ મનનો ઉપયોગ...

અન્યથા સંસારવર્ધક મન–વચન–કાંયાને વોસિરાવવાની શક્તિ આપજો....

એજ ચાહના....અભિલાષા....

બુદ્ધિમાન અને પાગલ વચ્ચે શું તફાવત હોય છે? તે બંને મૌન થઇ જતાં હોય છે પણ, કયારેક એવું બને છે કે બુદ્ધિમાનની વાણી અટકી જતી હોય છે. પણ, મુર્ખ અસ્ખલિત વાક્‌પ્રવાહથી કલાકો સુધી બોલ્યાં જ કરતો હોય છે.

卐 "વાણી પાછળ વિચારની શક્તિ જેની મજબૂત હોય તે બુદ્ધિમાન્. વાણી આગળ અને વિચારની શક્તિ પાછળ તેનું નામ મુર્ખ...

# ૨૪ અપ્રિયં પ્રિ નવિજયએ 卐

બુદ્ધિમાન અને પાગલ વચ્ચે જેમ તફાવત છે. તેમ ત્યાગી અને ભિક્ષુક વચ્ચે તફાવત છે.

卐 સ્વેચ્છાએ–સમજી વિચારીને પદાર્થને છોડે તે ત્યાગી. આસક્તિ છે, ઝંખના છે પણ, જેની પાસે પદાર્થ નથી તે દરિદ્રી.

આકિંચન્ય અવસ્થા, દરિદ્રી અને ત્યાગીની સમાન હોય પણ, આદર્શમાં મહાન તફાવત હોય. એકને પોતાની પાસે કોઇ ચીજ ન હોવાનું દુઃખ છે એકને બધી ચીજ દૂર થવાનો આનંદ છે.

ત્યાગી અને સંસારી વચ્ચે ફરક શું ? પદાર્થનો ત્યાગ તો સૌ કોઈ કરે છે, બાળક હતાં ત્યારે જે રમકડાંથી રમતાં હતાં ને મોટાં થયા એટલે છોડયાં જ ને ? નાની હતી ત્યારે માતાની સાડી પકડી ફરનાર બાલિકા જ્યારે યુવતી બને છે ત્યારે માતાને છોડે જ ને ? ગદ્ધા પચ્ચીશીમાં જે મિત્રોની પાછળ પાગલ બનતો હતો તે જ મિત્રોને વ્યાપારી જીંદગી શરુ થતાં છોડયા કે નહિ ?

રાત્રિ–દિવસ, ઠંડી–ગરમી જેમ પ્રકૃતિનો નિયત ક્રમ છે તેમ.

卐 પ્રિય અપ્રિયને છોડવું એ તો સ્વાર્થ યાત્રામાં જ પ્રગતિ છે. પરમાર્થની દિશાનું પગલું નથી.

સાધક ! તેં માતા-પિતા-પુત્ર-ભાર્યા, સત્તા છોડી, હવે તું નિર્વ્યાપાર બન્યો છે. તેં પ્રવૃત્તિનો ત્યાગ કર્યો છે. તારે તો હવે આહેલક જગાવવાની "અપ્પિયં પિ ન વિજ્જએ" આ સ્વર તારી આરાધનાનો પ્રધાન સૂર રહેવો જોઈએ.

જગતનો કોઈ એવો સંસારી લાવો કે જે અપ્રિય ન છોડતો હોય. અપ્રિય તો સૌ છોડે. એમાં ત્યાગ નથી. પણ મમત્વનું જ પોષણ છે. પાત્ર બદલાય છે. પણ રાગ ઘટતો નથી. પરિસ્થિતિ પરાવર્તન પામે છે. પણ મનનું વલણ બદલાતું નથી. ઘર અવશ્ય છોડે છે, પણ હોટલમાં નિવાસ કરે છે. સમાજ જ્ઞાતિનો ત્યાગ કરે છે, પણ સોસાયટી-ક્લબનો સ્વીકાર કરે છે. આમ, અપ્રિયનો ત્યાગ અને પ્રિયનો સ્વીકાર એ તો સમસ્ત સંસારની પ્રવૃત્તિ છે.

તું નિષ્પરિગ્રહી સાધુ ! ત્યાગ પાછળ લપ છૂટયા જેવી તુચ્છ ભાવના તારી ના હોય...શા માટે છોડયું ? છોડવાની પાછળ શું આદર્શ ? સાધુનો ત્યાગ જગત સ્વભાવ સમજીને હોય. જગતના સ્વભાવને જે સ્વીકારે તે છ દ્રવ્યનો સ્વીકાર કરે. છ દ્રવ્યના ચિંતનમાં ઊંડા ઉતરતાં બે પદાર્થનો સ્વીકાર કરે. જીવ અને જડ. જીવ તત્ત્વ–અજીવ તત્ત્વ હોય છે. જાણવા લાયક છે. જીવ તત્ત્વ કે અજીવ તત્ત્વ નથી તો હેય કે નથી તો ઉપાદેય. જીવ તત્ત્વનો ત્યાગ તમે શું કરો ? અજીવ તત્ત્વનો ત્યાગ તમે શું કરો ? જીવ તત્ત્વનો સ્વીકાર તમે શું કરો ?

જ્ઞાન પ્રાપ્તિ બાદ તો આત્માની એક અનુપમ દશા પ્રાપ્ત થાય. પદાર્થને પદાર્થ રૂપે ઓળખ. પછી તેના ગુણધર્મ સમજ્યા પછી, પ્રિય શું ? અને અપ્રિય શું ? વિશ્વના પ્રત્યેક પદાર્થમાં અનેક ધર્મો રહેલાં છે. તેમાં નથી તો પ્રિયતા કે અપ્રિયતા, બહુ કહો તો ઉપયોગિતા અને નિરુપયોગિતા છે. પ્રિય અને અપ્રિય એ તો તારી કલ્પના છે.

જગતમાં સાધુને ક્યાંય કશું કોઇ પ્રિય નહિ અને અપ્રિય નહિ. સાચે સાધક તારે ફક્ત પદાર્થનો જ ત્યાગ કરવાનો નથી, પણ પદાર્થ પાછળ રહેલ રાગ–દ્વેષના દુષ્ટભાવનો ત્યાગ કરવાનો છે. જગતનો કોઈ પણ પદાર્થ એકલો કર્મબંધ કરાવતો નથી. તેમાં જ્યારે આપણા રાગ દ્વેષ ઉમેરાય તો જ કર્મબંધ થાય. એકલી માટી શું કરે ? માટીમાં પાણી ભળે તો જ કાદવ થાય.

**સાધક ! !**

પરમાત્મા તારા કેવા ઉપકારક છે. તને ત્યાગ કરાવ્યો પદાર્થનો અને છોડાવ્યા અનાદિના દુશ્મન રાગ–દ્વેષને, પરમાત્માએ તને ત્યાગી બનાવી શ્રેષ્ઠ સંપત્તિનો માલિક બનાવ્યો. સમજ્યો ! ! દેવાધિદેવના ધર્મની વિશિષ્ટતાનો પણ ખ્યાલ રાખજે. હવે તેં સાધુતાના સ્વાંગ સમજ્યા છે. નટ પણ નાટકમાં પાત્રનો સફળ અભિનય કરે છે. નટ પણ નાટકના પાત્રના ભાવને આત્મસાત્ કરવા કેટલો પુરુષાર્થ કરે છે ત્યારે તે સફળ અભિનેતા બની શકે છે. શું તું સાધુતાનું સાચું નાટક પણ નહિ કરે ? ભૂલે

ચૂકે તારે બોલાય નહિ—આ મને ગમે છે—આ મને ગમતું નથી. તારે કહેવાય નહિ આ મને અપ્રિય છે. આ મને પ્રિય છે. વક્ર–જડ બનીને કહેતો નહિ કે તમે મને પ્રિય–અપ્રિય કહેવાની ના કહેલી. પ્રિય-અપ્રિય માનવાની ના કહેલી. એટલે મારો ગમો-અણગમો મનમાં રાખીશ.

બાપલિયા....સીધો થા...આ તો અભિલાષા ને અણગમો છોડાવવાં જતાં તું માયાવી બની જઈશ. મને પ્રિય કંઈ નથી-અપ્રિય કંઈ નથી. એવી શબ્દધારા કરી આપણે માયા નહિ કરવાની....

મહાત્મા ! ! ! મેં કહ્યું ને મને તમારી વાતો સમજાતી નથી. મને સમજાય તેવું કહો, તો સારું થાય, નહિ તો મારી દશા તો એવી થશે કે હું મારા ગુરુનો 'લકીર નો ફકીર.' તમારા શબ્દને અનુસરી શકીશ ભાવને નહિ..

સાધક ! ! ! વર્તમાનકાળના કાળ–દોષને સમજું છું કર્મદોષને સથજું છું. કર્મથી ભારે થયેલ આત્માની મનો. દશા સમજું છું. એટલે તારી વાત પર ગુસ્સો નથી આવતો. તારા ઉપર કરુણા આવે છે. તારા ઉદ્ધારની ઝંખનાથી તને સ્પષ્ટ રીતે સમજાવું છું. પણ સદૈવ કોશિશ કરજે. પરમાત્માના પરમ આદર્શને સમજવા અને-આચરવા. પરમાત્માની આજ્ઞા મુજબ બોલવાનું તને શા માટે કહું છું ? જો પરમાત્માના વચન પ્રમાણે બોલીશ અને આચા-

રમાં અંતર હશે તો તને થશે મારામાં અને નટમાં શું ફરક ? હું સાધુ જેવું વચન બોલતો જઈશ તેમ તેમ ધીમે ધીમે મનને પણ તેમ માનવાની વિચારવાની આદત પડી જશે. તારા મનમાં સંસાર છે. પણ તને કેમ મહાત્મા સંસારી ના કહે અને સાધુ કહે-ત્યાગી કહે ? મહાત્મા ! શબ્દોનો સહારો પણ તારી આત્મિક વૃત્તિને જાગૃત કરે છે. સાધુ થઈને પણ સંસાર મનમાં રાખ્યો. પૂજા સાધુપદની કરાવી અને અંદરથી શેતાન રહ્યો. સંત અને શેતાન વચ્ચે એક દિવસ દ્વંદ યુદ્ધ ખેલાશે. શેતાન ભાગશે અને સંત વિજયી બનશે.

**સાધક ! ! !**

પુનઃ પુનઃ સ્મૃતિ કર. મને કાંઈ પ્રિય નહિ, મને કાંઇ અપ્રિય નહિ, મારું કોઈ સ્વજન નહિ, મારો કોઇ મારું કોઇ પરિજન નહિ. મારો કોઈ શત્રુ નહીં, મિત્ર નહિ. શત્રુ-મિત્ર, સ્વજન-પરિજન, પ્રિય-અપ્રિય આ બધી રાગ-દ્વેષમાં ચકચૂર બનેલાની પાશવી લીલા. પ્રિય અને અપ્રિયમાંથી મારું અને તારું, મારા અને તારા થાય.

મહાત્મા પ્રસન્નચંદ્ર આપણાં કરતાં અત્યંત મહાન ત્યાગી હતા. ત્યાગી અને ધ્યેયવાદી હતા. એટલે જ આતાપના સ્વીકારીને ઉભા રહેલાં. દુર્મુખદૂતના શબ્દો કાનમાં ગયા. મારા-તારા, પ્રિય-અપ્રિયની રાક્ષસીઓએ મહાત્માને ભરખી લીધાં. સમસ્ત સંસારના ત્યાગી સાધુના સ્વાંગમાં

એક પિતા....પછી રાજવી....યુદ્ધ શૂરા ક્ષત્રિય અને છેવટે મરણીયા થઇ મનથી લઢવા લાગ્યા. મોક્ષના સાધક મહાત્માને નરકના અતિથિ કોણ બનાવી રહ્યું હતું ? વ્યક્તિ ? ના, તો શબ્દ ? ના એ તો બહાનું. ખરેખર તો પ્રિય અપ્રિયના પડદા વચ્ચે છૂપાયેલ રાગદ્વેષ. જો તું પ્રિય–અપ્રિય કોઈ પણ વ્યક્તિને કે પદાર્થને માનીશ તો તેની પાછળ રાગ–દ્વેષની જાસૂસી છે. એ ભૂલીશ નહિ. રાગ–દ્વેષ રૂપ મોહના જાસૂસીની કરુણ કથની તને ખબર નથી. પરમાત્મા મહાવીરને પણ ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં પ્રિય–અપ્રિયની ભૂતાવળ સતાવી ગયેલી. પિતા જ પુત્રીના ભક્ષક બની ગયા. દોષ કોનો ? ગુન્હો કોનો ? આ તોફાન કોનું ? મોહ જાસૂસનું. મોહ એવું વરવું રૂપ લઈને આવશે. સમજાવશે. પણ આપણે તો હકીકત કહેવી છે. આ પ્રિય છે અને આ અપ્રિય છે. પણ હકીકત એ માત્ર હકીકત જ હોય, વર્ણન જ હોય તો હર્ષ અને શોક ન હોય. એકને મેળવવાની અભિલાષા અને અન્યથી દૂર જવાની ઉત્કંઠા ન હોય.

તેથી જ્યાં ગમો–અણગમો કર્યો ત્યાં સંસારની બધી ખટપટો શરુ થઈ જાય.

તેં ક્યારેય જાદુગરની પેટી જોઈ છે ? જાદુગરની પેટી નાની અમસ્તી હોય પણ, જેમ એમાંથી જે માંગો તે બધું નીકળે. જુઓ બધું....જોયું ના જોયું કરો તેટલી વારમાં કશું હોય નહિ, તેમ પ્રિય....અપ્રિય કરો....એટલે મોહનીય

કર્મની અઠ્ઠાવીસ પ્રકૃતિ હાજર. જ્યાં મોહનીય કર્મ હાજર થાય; ત્યાં જ ચાર ઘાતી કર્મો કહે. અમે તો નિકટના સાથી. તમે અમને મૂકીને એકલા આવો, પણ અમે તો તમારા પડછાયા જેવા. તમારી પાછળ જ ઊભા છીએ ને....ઘાતી કર્મો આવ્યાં એટલે અઘાતી કર્મો કહે-વાનાં અમે કયાં કશું નુકશાન કરીએ છીએ ? એક ખૂણામાં ચૂપચાપ પડયા રહીશું. આમ, પ્રિય–અપ્રિયના બહાના પાછળ પીછે હઠ કરી ગયેલ મોહ સૈન્યનું પુનઃ આક્રમણ તારા આત્મરાજનો પરાજય કરાવશે. બોલ ! તારી હાર તને પસંદ છે? તારે તારા આત્મરાજને દુર્ગતિના દ્વારે લઇ જવો છે? પ્રિય–અપ્રિયની માયાજાળમાં તને એક પણ પાત્ર પ્રાપ્ત થશે નહિ. અને આર્તરૌદ્ર ધ્યાનથી દુર્ગતિનો અતિથિ બની જઇશ.

સાધક ! મારી હિતશિક્ષા નહિ, પરમાત્માની શાશ્વત વાણી છે. "સત્ય સ્વીકાર અને અસત્ય છોડ...."

પ્રભુ ! બળ આપો....પ્રિય–અપ્રિયના ત્યાગનું....પ્રભુ શક્તિ આપો રાગ–દ્વેષને દૂર કરવાની, પ્રભુ ! મોહ સામે કેસરિયા કરવાં બળ આપો. મારે મોહને હણવો છે. વીર બની મહાવીર બનવું છે.

**"પરમાત્મા પૂર્ણ કરો પ્રાર્થના મારી."**

# ૨૫. તસ્સાવિ સાંજમો સેઓ 卐 અદિંતસ્સ વિ કિંચણં

જગતમાં સુલભકાર્ય કરનાર અનેક મળે. દુર્લભકાર્ય કરનાર જૂજ જ મળે...વિરલ જ મળે, નદીનું વહેણ જે બાજુ હોય તે બાજુ તરનાર અનેક પણ, નદીના વહેણથી વિરુદ્ધ દશામાં તરનાર કોઈ. તૈયાર રસ્તે ચાલનાર અનેક પણ પગદંડી બનાવનાર કોઈ...

જુગજૂના કાળથી બનતું આવ્યું છે અને બનતું રહેશે, સુલભ માર્ગે સંચરનાર લાખો કરોડો નહિ પણ અજબોની સંખ્યામાં મળશે પણ દુર્લભ માર્ગે ડગ ભરનાર ફક્ત આંગળીના વેઢે ગણાય તેટલા જ વીર પુરુષો મળશે.

જગત સ્વભાવ એવો છે કે પોતે જે માર્ગે જાય તેને શ્રેય માને. અને બીજા માર્ગને હેય માને. માનવ સ્વભાવ એવો છે કે તે બીજા માનવને પણ પોતાના ગજથી માપે. અને તેની પણ તેટલી શક્તિ સમજી લે, અને તેને તે જ માર્ગ ચીંધે, તળેટીએ ઊભો રહેલ કે જેણે ગિરિ શિખરોનું સૌંદર્ય નિહાળ્યું નથી તેવા માનવ પથિકને ગિરિશિખર આરોહણ કરવા કોણ પ્રેરણા કરે? પ્રેરણા તો દૂર રહી.... પણ સાહસથી પંગુમાનવ ઊર્ધ્વારોહણના આકાંક્ષીને પણ કહે ના...ભાઈ ના....પહાડનો ચઢાવ ખૂબ જ કઠિન છે. પહાડ ચઢીશ તો શ્વાસ ચઢશે...તૃષા લાગશે....ઉપર કંઇ

આંબા નથી....પાણા છે. પાણા....! જો નીચે કેવી મજા છે. સીધા રસ્તે ચાલવાનું, શ્વાસ ભરાય નહિ...તરસ લાગે નહિ...અને કેવી સુંદર માનવની અવર-જવર! એક વ્યકિતને પ્રશ્ન પૂછીએ ત્યાં જવાબ આપનાર બે વ્યકિત હાજર હોય. ક્યાંય ભય નહિ...અકસ્માત નહિ.

હિમાલયના ઉત્તુંગ ગિરિ શિખરો પર આરોહણ કરનાર દરેક યાત્રિકને મફત શિખામણ આપનાર મળી જ જાય અને શિખામણ સાંભળવા નહિ ઉભા રહે તો હાથ પકડીને પણ શિખામણ સંભળાવવાના....

જગતના પ્રત્યેક ઊર્ધ્વારોહીને આ અગ્નિ પરીક્ષામાંથી પસાર થવું જ પડે. કોઇપણ મહત્ત્વાકાંક્ષીને પ્રારંભમાં ક્યારેય જગતે સાથ આપ્યો છે? જગતના નિરાશાવાદી-હતાશાવાદી ડાયરો ક્યારેય ઊર્ધ્વારોહીને અભિનંદે? ના... એ બને જ નહિ, માનવ સ્વભાવની આ વિરુદ્ધ વાત છે.

જેમ ઊર્ધ્વારોહીને કોઇ અભિનંદે નહીં તેમ સંયમ માર્ગે સંચરતા દીક્ષાર્થીને કોઈ પ્રેરણાના પીયૂષપાન કરાવે નહીં. કોણ તેને સાથ અને સહકાર આપે? કાયર અને નિરાશાવાદીઓનો સ્વભાવ છે સાથ સહકાર ન આપવો... પ્રેરણા પ્રોત્સાહન ન આપવા....પણ બિહામણી-ડરામણી વાતો કરવી અને બિનજરૂરી શિખામણો આપવી.

સંયમીને એક સંસાર રાગી અવશ્ય કહેશે. 'પ્રભુની આજ્ઞા શું દીક્ષામાં જ પળાય છે? સંસારમાં નથી પળાતી? શાસનથી પ્રભાવના શું સાધુ જ કરી શકે? સંસારી શાસ-

નની પ્રભાવના ના કરે ? અમે સંસારી કેટલું દાન-પુણ્ય કરીએ છીએ ? અમારા મુખમાં દાન કર્યા વગર તો અન્ન પણ જતું નથી. દીક્ષામાં તારે તો યાચીને--કોઇની પાસેથી જ મેળવવાનું ને ? ત્યાં તારે દાન આપવાનું છે ? પૌષધ શાળા બંધાવી શકે ? જિનમંદિર બંધાવી શકે ? મન આવે ત્યારે તીર્થયાત્રા કરી શકે ? ભારતના સંઘને જમાડી શકે ? દાનશાળા, પાંજરાપોળ ચલાવી શકે ? અમારા જીવનમાં તો હરક્ષણે હરપળે દાન અમે કરીએ છીએ. અધિક કહું ? દીક્ષા લીધા બાદ છેવટે અમને ઉપદેશ આપી શાસન પ્રભાવક ધર્મકાર્યો તારે અમારી પાસે જ પૂરા કરાવવાં પડશે. અમે દાન કરીશું, પૈસાનો સદુપયોગ કરીશું તો જ તમે જૈનધર્મનો પ્રચાર અને પ્રભાવ ફેલાવી શકશો, તું ઈતિહાસના અમરપૃષ્ઠો વાંચ...હેમચંદ્રાચાર્ય જેવા મહાન ગુરુ પણ શાસન પ્રભાવના ક્યારે કરી શક્યા ? કુમારપાળ મહારાજા જેવા ઉદાર રાજવી મળ્યા તો ને ? સાચું કહું, હેમચંદ્રાચાર્ય મ. ઈતિહાસમાં નામશેષ થઈ ગયા હોત, જો ગુર્જરના મહાન રાજવી કુમારપાળે દાન ગંગા ન વહાવી હોત તો....ઇતિહાસમાં હજી આગળ વધ. આર્ય મહાગિરિ મહારાજ અને આર્ય સુહસ્તિ મહારાજ બંને સગાભાઈ પણ....આર્ય સુહસ્તિ સૂ. મ. જૈન ઈતિહાસમાં સુવર્ણાક્ષરે કેમ લખાઈ ગયા ? કારણ કે સંપ્રતિ મહારાજાએ તેમનો આદર્શ ઝીલ્યો. ધન કરતાં દાનને મહત્ત્વ આપી આ ધરાને જિનમંદિરથી સુશોભિત કરી તો...તેથી જ તને કહું છું ભાઈ! ધર્મ કરવાનો પણ

વધુ પડતો નહિ, પણ દાન-પુણ્ય થાય તેવા ગૃહસ્થ જીવનના સુલભ માર્ગે સંચર. તને હૈયાની હિત ભાવનાથી કહું છું તે મને શાંતિથી સાંભળ્યો છે એટલે તું જરૂર મારી વાત ઉપર વિચાર કરીશ....બોલ બરાબર છે ને !

વડીલ....! મારા હૈયામાં તો વીતરાગ પરમાત્માનું ટંકશાળી વચન અસર કરી ગયું છે. 'તસ્સા વિ સંજમો સેઓ અદિંતસ્સ વિ કિંચણં.' તમે જે વાત કહી તે સાંભળી છે પણ, ખરેખર આ બધી વાત સાંભળતાં મને પહેલાં એટલું બધું હસવું આવતું હતું અને છેવટે તમારી વાત સાંભળતા થયું, તમે દાન-પુણ્ય અવશ્ય કરો છો, દેરાસર-ઉપાશ્રયે નિયમિત જાવ છો. ગુરુજનોનો હિતોપદેશ અવશ્ય સાંભળો છો પણ જિનેશ્વર પ્રભુની આજ્ઞા અને તમારે તો ઉત્તર-દક્ષિણનું અંતર છે. સાચું કહી દઉં, જેમ કોઈ અયોધ્યામાં નિવાસ કરે....''અન્ન રામનું ખાય અને ગુણ ગાય રાવણના'' સજ્જન! તેવી તમારી પરિસ્થિતિ છે.

તમારી બહુ લાંબી વાત સામે મારો એક નાનકડો જ પ્રશ્ન છે. દાન મહાન કે પરમાત્માની આજ્ઞા મહાન ? શું પરમાત્માએ એક દાનને જ ધર્મ કહ્યો છે ? દાનમાં જ પરમાત્માની આજ્ઞા સમાઈ જાય છે ? પરમાત્માએ બે પ્રકારના ધર્મ ફરમાવ્યા. સાધુધર્મ અને ગૃહસ્થ ધર્મ. શ્રેષ્ઠાતિશ્રેષ્ઠ પરમાત્માની સંપૂર્ણ આજ્ઞા પાળી શકાય તેવો સાધુ ધર્મ. પરમાત્માની સંપૂર્ણ આજ્ઞા પાળવાનો આદર્શ રહે તે ગૃહસ્થ ધર્મ. પરમાત્માના નામે જ વાત કરવી છે

તો દાન–શીલ–તપ અને ભાવ આ ચાર ધર્મની કેમ વાત કરતા નથી? દાન એતો સૌથી સહેલામાં સહેલો અને સામાન્યજન પણ આચરી શકે એવો ધર્મ છે. તમે જેને દાન કહો છો તેની જ વાત કરું છું. અન્નદાન–ધનદાન વસ્ત્રદાન, પાત્રદાન કે વસતિદાનમાં તમને કશું કષ્ટ પડવાનું નથી પણ થોડું મમત્વ અવશ્ય છોડવું પડે.

તમે જે વાત હેમચંદ્રાચાર્ય મહારાજ અને કુમારપાળ મહારાજાની કરી તે વાત સાચી! તમે કહેલાં પાત્રો સાચા છે. પણ ફક્ત તમારી ભૂલ એટલી જ છે કે રામાની ટોપી પ્રેમાને પહેરાવી છે. કુમારપાળ મહારાજાના કારણે હેમચંદ્રાચાર્ય મહારાજનું નામ નહિ, પણ હેમચંદ્રાચાર્ય મહારાજના મહાપ્રભાવે કુમારપાળ મહારાજા ઇતિહાસમાં અમર બન્યા. ઈતિહાસ કહે છે–રાજવીઓ અનેક થયાં અને થશે પણ જેને ગુરુ ન મળ્યા તે સત્તા અને સંપત્તિના મદમાં નામશેષ થઈ ગયા. ત્યાગી સામે સંસારીને ઝૂકવું જ પડે છે. તેઓના ઉપદેશે ધનની મમતા ઉતરે છે.

કોણિક અને ધનનંદનું નામ કેમ ઈતિહાસના સુવર્ણ પૃષ્ઠ ઉપર ન આવ્યું? કહેવું જ પડશે કાળમીંઢ પથ્થરને કલાકૃતિમય બનાવનાર કોઈ શિલ્પી હોય તો જ મૂર્તિના સર્જન થાય. કોણિક અને ધનનંદને ગુરુ ના મળ્યા એટલે તેઓ મહાકાળના ખપ્પરમાં હોમાઈ ગયા....આર્યસુહસ્તિસૂરિ મહારાજના ઉપદેશની તાકાત હતી જે તાકાતે અલ્પજીવી

સંપ્રતિમહારાજાને ભારતની ધરા પર અનેક રૂપે શાશ્વત કર્યા. શું સમ્પ્રતિમહારાજની શક્તિ હતી પૃથ્વીને જિનમંદિરથી મંડિત કરી શકે? ના...ના...આર્ય સુહસ્તિ સૂરિ મહારાજ પાસે અમર સંજીવની હતી નશ્વર સંપત્તિ દ્વારા અનશ્વર કાર્યો કરાવી સંપ્રતિ મહારાજાને ઇતિહાસનું અમરપાત્ર બનાવવાની....!

તમે કાર્યને મહત્વ આપો છો. અમે કાર્યની દિશા સૂચવતા માર્ગદર્શક ગુરુઓને મહત્વ આપીએ છીએ. કાર્ય તો કોઈપણ કરી શકે પણ પ્રભુ આજ્ઞાનું પાલન તો શૂરવીર જ કરી શકે. હજી કહું છું તમારી ગણત્રી, તમારી સમજ ખોટી છે. સાધુજીવનમાં જરાપણ દાન નથી કરવાનું છતાં સંયમ જ શ્રેયસ્કર છે. ભલા!

પરિગ્રહનું પાપ રાખ્યું હોય તે પાપ ધોવા માટે દાન કરે. પણ જેણે પગ જ ન બગાડયો હોય તેણે ધોવાનું કેવું? જેની પાસે પોતાનું કંઈક છે તે છોડે, દાન આપે પણ, જે ધન્યાત્માઓ વીતરાગનો ધર્મ સમજાતાં વિશ્વ ઉપરથી માલિકી-હક્ક ઉઠાવી લીધો છે તેને આપવાનું બાકી રહે છે શું? જે દાન આપે છે તે કેટલા અંશમાં ધર્મ કરે છે? અને જે નિષ્પરિગ્રહી બને છે તે કેટલા અંશમાં ધર્મ કરે છે. તે મને કહો.

વીતરાગની આજ્ઞાનું સંપૂર્ણ પાલન તો સંયમમાં જ થાય. સંયમી બને તેજ વીતરાગના સામ્રાજ્યનો માલિક

બની શકે. બાકી દાન-પુણ્યના કાર્ય કરે તે વીતરાગના અને તેમના સાધુઓના સેવક જ બની શકે.

વીતરાગ પરમાત્માના ઉત્તરાધિકારી બનવા નિષ્પરિગ્રહ વૃત્તિ જ મંગલકારક છે. નિષ્પરિગ્રહવૃત્તિ વગર વીતરાગની આજ્ઞાની આરાધના અશકય, જ્યાં પરિગ્રહ આવે ત્યાં ધીમે ધીમે પાપસ્થાનકોની ફોજ ઘૂસી જ જાય. જ્યાં પરિગ્રહ આવે ત્યાં આર્તધ્યાન-રૌદ્રધ્યાનનાં અડ્ડા જામી જ જાય. લાખો કરોડો ગાયનું મહિને મહિને દાન કરે તેના કરતાં પણ 'તસ્સાવિ સંજમો સેઓ અદિંતસ્સ વિ કિંચણ' આ જ મારો સિંહનાદ રહેશે.

નિષ્પરિગ્રહવ્રત એટલે સાધુતા. જ્યાં પદાર્થનો સંગ્રહ તો છે જ નહિ પણ પદાર્થસંગ્રહની ભાવના-આસક્તિ-ઝંખના પણ નથી. એટલે જ કહું છું કશું જ નહિ આપવાનું છતાં સંયમ જ શ્રેયસ્કર છે, જ્યાં પ્રભુની આજ્ઞામયતા છે. પ્રભુ ! પ્રભુ !

તમારી આજ્ઞા સમજીને તમારા સામ્રાજ્યમાં આવ્યો છું તેથી કયારેય દાનનાં બહાનાની ઓથે પણ પરિગ્રહ-દુશ્મનના ગીત ગાવાનું શરુ નહિ કરી દઉં.

બસ........

હું તો નિઃસ્પૃહવૃત્તિ....નિષ્પરિગ્રહવૃત્તિથી જ મંગલ બિરદાવલી ગાનારો આપના સામ્રાજ્યનો મંગલપાઠક બનું તેવા આશિષ આપો........!

# ૨૬. સમયં ગોયમ મા પમાયએ 卐

સ્વચ્છંદ મિજાજનો માનવી મન ફાવે ત્યારે ઊઠે છે. મન થાય ત્યારે ખાય છે, ગમે તેવું બોલે છે. ગમે તે વિચારે છે. યોગ્ય અયોગ્યના વિચાર વગર મનપસંદ વ્યક્તિ સાથે મિત્રતા કરે છે. લાભ નુકશાનના વિચાર વિના મનમાં જે તુક્કો આવ્યો તે વેપાર શરુ કરી દે છે. જેને બોલવાના, વિચારવાના બંધન નહિ તેને સુવાનાં બંધન શાના ? રાતના બાર વાગે ઘરે આવે, બે વાગે સુવે ચાર વાગે નિંદ કરે. કોઈ કંઈ કહે તો કહે, હવે હું બાળક નથી. હું મૂર્ખ નથી ! મારી જીંદગીનું મૂલ્ય હું સમજું છું, મને મારી રીતે જીવવા દો. હું મારી જીંદગી માટે સ્વતંત્ર નહિ ? બધી બાબતમાં પરતંત્ર ? બધી બાબતમાં કચકચ ? હું તમારી વચ્ચે નહિ આવું તમે મારી વચ્ચે ના આવો. સ્વતંત્રતા એ મારો જન્મ સિદ્ધ હક્ક છે.

માનવ ! સ્વતંત્રતા શબ્દ ખૂબ સોહામણો, લોભામણો, આકર્ષક છે. કોઈની સ્વતંત્રતા વચ્ચે અવાય જ નહિ પણ એક જવાબ આપ. તું સ્વતંત્રતા ચાહે છે કે સ્વચ્છંદતા ? તું શબ્દકોશનો વિદ્યાર્થી છે, શબ્દના રહસ્યનો પારંગામી પંડિત નથી.

સ્વ એટલે આત્મા, તંત્ર એટલે રાજ્ય. આત્મ રાજ્ય. આત્માની ખુમારી...આત્માની મસ્તી–આત્મ શુદ્ધિનો ઉપાય. બોલ તું સ્વતંત્ર છે કે સ્વચ્છંદ ? સ્વતંત્ર તે જ બની શકે

છે કે જે સ્વચ્છંદ ન હોય. સ્વ એટલે પોતાની, છંદ એટલે ઈચ્છા. ઈચ્છાનો ગુલામ, ઈચ્છાનો દાસ તે સ્વતંત્ર બની શકે? સ્વતંત્ર બનવા ઇચ્છાને હોમવી પડે.

સ્વતંત્ર બનવા સર્વજ્ઞની ઈચ્છાને જાણવી પડે.

સ્વતંત્ર બનવા મહાત્માની ઈચ્છાને અનુસરવું પડે.

તારું જીવન તું તારી રીતે જીવે તો તને કોઇ રોકીના શકે! પણ સમજાવી તો શકે ને? ઘરમાં જે કરીયે તે શાળામાં ન કરાય. શાળામાં જે કરીએ તે સામાજિક સંસ્થામાં ન કરાય. સામાજિક સંસ્થામાં કરાય તે રોડ ઉપર ન કરાય

સ્વતંત્ર વ્યક્તિને પણ વિશ્વના અનિવાર્ય નિયમો સ્વીકારવા જ પડે. ભલે તું તારી જીંદગી માટે સ્વતંત્ર છે પણ તું જગતમાં જીવે છે. જગતના ચોગાનમાં કંઈ પણ દુષ્ટ આચરણ કરાય નહિ. જાહેર મિલકતનો દુરુપયોગ ન કરાય. જીવન એ પણ જાહેર મિલકત છે. તેનો આપણે એક દુરુપયોગ કરીયે તો બધા દુરુપયોગ કરે. એક વ્યક્તિની ભૂલ વર્ષો જતાં હજાર ભૂલ બને, હજાર ગુન્હેગારને ઉત્પન્ન કરે!

મહાત્મા...

મને બતાવો. હું શું જીવનનો દુરુપયોગ કરું છું? હું કપડાં વગરનો ફરું છું? હું આત્મ હત્યા કરું છું? દુનિયાથી વિપરીત હું શું કરું છું? બધા કરે તેમ કરું પછી જીવનનો દુરુપયોગ નહીં ને!

જીવનના દુરુપયોગની વ્યાખ્યા સામાન્ય નથી પણ પ્રત્યેક વ્યક્તિ અંગે અલગ અલગ વ્યાખ્યા છે. જેની સમજ વધારે, જેના વિચારમાં પ્રભુત્વ અધિક, જેના વચનનું મૂલ્ય અનુપમ, જેના આચારનું અદ્વિતીય આકર્ષણ હોય તેના જીવનનું મૂલ્ય કેટલું ?

માનવ તારા જીવનનું મૂલ્ય શું ? તારી પાસે જ સાત રજ્જુ ઊંચે ઉર્ધ્વલોકમાં ગમન કરવાની તાકાત છે પણ જીવનનો સદુપયોગ કરે તો, દુરુપયોગ કરે તો...? મારું વચન સાંભળી લે. ગાંઠ બાંધી લે ! જીવનનો દુરુપયોગ કર્યો તો તારી ગાડીનો અકસ્માત થશે, અને સાતમી નારકીના ખાડામાં પહોંચી જઈશ ! ૩૩ સાગરોપમની સુદીર્ઘ સજા !

મહાત્મા ! અહીં "સમયં ગોયમા મા પમાયએ" કહ્યું છે. આ તો ગૌતમ સ્વામીજીની અગંત હિતશિક્ષા છે. મને કહ્યું હોત કે તું પ્રમાદ ન કરતો, તો હું વિચાર કરત.

સાધક ! તેં પ્રશ્ન છેડયો તો જવાબ પણ સાંભળી લે ! અને યોગ્ય લાગે તો નોંધી લે. આ હિતશિક્ષા ગણધર ભગવંત ગૌતમ સ્વામીને નથી, તેઓ તો અપ્રમત મહાત્મા હતા. સદા ઉત્કટાસને બિરાજતા. તેઓમાં આપણા જેવો પ્રમતભાવ ક્યારે ય નહિ. લોકસ્થિતિના કારણે પ્રમત ગુણસ્થાનકના આરોહ અવરોહ થયા કરે.

પ્રભુએ ગૌતમ નામ વાપરી છદ્મસ્થ જીવોને હિતશિક્ષા આપી છે.

જો તું સર્વજ્ઞ, તો તારી વાત નહિ. જો તું છદ્મસ્થ, કર્મના આવરણથી ઢંકાયેલ તો તને ચોકકસ આ હિતશિક્ષા. આજ્ઞા બે પ્રકારની હોય છે. એક વિધિ આજ્ઞા, એક નિષેધ આજ્ઞા. વિધિ આજ્ઞાનું પાલન શક્ય હોય તો અવશ્ય કરવાનું પણ નિષેધ આજ્ઞાનું આચરણ તો મરણાંત સમયે પણ ના કરાય.

ગુરુદેવ !

પ્રભુની હિતશિક્ષા મારા માટે છે. જરૂર હું પ્રભુની આજ્ઞા શિરોધાર્ય કરીશ. હું પ્રમાદ નહિ કરું બસ, સંથારાના સમયે જ નિંદ લઇશ. દિવસે અધ્યયન કરતાં નિંદ આવશે તો ઊભા ઊભા અધ્યયન કરીશ. સ્ફૂર્તિ રાખીશ, નિદ્રાને પણ નહિ, તંદ્રાને પણ નહિ, આવવા દઉં........

સાચું કહું છું તું લકીરનો ફકીર ના બન. પ્રમાદ એટલે નિદ્રા, ઊંઘ. આવો અપૂર્ણ અર્થ ક્યાંથી શીખી આવ્યો ? આપણે પ્રત્યેક વાતને ઉપલક સમજી વિરુદ્ધ આચરણ કરી લઈએ છીએ.

પ્રમાદનો અર્થ ખૂબ વિશાળ છે. પ્ર ઉપસર્ગ મદ્-માદ્ ધાતુ પરથી પ્રમાદ શબ્દ બન્યો છે. મદ્ માદ્=ભૂલવું ચૂકવું, ગાંડા થવું, મુંઝાવું. પ્ર–એટલે અતિશય, અધિક પ્રમાણમાં પ્રમાદ. પાગલપણું. પાગલ બે પ્રકારના. એક માનસિક કારણથી પાગલ, એક મોહના ઉદયે પાગલ.

卐 મોહનીય કર્મના ઉદયે કોઈ પણ ભૂલ કરવી તે પ્રમાદ.

卐 આત્મભાવને વિસ્મરી, સાધુભાવને ભૂલી, જિનાજ્ઞા વિસ્મરી, શાસ્ત્રાજ્ઞાને વિસ્મરી, જે કંઈ પણ પ્રવૃત્તિ થાય તે પ્રમાદ.

卐 ઈચ્છાથી, જીદથી, અહંથી, શઠતાથી, લોભથી, ગમાથી, અણગમાથી, ભયથી, શોકથી, જાગુપ્સાથી, વિજાતીયના આકર્ષણથી, જિનાજ્ઞાના અનાદરથી જે કંઇ પણ થાય તે પ્રમાદ. પ્રમાદ એજ મહાશત્રુ. અઢાર પાપસ્થાનકને આમંત્રણ આપનાર ગોર મહારાજ.

સંયમના પ્રતિસ્પર્ધી-આત્મ ગુણનો વિરોધી આ પ્રમાદને હવે હાકલ કરવાની છે, હટો, ભાગો, દૂર જાવ. મારા જીવનના ઘરમાં તારા જેવા ગુણ વિરોધી તત્ત્વને પ્રવેશ નહિ મળે. તું એક ક્ષણ પણ રહે તો પણ હું જિનનો દ્રોહી કહેવાઉં !

પ્રભુએ ફરમાવ્યું, 'પ્રમાદ ભાવ એ જ અજ્ઞાન. જ્યાં મોહનો ઉદય ત્યાં જ્ઞાનને સ્થાન નહિ, હું અજ્ઞાનીની ટોળીનો ગુંડો નથી, હું તો ગરવા જ્ઞાની તીર્થંકર પરમાત્માના કુટુંબનો સદસ્ય છું.

પ્રમાદ સાથે મારી મિત્રતા તો નહિ પણ હંમેશાં લાલ આંખ. પ્રમાદ મને ડરાવી ના શકે, હું પ્રમાદને ડરાવી શકું. હું શરણાગત છું વીતરાગનો, વીતરાગના

સામ્રાજ્યમાં પ્રમાદનો ભય શાનો? વીતરાગના વિશિષ્ટ રાજ્યમાં અપ્રમત ભાવના જય ડિંડિમ ગાજે...

પ્રભુ ! હું આપની હિતશિક્ષાને અનુસરીશ. એક સમયનો પણ પ્રમાદ નહિ કરું, પુણ્યાનુબંધી પુણ્યના ઉદયે મળેલ માનવ જન્મ, નિરોગી શરીર, પંચેન્દ્રિયની પૂર્ણતા, સદ્ગુરુના યોગનો સદુપયોગ કરીશ. હું એક ક્ષણ પણ પ્રમાદ નહીં કરું. અતિ દુર્લભ જીવનનો દુરુપયોગ કરું તો મારે કારણે અનેક લોકો અહિતના માર્ગે પ્રેરાય. શક્તિ આપજો. સામર્થ્ય આપજો. પ્રાપ્ત સામગ્રીના દુરુપયોગથી પીછે હઠ કરું.

સાચે તારક ! આજ દિલ ખોલી મારી કરુણ કથની પણ કહી દેવા દો. આપનો ઉપદેશ 'ક્ષણનો પણ પ્રમાદ ના કરું. દુનિયાએ મને ડાહ્યો કહ્યો; સમજદાર, બુદ્ધિમાન કહ્યો. પણ, આજે સાચું સમજાયું–હું અનંત અનંત કાળથી પાગલ હતો. મોહના નશામાં ચકચૂર હતો. પાગલપણામાં પણ દેખાવ ડાહ્યાનો કરતો હતો પણ પ્રભુ સામે હું ગાંડો હતો. દુનિયાની દૃષ્ટિએ તે ગાંડો જેનું મગજ અસ્થિર હોય. અધ્યાત્મની દૃષ્ટિએ તે ગાંડો જેનું હૃદય મોહથી ભરેલ હોય.

પ્રભુ મને કુંભકર્ણની નિદ્રા કરતા અધિક મોહની ભયંકર નિંદ્રા આવેલી. આપે ઢંઢોળ્યો, જગાડયો. હવે

આશીર્વાદ આપો. સદા જાગૃત રહું, આત્મ સામ્રાજ્યનો વિકાસ કરું, વિસ્તાર કરું.

પ્રભુ ! આપે હિતશિક્ષા આપી. 'સમયનો પણ પ્રમાદ ના કર.' આ કેવું મજાનું સોનેરી સૂત્ર છે! ક્ષણના સદુપયોગ અને દુરુપયોગમાં મારી જીંદગીનો નકશો બદલાવવાની તાકાત...સદા જલતી રહો આપે જગાવેલી દિવ્ય જ્યોતિ...

## ૧૭. "ઓઈણ્ણો સિ પહં મહાલય" 'ગચ્છસિ મગ્ગં વિસોહિયા' 卐

માર્ગ સમ પણ હોય અને વિષમ પણ હોય, માર્ગ સરળ પણ હોય અને માર્ગ કઠિન પણ હોય. માર્ગ સીધો પણ હોય, આડો–અવળો પણ હોય, માર્ગ કાંટા કાંકરાવાળો પણ હોય અને ચારે બાજુ વૃક્ષોથી આચ્છાદિત સ્વચ્છમાર્ગ પણ હોય. માર્ગ રણનો પણ હોય અને નદી કિનારાનો પણ હોય....

યાત્રિક અને રખડુંમાં ફરક શું? સારાં માર્ગે નિશ્ચિત માર્ગે ધ્યેય પૂર્ણાહુતિ માટે ચાલે તે યાત્રિક....ગમે તેવા માર્ગે કશા પણ લક્ષ્ય વગર ચાલ્યા કરે તે રખડું... શાની!

પથિક! મહાન પુણ્ય તારા. મિથ્યાત્વના માર્ગે રખડતો–રઝળતો અથડાતો – કૂટાતો યથાપ્રવૃત્તિ કરણના સહારે તું કર્મગ્રંથી સુધી આવ્યો. અદ્વિતીય–પૂર્વે નહિ કરેલા એવા શુદ્ધ–વિશુદ્ધ–મહાન શુદ્ધ અધ્યવસાય દ્વારા તે કર્મગ્રંથી ભેદી નાંખી. તારો ઇતિહાસ બદલાઇ ગયો. ગઇ કાલે તારા ઉપર જે કર્મની મહાજંજીરો હતી–લોખંડી બખ્તરો હતા. તેને તેં તોડી નાંખ્યા. સિત્તેર કોડાકોડી સાગરોપમ પ્રમાણ મોહનીય કર્મની બંધ સ્થિતિને તેં ભગાડી

નાંખી. તારા વિજયની જયઘોષણા શરૂ થઇ. આ અપૂર્વ-કરણ અવસ્થામાંથી ક્રમિક વિકાસ કરી માર્ગાભિમુખ બન્યો. સમ્યક્ત્વ પ્રાપ્ત કરી તું અટકયો નહિ. મોક્ષની રાજધાની રૂપ સંયમમાં પ્રવેશ કર્યો. આજે તું ધર્મધ્યાન અને શુકલ-ધ્યાન રૂપ વૃક્ષઘટાથી શોભતાં....સ્થળે સ્થળે સ્વાધ્યાય રૂપ ફુવારાવાળા માર્ગની મહત્તા સમજાવતાં, સંરક્ષક સમા ગુરુજનોની પ્રેરણા મળતાં મહાન ચારિત્રના પથનો પ્રવાસી બન્યો છે.....અભિનંદન તારા સંયમમાર્ગને.....અભિનંદન તારી સંયમયાત્રાને....હવે અંતરની એક જ વાત કરવી છે. ધ્યાનથી સાંભળ....તારા આત્મ–કલ્યાણની વાત સાથે તો વિશ્વ કલ્યાણના મંગલ આલેખાયેલા છે. તું મહાપથનો પ્રવાસી બન્યો છે. મહાન રાજમાર્ગ પર આવી ગયો છે. હવે જ તારી આકરી પરીક્ષાં શરૂ થશે. લાંબો પુરપાટ ચાલ્યો જતો રાજમાર્ગ ક્યારેક તને આકરો લાગશે.

બોર રૂડાં છે–મીઠાં છે–રૂપાળાં છે. પણ તુચ્છ અને દાંત તોડે તેવા છે. નાળિયેર બહારથી કઠોર છે–કઠિન છે. સૌંદર્ય રહિત છે. પણ અંદરથી સ્વચ્છ છે. કોમળ છે. સુમધુર છે. આરોગ્યપ્રદ અને શક્તિપ્રદ છે. તેમ સંસાર બહારથી સુંવાળો છે. સોહામણો છે–લોભામણો છે. પણ તેનો સંગ કર્યો ત્યાં જ તેનું રૌદ્રરૂપ, દુર્ગતિ–કષાય–વિષયોની વિડંબના–કર્મોનો કેર શરૂ થઈ જશે. સંયમનો માર્ગ કઠિન છે. આકરો છે–બિહામણો છે. પણ જ્યાં તે

માર્ગે સંચર્યા એટલે સદ્ગતિ. શુભભાવના–સદ્ધ્યાન–આત્મ-વિકાસ નિશ્ચિત છે.

**સાધક!!!** તારા પુણ્ય એટલાં મહાન છે–અસંખ્ય દેવોની તારા ઉપર મીટ છે. સમ્યક્ દૃષ્ટિ દેવો તો તારા જેવા પુણ્યની ઝંખના કરે છે. તારા સંયમના રાજમાર્ગ પર પ્રવેશ મેળવવા પેલા સર્વાર્થ સિદ્ધના દેવો તો હરણ ફાળ મારવા તૈયાર છે. એક એક સાધુને જુવે છે અને તેઓ ભાવવિભોર બની ઊઠે છે. મહાત્મા! તમારા સાધુ-જીવનનું એક વર્ષનું આયુષ્ય કેટલું મજાનું ભવ્ય. જો અમને તમારું (સંયમીનું) એક વર્ષ પણ મળે તો અમે શરતમાં અમારા તેત્રીશ સાગરોપમના દેવના આયુષ્યને મૂકી દઇએ.

મહાત્મા! તમારો માર્ગ મહાન છે. અમે સમસ્ત દેવો મળીને પણ તમારી સામે હાર જ મેળવીએ. અમારો જ પરાજય નિશ્ચિત છે. આપની વીરતાની બિરદાવલી ગાવા સિવાય અમે શું કરી શકીએ.

સંયમી! તું હજી મૂઢ છે. એમ કહું....ના કહેવાય ....તને શું કહું? ખરાબ શબ્દ કહેવાય નહિ. અને સારા શબ્દનો દુરુપયોગ થાય નહિ. બસ, મારા હૈયાની વાત હું તો કહીશ જ. તું મહાન બનવાને સર્જાયેલ છે. તારો જન્મ કાંકરા અને રેતીનાં ઢગલાં કરવા માટે નથી. એ તો મજૂર કરે. તું ક્યાં તો મહામાર્ગનો મુસાફર બને, અથવા મહામાર્ગનું સર્જન કરે.

卐 "સંયમના શ્રેષ્ઠમાર્ગના ઈજનેર તીર્થંકર પરમાત્મા, સારા ઇજનેરે બનાવેલ ઈમારત સુરક્ષિત હોય. તીર્થંકર પ્રરૂપિત સંયમના માર્ગ અંગે શું વાત કરવી ?"

માર્ગ તો સુરક્ષિત છે. સુખકર છે. હવે તું કેટલું ચાલ્યો તેટલું જ મારે પૂછવું છે.

મહાત્મા !!! સંયમના માર્ગ પર આકર્ષિત થઈ ગયો છું. મુગ્ધ બની ગયો છું. અપ્રાપ્ય પ્રાપ્ત કરી હર્ષવિભોર બની ગયો છું. હર્ષાવેશમાં મારી ગતિ જરા ધીમી પડી ગઇ છે. પણ તમે વૃદ્ધ, મારી ચિંતા ના કરતાં, હજી તો બાળક છું, હજુ તો યુવાન છું. અરે ! હમણાં જ દીક્ષા લીધી છે. મૃત્યુ ઘણું દૂર છે. મૃત્યુ આવતાં પહેલાં બધી તૈયારી કરી લઇશ....ગાડીમાં બેસી જ ગયો છું ને....? સ્ટેશન આવશે જ ને ? હમણાં ટિકીટ તપાસીને સૂઇ જાઉં. સ્ટેશન આવશે–વીસલ વાગશે..જાગૃત બની જઈશ. બસ, પછી કંઇ ચિંતા કરવા જેવું છે ? ચલો, ત્યારે સબ સલામત.

સાધક !! તું યુવાન છે. તારામાં સાહસ હોય– સાહસિકને સબ સલામત લાગે. પણ પ્રત્યેક અનુભવી વૃદ્ધ કહેવાય. વૃદ્ધ ગણી ગણીને ડગલાં ભરે. અને સૌને સમજાવે. ગણીને ડગલાં ભરવાં જોઇએ. ભાઈ ! મહાવ્રતરૂપ ટિકીટ લીધી છે. સંયમ રૂપ ગાડી છે. પણ હજી તારે જંકશને

ગાડી બદલવાની છે. જંકશન ખ્યાલ ન રહે તો આ જન્મમાં તારે સંપૂર્ણ સાવધ રહેવું પડશે. જરાક પ્રમાદમાં રહીશ તો ગાડી પાટા પરથી ઉતરી જશે.

જીવનમાં બધાં કર્મો અનેકવાર બંધાય પણ ભવવિપાકી આયુષ્ય કર્મ તો એક જ વાર બંધાય. આયુષ્યકર્મની તાકાત છે શુભને અશુભમાં અને અશુભને શુભમાં પરાવર્તન કરી શકે.

બોલ! વૈક્રિય શરીર પુણ્ય પ્રકૃતિ કે પાપ? તું કહીશ વૈક્રિય શરીર પુણ્ય પ્રકૃતિ પણ વૈક્રિય શરીર સાથે નારકનું આયુષ્ય હોય તો? ઔદારિક શરીર સાથે નિગોદ રૂપ તિર્યંચનું આયુષ્ય હોય તો? પંચેન્દ્રિય જાતિ મોક્ષ માટે સહાયક પણ સાથે દેવનું આયુષ્ય મલ્યું તો સહાયક કે બાધક? આંખો તો ખૂબ સુંદર મળી. તીવ્ર અને વેધક. જ્યાં દૃષ્ટિ પડી ત્યાં બધું જ સમજાય તેવી. પણ, સાથે કુબુદ્ધિ મળી તો? સંયમના રાજમાર્ગ પર ચાલનારે કેટલી સાવધતા રાખવાની હોય?

વડીલ!! ચિંતા ના કરો. પડિક્કમણું કરી લઈશ. પડિલેહણ કરી લઈશ. વિહાર કરી લઈશ. ગોચરી જઈ આવીશ. લોચ કરાવી લઈશ. અને છેવટે નિકાચિત કર્મક્ષય કરવા એકાદ માસક્ષમણ જેવા તપમાં પણ ઝૂકાવી દઈશ. બોલો, હવે મને કંઈ કહેવા જેવું છે. મારા અંગે નિશ્ચિત બની જાવ, જરા પણ ચિંતા ના કરતાં. મને મારા મનની ખબર પડે છે.

સાધક ! ! ! "સાધના માર્ગની પહેલી શરત છે. થોડું મૌન શીખ. જવાબ આપવામાં ઉતાવળ ના કર."

બાપલીયા થોડો ધીરો પડ....ખમ્મા કર....શું તું એમ સમજે છે કે પડિક્કમણાં–પડિલેહણ–ગોચરી–લોચ–વિહાર અને તપ કરવા માત્રથી તને મોક્ષ નગરમાં પ્રવેશ મળી જશે ? હું નહિ કહું....તું જ તારા આત્માને પૂછ તેં પ્રતિક્રમણ કર્યું ? પણ શું તું પાપથી પાછો હઠયો ? દુર્ભાવ દૂર થયા અને શુભ ભાવ પ્રગટ થયા. ?

પ્રતિક્રમણ એ તો પ્રભુની આજ્ઞાનું પરમ અંગ છે. તે અકાળે ના કરાય તેના સમયે જ કરાય. મુદ્રારહિત ના કરાય. મુદ્રાપૂર્વક જ કરાય. બેઠાં બેઠાં ના કરાય ? ઊભાં ઊભાં જ કરાય ? બેદરકારીથી કરાય ? બેદરકારીથી ના કરાય. ઉપયોગ પૂર્વક જ કરાય. ઉપેક્ષાપૂર્વક કરાય. પ્રતિક્રમણ વિધિના પૂર્વક કરાય. આદર અને બહુમાનથી કરાય. તારા પ્રતિક્રમણને શું કહું ? સાચું કહી દઉં. સૂત્ર પાઠનું પુનરાવર્તન–શુક પાઠ–શાસ્ત્રજ્ઞાનું સમાચરણ ન કહેવાય. એટલે જ કહું છું–"ગચ્છસિ મગ્ગં વિસોહિયા." તું દોડ નહિ તને અનાદિથી આંધળીયા દોડ મૂકવાની આદત છે.

પરમાત્મા કહે છે—ગચ્છસિ–તું જા....સંચર...તું ચાલ....હાંફી ના જવાય, તેમ થાકી ના જવાય. તેમ પાછા-ફરવું ન પડે તેમ ચાલ. તારી વર્તમાનની પડિલેહણની ક્રિયાથી તને શું લાભ થાય છે ? સમય વ્યતીત

ઊઠ-બેસ કે આથી અધિક ? બે વાર વસ્ત્ર-પાત્ર-વસતિનું પ્રતિલેખન કરનાર તું, તારા આત્માનું બે વાર પ્રતિલેખન કરે છે ? ઓછામાં ઓછા બે વાર તો તારા આત્માને રાગ-દ્વેષથી ખંખેરી નાંખ....તારા આત્મા ઉપર લાગેલ રાગ-દ્વેષની પડિલેહણ કર. તું ઘરે ઘરે જઇને ગોચરી લાવે છે. પ્રભુ આજ્ઞા મુજબની પ્રક્રિયા બદલ તને ધન્યવાદ.... પણ, તને તારો આત્મા સાક્ષી આપે છે. આ તારી ગોચરી 'મુક્ખ સાહૂણ હેઉસ્સ, સાંહૂ દેહસ્સ ધારણા' માટે છે. ક્યાંક અનુકૂળવૃત્તિ, ક્યાંક સ્વાદવૃત્તિ તો નથી પોષાતી ? ગોચરી જાય ત્યારે એટલો તો વિચાર કરજે. પરમાત્મા ઋષભદેવની જેમ એક વર્ષ ગોચરી નહિ મળે તો ઘરે ઘરે ધર્મલાભ આપવા ફરીશ. ઢંઢણ ઋષિની જેમ શુદ્ધ ગોચરી માટે, સ્વલબ્ધિથી ગોચરી મેળવવા ઘરે ઘરે છ મહિના ફરીશ. અશુદ્ધ ગોચરીથી પેટ નહિ ભરું. આ વિચાર રહે તો તું પ્રભુના માર્ગે શુદ્ધિપૂર્વક ગમન કરે છે—અન્યથા ભટકે છે.

વિહાર તો તું ખૂબ ઉગ્ર કરે છે. ના, ખૂબ દીર્ઘ અને દોડતો કરે છે. પણ, પ્રભુ ! આજ્ઞા મુજબ વિહાર કરે છે ? ઇર્યાસિમિતિ પૂર્વક વિહાર કરે છે ? વિહાર કરતાં જિનાજ્ઞાની મોજમાં મ્હાલે છે કે વિહાર કરતાં પરિષહ અને ઉપસર્ગથી કંટાળી જાય છે ?

વિહાર કરતાં તું સ્વભાવદશામાં વિચરે છે કે વિભાવ-દશામાં ?

卐 "વિહાર કરતાં તારો સંસાર ઘટે અને મોક્ષમાર્ગ નજદીક આવે તો વિહાર". નહિતર પરિભ્રમણ-રખડપટ્ટી.

પૂછ,-તારા મનને "ગચ્છસિ મગ્ગં વિસોહિયા". તું લોચ કરાવે છે-કષ્ટ સહ્યું તેમ કહું ? ન કહેવાય... વાળ વગરનું મસ્તક થયું. મસ્તક પર એક કાળો કેશ ના રહ્યો. પણ અંતરમાંથી ક્લેશનો લોચ થયો ? હ્રદય આલોચના અને પ્રાયશ્ચિત્તથી શુદ્ધ બન્યું ? "એકલો લોચ તે કાયક્લેશ. પણ પ્રભુ આજ્ઞાના રહસ્યપૂર્વકનો લોચ પ્રાયશ્ચિત્તનું પવિત્ર ઝરણું. જવાબ લે તારા આત્મા પાસેથી મારે તારા જવાબની જરૂર નથી...તારી શુદ્ધિની જરૂર છે..... તું તપસ્વી છે. માસક્ષમણ જેવો તપ કરી-ભોજનની આસક્તિ દૂર કરવાની પ્રક્રિયા આચરનાર તને લાખવાર નહિ, કરોડવાર વંદન....પણ એક જવાબ આપ ?

**"દહેના શોષ સાથે ગુણનો પોષ થયો ?"**

સાધક ! મારે તને એટલું જ કહેવું છે. મહાપુણ્યે પ્રભુના ચારિત્રને પામ્યો છે. હવે માર્ગનું સંશોધન કરી, શુદ્ધ બનીને જા....આગળ વધ....બસ, આ સિવાય મારા હૈયામાં શું હોય તે તું કહે ?

મહાત્મા ! માફ કરો. બધું કર્યું-પણ મેં મારું સંશોધન નથી કર્યું. હવે વચન આપું છું-સંયમના રાજ-પથ પર મારી જાતને સંભાળીને ચાલીશ....

# ૨૮. અપ્પિયસ્સાવિ મિત્તસ્સ રહે 卐 કલ્લાણ ભાસઈ

જે વ્યક્તિ પ્રિય ન હોય તેની એકાંતમાં નિંદા કરવી તે દુર્જનતા. જે વ્યક્તિ અપ્રિય હોય તો પણ તેની એકાંતમાં પ્રશંસા કરવી તે સાધુતા.

સાધુતા યોગ્યતા દ્વારા પ્રગટ થાય છે. યોગ્ય હોય તેને જ્ઞાન પ્રાપ્ત થાય. અયોગ્યને ત્રણ કાળમાં જ્ઞાન પ્રાપ્ત ન થાય. પથ્થરમાં કમળ પેદા ન થાય તેમ અયોગ્યને જ્ઞાન ન થાય. કાળી માટીમાં પાક સહજ થાય. યોગ્ય આત્માને સ્વાભાવિક રીતે વિનાશ્રમે જ્ઞાન પેદા થાય.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના અગીયારમાં બહુશ્રુત પૂજા અધ્યયનમાં જ્ઞાન પ્રાપ્તિ માટે આત્માની પંદર પ્રકારની યોગ્યતા બતાવી છે. કયાંય પુસ્તક, વાતાવરણ, અધ્યાપકને જ્ઞાન પ્રાપ્તિને યોગ્ય બતાવ્યા નથી, પુસ્તક, પાટી, પેન, કાગળો સાચે જ્ઞાનને યોગ્ય બનાવે કે આપણી મૂર્ખતાના દ્યોતક? જેને ગ્રન્થ કંઠસ્થ ન થયો હોય તેને પુસ્તક રાખવું પડે, જેને અર્થ યાદ ન રહ્યા હોય તેને પુનઃ સ્મરણ કરવા મુદ્દા આલેખવા પડે.

પુસ્તક અધ્યાપક વગેરે જ્ઞાનના સાધનો. જ્ઞાન પ્રાપ્તિમાં સહાયક બની શકે પણ જ્ઞાન પ્રાપ્તિ માટે આત્માની યોગ્યતા

ન પ્રગટાવી શકે. જ્ઞાન પ્રાપ્તિ માટે યોગ્યતા પ્રગટાવે સદ્ગુણ.... ઉતરાધ્યયન સૂત્ર નમ્રતા, અચપલતા, સરળતા, અકુતૂહલતા, સૌજન્ય, સમતા, મિત્ર પ્રતિ કૃતજ્ઞતા, શ્રુત મેળવ્યા બાદ પણ નિરભિમાનતાં, પાપી પ્રત્યે પણ કરુણા, મિત્ર પ્રત્યે પ્રેમ, અપ્રિય મિત્રની પણ એકાન્તમાં પ્રશંસા, કલહ=લડાઈ રહિત, કુલીનતા, લજ્જા, ઇંદ્રિય સંયમિતા વગેરે ગુણવાળા, સુવિનીત બને છે. તેમાં એકદમ ધ્યાન દોરે તેવું પદ છે. "અપ્પિયસ્સાવિ મિત્તસ્સ રહે કલ્લાણ ભાસઇ."

શું સાધુને મિત્ર હોય! જેને કોઇ દુશ્મન હોય તેને કોઈ મિત્ર હોય. પણ જેને દુશ્મન જ નહિ તેને મિત્ર કઇ રીતે? મિત્ર જ નથી ત્યાં પ્રિય મિત્ર અને અપ્રિય મિત્રના ભેદ કેવી રીતે?

સમુદ્ર કિનારે ઊભા રહેલ વ્યકિત સમુદ્રની ગંભીરતા ના સમજી શકે. મરજીવો બની સમુદ્રમાં ડુબકી મારે તેને જ સમુદ્રની ગહનતાનો ખ્યાલ આવે......

જ્ઞાનાર્થી–વિદ્યાર્થીને જ સમજાય તેવી આ વાત છે. નીતિનું એક વાકય છે. ધ્યાન માટે એક વ્યકિત, જ્ઞાન માટે બે વ્યક્તિ જોઇએ. વિવાદ માટે ત્રણ વ્યક્તિ, મુસાફરી માટે ચાર વ્યકિત, ન્યાય માટે પાંચ વ્યકિત જોઇએ. સાધના માર્ગ અને જ્ઞાન માર્ગ કંઈક ભિન્ન છે. પ્રાથમિક ભૂમિકા જ્ઞાન માર્ગની છે. દ્વિતીય ભૂમિકા સાધના માર્ગની છે.

પ્રત્યેક જ્ઞાનયોગી સાધનાયોગી હોય પણ ખરો અને ન પણ હોય. પણ, પ્રત્યેક સાધનાયોગી જ્ઞાનયોગી તો હોય જ.

ઉચ્ચ ભૂમિકાએ પહોંચ્યા પછી સમસત્તુમિતે, સમ લેટ્ઠુ-કંચણે, સમ સુહ દુક્ખેની યોગ્યતા પેદા થાય પણ, જ્ઞાનયોગમાં આત્માની યોગ્યતા પેદા કરવાની છે. ત્યાં સર્વ શ્રેષ્ઠ યોગ્યતા, વિચારણાની આ એક બાજુ છે, તો વિચારણાની બીજું એ છે કે અધ્યયન અધ્યાપન માટે હંમેશા એક સમુદાય જોઇએ. 'વર્ગ' જોઇએ. અધ્યયન કરનારો વર્ગ વિશાળ હોય તો સૂત્રાર્થ સમજનાર અને સમજાવનાર બંનેને એક નવ્ય પ્રાપ્તિ થાય. જિનશાસનમાં વાચના પ્રણાલિકાનું મહત્વ છે. સાત માંડલીમાં વાચના માંડલી પણ એક મહત્વની માંડલી છે. ભદ્રબાહુસ્વામી વાચનાચાર્ય એક અને સ્થૂલભદ્રજી વિગેરે વાચના લેનાર પાંચસો સાધુ મહાત્માઓ.......

વાચના માંડલીમાં જ્ઞાનદાતા એક, જ્ઞાન ગ્રહણ કરનાર અનેક, દરેકની બુદ્ધિની તરતમતા....દરેકના પ્રયત્નની તરતમતા, દરેકના ક્ષયોપશમની તરતમતા-દરેકના શાતા અશાતા વેદનીય કર્મની તરતમતા અને દરેક આત્માની યોગ્યતાની તરતમતા અલગ. આમ અનેક વિવિધતા વચ્ચે એકતા સર્જવાની.

સહાધ્યાયીઓ સાથે પ્રેમ અને સહકાર રહે તો જ જ્ઞાન પ્રાપ્તિમાં સાનુકૂળતા થાય.

સહાધ્યાયીઓ સાથે શત્રુતા, વૈમનસ્ય, અસહકાર રહે તો જ્ઞાન પ્રાપ્તિમાં પ્રતિકૂળતા......

આત્મા જયાં પ્રેમ કરવા જાય ત્યાં થોડી દુશ્મનાવટ કરી આવેજ, આત્મા જયાં કોઈનો સહકાર લેવા જયાં ત્યાં

પક્ષપાત કરી આવે જ. આ આત્માના સ્વાભાવિક દુર્ગુણ નહિ પણ છદ્મસ્થતાના કારણે આત્મામાં પેદા થયેલ દુર્ગુણો છે.

અભ્યાસમાં બે વિદ્યાર્થી બુદ્ધિશાળી હોય પણ પરસ્પર સહકાર આપે તો મિત્ર બની જાય, નહિતર દુશ્મન બની જાય. બે તેજસ્વી વિદ્યાર્થી વચ્ચે જ પહેલાં બીજા નંબરની સ્પર્ધા આયોજાય. બે તેજસ્વી વિદ્યાર્થી વચ્ચે જ સહકાર અને અસહકાર થાય. બે સમાન શક્તિવાળામાં ચકમક ઝરે. બે તેજસ્વી વિદ્યાર્થીનો દુર્ભાવ, ભવ્ય જ્ઞાન પ્રાપ્તિને ત્યાં જ સ્થગિત કરી દે. જ્ઞાનના ક્ષેત્રમાં હજારો પ્રશ્ન આવે, જ્ઞાનદાતા ગુરુને પણ હૃદયનો ઈર્ષ્યાભાવ કલંકિત કરી દે! "ગુરુજીને આ શિષ્ય પ્રિય છે અને આ શિષ્ય અપ્રિય છે. આમ કરી વિદ્યાના વિશુદ્ધ ક્ષેત્રને પણ કુરુક્ષેત્ર બનાવનાર કૌરવોની ક્યારેય દુનિયામાં ખોટ નથી !!! બે વ્યક્તિ મળે એટલે કંઈક ઊંચા નીચી થાય.

"બે સમજદાર વ્યક્તિનું મિલન સર્જન કરે.
બે અસમજદાર વ્યક્તિનું મિલન વિસર્જન કરે.

વિદ્યાર્થીની પ્રારંભિક દશાના પ્રશ્નો, સમસ્યાઓ ત્રણ જગતના ગુરુ વીતરાગ પરમાત્મા પાસે રજૂ કરવા પડે તેમ નથી. પરમાત્મા જ વિદ્યાર્થીઓની સમસ્યાઓનું સમાધાન કરે છે.

વિદ્યાર્થી તારે જ્ઞાન પ્રાપ્તિ કરવી છે તો તારે સાથીઓ જોઈશે. સાથી તને અનુકૂળ મળશે તો મિત્રતા થવી એ સ્વાભાવિક છે. સાથી પ્રતિકૂળ મળશે તો....બ્રહ્મચર્ય જેવું કઠિન વ્રત જરૂરી છે તેમ જ્ઞાન પ્રાપ્તિ માટે અપ્રિય મિત્રનું પણ એકાન્તમાં હિત બોલવું, અપ્રિય મિત્રની પણ એકાન્તમાં પ્રશંસા કરવી. આ શરત ખૂબ જ જરૂરી છે.

અપ્રિય મિત્રનું જાહેરમાં ખરાબ ન બોલવું, ઘસાતું ન બોલવું, મોઢા સામે પ્રશંસા કરવી એ વ્યાપારી પદ્ધતિ છે.

ગુરુએ જે શિષ્યને હૈયાના હીર નિચોવી જ્ઞાન પ્રદાન કર્યા હોય તે શિષ્યની વિચારણા મૌલિક હોય. તેની આચાર પ્રણાલિકા અનોખી હોય! વિદ્યાર્થી એકાન્તમાં અપ્રિય મિત્રની પ્રશંસા કેવી રીતે કરી શકે ? તેની મનોભૂમિકા કેવી હોય ?

સાધક ! વિદ્યાર્થી વિદ્યાર્થી વચ્ચે મતભેદ શાના હોય ? જ્ઞાન પ્રાપ્તિની પદ્ધતિના, સહાયકતાના. એકાન્તમાં તે વાત ગૌણ બની પોતાનો ઈર્ષ્યાળુ સ્વભાવ સન્મુખ આવે છે. જ્યાં આવો સ્વભાવ આવે ત્યાં સ્વની પ્રશંસા અને પરની નિંદા હોય જ. બે ડોકટર એક જ દર્દ અંગે કેટલી જલદ દલીલ અને ટીકા કરતાં હોય પણ જ્યારે કોઇ દર્દી આંખના ડોકટરને કહે મને ગળામાં દર્દ છે તો તે ડોકટર તુરત કહેશે, પેલા મારા મિત્ર ડોકટર પાસે જાવ. ઘડી પહેલાંના દુશ્મન મિત્ર કેમ બની ગયા ? ભાઇ ! અમે

દુશ્મન હતાં જ નહિ. અમારા દૃષ્ટિબિંદુને અમે વધુ સૂક્ષ્મતાથી સ્પષ્ટ કરતા હતા.

એક મહાત્માને જોયેલ. પોતાના પ્રતિસ્પર્ધીસમા એક સાધકની એકદમ કડક સમીક્ષા તેની રૂબરૂમાં કરતા હતા. પણ તેની ગેરહાજરીમાં તેમના શાસ્ત્રીય જ્ઞાનની અનુમોદના કરતા હતા, અને કહેતા હતા, મને ચર્ચા વિચારણા કરતા મઝા તો પેલા મારા આલોચક મહાત્મા સાથે આવે. મારી વાતનો તેઓ જેટલો વિરોધ કરે, તેટલું હું ઊંડું વિચારું, સાચું કહું તો તેમના પ્રશ્નોએ વિરોધે મારા જ્ઞાનને સ્પષ્ટ કર્યું. જાહેરમાં મતભેદના કારણે અમે મિત્ર ના હોઈ શકીયે પણ એકાન્તમાં મારે તેમની સાથે મતભેદ નથી તોતેમની પ્રશંસા કેમ ના કરું ?

અપ્રિય મિત્રની એકાન્તમાં પ્રશંસા તે જ કરી શકે કે કલેશ, વૈર, વૈમનસ્યના મૂળ જેની હૃદયની ધરતી ઉપર જામી ન ગયા હોય ! વૈર, વૈમનસ્યવાળો આત્મા ભ્રાંત બને છે. વિચાર અને વિવેક વિના જ્ઞાન-પ્રાપ્તિની યોગ્યતા પ્રગટ થતી નથી.

ભલા સાધક ! ગુરુ તને હંમેશા જ્ઞાન આપવા આતુર છે. પણ વિચાર અને વિવેકના લોચન જાગૃત રાખે તો ! વિચાર વિવેકના લોચન ત્યારે જ જાગૃત રહે કે જ્યારે મન સંભ્રાન્ત ન હોય. મન તેનું જ અસંભ્રાન્ત રહે કે જેનો આત્મા

સમતા સરોવરમાં સ્નાન કરતો હોય. બસ, આ મૌલિક યોગ્યતાને સમજ અને મૌલિકતા પ્રાપ્ત કર.

મહાત્મા ! વિદ્યાર્થી અવસ્થાની વિષમતા સમજ્યો. જ્ઞાન પ્રાપ્તિની અવસ્થા સમજ્યો. બસ મને જોઇએ "અપ્પિયસ્સાવિ મિત્તસ્સ રહે કલ્યાણ ભાસઇ"ની અનુપમ શક્તિ. જેનાથી હું સમુદાયના પ્રત્યેક જ્ઞાનીનો અનુમોદક બનું, ચાહક બનું અને હિત-સાધક બનું એજ નમ્ર વિનંતિ....

## ૨૮. સમણા ભવિસ્સામુ ગુણોહધારી 卐

રાજા અનેક થયા પણ....સંપ્રતિ મહારાજાએ સિદ્ધ કર્યું કે પોતાનો જન્મ, ધરાને જિનમંદિરથી મંડિત કરવા થયો છે. નગરશેઠ અનેક થયાં પણ....ભામાશાએ સિદ્ધ કરી આપ્યું કે મારી સંપત્તિ 'મા' ભોમની રક્ષા કાજે છે. આચાર્ય ભગવંત અનેક થયા પણ....હેમચંદ્રાચાર્ય મહારાજે સિદ્ધ કર્યું કે મારો જન્મ ગ્રંથ સર્જન અને રાજવી પ્રતિબોધ માટે છે.

પ્રત્યેક વ્યક્તિને પોતાનું ધ્યેય સ્પષ્ટ થવું જોઇએ, ધ્યેય સ્પષ્ટ થયા બાદ ધ્યેયની પાછળ ફના થવાની અડગ નેમ જોઈએ....જગતમાં મહાન ધ્યેય પાછળ મરી મીટનાર ધ્યેયવાદી કેટલા ? દરેક સ્ત્રી ઝાંસીની રાણી ના બની શકે. ઝાંસીની રાણી તો તેજ બની શકે જે સ્વતંત્રતાની ક્રાંતિ માટે સાચું બલિદાન કરી દે.

**સાધક !**

જે વ્યક્તિને પોતાનું ધ્યેય યાદ કરવું પડતું હોય તે ધ્યેય પ્રાપ્ત ન કરી શકે. પણ જેની જાણતાં કે અજાણતાં પણ થઈ જતી પ્રવૃત્તિ તેના ધ્યેયને જ વ્યક્ત કરતી હોય તે જ ધ્યેય પ્રાપ્ત કરી શકે ! તું શ્રમણ થયો પણ શ્રમ કરનાર મજૂર નહિ.

સમતા માટે....ક્ષમા માટે....શ્રમ કરનાર ક્ષમા શ્રમણ

મોક્ષ પ્રાપ્તિ માટે પ્રયત્ન કરનાર નિર્ગ્રંથ....

તારી ઉદ્‌ઘોષણાથી તારા બુલંદનાદથી વિશ્વને ગુંજિત કરી દે. હું જ્ઞાની બનવા જ સાધુ બન્યો નથી, હું તપસ્વી બનવા જ સાધુ બન્યો નથી, હું ગુરુ બનવા જ શિષ્ય બન્યો નથી પણ મારી મેરુસમ અડગ પ્રતિજ્ઞા છે. 'સમણો ભવિસ્સામુ ગુણોહધારી' મને એક ગુણથી ના ચાલે બે ચાર ગુણોથી સંતોષ ના મળે. દસ–પંદર ગુણોથી મને તૃપ્તિ ના થાય. મારા સોણલાં–મારા મનોરથ અનંતગુણ પ્રાપ્તિના છે. અનેક–અનુપમ ગુણ પ્રાપ્ત કરવા જ સાધુ થઈશ. આ જેનું વ્રત હોય તેવા સાધકનો દીક્ષાના પ્રથમ દિવસથી કેવો પુરુષાર્થ હોય ? કેવી તાલાવેલી હોય ? કેવી ઝંખના હોય ?

જેટલી મુસાફરી–પ્રવાસ દીર્ઘ હોય તેટલી ચોકસાઈ અધિક જોઈએ. દીર્ઘ પ્રવાસી સમયનો દુરુપયોગ કરે તો સમય વ્યતીત થઈ જાય અને શુભ ઘડી પ્રમાદમાં ચાલી જાય. કરોડો અબજોનો વેપારી પણ ચોકસાઇ ભૂલી જાય તો કરોડોના નફાના બદલે કરોડોનું નુકશાન નિશ્ચિત....!

**જેટલી જવાબદારી મહત્વની હોય તેટલી ગણત્રી પણ પાકી હોવી જોઇએ.'**

એક મહાનુભાવને પોતાનું ઘર વીજળીના પ્રકાશથી મંડિત કરવું હતું. તેણે પ્રયત્નો કરી ખૂબ દૂરથી કનેકશન લીધું. માર્ગના દરેક સ્થળે વાયર સુરક્ષિત રહે તેનું ધ્યાન

રાખ્યું. તે માટે અગાધ પરિશ્રમ કર્યો બધું તૈયાર કરી ચાંપ દાબી પણ પ્રકાશ ન થયો. ગણત્રીમાં બે ઇંચનો જ ફરક હતો, બે ઇંચ વાયર ઓછો પડયો. આખોય આયોજિત પ્રસંગ અંધકારમય ગયો માત્ર બે ઇંચની ગણત્રીના ફરકથી. પેલા મહાનુભાવ વિચાર કરે છે, જરા ગણત્રી કરતાં ખ્યાલ રાખ્યો હોત તો....! કોઈ પણ વાતમાં ચોકસાઈ–જાગૃતિ ખૂબ જરૂરી છે.

એક દિવસ એક ભાઈ સાથે વાત થતી હતી. "એક કીલોમિટર ચાલતાં તમને કેટલી મિનીટ થાય? તેઓએ કહ્યું, "અમને ૧૦ મિનીટ થાય." અમે કહ્યું "અમને તમારા કરતાં ફક્ત બે મિનીટ વધારે" ખાસ ફરક નહિ બે મિનીટમાં શું વહેલું–મોડું થઈ જાય? ચલો–ગતિમાં ખાસ ફરક નથી. પેલા ભાઈ ગયા પણ મનમાં વિચાર મૂકતા ગયા. એક કીલોમિટર ચાલતાં તમને દસ મિનીટ, અમને બાર મિનીટ, બે મિનીટનો ફરક. પાંચ કીલોમિટરે કેટલો ફરક વધે? અમે એક કલાકના પાંચ કીલોમિટર ચાલી શકીએ. તેઓ એક કલાકમાં છ કીલોમિટર ચાલી શકે. મુસાફરીનો પ્રારંભ સાથે કર્યો પણ નક્કી સ્થળે પહોંચતા તેઓ એક કીલોમિટર અમારા કરતાં આગળ. દસ મિનીટ વહેલા. વિહારની ધારણા હતી ૨૪ કીલોમિટરની. અમારો અને તેમનો ફરક વિચાર્યો. બે મિનીટની ધીમી ગતિ અને બે મિનીટની ઝડપી ગતિએ કહ્યું તમે ૨૮૮ મિનિટે ચોવીસ કીલોમિટરનો પ્રવાસ પૂર્ણ કરો અને પેલા ભાઈ ૨૪૦

મિનિટમાં ચોવીસ કીલોમીટર પહોંચી જાય. બે મિનિટના ફરકે ૪૮ મિનિટનો ફરક સિદ્ધ થયો. બે મિનિટની શીઘ્રતા અને મંદતામાં આટલો મોટો તફાવત પડી જાય તો.... એકાદ ગુણનું લક્ષ્ય અને અનેક ગુણના લક્ષ્ય વચ્ચે કેટલો મોટો તફાવત પડી જાય ?

લાંબી મુસાફરીમાં ધીમાશ ના ચાલે. મોટી કંપનીમાં પાઈનો ગોટાળો ના ચાલે. ત્યાં બધું આયોજનપૂર્વકનું, વ્યવસ્થાપૂર્વકનું, પદ્ધતિપૂર્વકનું જોઈએ.

**સાધક !**

અનેક ગુણો મેળવવા તું શ્રમણ થયો. છે તારા શા સત્કાર કરું ? જે યુગમાં છીછરાશ, તુચ્છતા અને સસ્તી કીર્તિનો સુલભ માર્ગ જલ્દી પસંદ કરાય છે ત્યાં તેં પદવી પર પસંદગી ના ઉતારી, પણ યોગ્યતાને અભિનંદી. ધન્યવાદ તને ! પદ–સત્તાના સોહામણા સ્વરૂપ પાછળ કંઈક માયા કપટના કંઈક કાળા કલંક દેખાશે.

કેટલાંય દીક્ષાર્થી અને કેટલાય નૂતન દીક્ષિતને મળવાનું થાય છે. સ્વભાવ મુજબ પ્રશ્ન થઈ જાય છે, દીક્ષા શા માટે લીધી ? પહેલાં તો મારા પ્રશ્નથી ઘણા હસે છે કેટલાક ચીડાય છે તો કેટલાકને વિચિત્રતા લાગે છે. આ તે કંઈ પ્રશ્ન છે; તો કેટલાક અન્ય મહાત્માઓ પાસેથી મેળવેલ ઉધાર જવાબ આપે છે 'મોક્ષ જવા' 'કર્મક્ષય કરવા' આ પ્રશ્નોત્તર મારા ગુરુદેવ અને મારા વચ્ચે પણ

થયેલ. દીક્ષા લીધી હોય કે લેવાની હોય, ઓઘ સંજ્ઞા મુખ્ય બની હોય અને ધર્મસંજ્ઞા ગૌણ હોય તો આવા ગોટાળાવાળા જ જવાબ મળવાના. જવાબમાં જ્યાં ગોટાળા ત્યાં પ્રાપ્તિ શું ?

મને બરાબર યાદ છે મારા ચૌદમા વર્ષે એકાવન આયંબિલ થયાં ત્યારે તારક પૂ. ગુરુદેવે પ્રશ્ન કરેલ, આયંબિલથી મેળવ્યું શું ? બાલબુદ્ધિ અને જવાબ આપવાની ઉતાવળ, આપે શું આપ્યું ? આપે ન આપ્યું તો મને મળે શું ? હાસ્યમાં તે વાત સમાપ્ત થઈ. પણ મને આજેય તે પ્રશ્ન અને તે પ્રસંગ આંખ સામે ખડો થાય છે ત્યારે પ્રશ્ન થાય છે મેળવ્યું શું ? અને ખૂણામાં બેસી નિસાસો નાંખી કહેવું પડે, આયંબિલ કરવાના, એમાં મેળવવાનું શું ? તે સમજ્યા ન હતા. તેમ સાધક સામે પણ વિશ્વના અનેક માનવના પ્રશ્ન આવવાના. દીક્ષા કેમ લીધી ? ઉત્તરાધ્યયનસૂત્રના ગોખેલા શબ્દો બોલી દઈશ "સમણા ભવિસ્સામુ ગુણોહધારી' જવાબ આપવામાં ઉતાવળ તો ખૂબ કરી પણ જ્યારે ઉલટ પરીક્ષા શરૂ થશે ત્યારે ક્યાં તો આકાશ સામે જોવું પડશે કે ક્યાં તો ધરતી ખોદવી પડશે. છેવટે માથું ખંજવાળતા ઈશારાથી કહી દઈશું તમારો પ્રશ્ન સમજવાની બુદ્ધિ નથી. બસ, એટલું સમજીએ કે અનેક ગુણો લેવા દીક્ષી લીધી છે.

જે ગુણનો ચાહક હોય તેની ગુણીજન સાથે કેવી મૈત્રી હોય ? ગુણના કેટલા સન્માન હોય ? ગુણનો કેટલો

પક્ષપાત હોય ? ગુણની કેટલી પ્રશંસા હોય ? ગુણના કેટલા બહુમાન હોય ? ગુણીજનોનો કેવો નમ્રસેવક હોય ? ગુણના ચરણકમલમાં શિર ઝુકાવી હાથ જોડી પૂછે, 'હું પણ તમારા માર્ગનો પ્રવાસી છું, મારે ગુણી બનવું છે, તમે મને બતાવો તમે કેવી રીતે ગુણો મેળવ્યા ? આપના માર્ગના સહાયક પીઠબળ કયા ? વિઘાતક પરિબળો કયા ? એક જ ગુણની પ્રાપ્તિમાં કેટલાં વર્ષ લાગ્યા ?

જે સાધકની પાસે ખુદના સાધુ જીવનની યોજના ન હોય તે સદ્‌ગુણી બની શકે ? તેની પાસે સંપૂર્ણ સમયપત્રક હોય. એક પણ ક્ષણ એક પણ તેની નિરર્થક ન જાય દીક્ષા લીધા એક વર્ષ થયું. સાધકની નોંધમાં લખાઈ ગયું હોય ગુરુકૃપાએ એક સદ્‌ગુણ આવ્યો. એક દુર્ગુણ ગયો. બીજા વર્ષની મારી ભાવના છે આ દુર્ગુણ હટાવવાની, આ સદ્‌ગુણ પ્રાપ્ત કરવાની.

ગુણી બનવા જેણે દીક્ષા લીધી હોય તે કદાચ સંપૂર્ણ ગુણી બની ના શકે, કદાચ તેનો પરાજય પણ થાય છતાં તેના પરાજયમાં પણ તેના પરાક્રમની યશોગાથા છૂપાયેલી હોય ! આ જન્મમાં ગુણવૃક્ષનું બીજ ભાવનાથી રોપાશે. આવતા જન્મમાં ગુણનું વટવૃક્ષ ફળ્યું-ફાલ્યું થશે. જ્યાં હજારો કષાય સંતપ્તઆત્મા શાંતિથી શીળી છાયા મેળવી ધન્ય બનશે !

પ્રભુ !

આ મહાપ્રતિજ્ઞા સિંહસમા શૂરવીર મુનિઓની છે. જેમના વૈરાગ્યની તાકાત છે બ્રાહ્મણ, પંડિત, માતા-પિતા તથા ક્ષત્રિય રાજાને પણ વૈરાગ્યવાસિત કરી પ્રવજ્યાના પુનિત માર્ગે લઇ ગયા.

સતીને જ્યારે સત્ ચઢે ત્યારે તેની દિવ્યપ્રભામાં વાંરાગનાઓ પણ કુલવધુ બની જાય તો... વૈરાગીને વૈરાગ્યના ઘેન ચઢયા હોય; જેણે વૈરાગ્યના કેસરિયા કર્યા હોય ત્યારે અનેક લગ્નાર્થીના પણ મોહ હારી જાય....ભાગી જાય.

પ્રભુ !

પ્રતિજ્ઞા આપના ચરણમાં કરું છું ગુણી બનીશ ! હવે ગુણી બનવા પુરુષાર્થની યાત્રા શરૂ કરીશ.

બસ,

મારી યાત્રા સફળ થાય તેવા દિવ્ય વરદાન આપો એજ અભ્યર્થના....

## ૨૯. ધમ્મારામે ચરે ભિક્ખૂ 卐

જે દેશ ઉપર રાહુનો પ્રભાવ હોય ત્યાંના લોકો સહજ કાળા હોય છે. જે દેશ પર શુક્રનો પ્રભાવ હોય ત્યાંના લોકો સફેદ હોય છે. જે વ્યક્તિના જન્મ લગ્નમાં શનિ રાહુ જેવાં ગ્રહ હોય તે વ્યક્તિ કાળી હોય. જે વ્યક્તિના જન્મલગ્નમાં શુક્ર જેવો ગ્રહ હોય તે વ્યકિત હંમેશા ગોરી હોય!

જેમ વ્યક્તિની મુખાકૃતિ તેનું જન્મલગ્ન કહી દે છે. તેમ જન્મલગ્ન જાણનાર અજાણ વ્યક્તિની મુખાકૃતિ પણ કહી દે છે. કાર્યથી કારણનું અનુમાન થાય. અને કારણથી કાર્યનું અનુમાન થાય. પૂજાની સામગ્રી છે તો પૂજક છે. પૂજક છે તો પૂજાની સામગ્રી હોવી જોઈએ.

સાધક! કેમ આત્મ સ્વભાવમાં લીન હોય? વિશ્વના કોઈ પણ રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને શબ્દના આકર્ષણ સાધુને કેમ ન થાય? વિશ્વની કોઈ પણ રૂપવતી યૌવના સામે સાધુની આંખ કેમ ઊંચી ના થાય? વિશ્વની કોઈ પણ પરિસ્થિતિ સાધુને કેમ સ્વભાવમાંથી વિચલિત ના કરે?

નંદનવનમાં ટહેલતાં વ્યકિતની દૃષ્ટિ બાવળના ઝાડ પર જાય? કાશ્મીરના સૌંદર્યને જે નિહાળી રહેલ હોય તેને રાજસ્થાનના રણની સ્મૃતિ થાય?-હિમગિરિના ઉત્તુંગ

શિખર ઉપર ઊભેલાને નાની નાની ટેકરી પર ચઢવાનું મન થાય ?

માનવમન એવું છે પોતાની પાસે રહેલ પદાર્થ ઊણપભર્યો લાગે, પોતાને તે વસ્તુથી સંતોષ ન હોય... પોતાની વસ્તુ અમૂલ્ય ના લાગતી હોય તો જ દુનિયામાં ગમે ત્યાં ડાફોળિયા મારે, પછી ભલે પ્રાપ્તિ કંઇ ન હોય પણ ચંચળ મનની રઝળપાટ અપાર હોય.

એક જાદુગર એક મહાત્મા પાસે ગયા. જેના જાદુને જોવા અને જે જાદુને જોવા, લાખોની સંખ્યામાં માનવ મેદની એકત્ર થતી. તે જાદુગર મુનિના ચરણમાં આવ્યા. મહાત્મા ! મારી જાદુવિદ્યા જુવો. ખૂબ આશ્ચર્યકારક છે. ખૂબ આકર્ષક છે તમને મજા આવશે. સાચું કહું છું. તમે મારી જાદુવિદ્યા જોઈ આફરીન થઈ જશો. મહાત્મા કહે છે," ભાઈ ! મારી પાસે તો તને જવાબ આપવાનો ય સમય નથી. પણ તારા જેવા ભલા માણસને જવાબ આપવો જોઇએ. એકવાર હું પણ મૂર્ખ હતો. ગમાર હતો. ભાગીને, દોડીને, પૈસા ખર્ચીને કોઇના ચાળા જોવા જતો. ક્યાંય આશ્ચર્યકારક અને અદ્ભૂત કહે ત્યાં તુરત દોડી જતો."

ભારતમાં કન્યાકુમારીથી કાશ્મીર સુધી ઘૂમ્યો. મને સંતોષ ના થયો. વિશ્વનો પ્રવાસ કર્યો પણ ક્યાંય શાંતિ અને આનંદ ના મલ્યો. હૃદય અતૃપ્ત હતું એટલે આંખો અતૃપ્ત બની હતી. અતૃપ્ત આંખે દેખેલ દુનિયાના દિલમાં

આકર્ષણ જાગ્યા. જાતિ કુલ, વયની મર્યાદા ભૂલી પતનની ઊંડી ગર્તામાં ધકેલાવાનો હતો. ત્યાં પરમાત્મા મહાવીરનું પદાર્થ વિજ્ઞાન સમજાયું. જડ અને જીવના આવિષ્કાર સમજાયા...પુદ્‌ગલનું બંધારણ સમજાયું. પુદ્‌ગલના સ્થિર ધર્મ અને અસ્થિર ધર્મ સમજાયા....પાંચ વર્ણ, પાંચ રસ, બે ગંધ, આઠ સ્પર્શ આ વીસથી વિભિન્ન ઇંદ્રિયને આકર્ષનારો કોઈ યે પુદ્‌ગલનો ધર્મ ન હોય, કોઈ પણ પુદ્‌ગલમાં ઓછામાં ઓછો એક વર્ણ, એક રસ, એક ગંધ અને સ્પર્શ હોય એટલે જ્યારે દુનિયાને જોઉં છું ત્યારે વિચારવા લાગી જાઉં છું. કયા કયા કર્મની મુખ્યતાએ આ માનવ ધોળો, આ માનવ કાળો, આ આકર્ષક આ અનાકર્ષક, આ પ્રિય, આ અપ્રિય, આ સુસ્વરવાળો, આ દુસ્વરવાળો, આ ઊંચો, આ નીચો. મારા તત્વજ્ઞાનના અભ્યાસ માટે આ બધી એટલી સામગ્રી આવે છે. કે તેનાં જ ચિંતનમાં લાગી જાઉં છું. આ ચિંતનમાં મને એટલા જાદુ દેખાય છે કે સજ્જન તમારા જાદુ જોવાનો મને સમય જ નથી. માફ કરજો..."

આ કોઇ વ્યક્તિની વાત નથી. પણ સાધુતામાં મસ્ત સમસ્ત સંત મહંતની કહાની છે. કેટલીયવાર અમે અમારા તારક ગુરુદેવને જોયા છે. ભક્તોના ટોળામાં કંટાળી જાય છે. મુંઝાઈ જાય છે. થાકી જાય છે. છેવટે શરીર પર પણ આ અણગમાની અસર થઈ જાય છે. અને તે જ સમયે પ્રભુભકિત કે શાસ્રચર્ચા આવે તો, સ્ફૂર્તિથી, શાંતિથી,

આનંદથી, અનોખી અદાના દર્શન થાય છે. કયારેક અજ્ઞાન-વશ પૂછી દઈએ છીએ "સાહેબજી ! ઘડી પહેલાની પરિ-સ્થિતિ સાચી કે આ વર્તમાનની પરિસ્થિતિ ?" ગુરુદેવ કહે ! બંને પરિસ્થિતિ સાચી.

મને તો દુનિયાથી અને દુનિયાના લોકોથી કંટાળો આવે છે. મને થાય છે, કે આ બધાથી આગમ વાંચનમાં અંતરાય થાય છે. જિનભક્તિમાં વિઘ્ન થાય છે. જ્યાં આનંદ આવે ત્યાં સ્ફૂર્તિ અનુભવાય. જ્યાં કંટાળો આવે ત્યાં થાક લાગે. બસ, ચલો કરવા દો વાંચન....પાછા શાસ્ત્ર વાંચનમાં લીન બની જાય છે.

શાસ્ત્રામૃતના પાન કર્યા છે તે મુનિને વિશ્વના આક-ર્ષણ ન હોય. આત્માના સૌંદર્યમાં મુગ્ધ બનેલ મહાત્મા પુદ્ગલની લીલાથી ખુશ થાય ? ના–ના–એતો ઊંચી આંખ કરીને પણ ના જુવે.

વર્ષાઋતુ છે, મેઘલી રાત છે, ચિત્રશાળાનું ઉન્મત્ત વાતાવરણ છે, એકાન્ત છે. પૂર્વ પરિચિત રૂપકોશાનું નૃત્ય છે. ત્યાં મહાત્મા સ્થુલિભદ્રએ બ્રહ્મચર્ય–સમાધિમાં લીન બનીને રૂપકોશાને એક જ જવાબ આપ્યો. "ધમ્મારામે ચરે ભિક્ખૂ"–મારો દેહ તારી સામે છે પણ મારો આત્મા તો ધર્મના નંદનવનમાં સહેલગાહ કરે છે. જેમ શાબને તારી

કંઈ અસર ન થાય તેમ મારા શરીરને તારી અસર કંઈ જ નહિ થાય. !

સાધુને વિશ્વના આકર્ષણ જ્યારે ધર્મના નંદનવનથી દૂર જાય ત્યારે જ થાય. ધર્મના નંદનવનમાં વિચરતા મુનિને વિશ્વના આકર્ષણ છોડવા પડતાં નથી પણ છૂટી જાય છે. સાધુનો ધર્મ આરામ (બગીચો) કયો ? જ્યાં સાધુના આત્માને આરામ મળે અને મોહને વિરામ મલે તે સાધુનો ધર્મ આરામ....સાધુનું નંદનવન...

નંદનવનમાં જેમ વિવિધ સુગંધી પુષ્પ છોડ હોય, શીતળ છાયાદાયક વટવૃક્ષ હોય, મુક્ત સ્વૈર વિહાર કરતાં પંખી ગણ હોય, વૃક્ષ અને છોડને નવપલ્લવિત કરતી જલની નીક હોય....સ્થળે સ્થળે આનંદ પ્રમોદ કરવાના ક્રીડાગૃહો હોય તેમ

આ ધર્મારામમાં પણ વિવિધ શાસ્ત્રગ્રંથના અભ્યાસ રૂપક અનેક પુષ્પ છોડો છે. આ ધર્મારામમાં બાર પ્રકારના તપ રૂપ શીતળ છાયાદાયક મોટા વૃક્ષ છે. વૃક્ષ છોડોને નવપલ્લવિત કરતી બાર ભાવના રૂપ જળ નીકો છે. સ્વૈર વિહાર કરતાં પંખી સમા બાલસાધુઓ છે. ઉન્મુક્ત ભાવે ચેષ્ટા કરતાં યુવાન જેવા આ ધર્મારામમાં ઉત્સર્ગ માર્ગે આગેકૂચ કરતાં જિનકલ્પી તુલ્ય સાધુ મહાત્માઓ છે. શરીર સ્વાસ્થ્ય માટે ધીમે ધીમે ફરતાં આરોગ્ય ચાહક સહેલગાડી જેવા અહીં ગ્લાન મહાત્માઓ છે. જેઓ અપવાદમાર્ગનો સહારો લઈને પણ ધર્મના નંદનવનમાં કિલ્લોલ કરે છે.

卐 નંદનવનનો મહિમા ગાતા જેમ કિન્નરો અને યક્ષો છે. તેમ ધર્મના નંદન વનમાં ધર્મનો મહિમા વર્ણવતા પ્રવચન લબ્ધિવાળા મહાત્માઓ છે. જેમ નંદનવનમાં ક્રીડા ગૃહો છે. ધર્મના બગીચામાં તીર્થો છે. જ્યાં ભક્તિનું રસ-માધુર્ય લૂંટાય છે. આ નંદનવનના સ્વૈરવિહારીને વિષયના આકર્ષણ થતાં નથી. વિષયના આકર્ષણ જનક બધા સાથીઓ પસંદ આવતા નથી. બસ, આ આત્મમસ્તી એટલી સહજ થઈ ગઇ હોય છે કે તેને જ્ઞાનની ચર્ચામાં અને આત્માનંદમાં પરમ શાંતિના દર્શન થાય. એટલે જ કહ્યું છે, ધર્મના આરામમાં વિચરે તેને બ્રહ્મચર્ય સમાધિ મળે.

પ્રભુ !

મને આપો અપ્રમત્તભાવના ધર્મ ઉદ્યાનમાં પ્રવેશ. જ્યાં હું પણ આત્મિક સૌંદર્યના અમીપાન કરી બ્રહ્મચર્ય સમાધિ પ્રાપ્ત કરું. એ જ અભ્યર્થના....

## ૩૦. "ઝાયઈ ખવિયાસવે" 卐

વ્યક્તિ પાસે જીવનનો હેતુ હોય છે. મૂલ્યાંકન હોય છે, ધ્યેય હોય છે. પણ સ્વનું જેટલું મૂલ્યાંકન ઊંચુ તેટલું ધ્યેય મહાન, જ્યાં સ્વનું મૂલ્ય ના સમજાય ત્યાં સ્વના જીવન દ્વારા પ્રાપ્તિ શું ? એ કયાંથી સમજાય ?

બાળક જેટલી સ્વભાવિકતાથી કાગળના ટુકડાને ફાડે છે. તેટલી જ સ્વભાવિકતાથી હજાર રૂા. ની નોટને ફાડે છે. કોઈ વડીલ તેના પર ચિડાય છે ત્યારે બાળક મુંઝાય છે શા માટે આ લોકો મારા પર ચિડાય છે ? તેઓને એક નહિ દશ કાગળના ટુકડા હું લાવી દઈશ. !

વડિલ બાળકને કેવી રીતે સમજાવે ? કાગળના બે ટુકડા, જેને તું સમાન કહે છે. તે બે વચ્ચે ખૂબ તફાવત છે. એક કાગળથી તને બે મહિના સુખે જીવી શકાય. તેટલી આ જીવનની બધી સામગ્રી મળે. બીજાથી કશું ના મળે. તારી સમાનતાની માન્યતા ભલે સાચી હોય પણ આ બે વચ્ચે આટલી બધી વિષમતા છે, આટલો બધો ફરક છે.

પણ–જયારે બાલકમાંથી બાલ્યભાવ ચાલ્યો જાય અને દરેક વસ્તુની જિજ્ઞાસા પેદા થાય ત્યારે, અવશ્ય સમજાવી શકાય. તેમ જ્ઞાની બાલક જેવા આપણને કેવી રીતે આત્માના મૂલ્ય સમજાવે ? માનવ જન્મના મૂલ્ય સમજાવે ? ઔદારિક

શરીરની કિંમત સમજાવે અને પંચેન્દ્રિયનો મહિમા સમજાવે?

વિષય અને કષાયમાં આસક્ત માનવ કયારેય પાંચ ઇન્દ્રિયનો મહિમા સમજી શકે? તેની સાચી કિંમત આંકી શકે! ઝવેરી સિવાય કોણ કાચના ટુકડામાંથી હીરો પારખીને અલગ કરી શકે? નિષ્ણાત સિવાય કોણ તોફાની ઘોડામાંથી જાતિમાન ઘોડાને અલગ કરી શકે? ગુરુ સિવાય કોણ પાપીમાંથી પવિત્ર આત્માને શોધી શકે? તીર્થંકર પરમાત્મા સિવાય તોફાની ઇંદ્રિયો દ્વારા જ તોફાન શાંત કરાવવાનું કામ કોણ કરાવી શકે?

ટોળું તેમાં અનાડી જંગલી ટોળા પર પ્રભુત્વ મેળવવું હોય તો શું કરવું? કયારેક નાના ગામડાઓમાંથી આદિવાસીના ઝૂંપડામાંથી પસાર થાવ. એક એક વ્યક્તિને તમે સમજાવવા જાવ. જોઇ લો તમારી મજા! પહેલાં તો તમને કોઇ સાંભળવા જ તૈયાર થાય નહિ. કોઇક સાંભળે તો પણ તમારી મશ્કરી કરે. કુતર્ક કરે. પણ જો તમે ટોળાના આગેવાનને પકડો. તેને સમજાવો. ટોળાનો નાયક શરણે આવી જાય તો ટોળું તમારું આજ્ઞાંક્તિ શિષ્ય મંડળ થઇ જાય. કોઈ પણ તમારા વિરુદ્ધ એક વચન તો ના બોલે પણ ઊંચુ માથું કરીને ય ના જુવે!!

જગતમાં સૌથી મોટામાં મોટો પક્ષ કોનો! મનનો. તેની ટોળીઓ કેટલી? અઢાર. અઢારના વિભાગ, પેટા વિભાગ, તેના સભ્યો કેટલા લાખો–કરોડો–અબજો નહિ....અસંખ્ય નહિ

અનંત અનંત તેના સભ્યો. આ બધાને કેવી રીતે કાબુમાં લેવાય? એક જ રસ્તો-મનને કાબુમાં લો. પણ મન એવું માતેલા સાંઢ જેવું છે જે તેને પકડવા જાય તેને શિંગડા મારે. જ્યાં મૂકો ત્યાં તોફાન કરે. છતાં તીર્થંકર પરમાત્માએ મનની શરણાગતિનો રાજમાર્ગ દેખાડ્યો છે....ધ્યાન.

ધ્યાનમાં તાકાત છે. મન કાબુમાં આવી જાય છે. ઇન્દ્રિયો કહ્યાગરી-આજ્ઞાંકિત બની જાય છે. સમસ્ત આશ્રવો સંવરમાં પરાવર્તિત થઈ જશે. કર્મબંધની શકિત કર્મનિર્જરામાં સહાયક બની જશે. ભવભ્રમણ કરનાર આત્મા મુકિત મહાલયમાં નિવાસ કરશે. આ છે ધ્યાન પ્રક્રિયાની અદ્ભૂત શકિત.

વિશ્વમાં જ્યારે આરાધના સાધનાના બદલે ધ્યાનનો દુરુપયોગ, સુલભ કીર્તિ અને ઐહિક આકાંક્ષા માટે થઇ રહ્યો છે ત્યારે ઉત્તરાધ્યયન સૂત્રનું "ઝાયઇ અવિયાસવે" પદ ધ્યાન સાધકને એક અનોખી દિશા તરફ આંગળી ચીંધે છે!

ધ્યાન કોણ નથી કરતું? જૈન શાસ્ત્ર કહે છે: ધ્યાન અનેક પ્રકારના હોય છે. આર્તધ્યાન, રૌદ્રધ્યાનનું સામ્રાજ્ય સંસારી જીવમાત્ર ઉપર ફેલાયેલું છે. સાધુ મહાત્માઓ, ધર્મધ્યાન અને શુકલધ્યાનમાં મગ્ન હોય. પણ, ધ્યાન સર્વને હોય. પાણી સ્વચ્છ પણ હોય અને ગંદું પણ હોય. ગંદા પાણી માટે કોઇને પ્રેરણા કરવાની ના

હોય. ગંદુ પાણી તો આપો આપ પેદા થઈ જાય. સ્વચ્છ પાણી માટે મહેનત કરવી પડે. પ્રેરણા કરવી પડે. અનાદિ કાળથી આત્મા આર્તધ્યાન અને રૌદ્રધ્યાનમાં લીન બનેલો છે અને તેના જ કારણે જન્મ મરણ રાગ દ્વેષનું ચક્ર અવિરત ગતિએ ચાલ્યું છે.

મહાત્માની પ્રેરણા ફક્ત ધ્યાન માટે નથી. આત્મ ધ્યાન માટે છે કારણ જ્યાં સ્વાર્થ ભાવના છે ત્યાં પ્રત્યેક માણસ સાવધ અને ધ્યાનયોગી છે જ !

વિશ્વ વિદ્યાલયમાં મહાન્ સંશોધન કરતાં મહાન્ વિદ્વાનોની તીક્ષ્ણ બુદ્ધિ જે હોય છે તેના કરતાં કંઈ ગુણી તીક્ષ્ણ બુદ્ધિ, વાતને સમજવાની શક્તિ ચંબલના ડાકુઓની હોય છે. દાણચોરોની હોય છે.

કેટલાંય સાધકોનું મોક્ષ પ્રતિ મહાત્માઓનું જેવું લક્ષ્ય હોય છે તેના કરતાં સમડીનું ભક્ષ્ય પદાર્થ તરફ અનેકગણું લક્ષ્ય હોય છે. કાઉસગ્ગ કરતાં આપણી જે મનની, વચનની, કાયાની સ્થિરતા હોય છે તેના કરતાં ખીસ્સા કાતરૂંનો ઉપયોગ અધિક તીવ્ર હોય છે. કુલનારીના હૈયામાં લજ્જા હોય. તેની આંખ ક્યાંય ભૂખી ન હોય. અતૃપ્ત નજરે તે વિશ્વ સામે ના જુએ...પણ લજ્જાને મૂર્તિમંત બતાવવી હોય તો કુલનારી કરતાં વારાંગના જ તેનો સફળ અભિનય કરી શકે ! !

ઉત્તરાધ્યયન સૂત્રકાર પરમાત્મા આપણી અવળી દોટ જાણે છે. અવળચંડી જાત જાણે છે. તેથી જ "આયઈ" ન

કહેતાં-"ખવિયા સવે આયઈ" કહ્યું. આ પદ જ કહે છે કે સાધક! ધ્યાન તો તેં ઘણું કર્યું છે. તારા ધ્યાનનો ઇતિહાસ, તારું ધ્યાનનું ચરિત્ર ખૂબ જૂનું છે. એક બે, ચાર વર્ષથી તને ધ્યાનની આદત નથી-સુદીર્ઘ કાળથી તને ધ્યાનની આદત છે.

卐 બસ-હવે ફરક લક્ષ્ય બદલવાનો કરવાનો છે. લક્ષ્ય બદલાશે એટલે ધ્યાન બદલાશે. ધ્યાનની પ્રણાલિકા બદલાશે અને ધ્યાતા- આત્મા બદલાશે-અને જ્યારે ધ્યાન, ધ્યાતા અને ધ્યેય એક થશે ત્યારે તું પણ શુદ્ધ, બુદ્ધ, નિરંજન, નિરાકાર, પરમાત્મા બનીશ!!

વિશ્વમાં ધ્યાનની અનેક પ્રક્રિયા છે, પ્રણાલી છે. કોઇએ યોગ દ્વારા ધ્યાનની પ્રાપ્તિ કહી છે. કોઇએ પ્રાણાયામ દ્વારા ધ્યાનની પ્રાપ્તિ બતાવી છે. કોઈએ શ્વાસો શ્વાસોના નિરીક્ષણ દ્વારા ધ્યાનની પ્રાપ્તિ પર ભાર મૂક્યો છે. કોઈએ ષટ્ચક્ર ભેદન દ્વારા ધ્યાનની પ્રાપ્તિની વાત કરી છે. કોઇએ શક્તિ પાત દ્વારા ધ્યાનની પ્રાપ્તિનો માર્ગ કહ્યો છે. કોઇએ તાંત્રિક સાધન દ્વારા ધ્યાનની પ્રાપ્તિની વાતો વહાવી છે. કોઈએ માંત્રિક આરાધના દ્વારા ધ્યાનની પ્રાપ્તિ થશે તેમ જણાવ્યું છે. કોઇએ નૃત્ય દ્વારા ધ્યાનની પ્રાપ્તિ થઈ શકે છે તેમ વર્ણન કર્યું છે. કોઈએ સંગીત દ્વારા ધ્યાનની પ્રાપ્તિ હાંસલ કરવા કહ્યું છે. અને વર્તમાનની કેટલીક વિચિત્ર વ્યક્તિઓએ સંભોગ દ્વારા ધ્યાનની પ્રાપ્તિની ભ્રામક વાતો પણ વહાવી છે.

કોઇ પ્રિયતમને ખુશ કરવા ધ્યાન કરે છે. કોઈ પ્રિય બનવા ધ્યાન કરે છે. કોઇ ચોરી કરવા ધ્યાન કરે છે. તો કોઇ ચોરને પકડવા ધ્યાન કરે છે. કોઈ સ્વાર્થ માટે ધ્યાન કરે છે. તો કોઇ પરમાર્થ માટે ધ્યાન કરે છે કોઈ સદ્ગતિ માટે ધ્યાન કરે છે. તો કોઇ દુર્ગતિ માટે ધ્યાન કરે છે. તો કોઈ સદ્ગુણ માટે ધ્યાન કરે છે. તો કોઈ દુર્ગુણ માટે ધ્યાન કરે છે. આમ વિશ્વમાં ધ્યાનના લક્ષ્ય પણ અનેક હોય છે.

આ બધી વિવિધતા વચ્ચે દેવાધિદેવે ફરમાવેલ ધ્યાનની વિશિષ્ટતા છે અને ધ્યાન પ્રણાલિકાની પણ વિશિષ્ટતા છે.

卐 ધ્યાનનું લક્ષ્ય કોઈ ચમત્કાર નહિ, કોઈ ભૌતિક સિદ્ધિ નહિ, કોઇ ભક્તની પર્ષદા નહિ, કોઇ પ્રસિદ્ધિ નહિ બસ આશ્રવને ખપાવવા, કર્મબંધના હેતુને દૂર કરવા, અઢાર પાપસ્થાનકરૂપ કર્મબંધના બાહ્ય હેતુ દૂર કરવા, મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગરૂપ કર્મબંધના અભ્યંતર હેતુ દૂર કરવા, આશ્રવને દૂર કરવા, આશ્રવના હેતુઓને દૂર કરવા, આશ્રવના હેતુભૂત રાગદ્વેષનો મૂલમાંથી નાશ કરવો તે જ જૈનશાસનના ધ્યાનનું લક્ષ્ય છે.

પાપ દૂર થવા સહેલા છે. પાપના કારણ દૂર થવા ઘણા કઠિન છે. પાપના કારણ દૂર થવા સહેલાં છે તેનાથી પણ અધિક કઠિન છે પાપના કારણ પેદા કરનાર રાગ-દ્વેષના અધ્યવસાય દૂર કરવા તે. સુલભ સિદ્ધિ સૌ પ્રાપ્ત

કરે, દુર્લભસિદ્ધિ લક્ષ્ય વેધીને જ પ્રાપ્ત થાય. ધનુષ્ય તો ભીલનો છોકરો ય ધારણ કરે પણ રાધાવેધ સિદ્ધ તો દ્રોણાચાર્યનો પ્રિય શિષ્ય અર્જુન જ કરી શકે. તેમ મોક્ષનું લક્ષ્ય તો વીતરાગનો ઉપાસક જ પામી શકે.

જૈન શાસનમાં ધ્યાનની પ્રણાલી નિરાળી છે. સ્થળ–સમય અને પ્રવૃત્તિ અહીં ગૌણ છે. રાગદ્વેષનો ક્ષય થાય તેમ રહેવું એજ મહત્વનું છે. પછી એ પ્રક્રિયા અણસણની હો અથવા હસ્તમેલાપની હો....પછી એ પ્રક્રિયા પડિલેહણની હો અથવા શાક સમારવાની હો....પછી એ પ્રક્રિયા માસ ક્ષમણની હો અથવા સંવત્સરીના દિવસે નવકારશીની હો. પછી એ ક્રિયા જિનેશ્વરના દર્શનની હો અથવા નૃત્યાંગનાના દર્શનની હો.

એથી જૈનશાસનમાં કહેવાય છે. પુંડરીકસ્વામિ ચૈત્રી પૂનમના દિવસે પાંચ કરોડ મુનિવર સાથે એક માસના અણસણથી મોક્ષ પધાર્યા અને પૃથ્વીચંદ્ર ગુણસાગર લગ્ન મંડપમાં કૈવલ્ય પામ્યા. મહાત્મા વલ્કલચિરિને પ્રતિલેખના કરતાં જ્ઞાન અને શ્રાવિકાને શાક સુધારતા જ્ઞાન. માસક્ષમણ દ્વારા મોક્ષ મેળવનાર અનેક તો કુરગડુ મુનિને સંવત્સરીના દિવસે આહાર કરતાં કરતાં કેવલજ્ઞાન....સિદ્ધાચલના શિખર પર મોક્ષે જનાર અનેક તો....ઇલાયચી કુમારને નૃત્યાંગના સામે નૃત્ય કરતાં કરતાં કેવલજ્ઞાન....

卐 ભલા....જોજે આ બધી વાતો વાંચી અર્થનો અનર્થ ના કરતો. જિનેશ્વર ભગવંતે ઉપદેશેલ આરાધનાનો

રાજમાર્ગ છોડી વિરાધનાની ગલીખુંચીમાં ન પેસી જતો. મારે તો તને એટલું જ સમજાવું છે કે તારો આત્મા જે અનુષ્ઠાન સહજતાથી આચરી શકે તે તારા માટે ધ્યાનનો માર્ગ પછી તે દાન–શીલ–તપ–ભાવ કોઇ પણ હોય, ગોચરી, પ્રતિક્રમણ, પડિલેહણ કોઇ પણ હોય, પરમાત્માએ બતાવેલ માત્રું પરઠવાથી પ્રારંભી અણસણ સુધીની દરેક પ્રક્રિયા એ ધ્યાનનો માર્ગ છે. કોઇપણ માર્ગે જા....તારા લક્ષ્ય કર્મબંધના હેતુભૂત આશ્રવને નાશ કરવાનો સિદ્ધ કર.

પ્રભુ !

સમજ્યો આપના ધ્યાન માર્ગને....ધ્યાનના લક્ષ્યને. મને આપો સ્મરણ શક્તિ અને કાર્ય શક્તિ. સ્મરણ શક્તિ લક્ષ્યપ્રતિ જાગૃત રાખે. કાર્યશક્તિ આરાધનામાં ઉદ્યત બનાવે. આપના પ્રભાવે હું પણ અવશ્ય રાગદ્વેષ દૂર કરીશ. બસ, પ્રભુ મારામાં વિશ્વાસ રાખો. કારણ મેં આપનામાં વિશ્વાસ રાખ્યો છે....

✠

# ૩૧. ભગવં ! વાહરાહિ મે 卐

જીભ જેને હોય તે દરેક બોલે, પણ દરેક વ્યકિતના બોલનો તોલ થાય નહિ. જેના બોલનો તોલ ના થાય તેને સહુ કહે "તમે મૌન કરો" અને જેનું વચન મહત્ત્વપૂર્ણ હોય તેને સહુ કહે "આપ બોલો."

આપણને કોઈ કહે છે 'તમે બોલો.' જો કોઈ પણ વ્યકિત આપણને કહે "તમે બોલો" તો સમજવું છેવટે તે વ્યકિતની અપેક્ષાએ પણ આપણું વચન મહત્ત્વનું છે. બાકી આજના યુગમાં કેટલીવાર આપણે સાંભળીએ છીએ "તમારું ભાષણ હવે પૂર્ણ કરો તો સારું."

વચનયોગ બેઇન્દ્રિય જીવથી પ્રારંભી સૌને હોય. પણ, કોયલનું સંગીત સાંભળવા પુરુષ પ્રકૃતિના પ્રાંગણમાં દોડયો જાય છે. અને ઘરના આંગણે કાગડો કા....કા.... કરતો હોય તો કાંકરો મારીને કાગડાને ઉડાડી દઇએ છીએ.

પ્રિયવચન સ્વાર્થની ભાવનાથી સંભળાય છે અને બોલાય છે, હિતવચન મંગલની ભાવનાથી બોલાય છે અને સંભળાય છે. વચનયોગ સફળ ત્યારે જ બને જ્યારે તેની પાછળ પ્રબળ જ્ઞાનયોગ અને હૈયાના શુભભાવથી પુષ્ટ બનેલો હોય.

"ધર્મલાભ" શબ્દની નકલ કોઇપણ કરી શકે, પણ ધર્મલાભ તો ધર્મમય જીવન બન્યું હોય તે જ મહાત્મા આપી શકે.

પરમાત્મા મહાવીરસ્વામી ચંડકૌશિક સર્પને જે શબ્દ ફરમાવે 'બુજ્ઝ બુજ્ઝ' તે શબ્દનું કદાચ આપણે અનુકરણ કરી શકીએ પણ હિંસક ક્રૂર પ્રાણી પ્રત્યે હૃદયની હાર્દિક કરુણા તો પરમાત્મા પાસેથી કેવી રીતે ઉધાર લઇ શકીએ? પરમાત્માના શબ્દને ચંડકૌશિક સર્પ પણ સમજી શકે અને આપણા શબ્દોને આપણા નજદીકના વર્તુલના પરિચિત પાત્રો પણ સમજી ના શકે, તો તેમાં કારણ શું? પરમાત્માએ પણ કક્કાના અક્ષરનો ઉપયોગ કર્યો અને આપણે પણ તેજ અ થી હ સુધીના અક્ષરનો બનેલો કોક શબ્દ વાપર્યો છે ને? ફરક ક્યાં? કહેવું જ નહિ, માનવું જ પડશે. શબ્દની પાછળ ભાવનાનું જ બળ છે તેણે જ શબ્દમાં ચમત્કાર સર્જ્યો.

જેની પાસે ચારિત્રની શુદ્ધિ છે....તપની પવિત્રતા છે... જ્ઞાનની ગરિમા છે,...તે મહાત્માના સહજ રુપે નીકળેલા વચન જ વરદાન અને શ્રાપ બની જતા હોય છે. આથી જ ઉત્તરાધ્યયન સૂત્રના અઢારમા અધ્યયનની પંક્તિ ભગવં! વાહરાહિ મે' માં ભક્તની આજીજી છે.

## ગુરુ ભગવંત્!!

મને બોલાવો! મારી સાથે અબોલા ના લો....હું ભૂલને પાત્ર છું. આપ ક્ષમાના નિધાન છો. હું ગુન્હેગાર

છું. આપ ગુન્હાને ગુણ બનાવનાર કલાકાર છો. હું દોષિત છું. આપ મને નિર્દોષ બનાવવાના રસાયણ જાણો છો. હું અધમ છું. આપ અધમને ઉત્તમ બનાવનાર મહંત છો. હું મૂર્ખ છું. આપ મારી મૂર્ખતાને સુધારનાર સંત છો. આપ આ સેવકને બધી શિક્ષા કરો પણ એક શિક્ષા ક્યારેય ના કરતાં, આપ મારી સાથે અબોલાના લેતા. આપના અબોલા મને મુંઝવી નાંખે છે, મારી હિંમત તોડી નાંખે છે. આપ ના બોલો એટલે મારી ગભરામણ વધી જાય છે. આપના ચરણ પકડી આજીજી કરું છું.

'ગુરુ ભગવંત મારી સાથે બોલો' મને ખબર છે તમે મને બોલાવવાને પણ અયોગ્ય ક્યારે સમજો ? જ્યારે હું કરૂણાનું નહિ પણ ઉપેક્ષાનું પાત્ર બની જાઉં. પાપી પ્રત્યે, ગુન્હેગાર પ્રત્યે આપના હૈયામાં દયા હોય, આંસુ હોય, કરૂણા હોય પણ....નિષ્ઠુર અધમ આત્મા પ્રત્યે જ આપની ઉપેક્ષા હોય....આપનું મૌન હોય. મને ખબર છે આપ બોલો અને ગુસ્સો કરો તો પણ ગુરુનો ગુસ્સો શિષ્યના ગૌરવને વધારનારો છે. આપનું વચન ભાષા સમિતિ યુક્ત હોય એટલે બોલીને ગુસ્સો કરો તો તે ગુસ્સો ન રહેતાં આશીર્વાદ બની જાય પણ આપ જો મારા જેવા અબુઝ સાથે અબોલા લો તો મને મારા અશુભની આગાહી થાય છે. ગુરુની ઉપેક્ષા તે જ શ્રાપ. અને શ્રમ-ણનો શ્રાપ "કુધ્ધે તેએણ અણગારે ડહેજ્જ નરકોડિઓ' આપના તેજ વડે [આપની દુભાયેલી લાગણી વડે] કરોડો

માનવો ભસ્મીભૂત થઈ જાય. આપ ક્યારેય પણ વચનથી અપમંગલની વાત ના કરો. આપ મારા જેવા આત્મા પ્રત્યે ક્યારેય તેજોલેશ્યા ના છોડો. આપના સર્વયોગો સંયમિત છે પણ આપની અવકૃપા થાય તો મારી બધી પુણ્યની સંપત્તિ ઘડીવારમાં પાપમાં પરિવર્તિત થઈ જાય. આરાધના યોગ્ય સર્વ અનુકૂળતા વિરાધનામાં ફેરવાઈ જાય. આપ મને અયોગ્ય જાણી દુઃખ થાય તેમ ન કરો પણ આપની હિતશિક્ષા બંધ થઈ જાય. આપની હિતશિક્ષા બંધ થઈ જાય એટલે મારી પ્રગતિની દિશા રૂંધાઈ જાય. ઉર્ધ્વગમન કરનાર મારું અધઃપતન થઈ જાય. પ્રભુ ! આપના ચરણમાં એક જ વિનંતિ–એક જ પ્રાર્થના...પ્રભુ ! 'મારી સાથે બોલો.'

## ગુરુ ભગવંત !

ગુરુ ગૌતમ પ્રભુની સાથે વાગ્ યુદ્ધ કરવા જ આવેલાને ! પણ જો પ્રભુ બોલ્યા તો પ્રભુના ચરણના બની શાસનની ધુરાને વહન કરી ને ? ગુરુભગવંત હું આપની સાથે લડવા તો નથી આવ્યો ને ? ક્યારેક ફરિયાદ લઈ આવ્યો હોઈશ. ક્યારેક વિનંતિ લઈ આવ્યો હોઈશ, ક્યારેક ઉના આંસુ દ્વારા આપના ચરણ પ્રક્ષાલન કર્યાં હશે. પણ....સાચું કહો ભગવંત ! શું હું તમારી સાથે લડયો છું ? સમકિતી આત્મા દેવના ચરણે રડે પણ લડે નહિ. રડનારના આંસુ લૂંછાય, લડનાર ધક્કો ખાય. આપ મારી સાથે અબોલા લેશો તો મારું સમ્યક્ દર્શન પણ

રીસાઇ જશે. ગુરુ અબોલા લે તો જ્ઞાન ન મળે. જ્ઞાન ન મળે તો વિષય કષાય પર કાબુ ના આવે. વિષય કષાયનું જોર વધી જાય તો સમકિત ચાલ્યું જાય.

સમસ્ત સંસારમાં સૌ મને પહેલાં સારો કહેતાં. મારો મારો કહેતાં. પહેલાં હું સમજતો નહિ, સારા અને મારાની માયાજાળમાં મૂંઝાઈ જતો. સારો કહી મારાનું લેબલ લગાવતાં અને પછી જો હું કદાચ બીજા તરફ જોતો તો બધા કહેતા મારો...મારો...સાચે....મેં મારાનો ખૂબ માર ખાધો. હવે મને 'મારા'ની સુગ ચઢી ગઈ છે. જ્યાં હું, તું, અમે, તમે અને મારું તારું ત્યાં મને સ્વાર્થની ભયંકર ગંધ આવે છે. આ સ્વાર્થની શેરીમાં રખડીને ખૂબ થાકયો છું એટલે કહું છું.

## હે ગુરૂદેવ !

'મારી સાથે બોલો' મને બોલતા નથી આવડતું. મહાપુરુષની સાથેનો ઉચ્ચ વ્યવહાર વાણી શીખ્યો નથી. સાચું કહું છું શબ્દ મારા ગમે તેવા છે પણ આપના ચરણમાં એક જ વિનંતી છે હવે મને તારો....મારા ઉદ્ધારની પ્રક્રિયા બતાવો....

ડોકટરને દર્દ કહેવાય પણ સારવારની પદ્ધતિ કઈ અપનાવવી તે ના કહેવાય. ડોકટરને યોગ્ય લાગે તે દવા આપે ઈન્જેકશન આપે....ઓપરેશન કરે....હાર્ટ ચેઇન્જ કરે....તેમ મેં પણ આપના ચરણમાં આવી આપને મારું

અજ્ઞાનનું દર્દ કહ્યું છે, હવે આપને જે સારવારની પદ્ધતિ યોગ્ય લાગે તે દર્શાવવા કૃપા કરો. આપ મારી જે યોગ્યતા સમજો તેને અનુરૂપ મારા જતન કરો.

હું મૂર્ખ છું એટલે એમ કહું છું 'મારી સાથે બોલો પણ સાચે તો મારે કહેવું છે આપના જ્ઞાનના તેજ દ્વારા મારા હૃદયના અજ્ઞાનના અંધકાર દૂર કરો. આપ સમા જ્ઞાની મારા શબ્દને ઉવેખી ભાવને જોવા કૃપાવંત થજો. જ્ઞાની શબ્દને ના જુએ ભાવને જુએ. વચન શકિત મળી હોય અને મૌન કરનાર કેટલાં હોય ? વચનશકિતનો સદુપયોગ કરનાર કેટલાં ? હે ગુરુદેવ ! આપને વિનવું છું-"મારી સાથે બોલો."

એટલે હું પ્રતિજ્ઞા લઉં છું વચનનો દુરુપયોગ કર-નાર સાથે બોલીશ નહિ અને હું પણ વચનનો દુરુપયોગ કરીશ નહિ. આ છે સાધક આત્માની સદ્ગુરૂના ચરણે પ્રાર્થના....

ભલે આ શબ્દો રાજા સંયતિ એ મુનિ ભગવંતને પ્રાર્થના રૂપે કહ્યા....પણ વસ્તુતઃ તો હિતશિક્ષા ચાહક પ્રત્યેક યોગ્ય શિષ્યની પોતાના અપરાધની ક્ષમા માટે આવી જ પ્રાર્થના હોય છે.

## ૩૨ અભઓ પત્થિવા તુબ્ભં
## અભયદાયા ભવહિં ય 卐

જ્યાં ભય ત્યાં ભગવાન નહિ, જ્યાં નિર્ભયતા ત્યાં ભગવાન....ભય કોને લાગે ? જેનામાં રાગ હોય, જેનામાં દ્વેષ હોય, જેનામાં ઈર્ષ્યા હોય, જેણે હિંસા કરી હોય, જે જુઠ બોલ્યા હોય, જેણે ચોરી કરી હોય, જેણે પરિગ્રહ રાખ્યો હોય.

જ્યાં ભય ત્યાં પાપ....જ્યાં પાપ ત્યાં દુર્ગુણોની ભૂતાવળ અને સદ્ગુણોનું દેવાળું, પ્રભુની સેવાની જેને તમન્ના હોય તેને ત્રણ ગુણો પ્રગટાવવા જોઈએ. તેમ યોગ ગ્રંથોમાં મહાત્માઓ ફરમાવે છે તેમાં સૌથી પ્રથમ ગુણ અભય”

પ્રભુનો ભકત અભય હોય, નિર્ભય હોય, પ્રભુના ભકતમાં દુઃખને સહવાની તાકાત હોય એટલે વીર હોય. જ્યાં ભય ત્યાં ચિત્તની સ્થિરતા ન હોય, ચિત્તની સ્થિરતા નહિ ત્યાં સાધનાનું તેજ ક્યાંથી પ્રગટે ? એટલે જ સાધક વિશ્વને ત્રિપદી આપે છે.

卐 હું પ્રભુનો ભકત છું એટલે અભય છું.

卐 હું અભય છું એટલે વિશ્વને અભયના દાન કરું છું

卐 હું અભયદાતા છું એટલે વિશ્વને અભયનું વરદાન આપું છું. હું વિશ્વ માટે આશા રાખું છું તમે પણ

અભયદાતા બનો. ઉત્તરાધ્યયન સૂત્રના અઢારમાં અધ્યયનની ધ્રુવપંક્તિ છે. "અભઓ પત્થિવા તુબ્ભં અભયદાયા ભવાહિ ય." એક મહાત્મા રાજા સંયતિને કહી રહ્યાં છે. રાજા તને અમારા તરફથી અભયના દાન છે અને શુભાશિષ છે કે તું પણ અભય દાતા બન.

આ વાત ભલે સાધુ અને સંયતિરાજાની હોય. પણ સનાતન સત્ય સહુના માટે સરખું જ હોય છે. સમસ્ત સાધુ મહાત્માનું વિશ્વને મોટામાં મોટું દાન અભયદાન છે. નિઃસ્પૃહ મહાત્મા વિશ્વ પાસે કોઈ આશા અપેક્ષા રાખતાં નથી પણ સદા વિશ્વ પર શુભાશિષની વૃષ્ટિ કરે છે તેથી કહે છે તમે પણ અભયદાતા બનો.

વિશ્વના દરેક દાન દેખાવમાં મધુરા છે પણ હકીકતમાં અધુરા છે, એક અભયદાન છોડીને....

અભયદાન એ જ સાચું દાન અને શ્રેષ્ઠદાન છે.

જેણે માત્ર જીવનમાં અન્નદાન, વસ્ત્ર દાન અને કીર્તિ-દાન જ કર્યા છે તેને ક્યાંથી અભયદાનના મહત્વ સમજાય ! !

મહાત્મા ! અભયદાનના આટલાં કેમ સન્માન ! શું અન્નદાનથી દુનિયા ખુશ થતી નથી ? ભૂખ્યાને અન્ન આપો તેના હૈયામાં કેટલો આનંદ થઇ જાય છે. અને તેના મુખમાંથી નીકળી જાય છે ભગવાન તમારું ભલું કરો. ભિખારી...જેને લાજ ઢાંકવા બે કપડાં નથી તેનું શરીર

ઢંકાય તેવા બે વસ્ત્ર આપો, કેટલી આનંદની અનુભૂતિ થાય છે. મને તો અન્નદાન વસ્ત્રદાન વિગેરે ખૂબ પ્રિય લાગે છે. જ્યાં દાનનો પ્રત્યક્ષ મહિમા દેખાય છે.

સાધક ! મને ખબર છે તું સાધનાના ક્ષેત્રમાં પ્રવેશ્યો છે પણ હજી તું પુણ્યનો ભિખારી છે, નામનો લાલચું છે, કીર્તિનો કામુક છે, તારી બુદ્ધિ સ્થૂલ છે, સૂક્ષ્મવાત સમજી શકતો નથી પણ રોજ શાસ્ત્રીય વાતોનું મનન, ચિંતન કરીશ તો શાસ્ત્રના રહસ્યને મેળવીશ...તને એક ચેતવણી આપી દઉં, શાસ્ત્રની વાત સમજ્યા વગર, શાસ્ત્રના નામે સારી પ્રવૃત્તિ છોડતો નહિ. અન્નદાન, વસ્ત્રદાન પણ જરૂરી છે. તેનું પણ ફળ છે. તેનું પણ તેના ક્ષેત્રમાં મહત્વ છે. હું તને સમજાવું છું સર્વશ્રેષ્ઠ દાન કયું ? મહાત્માઓ કયું દાન આપે ? તીર્થંકરો કયું દાન આપે ? નમુત્થુણં યાદ છે ને ? લોગપજ્જોઅગરાણં પછી શું પાઠ આવે ? "અભયદયાણં બરાબરને ?"

વિશ્વના બધાં દાનમાં સ્વના દાન નથી. અલગ ચીજના દાન છે. બધા દાન પાંચ, દશ મિનિટ, પાંચ દશ દિવસ અને છેવટે એક વર્ષે પણ તેની મર્યાદા પૂર્ણ થાય. બધા દાન બીજાને હાથે પણ કરાવી શકાય ત્યારે અભયદાન એટલું સહેલું નથી, સસ્તુ નથી....

અભયદાન ત્યારે થાય જ્યારે સ્વસમાન વિશ્વ મનાય. અભયના દાન કરવાની દૃષ્ટિ અને ભાવના એટલી વિશાળ

બની જાય છે કે તેની દષ્ટિમાં કીડી–કુંજરના ભેદ ના હોય. તેની દષ્ટિમાં દેવ–નારકના ભેદ ના હોય, તેની દષ્ટિમાં એકેન્દ્રિય પંચેન્દ્રિયના ભેદ ના હોય. પાપી અને પુણ્યશાળીના ભેદ ના હોય–તેની દષ્ટિમાં ગરીબ અને શ્રીમંતના ભેદ ના હોય, વિશ્વના પ્રત્યેક પ્રાણીમાં આત્માના જ નહિ પરમાત્માના પણ દર્શન કરે તે અભયદાનની આરાધના કરી શકે.

## અભય આપવું એટલે શું ?

卐 અભયનું દાન સુખના ત્યાગ વગર થઈ ના શકે !

卐 અભયનું દાન સ્વાર્થના વિસર્જન વગર થઈ ના શકે !

卐 અભયનું દાન સમ્યગ્ દષ્ટિની પ્રાપ્તિ વગર થઇ ના શકે !

卐 અભયનું દાન સમ્યગ્ જ્ઞાન વગર થઈ ના શકે !

卐 અભયનું દાન સમ્યગ્ ચારિત્ર વગર થઈ ના શકે !

卐 અભયનું દાન અપ્રમત ભાવ વગર થઇ ના શકે !

卐 અભયનું દાન અયોગી અવસ્થાની પ્રાપ્તિ વિના પરિપૂર્ણતા ન પામે.

અભયદાનના આરાધન માટે કોઇ પદાર્થ ના જોઈએ પણ અભયદાનની આરાધના માટે આત્માની યોગ્યતા અવશ્ય જોઈએ. અભયદાનની આરાધના માટે બહારની કોઇ તૈયારી ના જોઇએ, અભયદાનની આરાધના માટે અંતરમાં સિદ્ધિ પદની આકાંક્ષા જોઇએ.

શું તું એમ મમજે છે. કષાઇ પાસેથી એક ગાય છોડાવી દીધી તે અભયદાન ! ના ભાઈ....ના. આ તો અભયદાનનો એક નમૂનો. અભયદાન એટલે વિશ્વના બધા પાપ સ્થાનકોથી જાતને મુક્ત કરવી.

જે વ્યક્તિ પાપની પ્રવૃત્તિ અને વૃત્તિથી મુક્ત થઈ શકે તે અભયદાન કરી શકે છે, અભયના આરાધન કરી શકે. જેનું મન દુર્વિચારથી દૂષિત છે, જેના વચનમાં ભાષા સમિતિ નથી, જેની ગોચરી લાવવાની પ્રવૃત્તિ અને આહાર કરવાની પદ્ધતિમાં એષણા સમિતિ નથી, જેની વિસર્જનની ક્રિયામાં પારિષ્ઠાપનિકા સમિતિ નથી, જેની ગમનાગમન ક્રિયામાં ઇર્યા સમિતિ નથી તે કયારેય અભયદાનની આરાધના ના કરી શકે. વસ્ત્ર, પાત્ર, વસતિ આભૂષણ અને મમત્વનો પરિગ્રહ રાખનાર પણ અભયદાનનું આરાધન ના કરી શકે.

અભયદાનનાં આરાધન માટે, પાંચ મહાવ્રતનું પાલન જરૂરી, અભયદાનના આરાધન માટે દશવિધ સાધુ સમાચારીનું પાલન જરૂરી, અભયદાનનું આરાધન આકરી સાધના અને કઠોર તપશ્ચર્યા માંગે છે.

આવા મહાસાધકો જ વાણી વહાવી શકે "અભઓ પત્થિવા તુબ્ભ" પત્થિવા–પાર્થિવ એટલે રાજા જ નહિ, પૃથ્વીનો માલિક નહિ પણ પ્રત્યેક દેહધારી પાર્થિવ....દેહને ભાષામાં માટી કહેવાય છે. અધ્યાત્મમાં પુદ્ગલ માત્રને માટી–પૃથ્વી કહેવાય છે. અને તેથી દેહ પાર્થિવ છે.

卐 અભયદાન માત્ર એકાદ વ્યક્તિને જ આપીને અટકવાનું ન હોય, અભયદાન વિશ્વના પ્રાણી માત્રને આપવાનું હોય. અભયદાન વીતરાગ પરમાત્માની હિતશિક્ષા પ્રમાણે જ આપી શકાય, અભયદાન વીતરાગનો સાધુ જ કરી શકે અને અભયદાન કરનાર સાધુ જ અભયદાનના આશીર્વાદ આપવાને યોગ્ય બની શકે.

વિશ્વ પાસે જેમને કોઈ આશા નથી, સ્પૃહા નથી, ઝંખના નથી તેવા મહાત્મા કહે છે. "અભયદાયા ભવાહિ ય" જેને જગત પાસે આશા અપેક્ષા રાખી હોય, તેને નિરાશા પ્રાપ્ત થવાનો ભય હોય, પણ અપેક્ષા જ ન હોય તેને ભય શાનો? પ્રાપ્તિની અપેક્ષા વગરનું દાન અભયદાન, અને અભયદાનના દાતાના વિશ્વને આશિષ–"અભયદાયા ભવાહિ ય."

દિવસની વિજળી, રાત્રિનો ગડગડાટ અને સાધુનું વચન કયારે ય નિષ્ફળ ન થાય. સાધુનું વચન અમોઘ હોય સફળ હોય. સાધુનાં આશીર્વાદ મેળવવા કોણ ભાગ્યશાળી બની શકે? જે મહાત્માના ચરણની સેવા કરે તે, મહાત્માનો સંગ કરે તે. મહાત્માના મુખથી અપાયેલ આશીર્વાદ પણ સફળ બને તો અંતરના આશિષ... જેને મળે તે સફળ કેમ ન બને?

ઘડી પહેલાંના હિંસક શિકારી રાજા સંયતિ–મહાત્માના આશીર્વાદે વિશ્વને અભયનું દાન કરનાર દાનવીર

બન્યા, વીતરાગ માર્ગના ઉપાસક બન્યા, સ્વામી અને સેવક તુલ્ય બન્યા !

ભય હાર્યો, ભગવાનની હિતશિક્ષા દ્વારા ભક્ત અભય, અભયદાતા બન્યો.

પ્રભુ ! હું પણ આપનો ભકત છું.

આપથી અભયદાન પામ્યો છું. જગતના જીવોને અભયદાન આપવાના આપના આશિષ પામ્યો છું. તો આપની કૃપાએ સકલ જીવોને અભયદાન દેવામાં સિદ્ધ બનું... એ જ અભ્યર્થના....

# ૩૩. જહા તે દીસઈ રુવં પસન્નં તે તહા મણો 卐

જ્યાં ધરતી લીલીછમ છે; જ્યાં ચારેબાજુ વનરાજી વિકસિત છે ત્યાં જરૂર પાતાળમાં પાણી છે. જલ વિના વનસ્પતિ સંભવી ના શકે. જેમ વનસ્પતિની હાજરી જલની આગાહી કરે છે તેમ માણસનું મુખ દિલની આગાહી કરે છે.

મુખ અને આરીસાનો સ્વભાવ સમાન છે. આરીસો કહે મારો વાંક–ગુન્હો જરાય નહિ મારો તો સ્વભાવ તમારા પ્રતિબિંબ ઝીલવાનો. દૃશ્ય ખરાબ હોય તો પ્રતિબિંબ ખરાબ આવે. દૃશ્ય સુંદર હોય તો પ્રતિબિંબ સુંદર આવે. મુખ કહે છે "તમે મને સારું ખરાબ ના કહો." મારું કાર્ય તો તમારા અંતરના દર્શન કરાવવાનું. તમારા હૈયામાં જો ગુસ્સાનો ભાવ હશે તો મુખની રેખાઓ ખેંચાઇ જશે.... તમારે હૈયામાં કરૂણાનાં ભાવ હશે તો આંખ આર્દ્ર બની જશે, મુખ કોમળ બની જશે. તમારા હૈયામાં વાસના હશે તો મુખવિકૃત થઇ જશે. આંખ–ભ્રમર અને હોઠ ચાડી ખાઈ જશે. તમારા હૈયામાં વાત્સલ્ય હશે તો મુખ પર અમી ઉભરાવા લાગશે. વાણી અને વર્તનને આપણે છુપાવી શકીએ પણ મનની ચાડી મુખ ખાઈ લે છે.

શબ્દોથી આપેલ પરિચય સાચો પણ હોય અને ખોટો પણ હોય. પણ મુખાકૃતિ એ આપેલ પરિચય ઘણોખરો સાચો હોય છે.

હૈદ્રાબાદથી કુલ્પાકજીના વિહારમાં અમે હતા. ઉપ્પલ કસ્તુરબા આશ્રમમાં અમારો એક દિવસનો મુકામ હતો. આશ્રમના અધિષ્ઠાતા ઓમ્ પ્રકાશજી ગુપ્તા સાથે મહાપુરુષ વિષે વાત ચાલતી હતી. ત્યાં મેં કહ્યું, "એક મિનિટ જરા થોભો"....પછી મારા દફતરમાંથી અમારા પૂ. દાદા ગુરુદેવ લબ્ધિ સૂરીશ્વરજી મહારાજ સાહેબનો એક ફોટો કાઢયો, મેં પૂછયું, 'બોલો! આ ફોટો શું કહે છે? તેઓએ ભાવવિભોર બનીને કહ્યું, કે આ મહાત્માની મુખાકૃતિ તેમના સમગ્ર આધ્યાત્મિક જીવનના દર્શન કરાવે છે. કૃપા કરી તમે આ ફોટા નીચે નામ ઓળખ કશું ના લખશો. આ ફોટાની એટલી સુંદર મુખાકૃતિ છે કે જાણે લાગે કે મહાત્માના અંતર આત્માનું અનેરૂં દર્શન.

એકલા શબ્દોથી વ્યક્તિનો પરિચય કરાવીએ તો તે જ કહે છે તમે જડ પરિચય આપો છો. શું એમનું મુખ દર્શન અમને કશું નથી કહેતું? મુખદર્શન સાચે અંતર દર્શન છે. તેથી જ ઉત્તરાધ્યયન સૂત્રમાં સંયતિ રાજા મહાત્માની સ્તુતિ કરતાં કહે છે.

**'જહા તે દીસઈ રુવં પસન્નં તે તહામણો'**

ઉત્તરાધ્યયન સૂત્રની આ પંક્તિ અમાસ જેવા સાધુને એક પ્રેરણાનો સંદેશ આપે છે. તારા આત્મિક સૌંદર્યની

અભિવૃદ્ધિ કર, તારા મુખ ઉપર ચમત્કાર સર્જાશે. દેહના લાલિત્ય માટે, દેહના સૌંદર્ય માટે તારે પ્રયત્ન કરવાનો નથી. તારા આત્માને સ્વસ્થ બનાવ...પ્રસન્ન બનાવ.... સહનશીલ બનાવ.

ક્રોધ, માન, નિષ્ઠુરતાની દુષ્ટવૃત્તિ તારા હૃદયનો કબજો લેશે તો તું અકાલે વૃદ્ધ બની જઈશ. યુવાની અકાળે કરમાઈ જશે, અને શરીરની શક્તિ ક્ષીણ થઈ જશે.

તારું મન સંયમથી પ્રસંન્ન બનેલ હશે, ઉદાર વિચાર હશે તો વૃદ્ધત્વમાં પણ તારા મુખ ઉપર ફૂલ ગુલાબી સૌંદર્ય નિખરશે. આવું મુખ પરનું સદાનું હાસ્ય, તારા શાંત-પ્રશાંત મહા ઉપશાંત દિલનું દ્યોતક બનશે.

વિશ્વમાં કયારેય બન્યું નથી અને બનવાનું નથી કે આસુરી, રાજસી અને તામસી ભાવો ના હોય. સજ્જનતા અને દુર્જનતાનાં દ્વન્દ્વ ન હોય. પાપ અને પુણ્ય ન હોય. સમ્યગ્ અને મિથ્યા દ્વન્દ્વ' ના હોય. વિશ્વના આ ભાવ સમજનાર પોતાના આત્માને દ્રષ્ટા રૂપે જુએ છે. સ્રષ્ટા રૂપે નહિ.

દુનિયા જેવી છે તેવા દર્શન કરવા તે સમ્યગ્દર્શન.

દુનિયાને આપણી ઈચ્છા મુજબ ચાલતી જોવી તે મિથ્યાદૃષ્ટિ, પાશવીદૃષ્ટિ-પાશવીવૃત્તિ પશુ સ્વભાવની દ્યોતક છે.

ચિંતન-મનની વૃત્તિ માનવ સ્વભાવની દ્યોતક છે.

પ્રત્યેક વ્યક્તિની પ્રવૃત્તિના કારણોનું આપણે મનન

કરીએ તો હિંસા–માન ઈર્ષ્યાના–ક્રોધના ભાવો મનમાં પેદા ન થાય પણ મનમાં સમતા સ્નેહની સરવાણી ફૂટે !

અપ્રસન્ન મન એ અતૃપ્ત માનસિક વૃત્તિનું દ્યોતક છે.

અપ્રસન્ન રહેનાર જાણે અજાણે ખુદના મમત્વને પુષ્ટ કરે છે. અને જ્યાં મમત્વ આવે ત્યાં લોભ કષાયના અડ્ડા જામી ગયેલા જ હોય છે. જ્યાં લોભ ત્યાં સર્વનાશ. લોભી વિશ્વને સાચું માર્ગદર્શન નં આપી શકે, એ તો પોતાની ઈચ્છાની તૃપ્તિને જ ઝંખે !

કુતર્ક કરવા ટેવાયેલું અમારું મન પ્રશ્ન કરે છે તમે તો નાની નાની વાતને મોટી કરી દો છો, દોષ જોયો તો અણગમો થયો. અણગમો થયો એટલે મુખ અપ્રસન્ન બન્યું. સાચે આ લોભ છે કે અમારા હૈયાની શુભભાવના છે ? કયાંય અમારી ભાવનાના સન્માન નહીં ? ગમે તેમ કરી અમારા દોષ કહો છો ? અને અમને કર્મબંધ-કર્મ-ઉદય સમજાવો છો ? સાચું કહુ છું. દુનિયામાં ખરાબ જોઈએ એટલે દુઃખ થાય છે. તેથી મોઢું ચઢી જાય. કોઈ ખરાબ કરે તો અણગમો ના થાય ? અમારા દિલમાં કેટલી બીજાની ચિંતા છે. તમે કયારેક તો અમારા પરોપકારી સ્વભાવની પ્રશંસા કરો ! ? ?

**સાધક !**

પરમાર્થ રસિક વ્યક્તિ અલગ હોય અને પરમાર્થનું પ્રદર્શન કરનાર વ્યક્તિ અલગ હોય. તારા કુતર્કનો ઘટ

સ્ફોટ કરવા માટે પણ હવે તેવો જ જવાબ આપવો પડશે. ભાઇ....તું તો એટલો મોટો જાદુગર છે....દુર્ગુણ કોઇનામાં, ભૂલ કોઇની, ગુન્હો કોઈનો, પણ તેના કારણે કર્મના બંધ તું કરે છે.

ભલા !

કોઇ ખરાબ કરે તો દયા આવવી જોઇએ; કરૂણા આવવી જોઈએ, તેના બદલે સામો ગુસ્સો–તિરસ્કાર.... સાચે આ તો એવું થયું, આગ જોવા ગયો અને ખિસ્સામાં સ્ફોટક પદાર્થ હતો તે ભૂલી ગયો. આગ જોનારને પણ આગ ભરખી ગઈ....તેમ દુનિયાના દોષ જોનાર મહાન સજ્જન આત્મા તું ભૂલી ન જા....તારા હૈયામાં ક્રોધ–માનના બીજ પડેલાં જ હતાં, બસ કોઈના દોષ જોતાં દ્વેષની આગ ભડભડી ઉઠી. તારા અંતરની સમતા શાંતિ ખલાસ થઈ ગયા અને તારું મુખ ચઢી ગયું. આ સત્ય હકીકત સ્વીકાર. ...તું જવાબ આપ. મહાત્મા–જ્ઞાની આત્માને, વિશ્વની બધી વ્યક્તિની વૃત્તિ અને પ્રવૃત્તિ સમજાય ને ? બધાની ભૂલ અને ગુન્હાને સમજે ને ? તેમ છતાંય તેમને કેમ કોઇના પ્રત્યે અણગમો પેદા થતો નથી ? કેમ તેમનું મોઢું ચઢતું નથી ?

જેમનાં શિર પર સમુદાયની જવાબદારી છે. શાસનના અનેક પ્રશ્નો છે તેવા ગચ્છનાયક મહાન આચાર્ય ભગવંતોના તેં દર્શન કર્યા છે ? શું તેમની પ્રસન્નતાએ તેમના મુખની શાંતિએ, તારા દિલને મુગ્ધ નથી કરી દીધું ?

卐 જવાબદારીની સફળતા સમજદારીથી થાય, અણગમાથી નહિ, તિરસ્કારથી નહીં. વિશ્વની વિચિત્રતા વચ્ચે પણ સાધુનું મન પ્રસન્ન રહેવું જોઈએ. અને હૃદયની પ્રસન્નતા મુખના ગોખ દ્વારા ડોકિયું કરે તેવી જોઇએ. સાધુ તારા દર્શન થાય અને કોઇ બોલી ઉઠે....જેવું તમારું રૂપ છે તેવું તમારું મન પ્રસન્ન છે. ત્યારે સમજજે. તું હવે ભાવ સાધુ બન્યો.

પ્રસન્નતા અને હાસ્ય વચ્ચે ખૂબ તફાવત છે. હાસ્ય મજાક-મશ્કરી એ તો અજ્ઞાનીઓની પ્રવૃત્તિ છે, હાસ્ય મોહનીય કર્મને ઉત્તેજના છે, છીછરાંશપણું છે. શોક-અણગમો મોહનીય કર્મને ઉત્તેજના છે. પ્રસન્નતાની જનની કષાયની ઉપશાંતતા છે...કષાય મોહનીયનો ક્ષયોપશમ છે. પ્રસન્ન મહાત્મા વિશ્વ પ્રત્યે ઉદાસીન હોય, વિશ્વની કોઇ પણ પરિસ્થિતિ તેને ધ્યેયથી ચલિત ના કરે. અને ધ્યેયની પૂર્ણાહુતિ થાય એટલે આત્મા પ્રસન્નતાના સરોવરમાં જલ ક્રીડા કરે....જલક્રીડા મસ્તી આપે તેમ પ્રસન્નતા સદા શરીરને કાળ અને પ્રતિક્રિયાથી દૂર રાખે.

પ્રભુ !

શાંત નથી તો પ્રશાંત ક્યાંથી હોઉં ? મારું હૃદય તો મારા હૃદયની તુચ્છ વૃત્તિનું દ્યોતક છે. બસ, વીતરાગના પ્રતિદિનના દર્શન મારા દિલ ઉપર કામણ કરે... વશીકરણ કરે....વશીકરણ જેના ઉપર જે કરે તેનું અનુસરણ થાય. બસ....મને આપ વશીકરણથી વશ કરો....

# ૩૪. કહં ધીરો અહેઉહિં ઉમ્મત્તોવ્વ મહિં ચરે 卐

પ્રાજ્ઞ અને અજ્ઞનો દેખાવ સરખો હોય, બાહ્ય વ્યવહાર સરખો હોય, પણ વિચારમાં તફાવત હોય એટલે પરિણામને પ્રકૃતિમાં ફરક અવશ્ય થાય....

બુદ્ધિમાન પ્રત્યેક પ્રવૃત્તિ હેતુ સમજીને કરે. લાભ અને નુકશાન વિચારીને કરે. દુઃખ અને સુખ સમજીને કરે. પ્રાજ્ઞના જીવનમાં પસ્તાવવાનો પ્રસંગ ભાગ્યે જ આવે છે. જેણે પહેલાં પૂર્ણ વિચાર ન કર્યો હોય તેને પસ્તાવો કરવો પડે છે. પુનર્વિચાર કહે છે કે પહેલાં અપૂર્ણ વિચાર કર્યો એટલે હવે પસ્તાવો કરવો પડે છે, વિચાર ફેરવવો પડે છે.

પરમાત્માના શાસનમાં અનેકાંત દૃષ્ટિ છે. પ્રત્યેક પદાર્થને અનંત જ્ઞાનીની દૃષ્ટિએ અનંત રીતે વિચારવો જોઈએ. આપણી સીમિત શક્તિ છે, મર્યાદિત છે એટલે સંકુચિત દૃષ્ટિએ વિચારીએ છીએ.

"પદાર્થને અનેક દૃષ્ટિએ વિચારવાનો વિવેક જાગ્યો. ત્યાં અહં અને કદાગ્રહે વિદાય લીધી." જ્યાં અહં અને કદાગ્રહ હોય ત્યાં બીજાની વાત, વિચાર–અપેક્ષાનો ખ્યાલ જ ન હોય. અનેકાંત દૃષ્ટિ સમજી. શાસનના માર્ગે સંચ-

રેલ મુનિ હજારો પ્રલોભનો વચ્ચે લલચાતો નથી....સત્ય માર્ગથી વિચલિત થતો નથી.

**સાધક!**

ચરણ સિત્તરી અને કરણ સિત્તરીનું જ્ઞાન આચાર પ્રધાન છે. તેમાં તો વિધિ અને નિષેધ જ મુખ્યપણે આવશે. ઉત્સર્ગ અને અપવાદ આવશે. તને આ જ્ઞાનમાં સમુદાય તથા સહવર્તી મુનિઓની આચરણા પણ સહાયક થશે. અને કદાચ કોઈ ભયંકર પાપોદયે જે સાધક આચારમાં શિથિલ બન્યો હોય છે તે પોતાને જ ડુબાડે છે, પોતે જ ડુબે છે પણ....જે સાધક વિચારથી પરિભ્રષ્ટ થયો, તત્ત્વજ્ઞાનની ગલી ખુંચીમાં ભૂલો પડયો, નિત્યા-નિત્યના, ક્રિયાવાદ-અક્રિયાવાદના, સાત નય અને પ્રમાણના ભેદ ના સમજ્યો તેમાં મૂંઝાઇ ગયો તે....અનેક આત્માને ધર્મ-શ્રદ્ધાથી ભ્રષ્ટ કરે છે. સ્વપરનો નાશ કરે છે.

દર્શનશાસ્ત્ર એટલું ગહનશાસ્ત્ર છે તેમાં પૂર્વપક્ષની બાદમાં ઉત્તરપક્ષની દલીલો આવે. પહેલાં દલીલો ચાલે. દરેક દર્શનવાદી કહેવાના મારું દર્શનશ્રેષ્ઠ. શ્રેષ્ઠ દર્શન બતાવવા યુક્તિ-દલીલો દૃષ્ટાંતો રજૂ કરવાના. આ ભૂલ-ભૂલામણીમાં ભૂલો પડયો તો બસ ખલાસ!

પુસ્તકથી જે સાધકોએ દર્શનશાસ્ત્રના અધ્યયન કર્યા તેની અવદશા તો જોજો. જ્ઞાનની માયાજાળમાં શ્રદ્ધાનો દિવ્યમણિ ગુમ થઇ ગયો પછી વાગ્જાલ દ્વારા દુનિયાને

ફેસાવવાનું શીખી ગયો. છેવટે એકપણ શાસ્ત્ર હાથમાં ન રહ્યું. સ્વમતિ મુખ્ય બની. ભવતારક ભગવાન ભૂલી ગયો અને ખુદ ભગવાન બની બેઠો. ભકતોથી પૂજાવા લાગ્યો.

શાસ્ત્રમાં વિસ્તારરુચિ સમ્યક્ત્વ માટે દર્શનશાસ્ત્રનો અભ્યાસ ખૂબ જરૂરી કહ્યો છે.

પરમાત્મા મહાવીર સ્વામીના સમયમાં પણ અનેક મત મતાંતર, વાદ વિવાદ હતા. તેના મુખ્ય ચાર ભેદ છે. ક્રિયાવાદ, અક્રિયાવાદ, અજ્ઞાનવાદ અને વિનયવાદ. આ બધા એકાંતવાદના પોષકવાદો છે.

ક્રિયાવાદ આત્માના અસ્તિત્વને માને છે. પણ આત્મા વ્યાપક-અ વ્યાપક, કર્તા-અકર્તા, ક્રિયાવાન્ અક્રિયાવાન્, મૂર્ત-અમૂર્ત, માનવામાં વિચારણા ભિન્ન છે. તેના એકસો એંસી ભેદ છે.

અક્રિયાવાદ આત્માના અસ્તિત્વનો સ્વીકાર કરતો નથી. બીજા શબ્દોમાં તેને નાસ્તિક પણ કહી શકાય. કેટલાક અક્રિયાવાદી આત્માના અસ્તિત્વનો સ્વીકાર કરે છે પણ આત્માનો શરીર સાથે અભેદ સંબંધ છે કે ભેદ સંબંધ છે તે કહી શકાતું નથી તેમ માને છે. કેટલાંક અક્રિયાવાદી આત્માની ઉત્પત્તિબાદ તુરત જ આત્માનો નાશ માને છે. આમ અક્રિયાવાદના ચોરાસી ભેદ છે.

અજ્ઞાનવાદ અજ્ઞાનથી આત્માની સિદ્ધિ માને છે. જ્ઞાન શું ? જ્ઞાનથી કંઇ લાભ નથી. આના અડસઠ ભેદ છે. વિનયવાદ વિનયથી જ મુક્તિ માને છે.

૧૫

બધાનો જ વિનય કરો. તેના ૩૨ ભેદ છે.

આમ એકાન્તદૃષ્ટિના ૩૬૩ ભેદ છે. આ બધાનું સૂક્ષ્મ અને વિસ્તૃત વર્ણન સૂયગડાંગસૂત્રમાં છે. પ્રભુનો સિદ્ધાંત અનેકાન્તવાદમય છે.

એકાન્તદર્શનીઓની યુક્તિજાળ ભેદવા સમ્મતિતર્ક, દ્વાદશાર-નયચક્ર, નયવાદ, પ્રમાણમીમાંસા, પ્રમાણનય તત્ત્વાલોકાલંકાર, રત્નાકરાવતારિકા, સ્યાદ્વાદરત્નાકર સિદ્ધસેન બત્રીશી, ષડ્દર્શન સમુચ્ચય, જૈનતર્કભાષા, દ્રવ્યગુણ-પર્યાયનો રાસનો અભ્યાસ ખૂબ જરૂરી-અત્યંત આવશ્યક છે. આ શાસ્ત્રના અધ્યયન, સતત ચિંતન અને નિદિધ્યાસન વગર જૈનદર્શનની મૌલિકતા-અદ્ભુતતા સમજાય નહિ. દરેક બુદ્ધિશાળી સાધક આ અભ્યાસ કરે તો જ એકાન્તદૃષ્ટિ અને અનેકાન્તદૃષ્ટિ ના ભેદ સમજાય. પછી તે સ્યાદ્વાદી બની શકે.

સ્યાદ્વાદીનું લક્ષ્ય દુનિયાના કોઇ ચમત્કાર, પ્રભાવ. કોઈ વાદ-પ્રતિવાદથી ચલિત થતું નથી. એક જ લક્ષ્ય રહે છે આશ્રવથી દૂર રહેવું અને નિર્જરાના માર્ગે કદમ ભરવા.

દુઃખનો ડર નહિ, સુખની આકાંક્ષા નહિ, કીર્તિની ચાહના નહિ, ટોળાંની ઇચ્છા નહિ, પદના પ્રલોભન નહિ, માત્ર આત્માની સિદ્ધિની જ અભિલાષા.....આવો ધીર સાધક ક્યારેય કુદર્શન વડે ઉન્મત્ત થાય નહિ પણ...પ્રત્યેક સાધક

જીવનમાં સદા ધ્યાન રાખે કે દર્શનશાસ્ત્રનો અભ્યાસ ગુરુગમ વગર ના કરવો જોઇએ. ગુરુની નિશ્રા વગર દર્શન-શાસ્ત્રનો અભ્યાસ કરનારને કોક દિવસ કુયુક્તિનો વાવા-વંટોળ એવો મૂંઝવી દે છે કે વેશ પ્રભુનો રહે છે અને વિચાર સ્વના રહે છે. આમ સાધક સાચે મોક્ષમાર્ગનો બાધક બની જાય છે, પ્રભુના વેશમાં સ્વવિચારનો પ્રચારક બની જાય છે.

ઉત્તરાધ્યયનસૂત્રના ૧૮ માં અધ્યયનની પંક્તિ 'કહં ધીરો અહેઉહિં ઉમ્મત્તો વ મહિં ચરે?' છે. તેમાં 'ધીર' શબ્દ કહ્યો, તે ખૂબ ચિંતન માંગે છે. અહેતુઓ વડે 'જ્ઞાની ભૂલો ના પડે' તેમ ના કહ્યું અને ધીર કહ્યું. આ પદ જ કહે છે કે જેની બુદ્ધિ સ્વદર્શનના અભ્યાસ વડે પરિપક્વ થઇ છે અને પછી જેને પરદર્શનનો અભ્યાસ કર્યો છે તે પાગલની જેમ ઉન્માર્ગે ગમન કરતો નથી. ધીર વ્યક્તિ સદ્‌ગુરુ પાસે પોતાની વિચારણા રજૂ કરે. ધીર વ્યક્તિ પોતાને સમજાયેલ યુક્તિ, દલીલ પર વિચાર કરે છે. હકીકતમાં તો પરમાત્માએ 'ધીર' શબ્દ વાપરીને કહી દીધું. 'ધૈર્યવાન વ્યક્તિ જ દર્શનશાસ્ત્રનું અધ્યયન કરવા યોગ્ય છે.'

ન્યાયાધીશ બનવું હોય અને બંને પક્ષની દલીલ સાંભળવા જેટલું ધૈર્ય ના રાખે તો શું ન્યાય થાય? નિષ્પક્ષ ન્યાય થાય? ના. એક જ પક્ષને સાંભળવાથી એક

પક્ષના વકીલ બની જવાય. એક પક્ષને સાંભળીને ન્યાય કરે તે અપૂર્ણ ન્યાયાધીશ. બંને પક્ષને સાંભળી, વિચારી કોઇપણ પક્ષની તરફેણ કે વિરોધ વગર ન્યાય કરે, ત્યારે જ તે ન્યાય બને. બુદ્ધિની માયાજાળમાં અથડાઈ જાય, સુયુક્તિ અને કુયુકિતને સમજે નહિ તે ન્યાયનો અભ્યાસી કે અન્યાયનો અભ્યાસી !

**ભલા** !

ષડ્દર્શન સમજી વિચારી તારે અનેકાંતના ઉપાસક બનવાનું છે. 'મારું તે સારું' આવા ભાટચારણના જેવા ગીતો તારે ગાવાના નથી. 'સાચું તે મારૂં' આ ઉદ્ઘોષણા કરી તેની પાછળ સર્વસ્વના બલિદાન દેવાના છે. શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં આ ગાથામાં 'ધીર' શબ્દ ખૂબ જ સુયોગ્ય રીતે વપરાયેલ છે. વિચાર કરજે, દર્શનશાસ્ત્રના અભ્યાસ માટે તાર્કિક, બૌદ્ધિક પ્રતિભા જોઇશે. તો સત્યથી સ્થિરતા માટે અદ્ભૂત ધૈર્ય જોઇશે. ધીરતામાં એવી શકિત છે કે વ્યકિત સમજી વિચારીને સ્વીકારેલ સત્ય માટે બલિદાન આપી શકે છે.

**સાધક** !

તું તારી શ્રદ્ધાને નિર્મળ કરવા દર્શનશાસ્ત્રનો અભ્યાસી બન. ક્રિયાવાદ–અક્રિયાવાદ–નિહ્નવવાદ બધા વાદવિવાદને સમજ. છેવટે વાદાધિરાજ સ્યાદ્વાદમાં સ્થિર બન....ધીર બની સ્યાદ્વાદના માર્ગે સંચર...તું સન્માર્ગનો સાધક બન....અનેકને સન્માર્ગના સાધક બનાવ.

તમારા ચરણનો સેવક બનીશ....તમારો પડછાયો બનીને રહીશ....પછી એકાન્તવાદમાં નહિ ફસાઉં ને ?'

# ૩૫. અણુજાણુહ પવ્વઈસ્સામો અમ્મો ! 卐

ત્રસજીવ માત્ર દુઃખ દૂર કરવા માટે ગમનાગમન કરે છે. સુખની પ્રાપ્તિ માટે ગમનાગમન કરે છે. પણ ભવ્યાત્મા જ શાશ્વત સુખના માટે પ્રસ્થાન કરે છે. સ્થાન (ઘર) તો સૌ કરે પણ સ્થાન કરનાર દરેકને મહાપ્રસ્થાન (મૃત્યુ) કરવું જ પડે છે. પણ જે પ્રસ્થાન (ઘર) જ નહિ મહાપ્રસ્થાન (દીક્ષા) ગ્રહણ કરે છે તેને ક્યારે ય સ્થાન કરવું પડતું નથી, બનાવવું પડતું નથી. તેનો આત્મા દેહના બંધનથી મુક્ત બને છે. દેહ હોય તો સ્થાનની ચિંતા પણ દેહ ન હોય તો ન ભોજનની ચિંતા ન વસ્ત્રની ચિંતા, ન આવાસ ન નિવાસની ચિંતા કશી પણ ચિંતા નહિ.

જેને ચિંતા હોય તે ચિંતાતુર બને. ચિંતાતુર વ્યક્તિ વિવેકથી ભ્રષ્ટ બને. વિવેકથી ભ્રષ્ટ બને એટલે ગતિ ભૂલે, પ્રગતિ ભૂલે, ભ્રમણ કરે, પરિભ્રમણ કરે, રખડતો જ રહે.

卐 સંસારના પરિભ્રમણથી જે થાકે, કંટાળે તે પ્રભુનું શરણ સ્વીકારે....

ચોર પણ ઘર છોડે છે અને વીર પણ ઘર છોડે છે ચોર પણ ઘરમાં રહે નહિ, અને વીર પણ ઘરમાં રહે

નહિ. ચોર ઘર છોડતાં આજ્ઞા માંગી શકે નહિ, કારણ તેને ભાગી છૂટવાનું હોય. વીર પ્રાયઃ આજ્ઞા માંગ્યા વગર ઘર છોડે નહિ.

પ્રત્યેક વૈરાગી મહાપ્રસ્થાન કરતાં કહે છે. "અણુ-જાણહ પવ્વઈસ્સામો અમ્મો. આજ્ઞા આપો, અનુજ્ઞા આપો, રજા આપો. [આ બધા શબ્દ સદ્ભાવનાના દ્યોતક છે. પૂજ્યભાવને પ્રગટ કરનારા છે.] તમારે ત્યાં જન્મ લીધો છે. તમારી દયાથી મોટો થયો છું. તમારા સંસ્કારે સમજણો થયો છું, તમારા પુણ્યે દેવગુરુના સંપર્કમાં આવ્યો છું. મેં રાગ અને વિરાગ બંનેને સમજવાની કોશિષ કરી છે. સંસારની સુંવાળી જીંદગીની મને જાણ છે. સંયમની કઠોર જીંદગીની મને સમજ છે. રાગની બહારની મન મોહકતા મને આકર્ષતી નથી. વિરાગની બહારની વિરસતા મને પીછેહઠ કરાવતી નથી. સમજીને રાગ છોડું છું. સમજીને વિરાગ સ્વીકારું છું. હવે તો એક જ વિનંતિ છે આપ આજ્ઞા આપો...."

એક વૈરાગી જ્યારે રાગી પાસે આજ્ઞા માંગે, ત્યારે શું વૈરાગી એટલું ના સમજે કે જેલમાં પુરાયેલ કેદી બીજા કેદીને છૂટો થવા દે ખરો? જે વ્યક્તિ પ્રસ્થાનની મહત્તા સમજતી ન હોય તેની પાસે પણ અનુજ્ઞા માંગવાની? રાગી ક્યારેય વિરાગીનો પક્ષકાર બને? એક સંસારી સંયમીને આજ્ઞા આપે? અવરોધ કરે. છતાંય કેમ સંયમી આજ્ઞા માંગે છે?

પ્રભુને સંયમી દીક્ષાના પ્રથમ દિવસે “ વિનેય ” બનવાને છે. શિષ્ય બનવાને છે. દીક્ષાના પહેલાં તેને અહંના ઉઠમણાં કરવાનાં છે. તેના આત્મ સામ્રાજય ઉપર વિનયનું વશીકરણ કરવાના છે. આજ્ઞાધર્મની આરાધના કરવાની છે. ઇચ્છા ધર્મને વોસિરાવવાને છે. નમ્રતાથી પ્રભુતા પ્રાપ્ત કરવાની છે પણ નમ્રતા પ્રગટ ક્યારે થાય? કૃતજ્ઞતા આવે તો....

દીક્ષાર્થી સંસારી પાસે સંયમની રજા માંગે છે. તે ફકત કૃતજ્ઞભાવથી....માતા....પિતા...સમસ્ત સંસારી સ્નેહ, સંબંધીને કહે છે, “મને દીક્ષાની અનુજ્ઞા આપો. મુકત ગગનમાં સ્વૈરવિહાર કરવા ઇચ્છતા પંખીને કોઇ પાંજરામાં પુરી શકે ? ત્યાગ ગગનમાં ઉડ્ડયન કરવા ઇચ્છતા સંયમીને કોઇ સંસારી રોકી શકે ? ના રોકી શકે...મારો વૈરાગ્ય મજબૂત છે તો મારા મહાપ્રસ્થાનમાં કોઇ મુશ્કેલી વિઘ્ન મને નથી આવવાના, પણ સાચે હું સંયમનો સોદાગર છું. મને થાય કે જેમને ત્યાં મેં જન્મ લીધો, મારા ઉપર જેમના અનેક ઉપકાર છે, તે માતાપિતાને ઘર છોડતાં પહેલાં મારા સંયમ ધર્મના અનુમોદક શા માટે ના બનાવું ? તેમને સંયમ ધર્મના ભાગીદાર શા માટે ના બનાવું ? રજા એટલા માટે લઉં છું કે દીક્ષા હું લઇશ પણ જો તમે ત્યાગ માર્ગની આજ્ઞા આપશો...રજા આપશો તો તમે પણ અનુમોદના દ્વારા ત્યાગ માર્ગના પ્રશંસક-ગ્રાહક બનશો. પ્રવ્રજયાની આજ્ઞા આપનાર વડીલ તમે ભલે

સંયમ જીવનના સક્રિય ભાગીદાર નહિ બનો. પણ માનસિક ભાવના રૂપ સંપત્તિથી તમે જરૂર ભાગીદાર બનશો... સંયમ હું પાળીશ અને તમે અને હું બંને નિર્જરાના નફામાં સાથે રહીશું. આમ સંયમ જીવનની અનુમોદનાથી તમને પણ નિર્જરા અને મને પણ નિર્જરા....બીજા જન્મમાં આપણે એકબીજાના ઉદ્ધારમાં સહાયક બનીશું. આપના ઉપકારોની સ્મૃતિ થાય છે તેથી કૃતજ્ઞ ભાવે પુનઃ પુનઃ વિનંતિ કરું છું."

રાગ તમને આશ્રવની ખાઈમાં ડુબાડી દેશે. તેથી તમે વિરાગની દોસ્તી કરી લો, વિરાગ તમને સંવર ધર્મની સાધના દ્વારા કર્મ નિર્જરાનો મહાલાભ આપશે. રાગ તમારા માનવ જન્મની નાલેશી કરી રહ્યો છે, ત્યારે વિરાગની આજ્ઞા દ્વારા આપ માનવ જન્મના મૂલ્ય આંકી લો. હૈયામાં એક જ ભાવ રહે છે કે જેમના આ દેહ ઉપર અનેક ઉપકાર છે, જેમનું પવિત્ર લોહી મારી વિશુદ્ધ સંયમ સાધનામાં સહાયક થવાનું છે. તેમને શા માટે આજ્ઞા આપવા દ્વારા સંયમ ધર્મના અનુમોદક ના બનાવું ?!

દીક્ષાર્થી માતા પિતા પાસે આજ્ઞા માંગવા દ્વારા કહે છે કે હવે મેં ઈચ્છા ધર્મનો ત્યાગ કર્યો છે, આજ્ઞા ધર્મનો સ્વીકાર કર્યો છે. ઈચ્છાધર્મમાં મોહનીય કર્મનો ઉદય હોય છે. આજ્ઞાધર્મમાં આત્મ ભાવનું પ્રગટીકરણ થાય છે. હવે હું સ્વચ્છંદ, ઉદ્ધત, અભિમાની નહિ રહું.

હવે હું ગુર્વાજ્ઞાને અનુસરનાર વિનયી- નમ્ર બનીશ. જો તમે મને આ ગુણમાર્ગની રજા આપશો તો તમે સદ્-ગુણના સમર્થક બનશો....તમે મને બાલ્ય ઉંમરથી સદ્-ગુણી બનાવવા ઝંખતા હતા. હવે મને સદ્‌ગુણી બનવાનો મનોરથ જાગ્યો છે. તમારી ઝંખના-મારા મનોરથ અને દેવગુરુની કૃપાના ત્રિવેણી સંગમે હું આરાધક બનીશ. હું મોક્ષમાર્ગનો પ્રવાસી બનીશ. પ્રભુના માર્ગે સંચરનાર બધા અનંતગુણી બને તો તમારો પુત્ર કેમ ના બને ? મારો પ્રયત્ન એટલે જ તમારા સ્વપ્નની સિદ્ધિ.

પ્રત્યેક માતાપિતાની ભાવના હોય, પોતાના પુત્રની પ્રગતિ થાય ! ઉન્નતિ થાય ! પણ કેટલીકવાર બરાબર ના સમજાય તો ગોટાળો થાય. એટલા માટે જ હે પૂજ્ય ! હું આપને કહું છું આજ્ઞા આપો પ્રવ્રજયાની" !

સંસારમાં દરેક દેહધારીનો જન્મ છે. જન્મના વરદાન પાછળ મૃત્યુનો અભિશ્રાપ છે. જન્મ = આવવું મૃત્યુ = જવું. ગમન, આગમન એ સમસ્ત સંસારીઓ માટે નિશ્ચિત છે-ગમન-આગમનથી કંટાળેલ, જન્મમરણથી ઉદ્‌વિગ્ન થયેલ મારે હવે સંસારથી નીકળવું છે. નિષ્ક્રમણ કરવું છે. ના....ના....મહાભિનિષ્ક્રમણ કરવું છે. એટલે જ કહું છુ. મારે પ્રવ્રજયા લેવી છે. જયાં રાગ છે જયાં ચાહના છે ત્યાં સંસાર મને છોડે નહિ....સંસારી મને છોડે નહિ, સંસારીના પ્રતિનિધિ સમા બાહ્ય-અભ્યંતર સંયોગો મને

છોડે નહિ, પ્રતિકૂળ સંયોગો છોડી અનુકૂળ સંયોગની ભિખારીવૃત્તિ રાગમાં છે.

પ્રવ્રજ્યા એટલે પદાર્થનો એકલો જ ત્યાગ નહિ પણ પદાર્થમાં રહેલ રાગદ્વેષની ભાવનાનો ત્યાગ–રાગદ્વેષની ભાવનાના ત્યાગથી જે પદાર્થ છોડયા હોય તેના ઉપર મમત્વ ન જાગે–તેના આકર્ષણ પુનઃ પેદા ન થાય....

**વડીલો !**

બાળક રેતીમાં ઘર બનાવે અને તોડે તેમ મેં પણ કેટલીવાર વ્રત લીધા અને તોડયા. હવે તો મારે તીર્થંકર પરમાત્માની જેમ મહાભિનિષ્ક્રમણ કરી પ્રવ્રજયા લેવી છે. જે સંસારને હું એકવાર હેય–છોડવા લાયક સમજ્યો તે પ્રેય ના બને, તેવી શક્તિ અને–સામર્થ્ય આપો.

**સ્નેહીજનો !**

મારે પ્રવ્રજયા લેવી છે. જગતના બધા બંધન એ તો કાચા સુતરના તાંતણા છે. તેને તૂટતાં કેટલીવાર ? એક ઝાટકો લાગેને બધા બંધન તૂટી જાય. પણ વજ્ર સમાન કઠીન બખ્તર તો આસક્તિ ભાવનું છે. બસ હવે સદાને માટે મારી આસક્તિ દૂર રહે અને વિરક્તિની મસ્તી મળે માટે મારે પ્રવ્રજયા લેવી છે.

આ ગાથામાં વપરાયેલો "અમ્મા" શબ્દ તો નજીકના સ્નેહીને કહેનાર છે. પણ મારે તો સમસ્ત સંસાર અને

સંસારીઓને હવે કહી દેવું છે,–મારા મોહનું આજે ઉઠમણું છે. મારા ત્યાગી જીવનનો આજે સન્માન સમારંભ છે. બસ....મારે તમારી સાથે સંબંધ નથી પણ, તમારે મારી સાથે સંબંધ છે તો ત્યાગ માર્ગે સંચરવા, ત્યાગીને શુભભાવનાની ભેટ આપવા જરૂર પધારજો. આ છે આંતર ત્યાગીના અદ્‌ભુત વૈરાગીની પ્રવ્રજ્યા પહેલાંની મનોદશા.

# ૩૬. જાવજીવ મવિસ્સામો, ગુણાણં તુ મહબ્ભરો. 卐

આજનું જગત વિશ્રામ ચાહે છે. શ્રમ કોઈને પસંદ નથી. અનાયાસે ઉપલબ્ધ થાય તે મેળવવું છે. પણ જ્યાં પ્રાપ્તિની પાછળ પ્રયત્ન–શ્રમની વાત આવે ત્યાંથી સૌ દૂર હટે છે!

વિશ્વે પ્રગતિ કરી છે. અનેક સિદ્ધિઓ હાંસલ કરી છે. પણ તે બધી ભૌતિક સિદ્ધિઓ શ્રમ વગર આ યુગમાં સિદ્ધ છે. પણ વિશ્વના કોઈ પણ યુગમાં આધ્યાત્મિક સિદ્ધિઓ–ગુણની ઉપલબ્ધિઓ વિના પ્રયત્ને મળતી નથી. ગુણ પ્રાપ્તિ એક દિવસના પ્રયત્નથી થતી નથી. એક મહિનાના પ્રયત્નથી થતી નથી. એકાદ વર્ષના પ્રયત્નથી થતી નથી. ગુણ મેળવવા બીજા કોઇનો શ્રમ કામ લાગતો નથી. ગુણની સંપત્તિ વારસામાં ય મેળવી શકાતી નથી. પણ, સ્વના સતત ધરખમ અવિરત પ્રયત્નદ્વારા જ ગુણસંપત્તિ પ્રાપ્ત થાય છે. ગુણ મલ્યા બાદ તે ગુણ જાળવવાની ચીવટ જોશે. ગુણના લાભ, અવગુણના નુકશાન બરાબર ખ્યાલમાં રાખવા પડશે. ગુણીજનોનો પરિચય કેળવવો પડશે. અવગુણી, દુર્ગુણી, દુર્જનોથી સદા સાવધ રહેવું પડશે. જીંદગીભરની સતત સાવધાની વગર ગુણ આવતાં

નથી. ગુણ ટકતાં નથી. તેથી જ ઉત્તરાધ્યયન સૂત્રમાં "જાવજ્જીવ મવિસ્સામો ગુણાણં તુ મહબ્ભરો" એક ગુણની પણ જાળવણી સતત જાગૃતિ વિના થતી નથી. સંયમ એ તો અનેક ગુણનો સમુદાય–અનેકાનેક ગુણોના પાલનની તેમાં જરૂર પડે. એટલે કોમળ આત્માને તેનો ઘણો ભાર લાગે. શું ગુણોનું વજન હોય? વજન તો સ્થૂલ ચીજનું હોય....બાહ્ય ચીજનું હોય. તારી આ વાત સાચી છે. ગુણ બાહ્ય ચીજ નથી એટલે તેનું વજન ના હોય પણ ગુણોને 卐 જાળવવા જીંદગીની બધી મોજ, મજા, સ્વાર્થ, સ્નેહ હોમવા પડે છે. ગુણોનો મહાભાર એટલે ગુણોની સાતત્યતા એક શ્રમભરી સાધના માંગી લે છે, કાળજી માંગી લે છે.

卐 જ્યાં દેહને વજન નહિ પણ મનને સતત જાગતાં રહેવું પડે તે ગુણનો ભાર.

ક્યારેક કોઈ ગુણી મહાત્માની ચરણ ઉપાસના કરવા પહોંચી જજે....તેમને રીઝવજે....પછી પૂછજે. "તમારા જીવનના એકાદ ગુણની ચરિત્ર કથા કહો." જીવનમાં સંપત્તિથી, સ્વાસ્થ્યથી, કીર્તિથી થોડીવાર ચઢતી પડતી આવી હશે. પણ એકાદ ગુણ મેળવવા કેટલી તીવ્ર વેદના અનુભવી છે તે જાણીશ તો જ સમજાશે, સાહસ–ધૈર્ય વગર એકાદ ગુણ પણ ટકતો નથી. શ્રમણજીવન–સાધુ જીવન એટલે ગુણોનો સમૂહ.

卐 **સાધુ એટલે દેહધારી નહિ પણ ગુણધારી સાક્ષાત્ ગુણમૂર્તિ.**

સાધુના પગ ક્યારેય પરોપકારના કાર્ય કરતાં થાકે નહિ. સાધુના પગ ક્યારેય વિહાર કરતાં વિખવાદ ઊભો ના કરે. સાધુના પગ ક્યારેય આવશ્યક ક્રિયા કરતાં વિશ્રામ માંગે નહિ. સાધુના હાથ સદા અપ્રમત્તભાવે આરાધનામાં ઉપયોગી થાય. ક્રિયા કરતાં મુદ્રાનો ઉપયોગ સાધુના હાથ રાખે જ. સેવા માટે કાર્ય કરવા સાધુના હાથ સદા તૈયાર હોય. સાધુની જીભ નિંદાના પાપથી ગંદી ના બને. ! સાધુની આંખ સદ્ગુણના દર્શન માટે. સાધુના કાન શાસ્ત્ર શ્રવણ માટે........

સાધુના અંગ અંગ કહેતા હોય, આ માંસના લોચા નથી. પણ ગુણ પ્રાપ્તિના સાધનો છે. આ પાંચ ઇન્દ્રિય તથા આ અંગોએ મારા આત્માને ગુણમય બનાવવા ખૂબ મદદ કરી છે.

卐 સાચે આ મારા અંગ નથી પણ મારા આત્માને ગુણની મૂર્તિ બનાવનાર શિલ્પીગણો છે. કોઈની મદદથી પરોપકારનો ગુણ મળ્યો. કોઇની મદદથી શાસ્ત્ર શ્રવણ મળ્યું. કોઈના સહારે ગુણ સ્તુતિ મળી. કોઈના સહારે દેવગુરુદર્શન મળ્યા. આ બધાએ મને જોઈતી સામગ્રી આપી ત્યારે ગુણીજનોનો સંપર્ક થયો. અનેક ગુણીજનોના પરિચયે, તેઓના ગુણોએ મારા પર ચુંબક જેવું આકર્ષણ કર્યું. અને આજે તમે મને ગુણી કહો છો. પણ મારે તો કહેવું છે....ભાઈ....! આ મૂળ પ્રતિ

નથી. આ તો પ્રતિકોપી છે. સાચે તમારી ગુણોની ઝંખના હોય તો મને ગુણી બનાવનાર ગુણના નિષ્ણાત મહાત્માની સેવામાં પહોંચી જાવ. ! દોડી જાય. !

બગીચામાં જઈએ....દ્રાક્ષના લતા મંડપમાં–ઝૂમકામાં શોભતી આકર્ષક દ્રાક્ષ સૌને સોહામણી લાગે. સ્વાદિષ્ટ લાગે. પણ તેના માલિકને પૂછીએ. દ્રાક્ષ શું મહેનત માંગે છે? પછી તે લોકો દ્રાક્ષની પાછળ જે મહેનત કથની કહે છે તે સાંભળવા જેવી છે. અમે ઉંઘ અને આરામ હરામ કરીયે છીએ. રાત દિવસના ઉજાગરા વેઠીયે છીએ. એના ઝાઝેરાં જતન કરીએ છીએ. વેલો સડી ન જાય માટે તેની દવા કરીએ, ઈન્જેકશન અપાવીએ, સાચુ કહીએ, અમારા નાના બાળકોની જેટલી કાળજી નથી રાખતાં તેથી અધિક દ્રાક્ષની કાળજી રાખીયે છીએ. આમારા વૃદ્ધ માતા-પિતાની જે સેવા નથી કરતાં તેથી અધિક સેવા શુશ્રૂષા આ દ્રાક્ષની કરીએ છીએ. મીઠી દ્રાક્ષ મેળવતા અમારા મીઠા લોહી સુકાઇને ખાખ થઈ જાય છે. અને તેમાં પણ કુદરત રૂઠી તો પાછા ઊના આંસુ અને હાથ ઘસવાના. બીજા વરસ માટે આ વરસ કરતાં અધિક મહેનત. કયારેક શ્રમ સફળ બને. કયારેક શ્રમ નિષ્ફળ બને પણ અમે જનતાને તો મીઠી દ્રાક્ષ જ પહોંચાડીએ.

દ્રાક્ષ પાછળ આટલી મહેનત કરવી પડે તો ગુણ પાછળ કેટલી મહેનત કરવી પડે, તે જો આપણે વિચારીએ

તો લાગે દુનિયાના બધા પ્રાણી, બધી વ્યક્તિઓ વિશ્રામ કરે તો ચાલે પણ,

卐 જેને ગુણી બનવું છે. મહાગુણીની હરોળમાં બેસવું છે, તેને જીવનમાં કયારેય વિશ્રામ નહિ કરવાનો. સતત્ નિરંતર અપ્રમત્તભાવે ઉદ્યમી રહેવું જોઇએ. ગુણી કહેવરાવું સહેલું છે પણ....ગુણી કહેવરાવવા માટેય ગુણનો આશ્રય લેવો પડે છે. એક શ્રીમંતને પ્રસિદ્ધિનો મોહ લાગ્યો. કીર્તિએ આકર્યો તો છેવટે કીર્તિ માટે દાન કરવું પડશે અને દાન કરશે તો દાનવીર કહેવાશે તો ગુણી બનવા શું કરવું પડે તે તું વિચાર !

ગુણી બનવા શું મહેનત કરવી, તેનું વર્ણન કરી ના શકાય. કારણ દરેક વ્યક્તિને પોતાની યોગ્યતા મુજબ મહેનત કરવી જોઇએ. મહાત્માઓ તો આપણને એટલુંજ ફરમાવે ગુણી બનવું ખૂબ કઠીન છે, તે માટે અનેક દષ્ટાંતો આપે, ઉપમા આપે–ગુણથી પીછે હઠ કરવા નહિ....પણ ગુણના મૂલ્ય સમજાવવા.

દાન આપવું તે જુદી ચીજ અને દાનનો ગુણ હોવો એ અલગ હકીકત. તપ કરી લેવો તે જુદી વાત, અને તપનો ગુણ પ્રગટ થવો તે અલગ હકીકત. સહન કરવું તે જુદી વાત અને સહન–શીલતાનો ગુણ હોવો એ જુદી વાત. કાર્ય કરવું એ જુદી વાત અને પરોપકારનો ગુણ હોવો તે જુદી વાત. ઇન્દ્રિયોને કાબુમાં રાખવી પડે તે જુદી વાત અને સંયમનો ગુણ પ્રગટ થવો તે જુદી હકીકત. જ્ઞાન

હોવું તે જુદી વાત અને પચવું તે જુદી હકીકત. ડૉકટર પાસે પોતાનું દર્દ સૌએ જેવું હોય તેવું કહેવું પડે તે સત્યનો સદ્ગુણ નહિ પણ વ્યક્તિની નબળાઇ.

卐 "સત્ય સદ્ગુણ ત્યારે કહેવાય કે દુનિયાના દેખીતા બધાં લાભોને ઠોકર મારી આત્મસ્વભાવથી સદ્ગુણની જાળવણી થાય તો...."

卐 "સત્ય એ કંઈ હરિશ્ચંદ્રનો જન્મસિદ્ધ હક્ક ન હતો. પણ હરિશ્ચંદ્રે સત્ય માટે જીવનના સર્વસ્વનું બલિદાન આપ્યું તો સત્યવાદી હરિશ્ચંદ્ર કહેવાયા."

દાન આપવાનો સ્વભાવ જગડુશાહ માતાના ગર્ભમાંથી લઈને જન્મ્યા ન હતા. પણ, ગુરુની પ્રેરણાએ દાનધર્મને સિદ્ધ કરવા ૧૨ વર્ષ સતત પ્રયત્ન કર્યો અને પ્રસંગ આવે, આપીને આનંદ પામ્યા ત્યારે દાનવીર જગડુશા કહેવાયા....

પ્રભુના શાસનમાં તપસ્વી તો અનેક થયા અને થશે. પણ વીતરાગ પરમાત્મા મહાવીરે સ્વમુખે ચૌદ હજાર સાધુમાં ધન્ય ધન્ય તો 'ધન્ના' અણગારને જ કહ્યાં, કારણ, મહાતપસ્વી ધન્ના મુનિ મહારાજે તપગુણ આત્મસાત્ કરેલ.

ક્ષમા તો દુનિયામાં કોણ નથી રાખતું ?

વાઘ-સિંહ જેવા હિંસક પ્રાણી પણ પોતાના બચ્ચાઓને ક્ષમા કરે છે. પણ, તે ક્ષમાવીર નહિ. પરમાત્મા મહાવીર જ કેમ ક્ષમા મૂર્તિ ? પ્રભુ વીર હતા. મહાવીર

હતા, છતાં સૌના પ્રત્યે તેઓના હૈયામાં કરુણા જન્મી. વિશ્વના સમસ્ત જીવોને હૈયાની શુભભાવનાથી નવાજ્યાં એટલે જ પરમાત્મા ક્ષમામૂર્તિ કહેવાયા-બધાં નહિ ! !

દુનિયાના કોઇપણ ભાગમાં ધાર્મિક-સામાજિક-રાજકીય ક્ષેત્રે કયાંય પણ ફરી આવો, કોઈ પણ વ્યક્તિ સાથે કોઇ પણ ગુણનું નામ જોડાયું હોય તો તેની ઊંડી તપાસ કરો...શા માટે તે ગુણથી વ્યક્તિ પ્રસિદ્ધિ પામી છે ?

"વર્ષો સુધી સદ્ગુણની સાધના ભૂગર્ભમાં રહે છે, પછી જગતના મેદાનમાં પરીક્ષા થાય છે. તેમાં જો વ્યક્તિ વિજયી બને તો પછી સદ્ગુણ સાથે તેનું નામ જોડાય છે. નહિતર વ્યક્તિ અને ગુણ ભિન્ન રહે છે"

"જાવજ્જીવ મવિસ્સામો" એટલે ગુણની સાધના, ભેદ સાધનાથી નહિ, અભેદ સાધનાથી સિદ્ધ કરવાની.

卐 "આયુષ્ય ન હોય તો ચાલે, પણ ગુણ ના હોય તો ના ચાલે. ગુણ એજ શ્રમણનું જીવન....ગુણ એ જ શ્રમણનું આયુષ્ય અને ગુણ એ જ શ્રમણના પ્રાણ."

પ્રાણનો વિયોગ થાય તો પ્રાણીનો નાશ-ગુણનો વિયોગ થાય તો સ્વભાવનો નાશ....ગુણ પ્રાપ્તિની સતત પ્રક્રિયા તેનું નામ શ્રમણ જીવન....બસ..."ગુણી બન.... સદ્ગુણી બન....મહાગુણી બન."

અંતે કહું છું—"અનંતગુણી અરિહંત બન."

પ્રભુ !

આપના આશીર્વાદ અને મારો સતત અવિરત પરિશ્રમ.

આ બંનેનું મિલન થાય....

આપના આશિષ મને અનંતગુણી બનાવે એ જ

આપના ચરણ કમળમાં નત મસ્તકે સદાની મારી અભ્યર્થના...

# ૩૭. "ઈહ લોએ નિપ્પિવાસસ્સ નત્થિ કિંચિવિ દુક્કરં" 卐

તૃપ્ત વ્યકિતને ભોજનની શું કિંમત ? બહેરાને સંગીતની શું કિંમત ? અંધને દર્પણની શું કિંમત ? તેમ "જગતની જેને સ્પૃહા નથી, ઝંખના નથી તેને જગતના સર્વ પદાર્થની શું કિંમત ?"

ત્યાગ તેના માટે જ દુષ્કર છે. જેનામાં આશા-ઇચ્છા-ચાહના-ઝંખના છે. જેને કોઈ આશા નથી-ઇચ્છા નથી-ચાહના નથી-ઝંખના નથી-સ્પૃહા નથી, તેની પાસે વિશ્વના કોઇ પણ ભૌતિક પદાર્થનું મૂલ્ય તૃણ જેટલું પણ નથી ! !

દુનિયાના ડાહ્યા કહેવાતાં દરેક સજ્જનો સંસાર ત્યાગને ચાહતાં મુમુક્ષુને એકવાર તો શાણી શિખામણ આપવાના. સંસારનો તને અનુભવ નથી. તે સંસારના સુખો જોયા નથી. એકવાર સમસ્ત સંસારી જીવનનો અનુભવ કરી લે. પછી ત્યાગ માર્ગે જજે. પણ, જરા વિચારીએ તો સમજાય કે સજ્જન ત્યાગી જીવનનું કેટલું અવમૂલ્યાંકન કરે છે ? અને ભોગી જીવનનું કેટલું મૂલ્યાંકન કરે છે ?

જેમ શ્રીમંત લોકો જમવા બેસે તો પહેલાં પોતાનું પેટ ભરી લે, કુટુંબીઓ જમી લે-નોકર જમી લે અને

પછી ગરીબને અથવા ભિખારીને વધ્યો ઘટયો ટુકડો આપે છે.

卐 "સંસારીઓ કહે છે–સંસાર માટે યુવાની આપી દે. પછી જો જીવતો રહ્યો તો દીક્ષા લેજે. યૌવનમાં વ્રત નહિ. વૃદ્ધત્વમાં વ્રત. એટલે ત્યાગી જીવનને એઠો–જૂઠો –વધ્યો–ઘટયો ટુકડો રોટલો આપી દેવાનો....આનાથી અધિક ત્યાગના અવમૂલ્યાંકન શું હોય?"

જીવનમાં જેને પ્રથમ સ્થાન અપાય....તે જ અગત્યની સાધના....સંસારી પાસે ત્યાગી કોઈ દિવસ ત્યાગના મૂલ્યાંકન કરાવે જ નહિ. ત્યાગી સમજે છે–છીપલાં વીણનાર વ્યકિત મોતીની કિંમત ના કરી શકે...તેમ સંસારી ત્યાગનું મહત્ત્વ ના સમજી શકે. "સંસારીનો મંત્ર સંગ્રહ –પરિગ્રહ અંતે વિગ્રહ....સાધુનો મંત્ર નિષ્પરિગ્રહતા–નિર્લોભતા અંતે અવિગ્રહ. જ્યાં પરિગ્રહની ભાવના ત્યાં સંગ્રહ–સંગ્રહમાંથી આગ્રહ. આગ્રહમાંથી કદાગ્રહ અને કદાગ્રહમાંથી વિગ્રહ ઝંઝાવાત–લઢાઈ..."

જ્યાં નિસ્પૃહવૃત્તિ છે–ત્યાં દુન્યવી પદાર્થની ઝંખના નથી, તેથી ત્યાગ દુર્લભ નથી પણ ત્યાગ સહજ સુલભ બની જાય છે. પરિગ્રહવૃત્તિ જેને ભયંકર લાગી તેને ચક્રવર્તીના સામ્રાજ્ય કે ઈંદ્રના સિંહાસનની પણ કોઇ લાલચ આપે–તે સ્પષ્ટ કહી દે. મને માટીના ઢેફાંથી રમવું ગમતું નથી.

卐 ઇંદ્રનું સિંહાસન કે ચક્રવર્તીનું સામ્રાજ્ય બધાં પુદ્ગલના ખેલ છે. મને આત્માના આકર્ષણ થયાં છે. ચૈતન્યની મસ્તી ચઢી છે. ગુણના વશીકરણ થયાં છે. ગુણી મહાત્માનું સાંનિધ્ય લાધ્યું છે. તીર્થંકરદેવના અનેકાંત સિદ્ધાંત રૂપ કસોટી મળી છે. હવે હું અસત્‌ના માર્ગમાં ફસાઉં નહિ. સત્‌ના માર્ગથી કયારે પણ પીછેહઠ ના કરું. મારી પાસે દુનિયાની કોઇ વાત ના કરશો. મારે દુનિયાનું કશું જોઇતું નથી. તેથી જ મને ત્યાગ કઠીન નથી લાગતો...

卐 "અજ્ઞાનપૂર્વક—અસમજપૂર્વક ત્યાગ સ્વીકારાય. તો પરિસ્થિતિ, પાત્રો અને સાધનો બદલાય, પણ મોહ તો હઠે નહિ. લોભ ત્યાં પણ ડખલ કરે. ત્યાગીને પણ પરિગ્રહ સંજ્ઞા હંફાવી જાય. હરાવી જાય. પણ, સમજ જાગે તો "રત્નાકર પચ્ચીશી" જેવી આત્મનિંદા પ્રગટ થાય.

સમજપૂર્વક ત્યાગ માર્ગે સંચરનારને કોઇ સંસારી રોકી ના શકે. સંસારની કોઈ સત્તા થોભાવી ના શકે. સંસારના કોઈપણ રૂપ તેને લોભાવી ના શકે. અરે ! ખુદના શરીરની સુંવાળાશને પણ વિદાય લેવી પડે.

卐 "ત્યાગનો અવાજ નાભિમાંથી ત્યારે પ્રગટ થાય કે જ્યારે હૃદયમાં સંતોષનું સામ્રાજ્ય પ્રગટયું હોય..."

જીવનમાં જીવનધારણ કરવા સિવાય કોઈ જરૂરત ના હોય. જ્યારે સ્પૃહાવૃત્તિથી ભોજનનો ત્યાગ કરનાર,

ભાવતા ભોજન મળતાં ભૂખડી બારસની જેમ ભોજન ઉપર તૂટી પડે અને અકાળે મરણનો અતિથિ બને છે. ઇંદ્રિય સંયમના સદ્ગુણને સમજયા વગર ઇંદ્રિય પુષ્ટ કરવા ત્યાગ કરતો માણસ સ્વરૂપવતી નારીને જુવે છે અને વાનરવૃત્તિ આચરી દે છે. વાનર જેમ બોરને જુવે અને ફોલી ફોલીને ખાવા લાગે તેમ જયાં મન ગયું ત્યાં ભાન ભૂલાયું, વિવેક નષ્ટ ભ્રષ્ટ થઈ ગયો.

卐 ત્યાગ માર્ગે કદમ ભરતાં–પ્રત્યેક સાધકે પોતાની જાતને પ્રશ્ન પૂછવાનો છે અને પોતાની પાસેથી જ જવાબ મેળવવાનો છે. પાપોદય તને સાધુ માર્ગે જવા પ્રેરણા તો કરતો નથી ને ? રોગ તને તપના માર્ગે કદમ ભરાવતો નથી ને ? તું અપ્રિય સંયોગથી કંટાળીને સંયમના માર્ગે સંચરતો નથી ને ?

દુઃખનું નિમિત્ત હોય અને તું દીક્ષા લે એમાં કશો વાંધો નથી. પણ દુઃખ દ્વારા દુઃખના જોડીયા ભાઇ સુખને પણ સમજી લેજે અને નિર્ણય કરી લેજે. જ્ઞાન દ્વારા સુખ દુઃખ બંને સમજીને હવે કહું છું–

卐 મને સુખ ભર્યો સંસાર પણ ના જોઇએ અને દુઃખ ભર્યો સંસાર પણ ના જોઇએ. સંસાર જ ના જોઈએ. તો સંસારના સુખ–દુઃખની લપન છપનમાં જઉં શા માટે ? જેનું પેટ ભરાયેલું છે, તે સ્વાદિષ્ટ મનગમતા કે અણગમતા ભોજન સામે દૃષ્ટિ પણ

નાંખે નહિ, અરે ! ભોજનની વાત પણ તેને કંટાળો ઉપજાવે. ભોજનની કથા પણ, તેને સાંભળવી ના ગમે. બસ, તેમ સાચા ત્યાગીને સંસાર ના આકર્ષી શકે. સંસારની કથા પણ તેને વ્યથા લાગે. અને તેની જંજાળથી દૂર રહેવામાં જ સ્વની સલામતી લાગે. સ્વના આત્માના મંગલ માટે સંસારનો ત્યાગ કરે, તે કહે-ઉત્તરાધ્યયન સૂત્રમાં ફરમાવ્યું છે-"ઇહિ લોએ નિપ્પિવાસસ્સ નત્થિ કિંચિવિ દુક્કરં." સંસારનો ત્યાગ મારે મન સહજ છે-આસાન છે-કારણ જગતની મને સ્પૃહા નથી. સ્પૃહા સિદ્ધિના સુખની છે એટલે ત્યાગમાર્ગ કઠીન લાગતો નથી. મારા ધ્યેયની-પૂર્ણાહુતિ માટે હું હસતાં હસતાં અસત્‌નો ત્યાગ કરુ છું. સત્‌નો સ્વીકાર કરુ છું. હેય છોડું છું., ઉપાદેય સ્વીકાર છું. ગુરુ કૃપાએ મને જ્ઞેય મલ્યું છે. તેથી ભોળવાઈ લલચાઈ હઠ=જીદમાં ત્યાગ અપનાવતો નથી. પણ, આત્મસિદ્ધિ પ્રાપ્ત કરવાની ભાવનાથી મારા ત્યાગી જીવનનો પ્રારંભ કરું છું. તમે ત્યાગની તળેટીએ ઊભા રહેલાં મારા સ્વજનો ! મારા ત્યાગના શિખર સર કરવાના મનોરથો સફળ થાય, તેવા શુભાશિષ આપો.

તમે મને વિદાય નહિ આપો...પણ હું તમને સદા વિદાય આપું છું. ચાલો....ત્યારે જલ્દી પધારજો.... સિદ્ધોની દુનિયામાં. હું તમારા સત્કાર-સન્માનની તૈયારી કરી રાખીશ. વિદાય...વિદાય....સંસારને વિદાય....કર્મોને વિદાય...દુર્ભાવને વિદાય...દુર્ગુણને વિદાય...આજથી મારી

વિજયયાત્રાનો પ્રારંભ...આ છે દીક્ષાર્થીના અંતરનું અબોલ આત્મ નિવેદન."

આવા અંતરના શુભ ભાવથી જે પ્રવ્રજિત બને તેને જીવનમાં દીક્ષા લીધાં બાદ પણ કોઈ સંઘર્ષ પેદા થતો નથી. બાકી માન-સન્માનની સ્પૃહાથી દીક્ષા લે તે દીક્ષામાં પણ કુરુક્ષેત્રની તૈયારી કરી દે છે.

મારૂં માન-તમારૂં માન-મારી ગણત્રી-તમારી ગણત્રી, મારું નામ, તમારું નામ-મારા ગુરુ, તમારા ગુરૂ-મારા શિષ્ય, તમારા શિષ્ય-શિષ્યા, મારી પદવી, તમારી પદવી-આ બધી કષાયની જ હોળી છે.

卐 "ત્યાગી થયો છું, કષાયની હોળીમાં શેકાવા નહિ- કષાયની હોળી કરવા.' બસ, સાધકનો એક અંતરનાદ જોઈએ-મારે કંઇ ન જોઈએ. મારે કશું નથી કરવું.... પણ કર્તવ્યયજ્ઞ પૂર્ણ કર્યા વગર કર્મો હટે નહિ, તેથી હું મારા કર્તવ્યધર્મને અનુસરીશ...

બસ, સાધક ! આ મનોવૃત્તિથી ત્યાગ માર્ગે આગે બઢ...તું, પ્રેરણાનો સ્રોત બની જઇશ...

પ્રભુ ! હું સર્વ સ્પૃહા ત્યાગ કરીશ. પણ સાચું કહું છું, મારી "એક સ્પૃહાનો ત્યાગ નહિ કરું...સ્પૃહાના ત્યાગની સ્પૃહા."

શું આપના અદના સેવકની આટલી અરજી ના સ્વીકારો ?

## ૩૮ ન ચારએ હોઈ હુ સંપરાએ 卐

નીતિશાસ્ત્રનું એક સુભાષિત છે. અધમ આત્માઓ વિઘ્નના ભયથી સત્કાર્યનો પ્રારંભ કરતાં નથી. મધ્યમ આત્માઓ સત્કાર્યનો પ્રારંભ કરે છે પણ વિઘ્ન આવતાં અર્ધ વચ્ચે જ કાર્યને છોડી દે છે. ત્યારે ઉત્તમ આત્માઓ વારંવાર વિઘ્ન આવવા. છતાં પ્રારંભેલ સત્કાર્યને પૂર્ણ કરીને જ રહે છે.

પ્રત્યેક વ્રત નિયમ સ્વીકારવા સુલભ છે તેની કાયિક ક્રિયા બીજાની શરમથી સમાજના કારણે પણ જળવાઈ જાય છે. પણ વ્રત નિયમ આરાધના માનસિક રીતે આરાધવા ખૂબ કઠીન છે. માનસિક અખંડતા જાળવવા જબરજસ્ત મનોયોગ જોઈએ. હાર્દિક સમજદારી જોઈએ.

ઘાંચીના બળદને આંખે પાટા બાંધેલા હોય છે પણ તેની ગતિની પ્રક્રિયા સવારથી સાંજ સુધી અખંડ ચાલ્યા કરે છે. તેને લાગે છે હવે તો હું દુનિયાના છેડે પહોંચ્યો હોઇશ. પણ જ્યારે તેની આંખના પાટા ખોલવામાં આવે છે ત્યારે ખબર પડે છે કે ભલા ! તું ઘાંચીનો બળદ ! તારી પ્રદક્ષિણા પૃથ્વીને ન હતી ઘાણીને જ હતી. તું દૂર જઇ ના શકે તારા ગળે બાંધેલો દોરડાનો એક છેડો ઘાણીએ જ બાંધેલ છે, પૃથ્વીમાં ફરવું હોય તો ગળે બાંધેલ દોરડાને તોડ ! તને એ બંધન નથી લાગતું ? ગળાનો હાર લાગે

ત્યાં સુધી એ બંધન તૂટે નહિ, અને જ્યાં સુધી બંધન તૂટે નહિ ત્યાં સુધી તું ઘાણીથી મુક્ત થાય નહિ.

વર્તમાનકાળની વિષમ પરિસ્થિતિ કહો કે અમારા જેવા જીવોની ભારેકર્મીતા કહો. કદાચ અમારા ગુરુજન કરતાં અમે વિહારના કષ્ટ વધારે સહ્યાં હશે. પણ કોઈ પૂછે વિહારથી તમે કર્મનિર્જરા પ્રાપ્ત કરી? જવાબ જો અંતરથી આપવાનો છે તો મૌન જ અમારું રક્ષણ કરશે. નહિતર અગડં-બગડં વાતોનો કોઈ તોટો નથી ! આપણને શું આત્મિક લાભ થયો તે શું શબ્દોમાં કહેવાય ? હા.... જુઓને અમારો ભાષાકીય અનુભવ વધી ગયો. દુનિયાના વિવિધ લોકોની રીતભાતનું ભાન થયું.

શું પ્રભુની આજ્ઞા મુજબના સાધુના વિહારનું આવું તુચ્છ...ફળ ! ! ! વિહાર થયો કે એકલું કાયા કષ્ટ ! કદાચ પાંચ પચ્ચીસ વર્ષના ભૂતકાળમાં ન થઈ હોય તેવી તપશ્ચર્યા કરી લીધી. પણ કોઈ પૂછે, તમારા તપરુપ મંદિરનું શિખર "પારણું" કેવું થયું ? ઉદ્ધતાઈથી ભરપુર જવાબ આપી દઈશું—મંદિર પથ્થરનું હોય અને શું શિખર સોનાનું હોય ! તમને સારા પ્રશ્નો સૂઝે છે હોં !

તપની શોભા તો પારણમાં ત્યાગ ભાવના કેવી રહે તેના ઉપર જ આધારિત છે.

卐 પારણામાં આસક્તિ આવી તો તપનું મંદિર સુંદર શિખરથી સુશોભિત ન બને !

આમ વર્તમાનકાળમાં આરાધના, જ્ઞાન, સાધના અમે ખૂબ મેળવ્યાં છે પણ સાચું કહું તો અમે માટીની ઇંમારતો ચણી છે. ક્રોધ–માનના વાવંટોળ ફુંકાય છે ને અમારા માટીના ઘર જમીનદોસ્ત થઈ જાય છે. છેવટે એ વિનાશ પાસે ઉભા રહી અમારે અમારા મરસીયા ગાવા પડે છે "ન પારએ હોઈ હુ સંપરાએ."

તપ, નિયમ, વ્રતનું કષ્ટ ખૂબ સહ્યું છે. નાની ઉંમરમાં અનેક દીર્ઘ તપશ્ચર્યા સંભળાય છે. બાલ્ય ઉંમરમાં ત્યાગના સ્વીકાર સહજ થાય છે. જીંદગીની પહેલી વીશીમાં જ બુદ્ધિના અનેક ચમત્કાર દેખાય છે. જ્ઞાનપ્રાપ્તિના અનેક ભવ્ય પ્રયત્ન દેખાય છે. આજે તો એવા જ્ઞાની મળવાના સો ગાથા રમતાં રમતાં પૂરી કરનારા.....સ્વાધ્યાય રોજ કેટલો કરો છો ? તેઓને પૂછીએ રોજનો છ હજારનો સ્વાધ્યાય તો સાચો. બે હજારના સ્વાધ્યાય વગર મુખમાં પાણી ના નાંખુ "રોજ કેટલા કલાક અભ્યાસ કરો છો ?" "ઓછામાં ઓછા બાર કલાક." કેટલી ભાષા જાણો છો ?" ખાસ નહિ. સાત ભાષામાં વાતો કરી શકું છું, પાંચ ભાષા વાંચી શકું છું. ચાર ભાષામાં વાંચન–લેખન–અને સર્જન કરી શકુ છું." સરસ્વતીને આટલી બધી કેમ ખુશ કરી શકયા ? "જુઓને, ત્યાગ અને સાદાઈ વડે" જે હોય તે ચાલે, જેવું હોય તે ચાલે, મારી જરૂરિયાત જ ખૂબ ઓછી છે તમે જાણો છો ને ?

**સાધક !**

તમારા જ્ઞાનની અનુમોદના....પણ એક મારા પ્રશ્નનો જવાબ આપવાની તસ્દી લો. આ જ્ઞાન તમને સહનશીલતા આપવામાં મદદ કરે છે?

**મહાત્મા !**

તમે શું બોલ્યા ? "સહનશીલતા" શું હું ભણ્યો એ ગુન્હો થયો ? જ્ઞાન તો મેં જ્ઞાની કહેવરાવવા મેળવ્યું છે. તમારા જેવાને જવાબ આપવા મેળવ્યું છે. જ્ઞાન મને સહનશીલતામાં મદદ કરે...સાચું કહું ભાઈસાબ ! "હું તો મને એક સંભળાવે એને કહી દઉં છું જો હું ભણેલો ગણેલો છું. મૌન રહું છું ત્યાં સુધી મજા છે. મારું માથું પુસ્તકમાં છે ત્યાં સુધી તમને કંઇ તકલીફ નહિ કરું, પણ જો તમારી સાથે જીભાજોડી અને લિખાપટ્ટીમાં ઉતરીશ તો મને નહિ તમને ભારે પડી જશે. સાચું કહું છું સહન શીલતા મારામાં નથી. બસ, બધું કરી શકું છું પણ સહન શીલતા આવતી નથી. મને માફ કરજો."

પરમાત્માના શાસ્ત્રો આપણા જેવા વક્ર અને જડ આત્માના ઉદ્ધાર માટે અનેક રીતે પ્રયત્ન કરે છે. મા જે વાત્સલ્યથી સમજાવે તેના કરતાં અનંતગુણા વાત્સલ્યથી તારક તીર્થંકર પરમાત્મા આપણા ઉપર ભાવદયા કરીને ફરમાવે છે. ખૂબ લાંબાકાળથી દીક્ષિત બન્યો. તપ નિયમોના પાલન કર્યા પણ સાચે મન–વચન–કાયાની શુદ્ધિથી કરણ

કરાવણ અનુમોદના દ્વારા નવકોટિ શુદ્ધિ સહિત સંયમ પાલનની તને કાળજી રહી નહિ. એટલે હકીકતમાં તારા વ્રત–નિયમ અસ્થિર બન્યા છે. તું ભ્રષ્ટ થયો છે, તારી કાયાને અવશ્ય કલેશનો લાભ મળ્યો છે. વેશ બદલ્યો પણ સાચે તું કષાયના સંસારથી મુક્ત થઇ શકયો નથી. કષાયનો પાર પામી શકયો નથી. સંસાર છોડયો તો હવે સંસારની જડ સમા રાગદ્વેષ ઉપર વિજય મેળવ. પાંદડા અને શાખા તૂટવાથી ઝાડ તૂટશે નહિ..ઝાડ તોડવામાં મૂળનો નાશ જ સહાયક થશે. બહારના પુત્ર, મિત્ર, પત્ની, ધન, ઘર એ સંસારવૃક્ષની શાખા–પ્રશાખા છે. મૂળ તો રાગદ્વેષ છે.

卐 "બાહ્ય પદાર્થનો ત્યાગ અંતરના રાગદ્વેષના વિજયમાં મદદગાર છે, પણ આંતર વિજયનું લક્ષ્ય હોય તો જ !"

ઉત્તરાધ્યયન સૂત્રની હિતશિક્ષા હતાશ બનાવવા નથી, નિરાશ બનાવવા નથી પણ તને જાગૃત બનાવવા છે. તું અધવચ્ચે અથડાઇ ન જાય તે માટે છે. પરમાત્મા સાધકને કહે છે તેં સંસારનો ત્યાગ કર્યો છે. પણ સંસારથી તું પાર પામ્યો નથી. તું ત્યાગના સમરાંગણમાં આવ્યો છે, મંઝીલ દૂર છે...વિજય દૂર છે. બસ, દરેક સાધક આત્માને પરમાત્માની હિતશિક્ષા છે કે. "દીક્ષા લીધા બાદ લડાઈ કરજે પણ, બીજા કોઇની સાથે નહિ. પોતાના આત્માની સાથે, પોતાના રાગ–દ્વેષ સાથે."

તેં સંસારના બાહ્ય સંયોગો છોડયા એટલે જ તારી આત્મિક અભિરુચિ સમજાઈ. તું સંસારના ત્યાગને ઝંખે છે

મોક્ષપ્રાપ્તિને ચાહે છે. તારો આ ત્યાગ નિરર્થક નથી. તેણે પણ ઘણું ઘણું કાર્ય કર્યું છે. વિનયીને કોઇ હિત-શિક્ષા આપશે પણ અવિનયીને કોઇ મહાત્મા હિતશિક્ષા આપવા નહિ જાય. તું ત્યાગની પરીક્ષામાં બેઠો છું. તું નાપાસ થાય તો ત્યાગી કુલની શોભા ના વધે...તારી શોભા ના વધે....એટલે જ વારંવાર તને ચેતવણીની લાલબત્તી ધરીએ છીએ.

ત્યાગના રાજમાર્ગ પર આવ્યો. પણ વચ્ચે રાગદ્વેષની ભયંકર ખીણ ઓળંગવાની છે. આ રાગદ્વેષની ખીણ ના ઓળંગે ત્યાં સુધી તારો વિજય દૂર છે.

પ્રત્યેક પરિસ્થિતિમાં તારા મનને પૂછજે, ભઇલા ! તારો વિજય કે પરાજય ? બસ, આજ હિતભાવના તને સમજણ આપવા પાછળ છે. સંસારનો ત્યાગ કરનાર ભડ-વીર તું રાગદ્વેષનો ત્યાગ કરી શૂરવીર થા !

આપના તારક ચરણમાં નતમસ્તકે એક જ વિનંતિ છે. મારા અંતરના અરિગણને હટાવવાની શક્તિ મળો. મારા મનમાં રહેલ સંસારના ત્યાગની શકિત આપો...

આપના આશીર્વાદ રહો...

'નિત્થારગ પારગા હોહ.'

# ૩૯. "પુચ્છિઉણમએ તુબ્ભં ઝાણવિગ્ધો ઉ જો કઓ ✠

કેટલીકવાર કોઇની સાથે વાત કરવા જઇએ છીએ ત્યારે થાય છે આ વ્યક્તિ પણ વાત કરનારની રાહ જોઈને જ બેઠેલી. તમે મળી ગયા તો સારું થયું. નહિતર બિચારા સજ્જનનો દિવસ મૌન દ્વારા કેમ વ્યતીત થાત? તો... કેટલીવાર કોઈની સાથે વાત કરતા અનુભવ થાય છે કે વાત તેઓને પ્રિય નથી, પણ સજ્જન સ્વભાવના કારણે આપણને પૂછવાનો જવાબ આપી આપણા ઉપર અનુગ્રહ કર્યો છે. ત્યારે કેટલીકવાર કોઈ એવી વ્યક્તિના પરિચયમાં આવીએ છીએ કે જે આપણા પ્રશ્નના જવાબ આપે છે, આપણી શંકાનું સંપૂર્ણ સમાધાન કરે છે પણ, તેના જ્ઞાનના તેજે, તેના ચારિત્રના તેજે તેની આત્મ પ્રતિભાથી અંજાઈ આપણા મુખમાંથી નીકળી જાય છે, "મેં આપને ડખલ કરી ખલેલ પહોંચાડી, આપના મહાન કાર્યમાં અંતરાય કર્યો. મને માફ કરજો...."

ઉત્તરાધ્યયન સૂત્રના વીસમાં અધ્યયનમાં આવી જ એક હકીકત છે. મગધના મહાન સમ્રાટ શ્રેણીકે એક ત્યાગીને આવેગમાં આવીને એક પ્રશ્ન પૂછી લીધો. પણ ત્યાગીએ તેનો જ શાંતિથી, ધીરતાથી અને આંતરિક વૈરાગ્યથી તથા શુભભાવથી જવાબ આપ્યો. તેનાથી સમ્રાટ શરમાઇ ગયો. મગધના સમ્રાટને લાગ્યું....મારી આ ભર્યં

કર ભૂલ છે. આ મહાત્મા છે. તેથી મારા પ્રશ્નનો જવાબ આપે છે. મારી કઈ યોગ્યતા-કઇ પાત્રતા કે હું તેમને પ્રશ્ન પૂછી શકું? આ મહાત્માની જીંદગી જ અમૂલ્ય છે. તેમની જીંદગીના ક્ષણે ક્ષણના મૂલ્ય છે. આ મહાત્માની પ્રત્યેક ક્ષણ ધ્યાન માટે છે. મારા પ્રશ્નનો જવાબ મને ક્યાંયથી ય મળત-મારા પ્રશ્નના જવાબ માટે મેં મહાત્માનો દ્રોહ કર્યો છે!!! તેઓના ધ્યાનમાં મેં વિઘ્ન કર્યું. મહાત્મા ક્યારે ય નહિ કહે પણ, તેમની પ્રતિભાએ મને મુગ્ધ કર્યો છે. તેમના જ્ઞાનના પ્રકાશથી હું અંજાઈ ગયો છું....હવે ખૂબ પશ્ચાત્તાપ થાય છે. "મહાત્મા! મેં આપના ધ્યાનમાં વિઘ્ન કર્યું છે. મને માફ કરો, ક્ષમા કરો આ અક્ષમ્ય અપરાધ ને!!!"

મુનિ અનાથી અને સમ્રાટ શ્રેણિકનો વાર્તાલાપ પ્રસિદ્ધ છે. મહાત્મા અનાથીના આંતરિક વૈરાગ્યે જ સમ્રાટ શ્રેણિકને આત્માભિમુખ બનાવ્યા છે. પણ વાર્તાલાપ બાદ શ્રેણિકના હૃદયમાં શું મનોવેદના થઈ હતી તેનો કયારે ય આપણે વિચાર કર્યો નથી....

સાધક! મહાત્મા અનાથી પણ સાધક અને તું ય સાધક. મહાત્મા અનાથી સાથે સમ્રાટ શ્રેણિક વાર્તાલાપ કરવા આવ્યા. તારી સામે તારા યુગના સમ્રાટો આવશે. સ્વજનો અને સ્નેહી આવશે. વાર્તાલાપ થશે. વિચાર વિનિમય થશે. પણ, મારે તો તને એક સામાન્ય, સાવ

સામાન્ય પ્રશ્ન પૂછવો છે, "બધા તારી સાથે વાત કરશે કે તું બધાની સાથે વાત કરીશ ?"

મહાત્મા ! આમાં શું પૂછવા જેવું છે ? અરસ-પરસ તેઓ મારી સાથે વાત કરશે. હું તેઓની સાથે વાત કરીશ. વાત કરવામાં કંઈ પાપ ઓછું છે ? વાત કર્યા વગર વિચારોની આપ લે કેવી રીતે થાય ? આપ જ કહોને ?

સાધક ! મારે જે જાણવું હતું તે જાણી લીધું. તારી મનોભૂમિકા તારા જવાબમાં પ્રતિબિંબિત થઈ જાય છે. બધા તારી સાથે વાત કરે તે તો મને સમજાય એવી વાત છે. પણ, 卐 તું મહાત્મા છે–તું ત્યાગી છે–તું જ્ઞાની છે તું જ્ઞાની ગુરુનો શિષ્ય છે. બધા તારી સાથે વાત કરે. એમાં તારા આત્મજ્ઞાનનું ગૌરવ છે. પણ, તું બધાંની સાથે વાત કરે, તે મને બેહૂદુ લાગે છે. સંસારી સાથે તું શા માટે વાત કરે ? તારે એમનાથી શું મેળવવાનું ? સંસારીના પ્રશ્નનો જવાબ આપવો એ તારી સાધુતાને આભારી છે. નમ્રતાયુકત તારા જીવન વ્યવહારનું પ્રતીક છે. પણ, તું કેવલજ્ઞાનનો વિદ્યાર્થી !! તારા અભ્યાસ અધૂરા હોય, તારી સાધના સંપૂર્ણ ના થઈ હોય, કર્મના દેવા ચૂકવાયા ના હોય, સેવા–શુશ્રૂષાના તારા ધર્મો પૂરા થયા ના હોય અને અધવચ્ચે તું સંસારી સાથે વાત કરે ? સંસારી સાથે વાત કરે તો તારી સાધના સુધરે કે

બગડે? સંસારી સાથે વાત કરે તો જ્ઞાન આવે કે અજ્ઞાન આવે? ભલા....સાધક!! તું ક્યાં સુધી ભોળો-મૂર્ખો રહીશ. તારી એક એક ઘડી કેટલી કિંમતી છે.

卐 "તારી સાથે વાત કરતાં માનવોને તો સંકોચ થવો જોઈએ. પણ, દેવોને ય ડર લાગવો જોઈએ." મોક્ષાર્થી! મહાત્માના સમયનો દુરુપયોગ કરીએ, તો અમે ય ડુબી જઈએ. તું ક્યારે ય કોઈને ના કહે મને સમય નથી. મારી સાથે વાત કરવા ન આવતાં." પણ...તારા અંતર આત્માનું પ્રતિબિંબ જ શબ્દના સહારે પ્રગટિત થાય.

卐 "દૂધથી તો દેવાધિદેવના ચરણ પ્રક્ષાલન થાય, માનવના નહિ." આપ મહાત્માનો સમય તો જ્ઞાનાર્જન માટે હોય, મહાત્માઓની સેવા સુશ્રૂષા માટે હોય. મારા જેવા સંસારી સાથે આપની વાત ના હોય. હાથી તો રાજકુળમાં શોભે. હંસ માનસરોવરમાં શોભે. આપની વાત આપના ગુરુદેવ સાથે હોય, મારી સાથે આપની વાત ચાહું તો આપના જ્ઞાનનું ભયંકર મેં અપમાન કર્યું કહેવાય.

卐 "આપનો સમય ધર્મ ધ્યાન દ્વારા શુક્લધ્યાન સિદ્ધ કરવા છે.

મહાત્મા! આપને પ્રશ્ન પૂછી મેં આપને ધ્યાનમાં વિઘ્ન કર્યું એવું સાધક! તને કોઈ કહેનાર છે?

**સાધક !**

મને તારી અપૂર્ણ આરાધનાથી દુઃખ થતું નથી. તારી છદ્મસ્થતાથી ઉદ્વિગ્નતા નથી આવતી. પણ, જ્યારે તારામાં સાધનાની મસ્તી ના જોઉં ત્યારે મારું દિલ દ્રવી જાય છે. ક્યારેક તારી ચિંતા મને ભરખી જાય છે. એકલા અંધારા ખૂણાના ઓરડામાં બેસીને ચોધાર આંસુએ રડું છું. મારી આંખોમાંથી શ્રાવણ-ભાદરવો વહે છે. તને મારા આ અંતરના આંસુ ક્યાં દેખાય ? મારી વેદના તને શાની વ્યગ્ર બનાવે ? બસ, તું તો એટલું જ જુવે છે કે મારા ગુરુ બોલે છે ને ? હસે છે ને ?

પણ, સાચું કહું ? મારી આ વાત નથી. મારી આ આજ્ઞા નથી. પણ, સાચે તારા આત્માને ભવરોગ ના લાગુ પડી જાય તેની ભાવ ચિકિત્સા છે. મારી મનોકામના છે, 'મારા કરતાં પણ તને સવાયો જોવાની'....

卐 "જૈન ઇતિહાસ તું જાણતો નથી. ત્યાગી-નિસ્વાર્થી ગુરુના વાત્સલ્યને તું સમજ્યો નથી. જગદ્ગુરુ હીરસૂરીશ્વરજી મ. સા. ની ભાવના હતી તો જ સેન સૂરીશ્વરજી મ. સા. સવાઈ હીર બન્યાં અને ભવ્ય ઇતિહાસ આલેખાયો."

卐 "પ્રત્યેક શિષ્યના સર્જન પાછળ ગુરુની મહાન સાધનાનું ગુપ્ત રહસ્ય હોય છે. સાધક ! ફરી ફરી તને કહું છું. તારા ગુરુને સફળ બનાવવા તારામાં જ્ઞાન-ધ્યાનની

મસ્તી જગાવ. તારા વિશુદ્ધિના તેજે વિશ્વને પવિત્ર કરી દે. તારી સાથે વાત કરવા આવેલો શરમાઈ જાય."

જો, તું બાલ સાધક હોઈશ તો તારી સાથે વાત કરવા આવેલો, તારી અભ્યાસની મસ્તી જોઈ તારા ગુરુને વિનંતિ કરશે. ગુરુદેવ! આ બાલ સાધુઓને અભ્યાસ કરાવો. પુસ્તકનો–પંડિતનો–સેવાનો લાભ મને આપો. શાસન પ્રભાવક મહાત્મા થશે. મારો પરિવાર તેઓના ધર્મોપદેશથી ધન્ય બનશે....

જો, તું યુવાન સાધક હોઈશ અને તારામાં ઇંદ્રિય-દમનની ઉત્કંઠા અને આજ્ઞા પાલનની તત્પરતા ગૃહસ્થ જોશે તો તુરત તે ભાવિક ગુરુદેવને કહેશે–મહાત્મા! યુવાન પુત્રો તો અમારે ત્યાં પણ છે.

卐 "ક્યાં આ પવિત્રતાના અવતાર–આજ્ઞા પાલનમાં ઉત્સુક આપના શિષ્યો...સાચે આપ ધન્ય! આપના શિષ્યો ધન્ય!! વસુધા પણ આવા મહાત્માના તેજે ધન્ય બનશે."

જો, તું વૃદ્ધ સાધક હોઇશ....દાંડાના ટેકે ટેકે પણ એક એક ડગ ભરતો વિહાર કરતો હોઇશ, તો તારો દર્શનાર્થી વર્ગ કહેશે–"મહાત્મા તમારી જીવન કિતાબનું છેલ્લું પૃષ્ઠ આટલું મધુરું છે તો આપનું જીવન કેટલું પવિત્ર હશે."

કોઇ કહે છે. મહાન તપસ્વી પૂજ્ય સિદ્ધિ સૂરીશ્વરજી મ. સા. (બાપજી મ.) ૯૨ વર્ષની ઉંમરે અમદાવાદથી

ગિરનારની યાત્રા વિહાર કરીને કરેલી, તપથી કાયા કૃશ થયેલ. વૃદ્ધત્વથી દેહયષ્ટિ ઝૂકી ગયેલ પણ....જેના મુખ પર તપના અનેરાં તેજ પથરાયેલ એવા બાપજી મ. ને ઊંચા ગઢ ગિરનાર પર પા...પા...પગલીએ ચાલતાં જોયા હશે, તે દર્શકોના દિલમાં શું ભાવ પેદા થયો હશે ???...શબ્દ રીસાઈ ગયા હશે ? આંસુ વાટે હૈયાના ભાવ શું ત્યાં મૂર્ત નહિ બન્યાં હોય ???

સાધક !

મારી તો તને પહેલી અને છેલ્લી એક વાત છે. તારી સાથે વાત કરવા આવનાર તારાથી શરમાવો જોઈએ. તને પ્રશ્ન પૂછનાર તારા જ્ઞાનના દિવ્ય તેજથી અંજાવો જોઈએ. મહાત્માની સાધનામાં મારાથી અંતરાય થવો ન જોઈએ–એવું તે સમજે. અને એવી ભાવનાથી પાછો જાય ત્યારે મારા હૈયામાં હર્ષનો મહાસાગર હિલોળા લેશે....

ગુરુદેવ !

"બાળક હતો એટલે આપના હૈયાના ભાવને સમજ્યો નહિ...પહેલાં તો માફી માંગું. આપના મનોરથની અવગણના કરી. તે પછી કહું છું આશિષ આપો....ધ્યાનમાર્ગમાં નિર્વિઘ્ન પ્રગતિ કરું. આપના આશિષ મને અવશ્ય સફળ બનાવશે."

## ૪૦. "સીહો વ સદ્દેણુ ન સંતસેજ્જા, વય જોગા સુચ્ચા ન અસબ્ભમાહુ" ✠

સિંહ વનરાજ શા માટે? બળના કારણે. ના....ના... બળ તો હાથી પાસે ય હોય. વાઘ પાસે પણ હોય. છતાં તે વનકેસરી નહિ અને સિંહ કેમ વનરાજ? વનરાજ પણ, તે બની શકે જે સાત્ત્વિક હોય, પરાક્રમશીલ હોય, ડરપોક ના હોય. સિંહ સાત્ત્વિક, પરાક્રમી તથા સાહસિક પ્રાણી છે. જંગલમાં જીવવાનું-જંગલી પશુ વચ્ચે જીવવાનું. જંગલી પશુ એટલે જેને બોલતાં ન આવડે, પણ બરાડતાં આવડે, ઘાંટા પાડતાં આવડે, રાડ પાડતાં આવડે, ચીસો નાખતાં આવડે, ત્રાડ પાડતાં આવડે. બરાડા-ઘાંટા-રાડ-ચીસો અને ત્રાડ વચ્ચે ગભરાય નહિ, ડરે નહિ, ત્રાસ પામે નહિ તે સિંહ....તે વનરાજ....સિંહ સૌના અવાજો સાંભળે પણ ક્યારેય તેનું અનુકરણ ના કરે. સિંહ તો સિંહનાદ કરે. સિંહનાદ કોઈનું અનુકરણ નહિ. કોઈનું અનુસરણ નહિ. પણ સ્વનો નાદ. સ્વની નાભિમાંથી પ્રગટેલો દિશાઓને ગજવતો સ્વર....

**સાધક !**

તું સાધુ થયો છે. જ્ઞાનના મહાવનમાં તેં પ્રવેશ કર્યો છે. ચારે બાજુ અજ્ઞાનીઓ છે. અજ્ઞાનીઓ જેમ મનમાં આવે તેમ બોલશે. આ બધાના શબ્દો તારા કાનમાં

આવશે. પણ તારે ક્યારેય તેઓનું અનુકરણ કરવાનું નથી. તારે તો શ્રી ઉત્તરાધ્યયન સૂત્રની હિતશિક્ષાનું પુનઃ પુનઃ સ્મરણ કરવાનું છે–"સીહો વ સદ્દેણ ન સંતસેજ્જા–વય જોગ સુચ્ચા ન અસબ્ભમાહુ.' દુનિયાના બધા પ્રાણી તારા જેવા જ્ઞાની નથી. વિચારક નથી. તારા જેવા સમજદાર નથી. તેમની પાસે તારા જેવા વ્રત અને નિયમ નથી. તેઓનું જીવન તુચ્છ. તેઓનું જ્ઞાન અલ્પ. તારું જીવન મહાન. તારા વ્રત મહાન; તું બધા જેવું બોલે ? ના.... ના કદાચ સમુદ્ર મર્યાદા મૂકે મેરૂ કંપાયમાન થાય ? તો પણ તારક તીર્થંકર પરમાત્માનો શ્રમણ અસત્ય ના બોલે. અયોગ્ય ના બોલે.

દુનિયાના અજ્ઞાનીઓ સાધુ સાથે અસદ્‌વ્યવહાર કરે, તુચ્છતા કરે, ઉપેક્ષા કરે, તિરસ્કાર કરે, ગાળ આપે તો પણ પરમાત્માનો નિર્ગ્રંથ સાધુ અસભ્ય આલાપ, સંલાપ ના કરે. સિંહની જેમ સાત્વિક રહે, નિર્ભય રહે. અજ્ઞાની રૂપ પશુના અવાજથી ત્રાસ ના પામે.

卐 "સાધુ ત્રાસ ન પામે એટલે ક્યારે પણ સાધુ યોગ્ય ભાષાથી હીન ભાષા ન બોલે. હીન ભાષા બોલે તે હીન થાય. નીચ થાય."

ભાષાનું મહત્ત્વ ના સમજે તે ભાષાનો દુરુ-પયોગ કરે. જે ભાષાનું મહત્ત્વ સમજે તે ભાષાનો સદ્-પયોગ કરે. રબારી પાસે રત્ન આવે તો કાગડાને ઉડાડ-

વામાં જ તેનો ઉપયોગ કરે. કારણ રત્નની મહત્તા તેને ખબર નથી.

**સાધક !**

તું શ્રમણ....શ્રમ કરનાર....શ્રમના મહત્ત્વને સમજનાર. રસનેન્દ્રિય કેટલાંને મળે ? રસનેન્દ્રિય બાદ વચન યોગની પ્રાપ્તિ કેટલાંને થાય ? મનોયોગપૂર્વક વચનયોગની પ્રાપ્તિ કેટલાંને થાય ? સ્પષ્ટ તું સમજી શકે તેવી ભાષા કેટલાંની હોય ? ભાષાના ભેદ જાણનાર કેટલાં ? ભાષાનું મહત્ત્વ સમજ્યા પછી પ્રિય બોલનાર કેટલાં ? પ્રિય ભાષામાંથી હિતકારી ભાષા બોલનાર કેટલાં ? આ બધો વિચાર અજ્ઞાનીઓએ નહિ, તારે જ્ઞાનીએ કરવાનો છે. જીવો અનંત પણ, વચનયોગવાળા જીવો અસંખ્ય. મનોયોગ યુક્ત વચન યોગવાળા જીવો તેનાથી અલ્પ. જીવોમાં કેટલાં હિતકારી બોલનારા ? કેટલાં અહિતકારી ભાષા બોલનાર ? આ ભેદ તારે જ કરવો રહ્યો. તું જ્ઞાની છે એટલે પુણ્ય પાપને માને છે. તારી સાથે કોઇ પણ બોલે. અસભ્ય વ્યવહાર કરે ત્યારે એકવાર તો તું મુક્તપણે હસીને કહેજે—"ધન્યાત્મા ! તીર્થંકર પરમાત્મા સમો વચન યોગ તમને મળ્યો છે. પણ, તીર્થંકર સમાન વચનાતિશય નહિ મળે ત્યાં સુધી આપણી ભાષા તારક અને ઉદ્ધારક ના બની શકે...."

આપણો તથા વિશ્વનો ઉદ્ધાર ભાવનાથી થઇ શકે પણ ઉદ્ધાર માટે ભાષા કેટલી સહાયક છે તે આપણે સૌ

એ સમજવું અને વિચારવું જોઈએ. જયારે આ વાત દિલથી સમજાય ત્યારે વચનનો કેવો ઉપયોગ કરવો તે આપણને જરૂર ખ્યાલમાં આવશે.

જે વ્યક્તિ વચનના મૂલ્ય સમજતી નથી. તેવા અજ્ઞાનીથી ઘેરાઈ જઈ આપણે તીર્થંકરપુત્ર સમા શ્રમણો ક્યારેય અસભ્ય ના બોલીએ.

卐 સાધુને જગતમાં કોઈ જીવને સામો જવાબ આપવાનો નથી. તેને સંભળાવવાનું નથી. તેનો બદલો લેવાનો નથી. તેને મેણાટોણાં સંભળાવવાના નથી. આગળ પાછળનું કંઈ યાદ રાખવાનું નથી. આ પણ, પેલા અજ્ઞાની જીવના ઉપકાર માટે નહિ. પણ, ખુદના આત્માના ઉપકાર માટે.

જે હૃદયમાં જિનવાણીનું સ્મરણ રાખવાનું છે, જે હૃદયમાં દેવાધિદેવને બિરાજમાન કરવાના છે, જે હૃદયમાં ઉપકારીઓની સ્મૃતિ રાખવાની છે તે હૃદયમંદિરના ગર્ભગૃહમાં જો અજ્ઞાનીઓના વચન–વાત–વ્યવહાર–પ્રતિષ્ઠિત થઈ જાય તો સાધુનો આત્મા અભડાઈ જાય. સાધુ મહાત્માને બધું ચાલે. પણ આત્માની અપવિત્રતા થઈ જાય તેવું ત્રણ કાળમાંય ન ચાલે.

卐 "જગતની કોઈપણ વ્યક્તિને સાધુ અયોગ્ય જવાબ આપે તો તેનું જ્ઞાન લાજે. તેના ગુરુ લાજે. તેનો સાધ્વાચાર લાજે."

સાધુ કહે—"વિશ્વના પ્રાણીઓ અજ્ઞાની છે. વ્રત વગરના છે. આચારની મહત્તા સમજનાર નથી. એટલે મુખમાં

જે શબ્દ આવ્યો તે બોલી નાંખે...પણ હું પરમાત્મા મહાવીર દેવનો સાધુ. કોઈએ મને કંઇ કહ્યું—

પણ, પહેલાં હું મારી જાતની સાથે વાત કરી લઉં–વિચાર કરી લઉં–હું કોણ? ક્ષમાશ્રમણ....

હું કોણ? સર્વથા મૃષાવાદ વિરમણ મહાવ્રતધારી!
હું કોણ? ભાષા સમિતિ પૂર્વક વાત કરનાર!
હું કોણ? વચન ગુપ્તિ પાલનાર!

હું કોણ? દશવૈકાલિક સૂત્રના સાતમા અધ્યયનને સમજનાર!

હું કોણ? પ્રવચન લબ્ધિ શાનાથી પેદા થાય તે જાણનાર!

હું કોણ? તીર્થંકર નામકર્મથી નિર્જરા કેવી રીતે થાય તે સમજનાર!

આટલી મારા આત્મા સાથે વાત કરી જવાબ આપતાં ભાવિનો વિચાર કરું છું મારી ફરજ શું? મારા જવાબથી કોઈનું મોઢું બંધ કરવાનું? મારા જવાબથી કોઈનું વેર વધારવાનું? ના...

卐 "મારું ચાલે તો મારા જવાબથી કોઈના સંતપ્ત હૃદયમાં શાંતિ અને અમીરસનું સિંચન કરવાનું." ખેડૂત માટીમાં બીજ વાવે ને ખેતરો ધાન્યથી લચકે....હજારો ભૂખ્યા જીવોને અનાજ વડે શાંતિ આપે.

શું મારું વચન ખેડૂતથી હલકું થાય....ના....ના મારા હૈયામાં હિતભાવના છે. વિશ્વ કલ્યાણની વિચારણા છે. મારી પ્રતિજ્ઞા પ્રાણાંતે જાળવી રાખીશ. "કોઈની પણ અયોગ્ય વાત સાંભળી તેના સામે અસભ્ય રીતે દુઃખ થાય તેમ, વેર વધે તેમ, સામો માણસ પાપ બાંધે તેમ, જવાબ નહિ આપું. મારા જવાબથી સામો માણસ ગુસ્સામાં આવે-સામું બોલે તો મારે પુનઃ વિચારવું જોઈએ.

ઠંડું પાણી પીએ, મીઠું પાણી પીએ તો તરસ છીપે....માનવ શાંતિ અનુભવે. ખારું પાણી પીએ તો હોઠ સુકાતાં જ રહે-તરસ મટે નહિ, અને ઝાડા (સ્થંડીલ) થઈ જાય.

卐 "શું મારી વાણી ખારા પાણી જેવી ? સામી વ્યક્તિને સામું બોલવું પડયું ? ગુસ્સો કરવો પડયો ? ગુન્હો તેનો નહિ. મારો....જો, મારી વાણી મીઠા પાણી જેવી હોત-ઠંડા પાણી જેવી હોત તો, જરૂર હું જે વ્યક્તિને કહું તેને કર્તવ્યમાર્ગનો બોધ થાય....તે વ્યક્તિ સમતા-શાંતિ અને સાધનામાં લીન બને."....

જગતને સમજાવવામાં સૌને જવાબ આપવામાં મારા સાધુત્વના હીન મૂલ્ય શા માટે કરું ? મને તો મારા દેવાધિદેવ પરમાત્મા મહાવીરદેવે સમજાવ્યું છે. જુઓ....મારા શિષ્ય ગૌતમસ્વામી એક આત્માનો ઉદ્ધાર કેમ કરી શકયા ? કારણ....

મારો ત્રિપૃષ્ઠ વાસુદેવનો ભવ હતો. ગણધર ગૌતમ મારા સારથી હતા. મેં એક સિંહને માર્યો. સિંહ મરતાં મરતાં એટલા લથડીયા ખાઇ રહ્યો હતો. વેદના અનુભવી રહ્યો હતો. ત્યારે મારા સારથીએ સિંહને આશ્વાસન આપ્યું. વનકેસરી શાને ક્ષોભ અનુભવે છે? તારું મૃત્યુ નરકેસરીના હાથે થયું છે. તારા મૃત્યુની પણ શોભા છે. આ શબ્દોએ સાંત્વન આપ્યું. મારા સારથી પ્રત્યે સિંહના હૈયામાં પ્રેમની લાગણી બંધાણી અને મારા પ્રત્યે દ્વેષની. "ત્રિપૃષ્ઠ તે હું મહાવીર"–"સારથી તે ગૌતમ"...."સિંહ તે ખેડૂત." ગૌતમથી ખેડૂત પ્રતિબોધ પામી દીક્ષા લે છે. મને જોઇને દીક્ષા છોડે છે. મહાત્માઓ? મીઠાં વચનની આ શક્તિ તો કલ્યાણકારક–મહાવ્રતધારક સાધુના વચનની કઈ તાકાત હોઈ શકે?

સાધુ કોઈનું ખરાબ વચન સાંભળી ખરાબ બોલે તો કહેવું પડે–સૂર્ય પૂર્વમાં નહિ પશ્ચિમમાં ઉગ્યો–સમુદ્રએ મર્યાદા મૂકી....

મહાત્મા !! તમે આમ શું કરો છો? આ અમસ્તી નાની વાત. કાનમાં ખરાબ શબ્દ ગયો અને મુખમાંથી ખરાબ શબ્દ નીકળી ગયો. આમાં વળી કઈ મોટી ભૂલ? આ તો માનવીય નબળાઈ છે. માનવ છે તો ભૂલ થાય. જીભમાં હાડકું નથી એટલે જરા આડી અવળી વળી ગઈ. વધુ કહો તો એટલું કહો આગળ પાછળ શબ્દ બોલાઈ

ગયા પણ, મોટી ભૂલ ના કહેવાય હોં ! મને તો હવે એટલો ડર લાગે છે, જો નાની વાત માટે તમે આમ કીધાં કરશો તો મોટી વાત, મોટી ભૂલ માટે શું કરશો ? તમારી સાથે મારી જીંદગી....મને મૌન રહેવા દો....

**સાધક !**

તારી વાત મને સ્વીકાર્ય છે. કબૂલ છે. નાની વાતને મોટી ના કરવી જોઇએ. આ તારી વાત સાચી છે. બસ, તારી વાત નાની, કશા દુર્ભાવ વગરની. "તારી વાત અંગે જે જે તું દલીલ કરે છે તે બીજાની વાત માટે, બીજાના વચન માટે દલીલ કરે તો લાભ તને જરૂર થશે. જો બીજાની વાત માટે તું એમ માનીશ કે બોલી ગયા તેમાં થયું શું ? માનવીય નબળાઇ છે. તો સાચે તારી સાધનાની વાડી લીલીછમ રહેશે."

અજ્ઞાનીની વાત પૂર્વાપર સંબંધ વગરની પાગલ જેવી હોય. પાગલની વાતનો જવાબ ન અપાય, પણ ડાહ્યા માણસે તેની પાસે જે કરાવવું હોય તે જ વાત એકવાર નહિ એકવીસ વાર કહેવી જોઈએ. સાધક ! શાંત થઈને વિચાર....તું તીર્થંકર પરમાત્માનો પ્રતિનિધિ. તું સિદ્ધ ભગવંતનો સંદેશવાહક. તું મહાવિદેહના મુનિવરનો દૂત.... તું ક્યારે પણ વિશ્વના લોકોની ખરાબ વાત સાંભળી ખરાબ વચનો ના ઉચ્ચારે....ખરાબ ના વિચારે. સિંહની

જેમ નિર્ભય થા. સાત્ત્વિક બન....આ જ મારી અંતરની ચાહના છે.

પ્રભુ !

આપની કૃપાએ કાયા જરા સીધી થવા લાગી છે. મારા ઉપર આપની વાણી આકર્ષણ જમાવે છે. હું આપનો પ્રતિનિધિ બની વિશ્વકલ્યાણકારક વાણી વહાવું એ આશીર્વાદ આપો. જેથી મારો વચનયોગ શુભ અને શુદ્ધ બને. સ્વની–સર્વની–સાધનાનો સમર્થક બને....એજ પ્રાર્થના...

# ૪૧. સન્નાણ નાણો વગએ મહેસી 卐

તલ પીલીએ તો તેલ નીકળે, શેરડીને પીલે તો મધુરો રસ બહાર આવે, પણ...રેતીને પીલીએ તો ત્રણે કાળમાં તેલ ના નીકળે. લાકડાને ગમે તેટલા પીલો પણ તેમાંથી મધુરાશ-મીઠાશ ના આવે.

હિતશિક્ષા કોને અપાય ? જ્ઞાન કોને અપાય ? સમજ કોને અપાય ? ડાહ્યા સમજદાર બુદ્ધિમાનને...મૂર્ખ, અસમજદાર બેવકુફને સમજ આપીએ તો સમજ આપનારનું પણ અપમંગલ.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં ફરમાવે છે "સન્નાણ નાણો વગએ મહેસી" સદ્જ્ઞાન વડે-સમ્યગ્જ્ઞાનને પ્રાપ્ત કરે. આ પદ દરેક હિતચિંતકે વિચારવા જેવું છે. આપણે હિત ભાવનાથી કહીએ, સામાના કલ્યાણ માટે કહીએ એટલે સ્વીકારી લે એવું ના બને. ખુદની પણ યોગ્યતા જોઈએ. પથ્થરમાં પુષ્પ ના પાંગરે...પુષ્પ તો કાળી માટી હોય ત્યાં જ પેદા થાય.

卐 તેમ હિતશિક્ષાથી લાભ ત્યાં જ થાય જ્યાં હિતશિક્ષાનો ચાહક હોય, હિત સમજવા જેવી સદ્બુદ્ધિ હોય, હિતસ્વી પ્રત્યે કૃતજ્ઞભાવ હોય.

જે વ્યકિતને કંઈ પણ કહો, ત્યાં થાય કચકચ કરે મને જ કહ્યા કરે છે, મારા જ દોષ જોયા કરે છે, મને

હલકો પાડે છે, મારું ખરાબ કરે છે, આવી ભાવના હોય ત્યાં કંઈપણ સમજ આપવી, હિતશિક્ષા આપવી, સમજવું તે અગ્નિમાં ઘી હોમવા જેવું છે. અગ્નિમાં ઘી નાંખીએ એટલે અગ્નિ-શાંત ન થાય પણ ભડકે બળે. તેમ

卐 જ્યાં સુધી સાધક આત્માની હિત ભાવના જાગૃત ના થઈ હોય ત્યાં સુધી હિતશિક્ષા આપીએ તો અયોગ્ય આત્માની કષાયની હોળી વધુ પ્રજવલિત બને. દ્વેષભાવ વધુ તીવ્ર બને. જયારે કોઇપણ આત્મા હિતશિક્ષા માંગવા આવે અને હિતશિક્ષા આપીએ તો લાભ થાય. તૃષાતુર પાણીનો સદુપયોગ કરે 'હિતચાહક હિતશિક્ષાથી તરે.' **સમજદારને** શિખામણ લાભદાયક થાય. જ્ઞાનીને જ્ઞાન તારક **બને.**

શય્યંભવભટ્ટને સાધુમહારાજના બે શબ્દોએ જ કેમ અસર કરી દીધી? શય્યંભવ! યજ્ઞ અજ્ઞાનક્રિયા... "અન્નાણં ખલુ કટ્ટં" શય્યંભવભટ્ટમાંથી આચાર્ય શય્યંભવ કેમ બની શકયા? શું શિખામણથી સુધરેલા? ના.... શય્યંભવ સમજદાર હતા. એટલે શિખામણ ઉપર વિચાર કર્યો. સદ્‌બુદ્ધિ હતી તો સમ્યગ્‌જ્ઞાન પામ્યા. "સન્નાણ નાણો વગએ મહેસી" સદ્‌બુદ્ધિ વગર સમ્યગ્‌જ્ઞાન મળે જ નહિ અને ફળે ય નહિ.

પરમાત્મા મહાવીરદેવનું વચન "ગૌતમ! વેદ પદનો પુનઃ વિચાર કર." આ શબ્દો ગૌતમસ્વામીને કેમ અસર કરી ગયા. તેઓના મનમાં શંકા હતી....તેઓએ નિર્ણય

કરેલ જો મારી શંકા નિવારણ કરે તો હું ગુરુની વાત સ્વીકારું....ગુરુ ગૌતમના હૃદયમાં શંકા નિવારણ કરવાની અભિલાષા જાગી ન હોત તો પરમાત્માના વચન કામિયાબ નીવડત ? સફળ થાત ?

આપણને સૌને ખ્યાલમાં જ છે. ત્રણસોત્રેસઠ પાખંડીઓ મતવાદીઓ રોજ ભગવાનની દેશના સાંભળે પણ સમવસરણની બહાર જઇને શું કહે ? પરમાત્મા મહાવીર ગપ્પાં મારે છે. આમ શા માટે કહે ? સમજદારી નથી પૂર્વગ્રહ છે. પરમાત્મા તારક નથી લાગ્યા. જાદુગર લાગ્યા છે. પરમાત્માની વાણી પણ જેના હૈયામાં સમ્યગ્જ્ઞાન નથી તેને સમ્યગ્જ્ઞાનમાં સહાયક બનતી નથી.

વર્તમાનમાં મારા જેવાં કંઇક જીવો છે જેને સમજ આપવાની આદત પડી હોય છે પણ સાચે એ એક ગાંડપણ છે. દુનિયામાં કૂતરાને પ્રેમ કરનાર કેટલાંયે પશુપ્રેમી મળી આવે પણ હડકાયા કૂતરાને પ્રેમ કરનારો કોઇ ના મળે. તેમ આજનું વિશ્વ શિખામણ આપનારને કદાચ ચાહતું હશે. પણ પ્રતિપળ શિખામણ આપનારથી તો દૂર ભાગે જ છે.

જ્યાં શિખામણ આપવાથી લાભના બદલે નુકશાન થાય ત્યાં પણ જો આપણે મૌન ના રહી શકીએ તો મુનિ ક્યાંથી ?

આપણે શિખામણ આપી એટલે સૌ સુધરી ગયા. આવું માનવાની પણ મૂર્ખતા ક્યારેય ના કરવી.. તે આત્માની

યોગ્યતા હતી એટલે તે હિતવચનો તેને સહાયક બન્યા. ઉર્ધ્વારોહણની અભિલાષા હતી એટલે સોપાનશ્રેણિએ મદદ કરી. પણ જેણે જમીન ઉપરથી હટવું નથી તેને સીડી તો શું લીફ્ટ પણ ઊંચે લઈ જઈ ન શકે. કારણ ? તેને ઊંચે ચઢવું નથી. જમીન ઉપર જ ઉભું રહેવું છે માટે....

કોઈએ હિતશિક્ષા સાંભળી નહિ....જ્ઞાન મેળવ્યું નહિ તો એવું વિચારવાનું નહિ કે મારું કોણ માને ? 'મારો પાપોદય' આમ દીન પણ બનવાનું નહિ. તારક પરમાત્મા પણ ભવ્યાત્માનો ઉદ્ધાર કરી શકે. અભવ્ય આત્માનો નહિ. શિલ્પકાર ગમે તેટલો કલા નિષ્ણાત હોય પણ ખારા પથ્થરની મૂર્તિ ના બનાવી શકે. જો મીણીયા આરસની શિલા હોય તો જ ભવ્યાતિભવ્ય મૂર્તિનું સર્જન થઇ શકે.

**સાધક !**

આ વાત કોઇ ગુરુજનને હિતશિક્ષા માટે નથી પણ તને તારી યોગ્યતા સમજાવવા છે. પ્રતિક્ષણ....પ્રતિપલ... પ્રતિક્ષેત્રમાં આપણો આત્મા બહાના શોધે છે શું કરીએ? પાંચમો આરો ખરાબ છે. નહિતર મોક્ષે જાત. અમારા ગુરુ જ્ઞાની નથી નહિતર અમે કેવલજ્ઞાની બનત. શું કરીએ ? ગુરુભાઈ–ગુરુભગિની સહાયક નથી નહિતર ખૂબ સેવા શુશ્રૂષા કરત. શું કરીએ ? સહવર્તીઓ સારા નથી નહિતર મોક્ષના સાર્થ બનત. શું કરીએ ? પુસ્તક નથી

નહિતર પચ્ચીશ ગાથા કરત. શું કરીએ ? સંઘ સારો નથી નહિતર શાસનપ્રભાવના થાત.

"આખી દુનિયા ખરાબ છે માટે કંઇ ના થયું કે તું ખરાબ છે માટે કંઈ ના થયું ? તારા હૈયા ઉપર હાથ રાખીને જવાબ આપ." જો આપણે સારા હોઈએ તો વિશ્વની ફરીયાદ કયારેય ના કરીએ. આપણી સારાશમાં તાકાત છે કે વિશ્વની ખરાબી નાશ પામી જાય. જો મહાત્મા ! તું સારો બની જઈશ તો વિશ્વ તને સારું જ લાગશે. તારા ડહાપણવડે, શાણપણવડે તું સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરીશ.

દુનિયામાં જ્ઞાનીને સૌ સ્વીકારે જ...સન્માને જ.... તેમ જ્યારે તારામાં સમજદારી પ્રગટ થશે જ્ઞાનની અભિલાષા જાગશે ત્યારે તારા જ્ઞાનપ્રાપ્તિના દરેક માર્ગ ખુલ્લાં થશે.

અદ્ભુત જ્ઞાન પ્રાપ્તિ માટે હેમચંદ્રાચાર્ય મહારાજ સરસ્વતી પ્રસન્ન કરવા તત્પર બન્યા પણ તેઓએ ફરિયાદ ના કરી કે મારા ગુરુ અજ્ઞાની છે, મને ભણાવી શકતા નથી તો શું કરું ? ગુરુહેમચંદ્રાચાર્ય સમજદાર વિનયી શિષ્ય હતા એટલે વિચાર કરે તે 'મારા ગુરુ કેટલા મહાન છે મને આટલું અધ્યયન અને અધ્યાપન કરાવ્યું છે હજી નવું જ્ઞાન આપવા મારા ગુરુદેવની કેટલી ભાવના છે ! તેઓશ્રી તો મને સરસ્વતી સિદ્ધ કરવા પ્રેરણા કરે છે. 'મારા ગુરુની કૃપા રહે તો માતા સરસ્વતી સિદ્ધ થાય નહિતર અજ્ઞાનની સાડસતી શરૂ થાય.

ગુરુ હેમચંદ્રાચાર્ય સમજદાર હતા એટલે જ ગુરુ વચને સરસ્વતી સિદ્ધ કરી શકયા. વર્તમાનમાં આપણા જેવા જીવો કહી દે જે મંત્રથી તમને સરસ્વતી સિદ્ધ ન થઇ તે મંત્રથી શું અમને સરસ્વતી સિદ્ધ થશે? આમ્નાય વગરનો મંત્ર આપી ખોટું કષ્ટ ના કરાવો.

卐 સમજદાર શિષ્યને ગુરુ વચનથી સરસ્વતી દેવી સિદ્ધ થાય. બે સમજદાર શિષ્યને ગુરુ વચનથી અજ્ઞાન દેવી સિદ્ધ થાય.

**સાધક !**

શાંત ચિત્તે તારે જ વિચાર કરવાનો છે કે તારે આરાધના દેવીની આરાધના કરવી છે કે વિરાધના દેવીની? સોનાનું પાત્ર હશે તો સિંહણનું દૂધ રહેશે. માટીનું પાત્ર હશે તો પાત્રનો નાશ અને દૂધનો પણ વિનાશ. આપણો આત્મા સમજદાર હશે તો ગુરુ વચન દ્વારા સમ્યગ્ જ્ઞાનની પ્રાપ્તિ થશે, અને અસમજદાર હશે તો ગુરુ પર દ્રોહ અને ખુદના આત્માનું અપકલ્યાણ આમ સર્વનાશ.

**સાધક !**

તું હતાશ ના બન....નિરાશ ના બન....તારી પાત્રતાને વિકસિત કર. પાત્રતા એટલે આત્માનો સહનશીલ સ્વભાવ. સહનશીલ સ્વભાવની તું વૃદ્ધિ કર. પાત્રતા એટલે જ્ઞાનના આચારનું સમ્યગ્ પાલન. આચારપાલનમાં તત્પર બન.

આ યોગ્યતા એ જ સંજ્ઞા...સદ્ બુદ્ધિ...સદ્ સમજ ....અને શાસ્ત્રીય પરિભાષામાં કહીએ તો જ્ઞપરિજ્ઞારૂપ સંજ્ઞા

વડે સમ્યગ્ જ્ઞાન મેળવ. સમ્યગ્ જ્ઞાની સુલભતાથી ચારિત્રનું પાલન કરી શકે. સમ્યગ્જ્ઞાની સ્વકલ્યાણ અને પર-કલ્યાણ કરવામાં સફળ બને !

**સાધક !**

મારા હૈયામાં તારા પ્રત્યે કરૂણા છે. સ્નેહ છે. તારા હિતની ભાવના છે. એટલે જ કહું છું સદ્‌બુદ્ધિની વૃદ્ધિ કર. સમ્યગ્જ્ઞાન આપ મેળે આવશે. સદ્‌બુદ્ધિ દ્વારા સમ્યગ્ જ્ઞાન અને તે દ્વારા સંપૂર્ણ જ્ઞાન-કેવલજ્ઞાન મેળવ એ જ હિત કામના છે. તું સમજદાર એટલે કોઇની પણ ફરિયાદ કરનાર નહિ. તું સમજદાર એટલે કોઇની પણ ભૂલને માટે તારી જાતને સુધારનાર આવી તારી ઓળખાણ....મારા હૃદય મંદિરમાં તારી યાદ રાખું છું ગમે ત્યારે મળજે.... ગમે ત્યાં મળજે....તને ઓળખી જઇશ....

**પ્રભુ !**

હિતશિક્ષા આપની....યોગ્યતા મારી....સિદ્ધ થાવ આપનું અને મારું સ્વપ્ન. સિદ્ધોની દુનિયામાં વિચરણ કરવાનું સ્વીકારો, આત્મ ઉત્થાનની મારી વિનંતી....

# ૪૨. સંસાર સાગરં ઘોરં તર કન્ને !

## લહુ લહું 卐

આશીર્વાદ માંગવા એક વ્યવહારિક ઉત્તમ પ્રક્રિયા છે. પણ માંગવાથી મળે તે આશિષ હોઈ શકે? આશિષ.... આદાન પ્રદાનની પ્રક્રિયા નથી, ઔપચારિક વિધિ નથી.

"આશિષ એ તો હૃદયના આનંદ દ્વારા સહજ અપાઈ જનાર અદ્‌ભુત દાન છે. અદ્‌ભુત દાન માટે સાધના પણ અદ્‌ભુત જ જોઈએ.

આર્ય સ્થૂલભદ્રજી વેશ્યાના ગૃહાંગણે ચાતુર્માસ પૂર્ણ કરીને આવ્યા. ગુરુજીએ શિષ્યને સન્મુખ નિહાળ્યો અને સહસા મુખમાંથી આશિષ વર્ષા થઈ ગઈ "દુક્કરં કયં....દુક્કરં કયં," શિષ્યને પોતાના કાર્યની પ્રશસ્તિ કરવી ના પડી.

'જ્યાં કાર્ય અંગે વાત કરવી પડે, રજૂઆત કરવી પડે તે કાર્ય કદાચ આશિષ યોગ્ય હોઇ શકે પણ ત્યાં અંતરની આશિષ મળી શકતી નથી. અંતર આશિષ યોગ્ય કાર્ય આર્ય સ્થૂલભદ્ર સ્વામીનું હતું. ગુરુના મુખમાંથી શબ્દના ઉદ્‌ગાર પ્રગટ થયા ન હતા પણ ગુરુના સાડાત્રણ કરોડ રોમરાજીમાંથી એક નાદ હતો "દુક્કરં કયં."

ગુરુના આશિષરૂપ નાદને ઝંખતો શિષ્ય રિસાય નહિ....રડે નહિ....પણ સદા પોતાની સાધનાને આશિષ

યોગ્ય બનાવવા પ્રયત્ન કરે.

પુત્રને માતાપિતા આશિષ આપે, વિશ્વમાં સર્વત્ર બન્યું છે, અને બને છે. પણ, ઉત્તરાધ્યયન સૂત્રનું બાવીશમું અધ્યયન અને એકત્રીસમી ગાથા એક અનોખો ઇતિહાસ રજૂ કરે છે. પ્રભુ નેમનાથ લગ્ન મંડપમાંથી ગઢ ગિરનારના સહસ્રાસ્રવનમાં સંચરી ગયા છે. કુંવારી કન્યા રાજુલે નિર્ણય કર્યો. લગ્નમંડપમાં નેમનાથ ના મળ્યા. ચલો નવો દાવ....નવી બિલ્લી. હારવાનું શું ? થાકવાનું શું ? નેમનાથે મારો ત્યાગ કર્યો છે. મેં કંઈ નેમનાથનો ત્યાગ નથી કર્યો ને ! ભલે તેમને ક્ષત્રિયપુત્રી રાજીમતી પસંદ ના હોય તો એ વાત જવા દો....પણ તેમને સિદ્ધ પુત્રી સમી રાજીમતી તો પસંદ આવશે ને ! મને નેમનાથ ગમે છે તો મારે નેમનાથના માર્ગને સ્વીકારવો જોઈએ. જેના મસ્તક ઉપર કાળા ભ્રમર જેવા, દીર્ઘ નાગમણી જેવા, કેશ શોભી રહ્યા હતાં તે રાજીમતી સ્વયં ખુદના હાથે મસ્તક પરથી વાળનો લોચ કરી ગઢ ગિરનારના ચઢાણ શરૂ કરે છે. ત્યારે સમસ્ત દ્વારિકા નગરીના નગરજનો વિસ્ફારિત નયને એ મહાસતીને નિહાળી રહ્યા છે. દશ દશાર્ણ રાજવીઓ....શ્રી કૃષ્ણ....બળભદ્ર જ્યારે રાજીમતીને નિહાળે છે ત્યારે વડીલોના મુખમાંથી સહસા સુભાશિષ સરી પડે છે 'સંસાર સાગરં ઘોરં તર કન્ને ! લહું લહું.'

'ઓ કન્યા ! હે પુત્રી ! ભયંકર સંસાર સાગરને શીઘ્રાતિશીઘ્ર તરી જા."

પ્રાયઃ કરીને વૃદ્ધો, વડીલો કોઈ પણ પ્રસંગ હોય ત્યારે ઉતાવળે અભિપ્રાય આપી દેતાં નથી. દરેક વાતને વિચારે છે. પછી ખૂબ જ તોલી તોલીને....ગણી ગણીને જાણે શબ્દના પણ પૈસા પડતાં હોય તેમ પરિચિત ખૂબ જ અલ્પ શબ્દ બોલે છે. આવો વડીલ સ્વભાવ હોવા છતાં આજે સમુદ્રવિજય વિગેરે દશદશાર્ણ રાજવીઓનાં મુખ-માંથી કેમ આટલો ઉમળકો વ્યક્ત થઈ ગયો ?

વિશ્વના દરેક બંધન દરેક કાયદા ત્યાં સુધી જ રહે છે, જ્યાં સુધી કાર્ય મહાન ના બન્યું હોય ! જ્યાં મહાન કાર્ય હોય ત્યાં સ્વપરના ભેદ રહેતા નથી. પૂછ્યા ન પૂછ્યાના ભેદ રહેતા નથી, આશીર્વાદ મેળવવા જવું પડતું નથી, આશિષ મળી જાય છે ! ! !

**સાધક !**

શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર તારા પુરુષાર્થને આહ્વાહન કરે છે. ઊઠ ! જાગ ! તારી પાસે પણ શકિત છે ! વિશ્વની સમસ્ત વડીલ શાહી પાસેથી શુભાશિષ મેળવવાની તારી પાસે તાકાત પણ છે, તારી પાસે અદ્દભુત સામર્થ્ય પણ છે તારા વડીલ ખુશ થાય તેવા સત્કાર્ય કરવાનું ! કદી તેં અંતરના ઓરડામાં ડહાપણનો દીવો પ્રગટાવી તારી આત્મ શક્તિને નિહાળી છે ? પીછાણી છે ? તને પણ સમ્યગદર્શન થશે. આત્મશકિતને જાણીશ તો રાજુલ જેવું તું પણ પરાક્રમ કરી શકીશ, સાધના માર્ગે ઊર્ધ્વગમન કરી શકીશ.

પણ ક્યારેય તારા ગુરુનું, તારાવડીલનું અવ-મૂલ્યન ના કરતો. પચ્ચીસ-ત્રીસ ગાથા કરી લઈશું એટલે તેઓ ખુશ થઈ જશે, પાંચ-છ જણની ગોચરી લઈ આવીશું, ચાર-છ હજારનો સ્વાધ્યાય કરી લઈશું એટલે રીઝી જશે, ગુરુજીને પાણી આપી દઈશું, પડિલેહણ કરી દઈશું, ગુરુજીની હાજરીમાં "તહત્તિ તહત્તિ" "હાજી સાહેબ શું ફરમાવે છો ?" તેવી તહત્તિ સમાચારીનું સમાચરણ કરી લઈશું. બે ચાર ભક્તો બનાવી ગુરુજીની શિલા લેખમાં પ્રશસ્તિ લખાવી દઈશું બસ, પછી તો ગુરુજી રાજીના રેડ થઈ જશે. આ મનોવૃત્તિ હોય તો કડક શબ્દમાં આલોચના કરવી પડે.

'ભાટ ચારણની પ્રશંસા ભાટ ગુરુ પ્રસન્ન થાય પણ જિન શાસનના મહાન ગુરુ કયારેય પ્રશંસાથી પ્રસન્ન ના થાય!'

જિનશાસનના તારક ગુરુ તો શિષ્યની પ્રત્યેકપ્રવૃત્તિ પાછળ રહેલી તેની મનોવૃત્તિને નિહાળે છે. દિલ અને દેખાવની રેખાને તેઓ શીઘ્ર ભેદી દે છે.

જિનશાસનના ગુરુઓની દૃષ્ટિ કતકચૂર્ણ જેવી હોય છે. ફટકડીનો નિર્મળ ભૂક્કો ગંદા પાણીમાં નાંખો એટલે પાણી અને કચરો જુદા પડી જાય ! કચરો નીચે રહે અને નિર્મળ જલ ઉપર આવે ! તેમ ગુરુજી તુરત સમજી જાય છે તેં કેટલું કાર્ય આત્મશુદ્ધિથી કર્યું ? અને કેટલું કાર્ય

બુદ્ધિથી કર્યું ? બુદ્ધિ એ જ્ઞાનાવરણીય ક્ષયોપશમને આભારી છે.

શુદ્ધિ એ મોહનીય કર્મના ક્ષયોપશમને આધીન છે.

ભૂલ કર્યા પછી મૌન રહ્યો, તેમાં મહત્તા શાની?

બીજાની ભૂલ તારા નામે ચડે અને મૌન રહે તો અનોખી મહત્તા...તપ કર્યો ને અન્નનો ત્યાગ કર્યો તેમાં શાની મહત્તા ? તપ નથી કર્યો અને ભુખ લાગી છે પણ તેં બાલ–ગ્લાન વૃદ્ધ તપસ્વીની ભક્તિ કરી તો અનોખી મહત્તા.

'દરેક વ્યક્તિની ભૂલ કહેવી તે વાગ્ ચતુરાઇ પણ પોતાની ભૂલ શોધવી અને સ્વીકારવી તે આત્મિક શુદ્ધિ.

જિનશાસનના ગુરુદેવો ગુણી છે. ગુણાનુરાગી છે એટલે તારી વાગ્ ચતુરાઇની પણ આલોચના નહિ કરે... પણ ગુરુદેવ ખુશ તો ત્યારે'જ થશે જ્યારે તારા આત્માની શુદ્ધિ જોશે...તારા આત્મગુણોની અભિવૃદ્ધિ નિહાળશે... તું તારા નામનું વિસર્જન કરી જિનશાસનનું ગૌરવ વધારીશ તો !

**સાધક !**

તારા ગુરુ જ્ઞાની છે. જ્ઞાની છે એટલે ગંભીર છે. ગંભીર હોવાથી સામાન્ય રીતથી તેમના અંતરને તું જાણી નહિ શકે. હૈયે દવ બળે મુખે હાસ્ય સ્ફુરે. આ મહા

પુરુષનું લક્ષણ હોય છે, હૈયામાં ભયંકર ચિંતા લાગી હોય, ભાવિનો ભેંકાર એમના દિલને ખાઈ જતો હોય ત્યારે તેઓ હાસ્યમાં ખોવાઇ જશે...તું ખૂબ નાનો બાળક છે! સાવ અબુધ બાળક છે! તારા નાના માપ–અને તારી ગણત્રી દ્વારા જ્ઞાનના હિમાલય અને શાસનના મેરૂ સમા તારા ગુરુના આશિષને માપવાની ભૂલ ના કરતો... સાચું કહું તું માપવા જઇશ તારા ગુરુને અને ખુલ્લો પડી જશે તારો આત્મસ્વભાવ! તારા મનમાં રહેલા ભાવોથી તારી લઘુતાના પ્રદર્શન થઇ જશે. ગુરુની આશિષની મહત્તા સમજવા કોશિશ કર. તું પણ મહાન ગુરુકુળમાં ઉછર્યો છે. સીત્તોતરમી પેઢીએ પણ તું વિનય-મૂર્તિ પ્રભુ મહાવીરનો વારસદાર છે. પ્રભુ મહાવીરના વારસદારને વિનયની જાગીર ના મળે એ બને ખરું? ગુરુ ગૌતમને જેમ પ્રભુ સાથે લડવા જતાં ગણધર પદ મળ્યું, પ્રભુ પર રાગ રાખતાં ગુરુ ભક્તિ મળી અને પ્રભુ પાછળ રુદન કરતાં વીરમાંથી વીતરાગત્વપદ મળ્યું તેમ તું પણ સાધક તારા ગુરુના અંતરને ઉકેલ...તારા ગુરુના અંતરમાં તારા આત્મ કલ્યાણના અનંત અનંત મનોરથ આલેખાયેલ છે. એક મનોરથ સિદ્ધ કરીશ તો પણ અંતરના શુભાશિષ મેળવી ધન્ય પુણ્ય બની જઇશ.

'સાચે ગુરુજનો તો યોગ્ય શિષ્યની શોધમાં જ હોય છે.'

યોગ્ય શિષ્યને જ્ઞાનદાન કરી ખુદના ગુરુઋણમાંથી મુક્ત થવાની પ્રત્યેક ગુરુની આકાંક્ષા હોય છે. આ વાત તને નહિ સમજાય. કારણ...ગુરુનો ઉપકાર અને તેઓના ઋણથી મુક્ત થવાની પ્રક્રિયા તું સમજીશ પણ હજી થોડો અબાલભાવ પ્રગટશે પછી જ.

પણ એક જવાબ આપ. દરેક ગુરુના હૈયામાં પ્રભુ શાસન જયવંત રહે તેવી ભાવના હોય છે. આ વાત તું સ્વીકારે છે ને ? હા, જરૂર દરેક ગુરુદેવ પોતાના આયુષ્યની અલ્પતા સમજતાં હોય છે તો પછી તેઓ કોઇ શાસન પ્રભાવક વ્યક્તિની શોધમાં ન હોય ?

જ્યાં સુધી 'સાધક અવસ્થા છે ત્યાં સુધી 'મારો શિષ્ય,' 'મારો સમુદાય' આ ભાવ રહેશે. પછી તો ઉચ્ચ કક્ષાએ ગુરુનો એક જ ભાવ રહેશે—સુયોગ્ય શિષ્ય, પ્રભુનું શાસન, જ્યાં સુયોગ્યતા દેખશે. ત્યાં ગુરુ અંતરના હેતથી ઓવારી જશે.' બસ ! મારે તો એટલું જ કહેવું છે, રખે આ તક તું ના ગુમાવતો.

'ગુરુના અંતર આશિષ મેળવવા સદા સાવધાન રહેજે.'

**પ્રભુ...પ્રભુ....!**

આશિષ યોગ્ય બનું કે શિક્ષાને યોગ્ય બનું ? આપે તો મને દ્વિધામાં મૂકી દીધો. મારી દ્વિધા દૂર કરો. મને સુયોગ્ય શિષ્ય બનાવો અને શુભાશિષ પણ વરસાવો ! શું

આ બાલકની વાત આપ નહિ સ્વીકારો ? હું તો તમારા ચરણે શિષ્યભાવના સત્યાગ્રહ કરી બેસી જ રહેવાનો છું.

સ્વીકારશોને મારા જેવા શિષ્યને !!!

સ્વીકારવો જ પડશે....સુયોગ્ય બનાવવો જ પડશે...

મારો અધિકાર...."આપને અરજ,"

આપનો અધિકાર "મારી ફરજ."

# ૪૩. "વિન્નાણેણુ સમાગમ્મ ધમ્મ સાહણ મિચ્છિય" 卐

કલા કોનું નામ? કચરામાંથી પણ ભવ્યતા પ્રગટ થાય તે...કલાકાર કોનું નામ? જે નિરર્થકને પણ સાર્થક કરે તે....આરસનો એક ટુકડો મજૂરને પણ મળે અને એક શિલ્પકારને ય મળે....મજૂર આરસના ટુકડાનો ઉપયોગ પગથિયા માટે કરે. શિલ્પકાર આરસના ટુકડાને ટાંકણા વડે ઘડી નવતર સ્વરૂપ આપે. ગઇ કાલની શિલા આજે એક અદ્‌ભુત દર્શનીય શિલ્પ બની જાય. નકામો આરસનો ટુકડો આજે લાખોના મૂલ્યો વટાવી ગયો. કરોડોની કિંમત થવા લાગી. કોના કારણે? શિલ્પીની માવજતના કારણે....

"પરમાત્મા મહાવીર પણ આવા જ એક શિલ્પી છે. સંસારી જે પરિગ્રહના સાધનોથી પાપ બાંધે છે, હજારો લડાઈ વહોરી લે છે અને જેના કારણે દુનિયામાં લોહીની નદીઓ વહે છે, તે પરિગ્રહના ભાવ પેદા કરાવી જાય તેવા સાધનને જ્ઞાનની કલા વડે ધર્મોપકરણનું ભવ્ય શિલ્પ બનાવી દે છે."

કાંટાને કાઢવા કાંટો જોઇએ, વૃક્ષને તોડવા જેમ કુહાડી જોઇએ, તેમ દેહના બંધન દેહના સહારે તૂટે....

ધર્મારાધનાનો આધાર શું? દેહ....પ્રભુએ ફરમાવ્યું તારો માનવ દેહ તને મોક્ષ પ્રાપ્તિમાં મદદ કરશે....પણ, ભલા! દેહને સાચવવા જતાં દેહના મમત્વને પુષ્ટ ના કરતો. ધર્મારાધનાનું સાધન દેહ. દેહ દ્વારા આરાધના થાય અને વિરાધના ન થાય એટલા માટે ઉપકરણની જરૂર પડે. ઉપકરણ આરાધનામાં સહાય કરે. ઉપકાર કરે તે ઉપકરણ. વિરાધનામાં નિમિત્ત બને, કારણ બને, આત્મા ઉપર અપકાર કરે તે અધિકરણ.

પ્રત્યેક મુમુક્ષુને દર્શન-જ્ઞાન-ચરિત્રની આરાધના કરવા પરમાત્માએ ફરમાવ્યું. પણ મોક્ષની ઇચ્છા માટે પહેલાં જ પગથિયામાં અણસણ ફરમાવ્યું નથી. એટલે પ્રત્યેક સાધકે કર્મના સેનાપતિ મન-વચન-કાયાના કાર્યમાં હવે પરિવર્તન કરવાનું. જે મન-વચન-કાયા કર્મના સૈન્યની નેતાગિરિ કરતા હતા તેને ધર્મના સંરક્ષણ સોંપવાના. સૈન્ય બદલાય પણ સેનાપતિના દિલનું પરિવર્તન ન થાય તો? સૈન્ય-શસ્ત્ર હોવા છતાં હાર...સેનાપતિ શરણાગતિ સ્વીકારી લે તો પછી સૈન્યની કંઇ જરૂર નહિ. સેનાપતિની તાકાત છે. સૈન્ય એકઠું કરી લેશે....

સાધકે જીવન વ્યતીત કરવાનું પણ સુખ આવે જીવનની અભિલાષા નહિ, દુઃખ આવે મરણની પ્રાર્થના નહિ. હાથ-પગને સદા સસક્ત રાખવાના, પણ સ્વાર્થ સાધવા દેવાનો નહિ. પરમાર્થમાં પીછે હઠ કરે તો અવશ્ય પ્રેરણા કરવાની. સાધકે માનસિક શક્તિનો ખૂબ વિકાસ કરવાનો

પણ મનને સદ્ધ્યાનમાં કેન્દ્રિત કરવાનું, સાધકે વાગ્ શક્તિ વધારવાની પણ વાણીને જિનેશ્વરનો સંદેશ વહેડાવવાનું માધ્યમ બનાવવાનું. સાધુએ દેહના જતન કરવાના પણ ધર્મારાધનામાં દેહ મદદ કરે માટે.

સાધુએ દેહનું પતન નહિ કરવાનું પણ દેહ ભાવવાનું પતન કરવાનું. સાધુએ દેહ સાચવવાનો. દેહને જાળવવા અન્ન–પાત્ર–વસ્ત્ર અને વસતિ જોઇએ. દેહને ટકાવવા અન્ન જોઇએ તો અન્ન લાવવા પાત્ર, જોઇએ. પાત્રા જોઇએ તો પાત્રાને જાળવવા જોઇએ. અને પાત્રાને જાળવવા વસ્ત્ર જોઈએ. આમ સ્થવિરકલ્પી મુનિને ચારિત્રની આરાધના માટે ઉપકરણ ખૂબજરૂરી...સાધુ કોને કહેવાય? તેના માટે ઓઘો અને મુહપત્તિ જરૂરી. લોકોને પણ નિશાની વગર સાધુ–અસાધુના ભેદ ના સમજાય. ખુદ સાધુને પણ રજોહરણ–મુહપતિથી વારંવાર સાધુતાની સ્મૃતિ થાય. સાધુને રજોહરણ દેખાય કે સ્પર્શ થાય એટલે તુરત મનમાં એક તીવ્ર આંચકો લાગે, ધૂળ દૂર કરવા આ ઓઘો? ધૂળ તો પવન આવે તો પણ દૂર થાય. ધૂળ દૂર કરવા પ્રભુનો આ ધર્મધ્વજ નહિ. પ્રભુનો ધર્મધ્વજ ઓઘો તો મને વારંવાર પ્રેરણા આપે. "કર્મની રજ હરણ હર" કર્મબંધના હેતુને હટાવ ...કર્મબંધનના અધ્યવસાયને દૂર કર! અરે! ભલા! તારા કાષ્ઠપાત્ર કેવા મનોહર...? ભોજનમાં સહાયક... ક્યાંય ચીકાશ ચોંટે નહિ, કપડાંથી લૂછે અને સ્વચ્છ થઈ જાય. પાત્રમાં ભોજન કરનાર તને કષાયની ચીકાશ અડકે નહિ.

કર્મની ચીકાશ નહિ તો તને સ્થિતિબંધ થાય નહિ...પાત્રા કપડાંથી લૂછાય અને સ્વચ્છ થઈ જાય. તેમ તારો આત્મા પણ આલોચનાથી-પ્રાયશ્ચિત્તથી નિર્મળ થઇ જાય.

સાધુને વસ્ત્ર કર્મ નિર્જરામાં સહાયક થાય. વસ્ત્રના કારણે ઠંડી ગરમીથી સીદાય નહિ. ગ્લાનની સેવા શુશ્રૂષા થાય. સાધુ તારા શ્વેત વસ્ત્રનો સંદેશ છે. સફેદ ઝંડી એ શાંતિનું પ્રતીક છે. તું શ્વેત વસ્ત્ર ધારી સાધુ...સદા સમતાની લ્હાણ કરાવનારો-શય્યા, વસ્ત્ર, પાત્ર, વસતિ આ ચારેમાં સાધુ મુંઝાય નહિ. પણ, ચારેયની મદદથી કર્મને મુંઝવનાર તું મહાત્મા !!

પરમાત્માએ સાપેક્ષ યતિ ધર્મ અને નિરપેક્ષ યતિ ધર્મ બંનેને મોક્ષના અંગ કહ્યા છે. પરમાત્માએ સ્થવિર કલ્પ અને જિન કલ્પ બંનેને મોક્ષમાર્ગના સહાયક કહ્યા છે—"યોગ્યતા વગર જિનકલ્પ સ્વીકાર કરે તો અધઃપતન અને શાસનની અપભ્રાજનાનું ભયંકર પાપ લાગે. સ્થવિર કલ્પ સ્વીકારી વસ્ત્ર-પાત્ર વિગેરેનું મમત્વ રાખે તો આત્મા ડુબી જાય."

સ્થવિર કલ્પી સાધુ એટલે અદ્‌ભુત કલાકાર. ઉપકરણને આરાધનામાં સહાયક બનાવે. ઉપકરણથી વિરાધના દૂર કરે. જેમ કલાકાર હાથમાં અગ્નિને રાખે પણ એટલી જલ્દીથી ફેરવતો રહે કે અગ્નિથી હાથ ન બળે તેમ સાધુ ઉપકરણને પ્રતિક્ષણ પૂછે "જો, તમે સંયમમાં મદદ કરવા

આવ્યો છો તો તમારા સ્નેહભર્યા સત્કાર...તમારે મને સંયમમાં મદદ નથી કરવી તો શીઘ્ર સીધાવો...તમારી અમારે જરૂર નથી. મારા નિત્ય ધર્મ સમા શરીરને પણ લાલબત્તી ધરી દીધી છે.

જો, તું સંયમમાં સહાયક થઇશ તો તને આહાર-આરામ અને દવા બધું મળશે. પણ જરા ઊં કે ચૂં કર્યું તો આંખની ડેકાબારી દ્વારા વિજાતીય ઉપર દૃષ્ટિ ગઈ તો આવતી કાલથી ઘી દૂધનો ત્યાગ સ્વીકારી લઈશ...અને કહીશ...તમને મારું આત્મ મંદિર ખાલી કરવાની નોટીસ આપી દીધી છે...જીભ પણ જો સદ્‌ગુણ સ્તુતિમાં સહાયક નહિ બને તો મૌન સ્વીકારી લઈશ...નિત્યના મિત્ર મન-વચન-કાયાને પણ કહું છું, "મુક્ખ સાહેબ હેઉસ્સ સાહુ દેહસ્સ બારણા." નહિતર અરણિક મુનિવરની જેમ દેહ સાથ નહિ આપે તો અણસણ આદરી દઈશ...મૃત્યુથી મહોત્સવ પ્રારંભીશ...પણ, મહાવ્રત ઉચ્ચર્યા બાદ મન-વચન-કાયાને ક્યારે ય વશ નહિ બનું. જે સાધુ જીવનમાં દેહ સાધના માટે પણ મમત્વ નથી રાખવાના, ત્યાં ઉપકરણના મમત્વ હોઈ શકે ? પરમાત્માએ ઉપકરણ ફરમાવ્યા તે કેવલ ધર્મનું સાધના માટે જેમ શરીર જરૂરી તેમ ધર્મ સાધનો પણ જરૂરી પ્રભુ શાસનમાં એકાંત ક્યાંય નહિ. કાયબળ, કર્મબળ-શરીરબળ-જ્ઞાનબળ, ધૈર્યબળ આ બધું વિચારીને પ્રભુએ ઉપકરણની આજ્ઞા આપી...

ઉપકરણને પરિગ્રહ કહે તે પરમાત્માનો વિરોધી કહેવાય. ઉપકરણનું મમત્વ તે પરિગ્રહ. મમત્વ સૌથી અધિક શરીર ઉપર. જગતની કોઈપણ વ્યક્તિ શરીર વગર જીવી શકે નહિ અને જીવન વગર સાધના થાય નહિ. માટે જેમ સાધના માટે જીવન જરૂરી...જીવન માટે શરીર જરૂરી..શરીર માટે ઉપકરણ જરૂરી...

પરમાત્માએ સાધકને ઉપકરણ ફરમાવ્યા પણ તે કેવા જોઇએ? કેટલાં જોઇએ? શા માટે જોઇએ? વિધિપૂર્વક પ્રાપ્ત થયેલ ઉપકરણથી શું લાભ? અવિધિપૂર્વક મેળવેલ ઉપકરણથી શું નુકશાન? આ બધાનું વિશદ્ વિવેચન આગમ ગ્રંથોમાં છે. તેમાં પણ આચારાંગ સૂત્રમાં ખાસ આ વિષયની સૂક્ષ્મતાથી ચર્ચા કરેલ છે.

પ્રત્યેક સાધકે પ્રભુએ કહેલ ઉપકરણનો ઉપયોગ કરવો જોઇએ. પ્રભુએ કહેલ પ્રમાણથી ન્યૂનાધિક ઉપકરણ ન વપરાય. નહિતર આજ્ઞાભંગનો દોષ લાગે.

"આજ્ઞા શદ્ધા વિરાદ્ધા ચ, શિવાય ચ ભવાય ચ"
સ્થવિર કલ્પી મુનિ ઉપકરણ ન રાખે તો દોષ,
સ્થવિર કલ્પી મુનિ ઉપકરણ ન્યૂનાધિક રાખે તો દોષ,
સ્થવિર કલ્પી મુનિ ઉપકરણ ન સાચવે તો દોષ,
સ્થવિર કલ્પી ઉપકરણનો દુરુપયોગ કરે તો દોષ,
વસ્ત્ર-પાત્ર રાખવાના, પણ ફૂટે તૂટે તો વિરાધના...

"વસ્ત્ર-પાત્રનો દુરુપયોગ કરે તો સાધુ જિનાજ્ઞાનો ચોર....

ગૃહસ્થની ભાવનાનો વિશ્વાસઘાતી. ખુદના આત્મ-સ્વભાવનો પણ શત્રુ.!'

સાધક ! હું તને કહું છું કે તેં દીક્ષા લીધી, એટલે તારી કલાની શિક્ષા પ્રારંભાઈ..

શિલ્પીને શિલા પર છીણી ચલાવવાની-હથોડો નહિ. તેમ તારે ઉપકરણ રાખવાના, પણ મમત્ત્વની વૃદ્ધિ ક્યાંય નહિ કરવાની. તારા નિર્મમત્વ ભાવના મનોરથને સિદ્ધ કરવા સફળ કલાકાર બન...

પ્રભુ ! હું તો આપના ચરણમાં એક જ વિનંતી કરું, ભલે મને પાત્ર લબ્ધિ મળો. વસ્ત્ર લબ્ધિ મળો—આહાર લબ્ધિ મળો. તેથી હજારો મુનિઓની ભક્તિ કરવાના મારા મનોરથ પૂર્ણ કરીશ પણ મારી આહાર સંજ્ઞા-ભય સંજ્ઞા -મૈથુન સંજ્ઞા-પરિગ્રહ સંજ્ઞાનો કદી વૃદ્ધિ કરીશ નહીં, બસ, ઉપકરણ દ્વારા સ્વ—પરની સંયમ સાધના માટે ઉપકારક બનવા-બનાવવાની શક્તિ પ્રાપ્ત થાય; આટલી આપના ચરણમાં મારી અરજી છે..

## ૪૪. એવં અલિત્તો કામેહિં તં વયં બૂમ માહણં.... 卐

રેતી, માટી અને કાદવ ત્રણે પૃથ્વીની જાતિ પણ ત્રણ વચ્ચે કેટલો બધો ફરક! એક કપડાંને અડે પણ ખંખેરો એટલે દૂર થઇ જાય....એક પાણી વડે ધૂઓ એટલે હટે અને એક કેટલી બધી મહેનત કરો ત્યારે દૂર થાય....!

માટીની જાતિ સમાન પણ ખુદની પ્રકૃતિ વિષમ. જેની પ્રકૃતિ વિષમ તેની પ્રત્યે સદા સાવધ રહેવું પડે, જેની પ્રકૃતિ સમ હોય, સરળ હોય તેનું કશું ધ્યાન ન રાખીએ તો ચાલે.

આ વિશ્વમાં સંસારી પણ જીવે છે અને આ સંસારમાં સાધુ પણ જીવે છે. જીવન ટકાવવા જીવનની જરૂરિયાત સૌને પૂરી પાડવી પડે છે. પણ એકનું જીવન સંસારને બોઝ બને છે, એકનું જીવન સંસારને સુગંધિત અને સૌંદર્યથી મુગ્ધ કરે છે.

સરોવરના કિનારે કોઇવાર પહોંચી જઈએ છીએ. સરોવરની શોભા નિહાળતાં વાયુ દ્વારા નૃત્ય કરતાં કમલ તરફ માનવીની આંખ ખેંચાય છે, પાણી અને કાદવથી પેદા થયેલ; પાણી અને કાદવ વચ્ચે જીવન વીતાવનાર કમલ તરફ દષ્ટિ સ્થિર થાય ત્યારે લાગે, કોઇ નિર્લેપ મહાત્માની જેમ કમળ સમાધિમાં મસ્ત છે. જલ તરંગો

દ્વારા કમલપત્ર ઉપર ચઢી જાય છે. પણ તુરત જ હટી જાય છે. કમળ તો પાણી ઉપર તરતું રહે છે, પણ કમળના પાંદડા ય પાણીની દોસ્તી નથી કરતાં! નિઃસંગ બનેલ કમલ વિકસિત હોય છે તેની શોભા ન્યારી છે. કમલનો વિશ્વને સંદેશ છે...

'કષાય અને વાસનાના કીચડથી પેદા થયા તેના વડે વધ્યા પણ કષાયમાં જીવાય નહિ. આ બધા સંગ છોડીએ તો પ્રસન્નતા પ્રગટ થાય!!!'

'સાધુ મહાત્માનું જીવન એટલે કષાય અને વાસનાથી અલિપ્ત.'

તેથી જ સાધુ રાજકથા, ભકત (ભોજન) કથા, સ્ત્રી કથા અને દેશકથાથી દૂર. કોઈ પણ રાજ્યમાં કોઇ પણ દેશમાં જીવવાનું પણ તે રાજ્યનો દ્રોહ કરવાનો નહિ. રાજ્ય વિરુદ્ધ કરવાનું નહિ, દેશનો દ્રોહ કરવાનો નહિ. દેશની વિરુદ્ધમાં કશું કરવાનું નહિ.

રાજ્યના કાવાદાવામાં જવાનું નહિ, ખુરશી માત્ર કપટ–ખુન–મસકાપોલિસીથી નભે. જ્યાં બોલવાનું મીઠું હોય....પરોપકારની તો વાત જ કરવાની હોય અને સ્વાર્થમાં જ તત્પર રહેવાનું હોય તેનું નામ રાજકીય ખટપટો. આવી ખટપટોમાં સગાવાદ....પરિચયવાદ....ભાટવાદ બધુંય ચાલે અને છેવટે જ્યાં સ્વના સંરક્ષણ માટે માતા–પિતા–પુત્ર કોઈના સંબંધ રહે નહિ આવી ગંદી રાજરમતથી, તેની વાતોથી સાધુ કયારેય લેપાય નહિ.

'રાજકીય ખટપટમાં જે સાધુ પડયા તે સાધુતાના માર્ગથી પતિત થયા....સાચા સાધુ રાજરમતનો ભોગ ના અને....પણ પોતાની સાધના દ્વારા રાજ્યમાં, વિશ્વમાં શાંતિ ફેલાય તેવી મંગળ પ્રાર્થના કરે.'

સાધુ કોઇ એક દેશનો પ્રતિનિધિ નહિ...તે કહે મારી જન્મભૂમિ નિગોદ...પણ મારો નિવાસ સિદ્ધિપુર મોક્ષ....આ બધા તો વચ્ચેના સ્ટેશન...તેના માટે લડાય નહિ, ઝઘડાય નહિ. રાષ્ટ્રવાદ, દેશવાદ, પ્રાંતવાદ, જાતિવાદના નામે કોઈ ઝઘડો કરવો નહિ. આ બધી ભયંકર બદીઓથી દૂર રહી જીવમાત્રના કલ્યાણ માટે કર્મઠ કાર્ય કરે તે સાધુ મહાત્મા.

દેશકથા અને રાજકથા માનવ–માનવ વચ્ચે અયોગ્ય અણછાજતો વ્યવહાર કરાવે છે. ત્યારે ભોજનની કથા અને સ્ત્રીકથા હૈયામાં વાસનાની હોળી સળગાવે છે. તેથી જ મહાત્મા ચાર વિકથાથી દૂર રહી આત્મકથામાં મસ્ત બને છે.

જીવન નિભાવવા સંસાર અને સંસારી સાથે સંબંધ રાખવાનો પણ કયાંય તેનો સંગ સ્થિર થઈ ન જાય તેનું સતત ધ્યાન રાખવાનું.

વૃક્ષ તોડવા પાંદડા તોડવાના ન હોય, મૂળને જ જમીન દોસ્ત કરવાનું હોય. સંગ તોડવા સાધન તોડવાના નહિ....સાધન બાળવાના નહિ...સાધન બાળવાના ન હોય

પણ સાત્વિક પ્રવૃત્તિ કરવાની હોય, સાત્વિક પ્રવૃત્તિ. સાત્વિક વૃત્તિથી પેદા થાય છે....

ભાંગતોડની પ્રવૃત્તિ આસુરી વૃત્તિથી પેદા થાય છે....

સાત્વિક વૃત્તિથી દૃષ્ટિ આત્માભિમુખ બને છે........

ભાંગતોડની પ્રવૃત્તિથી દૃષ્ટિ આત્માવિમુખ બને છે....

તને સંગ કેમ ગમ્યો? સાધન કેમ ગમ્યા? ઝંખના કેમ થઈ? ઇચ્છા છે એટલે.... આ ઇચ્છાનાશનો ઉપાય છે. મોહનીય કર્મની વિદાય. સાધુ મોહનો વિજેતા બને.... મોહના વિજેતા બનવા કોઇ એક નક્કી સ્થળ...નક્કી સમય નથી. આત્મા જાગૃત બન્યો તો મોહનો પરાભવ ક્યાંય અને ક્યારે પણ કરી શકે. ખંધકજીના શિષ્યોએ ઘાણીમાં પીલાતાં પીલાતાં મોહ પર વિજય મેળવ્યો.... મરૂદેવા માતાએ હાથીના હોદ્દા ઉપર બેઠા બેઠા મોહને ઓગાળી દીધો....ભરત મહારાજાએ મોહના પટાંગણ સમા આરીસા ભુવનમાં મોહની સેના ચકચૂર કરી તો પૃથ્વી ચંદ્ર ગુણ સાગરે મોહના અવિચ્છિન્ન એક છત્રીય ચક્રવર્તીના રાજ્યસભા જેવા લગ્નમંડપમાં મોહને પોબારા ગણાવ્યા.

'જ્યાં મોહ ત્યાં બ્રાહ્મણત્વ નહિ, જ્યાં બ્રાહ્મણત્વ ત્યાં મોહ નહિ.' બ્રાહ્મણત્વ હોય ત્યાં જ્ઞાનનો વિજય. જ્યાં મોહ હોય ત્યાં અજ્ઞાનનો વિજય.' સાચો બ્રાહ્મણ અસંગ હોય....અનિહ હોય....નિરીહ હોય...નિઃસ્પૃહ હોય.

નિરીહવૃત્તિ નિભાવવા કઠોર દિનચર્યાને સ્વીકારે તે બ્રાહ્મણ !'

**સાધક !**

તું બ્રાહ્મણ–બ્રહ્મનો–જ્ઞાનનો દિવ્યનાદ વિશ્વમાં તારે ગુંજિત કરવાનો ! જ્ઞાનનો દિવ્યનાદ ઈચ્છાના બોદા ડંકા દ્વારા ફેલાય નહિ ! જ્ઞાનનો દિવ્યનાદ નિરીહતાના નિશાન ડંકા દ્વારા ચૌદ રાજ લોકમાં ગુંજિત બને. નિરીહતાના નિશાન દેખાય અને ચોરાસી લાખ જીવયોનિના જીવોના ક્ષેમકુશળની આગાહી થાય ! બ્રાહ્મણ આશિષ આપે....સ્વસ્તિ વાંચન કરે. સાધુ ! તું બ્રાહ્મણ, દીક્ષાના દિને તું આશિષ આપે. 'સવ્વભૂઅપ્પ ભૂઅસ્સ.'

સાધુ તું દીક્ષાના દિને સ્વસ્તિ વાંચન કરે. 'સવ્વં સાવજ્જં જોગં પચ્ચક્ખામિ.' આ મંગળ ઉદ્‌ઘોષણાથી વિશ્વમાં અભયના ગીત ગુંજિત બને. આવા કર્તવ્ય કરે તે બ્રાહ્મણ....બાકી તો ટીલા ટપકાથી અથવા ઓંકારથી જ થઇ જાય તો કોઇ રંગારો પીંજારોય બ્રાહ્મણ બની જાય. માથું મુંડાવાથી મહારાજ બની જવાતું હોય તો જગતના બધા બોડીયા મહારાજ બની ગયા હોત. સાધક તું શ્રમણ પણ ખરો અને બ્રાહ્મણ પણ ખરો.

卐 શ્રમણ સંસ્કૃતિ અને બ્રાહ્મણ સંસ્કૃતિનું મિલન એટલે આત્માનું ઊર્ધ્વીકરણ.

'શ્રમણ સંસ્કૃતિ આચાર પ્રધાન બનાવે.'

'બ્રાહ્મણ સંસ્કૃતિ જ્ઞાન પ્રધાન બનાવે.'

'જ્ઞાન અને ક્રિયાના સુભગ સમાગમ દ્વારા સર્વ કર્મક્ષય.'

તારે બ્રાહ્મણ નામથી ડરવાનું નથી. શ્રમણ નામથી હરખાવાનું નથી. તારે તો સૌને જાહેર વિનંતિ કરવાની છે....આપ શબ્દ પ્રેમી છો. કોઈપણ શબ્દ વાપરો. અમારો વિરોધ કોઇ શબ્દ સાથે નથી. 'શબ્દ તમારા ભાવ અમારા' તમારા શબ્દને અમારા હૈયાના શુભભાવથી વિચારી જૈન સિદ્ધાંતની આચાર પ્રણાલિકા મુજબ અમે જીવન જીવીશું. અમે સામાન્ય નયવાદી નથી અને વિશેષ નયવાદી નથી, દ્વાદશારનયચક્રમાં ફરમાવ્યું છે 'જાવઇયા વયણ પવાહા તાવઇયા ચેવ નયવાયા' તે વાતને સ્વીકારનારા છીએ. અને -કાંતવાદીને કોઈની ગાળ અસર કરી જતી નથી તો કોઈ પદવી તેના આત્મા પર અભિમાન ઉપજાવી શકતી નથી. શબ્દ એ તો વ્યવહારના ઘોતક છે. દુનિયાનો કોઇ પણ શબ્દ-કોઇ પણ પદાર્થ આત્માએ રાગદ્વેષના જેવા બીબા તૈયાર કર્યા હોય તેવી છાપ પેદા કરે.

સાધક !

તું ઇચ્છાથી અલિપ્ત! મોહનીયકર્મ તારા આત્મા પર લાગેલું પણ તું મોહનીય કર્મનો સૈનિક નહિ. તું જ્ઞાનનો આરાધક એટલે જ તું બ્રાહ્મણ....તારા બ્રહ્મના તેજ પ્રગટાવ....તારા આત્માના ઓજસ વિશ્વમાં પાથર....

દિવ્ય તેજ દ્વારા દુનિયાનો રાહબર બન....સાધક, તને પ્રારંભમાં જ બ્રાહ્મણ બનવાના મંગલ આશિષ આપું છું.

'બ્રાહ્મણે શ્રમણ બનવાનું અને શ્રમણે બ્રાહ્મણ બનવાનું એટલે કેવલજ્ઞાન અને સિદ્ધાવસ્થા પ્રાપ્ત કરવાની !'

તને આનાથી કયા અધિક આશિષ હોય ! ! !

વિશ્વના સમસ્ત આશિષ જ્ઞાનના મંગલમાં આવી જાય છે. જૈન શાસન તો જ્ઞાનને જ મંગલ માને છે. એટલે જિનશાસનમાં નંદીનું મહત્ત્વ છે. નંદી સૂત્ર એટલે પાંચ જ્ઞાનનું સ્વરૂપ. પાંચ જ્ઞાનનું સ્વરૂપ વિચારતાં ક્ષાયિકભાવનું જ્ઞાન પ્રાપ્ત કર અને સાચો બ્રાહ્મણ બન.

પ્રભુ !

આશિષ આપના....પુરુષાર્થ મારો....

卐 ક્ષમાના શ્રમ કરી શ્રમણ બનુ........

卐 જ્ઞાનના અર્જન કરી બ્રાહ્મણ બનું........

卐 અંતે સિદ્ધોની દુનિયામાં રમણ કરું આજ આપના ચરણમાં નમ્ર પ્રાર્થના છે........

## ૪૫. "તુબ્ભે સામત્થા ઉદ્ધત્તું, પરં અપ્પાણમેવ ય" 卐

જીવવું અલગ છે અને જીવનમાં મહાલવું અલગ છે. જીવન સાર્થક કરવું અલગ છે અને જીવન સાર્થક કરાવવું અલગ છે. વનના ફૂલમાં પણ સુગંધી હોય છે, પણ તેની સુગંધી સહજ ભાવે ફેલાય છે ત્યારે ધૂપસળીની કોઇ મહત્તા અનેરી છે. અગ્નિ દ્વારા સ્વયં જલી સૌને સુગંધીનું દાન કરે છે.

વિશ્વના ઇતિહાસમાં સમસ્ત ઐતિહાસિક પાત્રો વાંચી જાવ. પણ તેનું વર્ગીકરણ બે જ પંક્તિમાં થશે. "સજ્જન અને દુર્જન." દુનિયાની ખાસિયત છે. તે ઉત્તમ અને અધમ બેને જ યાદ રાખે છે. મધ્યમને ભૂલી જાય છે. ઉત્તમ વ્યક્તિનું ચારિત્ર ઊર્ધ્વગમનની પ્રેરણા આપે છે. અધમ વ્યકિતના ચારિત્રથી–પતનથી પીછે હઠ શીખી શકાય છે.

"આપણી જીંદગીમાં પણ આપણને બે જ પાત્રો મુખ્યત્વે યાદ રહેશે. શ્રેષ્ઠ ઉપકારી અને ભયંકર અપકારી. આપણી જીંદગીના પણ બે જ પ્રસંગો આપણને યાદ રહેશે. જીંદગીનો સર્વશ્રેષ્ઠ દિન અને જીંદગીનો ભયંકર દિન."

કોઇકના સમાગમે જીવન વન બની જાય છે તો કોઇકના સમાગમે જીવન નંદનવન બની જાય છે. જેમના

સમાગમે જીવન નંદનવન બને છે તેની પ્રશસ્તિ શિલાલેખ ઉપર નિર્જીવ અક્ષરથી લખાતી નથી. પણ મુખ દ્વારા હરક્ષણે હર વખતે સ્તુતિ થાય છે–"તુબ્ભે સમત્થા ઉદ્ધત્તું, પરં અપ્પાણ મેવ ય." સભામાં જાહેર કરનાર ઘણાં મળે છે અને ઘણાં કહે છે. "તમે મારા તારક છો પણ, જ્યાં સુધી નમુત્થુણં સૂત્રમાં સ્તુતિ કરી છે, તેવા તિન્નાણં તારયાણં ન બનીએ, તો સમજી લેવું. સ્તુતિ કરનાર ભાટ ચારણ અને તારી સ્તુતિ સાંભળનાર તું નટ. આમાં અંશ માત્ર પણ ફેરક નહિ."

સાધક ! તું દીક્ષા લે એટલે તને બધા મહાત્મા કહેશે. તારક કહેશે. ઉદ્ધારક કહેશે...પણ, તું ભૂલે ચૂકે ય ગોટાળો નહિ કરી દેતો. તને બધા પ્રદાબ કરી રહ્યા છે–તને સૌ સૌ પ્રેરણા દઈ રહ્યા છે–તમારામાં તારક બનવાની શક્તિ છે, સામર્થ્ય છે. તમારા નિજના સ્વાભાવિક સૌંદર્યને વિકસિત કરો !

સંયુક્તાક્ષર રહિત, જોડાક્ષર વગરનો, તારક શબ્દ ઉચ્ચારણમાં જેટલો સહેલો છે, તેટલો જ આચરવામાં અધિક કઠિન છે. તરવા માટે માનવે હલકાં બનવું પડે છે. જે ચીજ હલકી હોય તે જ પાણીમાં તરે છે, વજનદાર નીચે ડુબી જાય. તેમ "જે આત્મા જ્ઞાન વડે હળવો બને તે તરી શકે અને તારી શકે." સાધક તારી ડબલ જવાબદારી છે, ખુદના કલ્યાણની અને વિશ્વના કલ્યાણની.

—જે સ્વ કલ્યાણ સિદ્ધ ના કરી શકે તે પરનું કલ્યાણ ત્રણ કાળમાં-ય ન કરી શકે.

ચારિત્ર છે. આ સિદ્ધાંત ફક્ત મુખપાઠ ન રહેવો જોઇએ. પણ તારા જીવનમાં તેનો મૂર્ત આદર્શ હોવો જોઈએ. તને જુએ ને લાગવું જોઇએ. ચારિત્ર મૂર્તિના સાંનિધ્યમાં બેઠો છું. "તારા પરિચયમાં આવનાર પતિતનો પણ પુનરુદ્ધાર થવો જોઇએ." તારી વાણીના જાદુ એવા જોઈએ, કે તને સાંભળનાર પાપના પશ્ચાત્તાપથી આંસુ વહાવા લાગે. તારા જ્ઞાનના તેજે મિથ્યામતિ=કુમતિ દૂર દૂર ભાગી જાય. તારા પરિચયમાં આવે તે સન્મતિ થવો જોઈએ.

વારાણસી નગરીમાં બ્રાહ્મણના વાડામાં જ્યાં વિજય-ઘોષ પંડિત યજ્ઞ કરી રહ્યા છે ત્યાં મહાત્મા જયઘોષ ગોચરી માટે પધારેલાં છે. બ્રાહ્મણ અને શ્રમણની ચર્ચા વિચારણા ચાલે છે. છેલ્લે ક્ષમા શ્રમણના જ્ઞાનની પ્રતિભામાં વિજયઘોષ લીન બને છે. મહાત્માના ચરણમાં પડીને એક જ કહે છે. "તુબ્ભે સમત્થા ઉદ્ધત્તું, પરં અપ્પાણ મેવ ચ" આ હકીકત ભલે ઉત્તરાધ્યયન સૂત્રની રહો. પણ દરેક સાધકે વિચારવા જેવી છે. સાધુની અને સરિતાની ગતિ સમાન છે. કોઇ અજાણ્યા ગિરિ ગહ્વરમાંથી પ્રારંભ પામતી નદી કેટલાંય ગામ અને નગરને પાવન કરતી સમુદ્રને જઈ મળે છે. તેમ "સાધુની સંયમ યાત્રા પણ કોઈ અજ્ઞાત સ્થળેથી

પ્રારંભાય છે અને ગ્રામ–નગર–અરણ્યને પાવન કરતી સાધુની સંયમયાત્રા સંસાર સમુદ્રના કિનારે પૂર્ણ થાય છે." નદીની પાસે ગયો તેને ઠંડક મળી, જેણે નદીના પાણી પીધાં તેની તૃષા સંતોષ પામી–ત્યારે "સાધુની સંયમયાત્રા એટલી મહાન છે કે તેના પરિચયમાં આવનાર ધન્યાત્મા બની જાય."

સાધક! પ્રભુ મહાવીરદેવનાં સાધુ જીવન જેવો જનતાનો પરિચય સહજ બીજા કોઇના પણ જીવનમાં નથી... હજારો નહિ લાખો-કરોડો વ્યક્તિ તારા પરિચયમાં આવશે. તારી પાસેથી તેઓ શું લઈને જશે! તારી પાસે જે સહજ ભાવે રહેલ હશે તે...ગોળાનું પાણી ગંદું હોય તો, એક ઘરનું આરોગ્ય બગડે. પણ નદીનું પાણી બગડે તો પૃથ્વી પર પ્રલય થાય." સાધુનું જીવન ઉચ્ચ ના હોય તો ?...?...?...વિશાળ લોક સંપર્કમાં રહેલ તારી કેટલી જવાબદારી છે, તેનો ખ્યાલ કર. શું તારા સંપર્કમાં આવેલ આત્માઓ પ્રભુશાસનના અનુરાગી બને છે ? શું તારા પરિચયમાં આવેલા આત્માઓ સદ્‌ગુરુના ઉપાસક બને છે ? શું તારા ચાહક સજ્જન માર્ગાનુસારી બને છે ? શું તારા ગુણની સુવાસ કોઈના દુર્ગુણ હરાવનારી બને છે ? તારા પરિચયમાં આવનાર, કહે છે તને "તુબ્ભે સમત્થા ઉદ્ધત્તું, પરં અપ્પાણ મેવ ય. ?"

પરકલ્યાણમાં સ્વકલ્યાણ ભૂલવાનું નથી. સ્વકલ્યાણનો શ્રેયમાર્ગ જેણે આચર્યો નથી, તે પરકલ્યાણનો માર્ગ ભલે

સ્વીકારે. પણ એક દિવસ સમજાશે આ તો પાયા વગરની ઇમારત છે. પાયા વિનાની ઇમારત એક દિવસ જમીન દોસ્ત થાય. "તેમ સ્વ–કલ્યાણની વાહ-વાહ ભરી વાતો પણ, હવા હવા થઇ જાય છે." પ્રભુનો સાધક સ્વકલ્યાણ સાધે છે એટલે પહેલાં પોતે આચારમાં નિષ્ણાત બને છે. પછી ઉપદેશ આપે છે. તેથી તેનો ઉપદેશ બીજાનું પણ કલ્યાણ કરવામાં સફળ બને છે.

સાધક !

તારી સાધના સિદ્ધિદાયક છે. સ્વ–પર તારક બને... તારી બિરુદાવલી સાંભળવા આતુર છું. મને શાશ્વત સંગીત ગમે છે. મારી ચાહના છે. તારા પરિચયમાં આવનાર તારા મંગળ ગીત ગાય...

"તુબ્ભે સમત્થા"...

પ્રભુ ! ! !

મને અંતરના આશિષ આપો...અખંડ વિશુદ્ધ મહાવ્રતનું પાલન કરું...પ્રભુનાં સિદ્ધાંતની સેવા કરવાની શક્તિ આપો..

"જૈનં જયતિ શાસનં" નો નાદ વિશ્વમાં
ગુંજિત કરું...
એ જ અભ્યર્થના...

## ૪૬. પુચ્છિજ્જા પંજલિઉડો

### કિં કાયવ્વં મએ ઇહિ 卐

સૈનિકોનો અધિકાર શસ્ત્ર ચલાવવાનો પણ, પોતાની ઇચ્છા મુજબ શસ્ત્ર ચલાવે તે સૈનિક નહિ. સેનાપતિની આજ્ઞા મુજબ શસ્ત્ર ચલાવે તે સૈનિક. મનમાં આવે ને શસ્ત્ર ચલાવે તે ગુંડો. સૈન્યમાં સૈનિક અનેક હોય. દરેકની શક્તિ અને સામર્થ્ય અલગ અને વિવિધ હોય. શસ્ત્રવિદ્યા શીખવાની ખરી પણ, તેનો ઉપયોગ કોઇ પણ સૈનિક સ્વેચ્છાએ ના કરી શકે. સેનાપતિની જ આજ્ઞા હોય તે પ્રમાણે કાર્ય રત રહેવાનું–તે સૈનિકનો ધર્મ. સૈનિક સેનાપતિની આજ્ઞા માન્ય ના કરે અને સ્વેચ્છાએ શસ્ત્ર ચલાવે તો સર્વનાશ.

સૈનિક અને સાધુના ધર્મ કંઇક અંશે સમાન છે. નાગરિક વર્તે તેમ સૈનિકે ના વર્તાય. સંસારી જીવે તેમ સાધુએ ના જીવાય. સાધુની જવાબદારી અલગ. સંસારીની જવાબદારી અલગ. "સ્થાન જેટલું મહત્ત્વનું તેટલી સાવધાનતા અને આજ્ઞાપાલનની તત્પરતા જોઇએ. બળદગાડું હાંકનાર–ખેડુ ગાડું હાંકતા નિરાંતે ઊંઘ ખેંચી શકે. પણ, મોટર ડ્રાઈવર ડ્રાઇવીંગ કરતાં ઊંઘે તો? ગાડીનો ડ્રાઇવર ડ્રાઇવીંગ કરતાં વાત કરી શકે પણ વિમાન ચલાવનાર પાઇલોટ વાત કરે તો? "જવાબદારી જેટલી મોટી તેટલી સુખ સાહિબી ગૌણ કરવી જ રહી. સાધુને કંઇ

પણ ઇચ્છા કરવાની નહિ. ઇચ્છા કરવાની ફક્ત ગુર્વાજ્ઞામાં દત્તચિત્ત બનવાની."

મહાત્મા ! તમે ઇચ્છા કરવાની ના પાડો. અને દશવિધ સામાચારીમાં તો પ્રથમ ઇચ્છાકાર સામાચારી ફરમાવો છો. પછી તથાકાર–તહત્તિ સામાચારી સમજાવો છો....આમ થાય છે ત્યારે મારા મનની મૂંઝવણ ખૂબ વધી જાય છે.

સાધક ! એક ખ્યાલ રાખ: તારે મોક્ષમાર્ગના આરાધક બનવાનું છે ? કે મોક્ષમાર્ગના બાધક બનવાનું છે ? મોહ તારા ઉપર બળવો કરી ન જાય એટલા માટે પહેલા ઇચ્છાકાર સામાચારી બતાવી છે. ગુરુ ! હું તમારા ચરણે કોઇના દબાણથી આવતો નથી. કોઈના કહેવાથી આવતો નથી. કોઇની લાલચથી આવતો નથી. પણ, મારી ખુદની ભાવનાથી–સ્વેચ્છાએ આપના શરણે સમર્પિત બનું છું...મારું સર્વસ્વ તમારા શરણે ન્યોછાવર કરું છું. હવે મારી પાસે કશું નથી રહ્યું. બસ, આપના ચરણે અંજલિબદ્ધ પ્રણામ કરી એક જ વાત કહું છું...

"પુચ્છિજ્જા પંજલિઉડો કિં કાયવ્વં મએ ઇહ" સાધક ! તારે ઇચ્છા કરવાની પણ ગુરુની ઇચ્છા પ્રમાણે ઇચ્છા કરવાની...એટલે સાધુ કહે છે. "ગુરુદેવ !" મને સમજાયું છે. આપની ઇચ્છા મુજબ–આપની આજ્ઞા મુજબ, આપની ભાવના મુજબ ચાલવામાં મને લાભ છે. આપ

મને આજ્ઞા ફરમાવતાં ક્ષોભ ના રાખો. એટલે જ વારંવાર કહું છું-ઇચ્છામિ....ઇચ્છામિ....હું ઇચ્છું છું-હું ઇચ્છું છું. મને પસંદ છે. મારું મંગલકર છે. મારું કલ્યાણકાર છે.”

તારી આ ભાવના નિવેદન કરવા પ્રથમ ઈચ્છાકાર સામાચારી, તારી ઇચ્છા અને ભાવનાથી પ્રેરિત થઇ ગુરુ તને જે ફરમાવે-આજ્ઞા કરે ત્યારે “તહત્તિ” તેમ હો.... ગુરુ આજ્ઞા શિરસાવંદ્ય કરવી તે તહત્તિ-તથાકાર સામાચરી....

વીતરાગ સર્વજ્ઞના શાસનમાં ક્યાંય દ્વિધા નથી. વિકલ્પ નથી. હુકમ નથી. પણ હૃદય પરિવર્તન છે. તને હંમેશા યાદ રહે. ગુરુએ મારા ઉપર ઉપકાર કરી હૃદય પરિવર્તન કર્યું છે. મારું જીવન ભૌતિકવાદ તરફ ધસમસી રહેલ તેને અધ્યાત્મવાદની દિશા ચીંધી મારા જીવન પ્રવાહને બદલેલ છે. એટલે હું શરણે આવ્યો છું. શરણાગતની વિનંતિ છે-“ઇચ્છામિ....સાધક ! પ્રવૃત્તિ તારે કરવાની. પણ આજ્ઞા સ્વીકારવાની ગુરુદેવની. તું ગુરુદેવને હાથ જોડી વિનંતિ કરે-ભગવંત! આપને યોગ્ય લાગે તો મને વૈયાવચ્ચમાં નિયુક્ત કરો....આપને યોગ્ય લાગે તો મને સ્વાધ્યાયમાં જોડો. આપની જે આજ્ઞા હશે તે કાર્યમાં હું નિયુક્ત બનીશ. તે કાર્ય મને લાભદાયક થશે....મને મારી શક્તિનું જ્ઞાન નથી. મને મારી ભક્તિનું જ્ઞાન છે. ભક્તિ મારી, શક્તિ તમારી. સફળ થાય આરાધનાનું લક્ષ્ય....

મારી તો નમ્ર વિનંતિ છે,-નમ્ર નિવેદન છે. આજ સુધી મારી ઈચ્છા મુજબ જ મેં કર્યું. તેમાં આરાધનાનો

અવાજ ગૌણ-બનેલ. અને મોહનો અવાજ મુખ્ય બનેલ. અને હું સમજેલ. મારી ઇચ્છા પૂરી થઈ–મારો ભાવ પૂર્ણ થયો. પણ હવે સમજ્યો છું. "મારી ઈચ્છામાં હું ભૂલો પડું છું અને કર્મ જીતે છે. જ્યારે આપની આજ્ઞામાં મોહ હારે છે અને મારો આત્મા જીતે છે."

આત્માના વિજય માટે મેં આપની શરણાગતિ સ્વીકારી છે. આપ મને ઉપવાસ કરાવો કે નવકારશી.... આપ મને સેવા સોંપો યા સ્વાધ્યાય.

આપ, મને વિહાર ફરમાવો કે સ્થિરતા....આપ, મને મૌન ફરમાવો યા વ્યાખ્યાન કરવાનું...

આપ મને લેખન ફરમાવો યા ધ્યાન....જે આપને યોગ્ય લગે તે ફરમાવો. આપ મારા હિતચિંતક છો. આપ મારા ભવ વૈદ્ય છો. આપ મારા સાધનામાર્ગના અધિનેતા છે.

આપની આજ્ઞા હું માનું યા ના માનું. તેમાં આપને કશો લાભ કે નુકશાન નથી. આપની આજ્ઞા મુજબ કરીશ એટલે આપને તકલીફ પડવાની. ઘડી ઘડી આપને પૂછવા આવીશ. નહિ સમજાય તો પાંચ–દશ વાર પૂછીશ....આપનો સમય બગાડવાનો. સાચું કહું ? આપના કહ્યા પ્રમાણે કરવા જઇશ તો મને લાભ થશે. પણ, આપને તકલીફ વધી જશે...પણ ગુરુદેવ હું તો વક્ર જડ છું ને ? શું આપ મારા યોગક્ષેમ કરો તેમાં આપના

પરોપકારના દાનનું વ્રત પૂર્ણ થતું નથી ? મારા જેવો અબુધ આપના જેવા દિવ્યજ્ઞાનીને પૂછવાને લાયક નથી. તે હું જાણું છું–પણ શું કરૂં ? કોની પાસે જાઉં ? આપને મારા માટે કદાચ સંદેહ હશે. આ પૂછશે પણ કરશે ખરો ? ના....ના....ગુરૂદેવ હું અન્યાય કરું છું આપ જેવા મહાત્માને આપ. પરાર્થ વ્યસની છો....આપના હૈયામાં મારા જેવા આત્માની કરૂણા છે. તેથી જ હું હિંમત કરી શકું છું અને પૂછું છું. મારે યોગ્ય શું છે? મારું મન તો મર્કટ છે. ઘડીમાં મને જ્ઞાન યોગમાં લાભ દેખાય છે. ઘડીમાં મને સેવાધર્મના સોણલાં આવે છે. છેવટે નથી બની શકતો જ્ઞાની કે નથી બની શકતો સેવાભાવી.

અધવચ્ચે ઊભો રહી જાઉં છું.

એટલે હવે મેં નિર્ણય કર્યો છે. આપના ચરણમાં નિવેદન કરું છું. આપની આજ્ઞા મુજબ વર્તવાની મારી ઇચ્છા છે.

સાધક ! મીઠી વાતો કરવાથી મહાન કાર્ય થતાં નથી. સમજી લેજે. આજ્ઞા પાલન એ તો રેતીના ડુંગરાનું ચઢાણ છે. તું પગ મૂકતો જઈશ, તેમ પગ નીચેની રેતી ખસતી જશે. નાનો પહાડ, સુંવાળો પહાડ પણ બિહામણો અને વિકટ પહાડ બની જશે.

જ્ઞાનીની રીત–રસમો, તેમના સ્નેહ, પ્રેમ, ઔદાર્યના ગણિત અલગ હોય. આજ્ઞાપાલન એ તો આઇ

સી. એસ.ની પરીક્ષા છે. જ્યાં પુસ્તકનો એક પણ પાઠ્યક્રમ નહિ, પુસ્તકના એક પણ પ્રશ્ન નહિ. વિદ્યાર્થી સામો ઊભો રહે અને શિક્ષક મનમાં જે આવે તે પ્રશ્ન પૂછે અને તેના જવાબ આપવાના. શિક્ષકના ભેજા સાથે વિદ્યાર્થીએ પોતાના ભેજાને મેળવવાનું....શું કીધું ? પછી કેમ કીધું? આ કશું નહિ બોલવાનું. સ્વસ્થ–સમતોલ રહી જવાબ આપવાના. આવી જ આકરી કસોટી છે આજ્ઞા પાલનમાં. શક્તિ ના હોય, સામર્થ્ય ના હોય, તો ઢોંગ ના કરતો. દેખાવ ના કરતો····ગૌતમસ્વામી બનવાનો કે મૃગાવતી બનવાનો. તારી શકિત વિચારીને ડગ ભરજે. પણ મોક્ષનો રાજમાર્ગ તો આજ્ઞાપાલન જ છે. શૂર બની સંચર....મહાવીર તને શકિત પ્રદાન કરે....

પ્રભુ ! આપના ચરણ અને શરણમાં આવ્યો છું. જો મારી ઇચ્છા જીતી જશે તો મારું સમર્પણ શરમાઈ જશે. આપની આજ્ઞાનો આરાધક બનીશ તો મારો મોહ ભાગી જશે.

બસ....મને તરકીબ શિખવાડો...મોહને પોબારા ગણાવી દઉં. પુનઃ પુનઃ વિનંતિ....વીતરાગના ચરણમાં....

## ૪૭. સજ્ઝાયં તઓ કુજ્જા સવ્વભાવવિભાવણં 卐

પાયાની મજબૂતાઈ પર ઇમારત નિર્ભર રહે છે. જે ઈમારતનો પાયો મજબૂત હોય તે ઈમારત ભયંકર વાવંટોળ વચ્ચે પણ અડીખમ રહે છે. ગૃહ બાંધકામનો નિષ્ણાત ઇમારતના રૂપ રંગ, ફર્નીચર, અને ડીઝાઇનથી આકર્ષાય નહિ. તેઓનો પ્રથમ પ્રશ્ન હોય..પાયો કેટલો ઊંડો નાંખ્યો છે ? કેટલો મજબૂત છે ?

સાધુના જીવનશિલ્પના નિષ્ણાત તીર્થંકર પરમાત્માએ પણ એક જ ફરમાવ્યું છે. "જીવનમાં સ્વાધ્યાયથી કેટલો ધન્ય બન્યો તે કહે." પ્રભુ તપ માટે એકાંત નથી ફરમાવતા. વિહાર માટે દીર્ઘવિહારની આજ્ઞા ફરમાવતાં નથી. પણ અધિક-સર્વાધિક પ્રેરણા સ્વાધ્યાયની કરે છે. સાધુના ભાવપ્રાણ સ્વાધ્યાય છે.

જ્યાં સ્વાધ્યાય નહિ ત્યાં સાધુતા નહિ.
જ્યાં સાધુતા ત્યાં સ્વાધ્યાયનો રણકાર....

સાધુ સ્વાધ્યાયનો પ્રારંભ કરે, અને તેને આત્માનું દર્શન થવા લાગે....સાધુ ખુદના પ્રતિબિંબ સ્વાધ્યાયના દર્પણમાં નિહાળે....દુનિયાના દરેક દર્પણમાં ગોટાળો થાય પણ સ્વાધ્યાય એવું નિર્મળ દર્પણ છે જેમાં આત્મા

જેવો હોય તેવા દર્શન થાય. બસ, આ દર્શન સાધુના આત્માને સ્પર્શી જાય. સદ્‌ગુણ પ્રાપ્તિનો પુરુષાર્થ થાય અને દુર્ગુણ દૂર કરવાની ભાવના જાગે....

卐 સ્વાધ્યાય વિનાનો સાધુ નાક વગરની સુંદરી જેવો લાગે !

સ્વાધ્યાય જ સાધુને પરમાત્માની નિકટ રાખે. પરમાત્માનો સંપર્ક કરી આપે.

卐 સ્વાધ્યાય વગરની ક્ષણ એટલે સાધુના ભાવપ્રાણને ભય !

સામાચારીનો જાણકાર કહે, પરમાત્માએ મને એક દિવસ રાત્રિમાં ઉત્સર્ગ અઢાર કલાકનો સ્વાધ્યાય કરવાનું ફરમાવ્યું છે. પણ રોજનો અઢાર કલાક સ્વાધ્યાય ના કરું ત્યાં સુધી મને સંતોષની નિંદ ના આવે. ચોવીસ કલાકમાં ત્રણ કલાક નિદ્રા. ત્રણ કલાક જીવન નિર્વાહ યોગ્ય પ્રવૃત્તિ. બસ, દેહના નિર્વાહ માટે છ કલાક આપવાના. બાકીનો બધો સમય જ્ઞાનાર્જન કરવાનો. પછી ભલે તે જ્ઞાનસાધના સૂત્ર રૂપે ચાલે, અર્થરૂપે ચાલે કે ચિંતનરૂપે ચાલે. પણ અઢાર કલાક સ્વાધ્યાયમાં જ વિતાવવાના. ઉત્સર્ગથી દેવાધિદેવની આજ્ઞા, સાધુ સમાચારીનું પાલન કરવાની જેને ભાવના હોય તેને દિવસ કે રાત્રિના ત્રણભાગ આત્મચિંતનમાં ઉપયુકત કરવા જોઈએ. દિવસ કે રાત્રિનો એક એક ભાગ જ તારા સંયમયાત્રાના નિર્વાહ અર્થે આહાર અને આરામમાં વિતાવવાના.

**મહાત્મા !**

આ તો જિનકલ્પીનો આચાર ને ? સ્થવિરકલ્પીનો આચાર તો ભિન્ન ને ? અમે થોડું ઘણું કરીએ તો દોષ નહિ ને ? ભગવાને જ સ્થવિર કલ્પીની આચાર પ્રણાલિકા અલગ ફરમાવી છે. પ્રભુ દયા કરે અને આપ અમને શિક્ષા કરો ? આપ પણ દયા કરો ને !

**સાધક !**

પરમાત્માને તારા પર વાત્સલ્ય હોય અને મને પણ હોય. સ્થવિરકલ્પી અને જિનકલ્પીના આચારનો વિદ્વાન. તું અતિચાર ભૂલી ન જાય ને ? તું પણ અતિચારમાં બોલે છે ને ચારવાર સજ્ઝાય ના કરી ! શું તું સજ્ઝાય કરે છે ?

**મહાત્મા !**

હું સજ્ઝાય ચારવાર નહિ પણ પાંચવાર કરું છું.

**સાધક !**

પ્રભુ આજ્ઞાની મશ્કરી ના કર. પાંચ ગાથાની સજ્ઝાય કરી લીધી એટલે એક પ્રહરનો સ્વાધ્યાય થઈ ગયો ? બાર કલાક તો દિવસ રાતમાં તારે પણ ઉત્સર્ગમાર્ગે સ્વાધ્યાય કરવો જ જોઇએ. સ્વાધ્યાય વગરની સાધુતાના સ્વાદ કેવા ? સ્વાધ્યાયમાં લીન સાધુ નલિની ગુલ્મ અધ્યયનનું પુનરાવર્તન કરે અને અવંતી સુકુમાલ સાધુ મહાત્મા પાસે દોડી આવે. સાધુનો સ્વાધ્યાય સાંભળે તેને જાતિસ્મરણ જ્ઞાન

થાય, તો જે સ્વાધ્યાય કરે તેને શું લાભ થાય ? સ્વાધ્યાયમાં અશુભકર્મના હ્રાસની શક્તિ છે. સ્વાધ્યાયમાં શુભ કર્મોને બંધાવવાની શક્તિ છે. સ્વાધ્યાયમાં કર્મનિર્જરાની શકિત છે. ચૌદપૂર્વના સ્વાધ્યાયથી શ્રુતજ્ઞાની પણ કેવલજ્ઞાની સમાન ગણાય. સ્વાધ્યાય દ્વારા શુકલ લેશ્યા સ્થિર બને. ધર્મધ્યાનથી શુકલધ્યાનમાં પહોંચવાની સ્વાધ્યાય સોપાનશ્રેણી છે. સ્વાધ્યાયમાં સ્વશિક્ષણ છે. ખુદ મનન કરે......અને ખુદ જ પોતાનો સુધારો કરે....

**મહાત્મા !**

હું કયારેય 'હા' માં 'હા' મિલાવી શકતો નથી. જેવું હોય તેવું કહી દઉં. મને બાર કલાક ગાથાનું પુનવર્તન ના ગમે. ગાથા ગોખતાં કંટાળી જાઉં છું. કંઈક રસ પડે તેવું હોય તો ઠીક. બાકી આમ એક હજાર સ્વાધ્યાય પછી તો એવો કંટાળો આવે કે નિંદ જ આવી જાય. તમે કહો છો સ્વાધ્યાયથી અપ્રમત્તભાવ પ્રગટ થાય. પણ મને તો સ્વાધ્યાય કરતા જ એવી આળસ ચઢે છે કે ચોપડી હાથમાં રહે ને નિંદ આવી જાય.

**સાધક !**

તું સ્વાધ્યાયનો અર્થ પુનરાવર્તન સુધી સીમિત ના કર. પરમાત્માએ વાચના–પૃચ્છના–પરાવર્તના–અનુપ્રેક્ષા અને ધર્મકથા સુધી જ સ્વાધ્યાય નથી કહ્યો. પણ ચાર પ્રહરના સ્વાધ્યાયમાં ધ્યાનને પણ આવરી લીધું છે. ગાથાનું પુન-

રાવર્તન કરવું તે જ શાસ્ત્રીય રીતે પૂર્ણ સ્વાધ્યાય ના કહેવાય. સૂત્રના અર્થ એટલાં જ આત્મસાત્ કરવા જોઇએ. પણ સૂત્ર બોલતાં અર્થ સમજાઈ જવો જોઇએ. સૂત્રપાઠ એકદમ શાંતિથી અને ભાવવાહિતાથી કરવો જોઇએ સૂત્રપાઠ કરતાં અનુભવ થવો જોઇએ કે પરમાત્મા ગુરુગૌતમની જેમ મને પ્રતિબોધ કરી રહ્યા છે.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રનો પાઠ ચાલતો હોય ત્યારે તારી મનોભૂમિકામાં પાવાપુરીનું પ્રભુનું અંતિમ સમવસરણ તાદૃશ ખડું થવું જોઇએ. અષ્ટ મહાપ્રાતિહાર્ય અને બીજા ચાર અતિશયથી શોભતાં પરમાત્મા માલકોશ રાગમાં દેશના દઈ રહ્યા છે. ભાગ્યયોગે હું પણ ત્યાં પહોંચી ગયો. ચાતક અને મયૂર જેમ મેઘને જોઈને નૃત્ય કરી લે, તેમ પરમાત્માના દર્શન કરીને હું ભાવવિભોર બની ગયો. પ્રભુની દેશના શ્રવણ કરતાં રોમ રોમ વિકસિત બની ગયા....હાથની અંજલિ થઈ ગઈ....મસ્તક ઝૂકી ગયું. શ્રી ઉત્તરાધ્યયન-સૂત્રની ગાથા બોલતાં આ ભાવ પેદા થાય તો સાચે કહું છું, "પ્રમત્તભાવથી અપ્રમત્તભાવમાં તું સ્થિર બની જાય,"

સ્વાધ્યાયની તારી આ મગ્નતા તારામાં ધ્યાનયોગની સિદ્ધિ કરે અને તે દ્વારા તું નિકાચિતકર્મનો પણ ક્ષય કરી શકે.

**ભલા !**

તું ક્યાંથી એવી વાત લઈ આવ્યો કે સ્વાધ્યાય એટલે બારેય કલાક ગાથા ગોખી જવાની. બાર કલાક-તું જ્ઞાના-

ર્જન કર એ મુખ્ય વાત છે. બાર કલાક તું તારામાં ખોવાઈ જા. બાર કલાક તારા આત્માની માવજત કર. બાર કલાક વૈરાગ્ય રસાયણના પાન કર. તારી રુચિ સૂત્રપાઠની હોય તો તે કર, અર્થની હોય તો તે કર, ચિંતનની હોય તો તે કર, તને તાત્ત્વિક પ્રશ્નોત્તરીમાં રસ હોય તો તે કર, તને ધર્મકથા કરવાની ભાવના હોય તો તે કર. પણ ....મારી તો તને હિતશિક્ષા છે, "તું બાર કલાક પ્રભુની આગમવાણીમાં લીન બની જા. પ્રભુની વાણી તને અવશ્ય અનંતગુણી બનાવશે. પણ ઉત્તરાધ્યયનસૂત્રની પંકિતનું સ્મરણ કરજે....'સજ્ઝાયં તઓ કુજ્જા સવ્વભાવવિભાવણં' સર્વભાવને પ્રગટ કરનાર સ્વાધ્યાયને કર. સર્વભાવને પ્રગટ કરનાર સ્વાધ્યાય તારા કર્તવ્યધર્મનું ઉદ્દબોધન નહિ કરે? તારા આત્મસ્વભાવને વિકસિત નહિ કરે? સ્વાધ્યાય તો સાધુને માટે સંજીવની ઔષધ તુલ્ય છે. સ્વાધ્યાય તને આત્મામાંથી પરમાત્મા ના બનાવે? જરૂર બનાવે....સાધક તું સ્વાધ્યાયમાં લીન બન્યો નથી ત્યાં સુધી તને ગુરુની પ્રેરણાની જરૂર છે. 'સ્વાધ્યાયમાં તું લીન બની જઈશ પછી તને કોઇએ પ્રેરણા નહિ કરવી પડે, તારું જીવન જ સૌને પ્રેરક-ઉદ્ધારક બની જશે.

ચક્ષુરહિત અંધવ્યકિતને પ્રતિપળ કહેવું પડે... સંભાળજો, ખાડો છે, ટેકરો છે, ઊંચું છે, નીચું છે, લાકડી રાખો, દિવાલે હાથ રાખો, પણ જેને આંખે દેખાતું હોય તેને કશું કહેવાનું નહિ. નયનવાળો પ્રાજ્ઞ બરાબર જ

ચાલે. તેમ સાધક! તું સ્વાધ્યાયમાં લીન બનીશ એટલે કર્તવ્યધર્મનું જ્ઞાન તને સ્વયં થશે. વધુ શું કહું? તારા આચારમાં ભવ્યાત્માને પરમાત્માના આચારના દર્શન થશે. કારણ સ્વાધ્યાયથી પવિત્ર થયેલ તારો આત્મા પરમાત્માનો પ્રતિનિધિ બની ગયો હોય પછી તારા આચાર અંગે શું પ્રેરણા કરવાની હોય? તારા જીવનમાંથી કેટલાંય પામર પ્રેરણા લઇ ધન્ય બનતાં હોય! બસ, સાધક! પુનઃ પુનઃ એક જ હિતશિક્ષા આપવાનું મન થાય છે.

## 'સ્વાધ્યાયમાં દત્તચિત્ત બન'

પ્રભુ!

ભક્ત આપનો, ભક્તિ કરવાની ભાવના મારી, શક્તિ આપો સ્વાધ્યાયની. આત્મસ્વભાવમાં લીન બની આપની નજદીક રહું.

આ જ છે સદાની આપના ચરણકમલમાં નમ્ર પ્રાર્થના....

# ૪૮. સમાહિં પડિસંધએ 卐

જલની વૃષ્ટિ થાય, ઠંડી પડે, ગરમી પડે, જોરનો પવન ફૂંકાય. પ્રકૃતિ પ્રકૃતિનું દાન કરી શકે, પણ આત્મ-સ્વભાવનું જગતમાં કોઈ દાન કરી શકે? આત્મસ્વભાવ ખુદે સિદ્ધ કરવો જોઇએ.

જે જગતમાં સુલભ-પ્રાપ્ય છે તે સૌ આપે, પણ દુર્લભ હોય તે ક્યાંથી આપે? દુર્લભ છે એટલે જગતના જીવોને મળે નહિ. મળ્યું નથી તો આપવાનું ક્યાંથી બની શકે? સંત અને મહંતો વિશ્વ પાસે ક્યારેય આશા રાખતા નથી. સંતો કહે છે. "વિશ્વ આપે છે તે અમારે મન મૂલ્યવાન નથી અને અમને જેના મૂલ્ય છે તે આપવાની તાકાત વિશ્વના પ્રાણીઓ પાસે નથી." સંત-મહંત બીજા પર આશા રાખી ક્યારેય પણ પ્રયત્નશૂન્ય બનતાં નથી. સંત મહંતનો પ્રયત્ન હોય તો એક જ હોય છે 'સમાહિં પડિસંધએ' સમાધિનું અનુસંધાન કરવું. વિશ્વની ઉંધી રીત છે- 'દુર્જનને તે વશ થાય અને સજ્જનને પ્રતિકૂળ ચાલે. પણ સજ્જન તો તેનું જ નામ કે જે કોઇનીયે ફરીયાદ ના કરે. પોતાનું કર્તવ્ય શું છે તે વિચારી કર્તવ્યના પંથે આગેકદમ ભરે....!'

પરમાત્માના કલ્યાણક સમયે તથા મહાત્માઓના દાન પ્રસંગે રત્ન-વસ્ત્ર-રૂપ્ય-સુવર્ણ-સુગંધીજળ વિગેરેની વૃષ્ટિ

થાય છે પણ....શાંતિની વૃષ્ટિ થાય છે ? તીર્થંકર પરમાત્માના સાંનિધ્યમાં પણ શાંતિની વૃષ્ટિ નહિ. પણ....શાંતિની સાધના જરૂરી છે.

પ્રત્યેક સાધકે, પ્રત્યેક આરાધકે ખૂબજ શાંત અને સ્વસ્થ ચિત્તે વિચારવા જેવી વાત છે. જગત બાહ્ય બધી અનુકૂળતા કરી આપશે. પણ શાંતિ અને સમાધિ પણ તને કોઈ કરી આપશે એવી અપેક્ષા જો તું રાખે તો કહેવું પડે કે શાંતિ–સમાધિને તું સમજ્યો જ નથી. સમાધિ કે શાંતિ કોઇ એવી ચીજ નથી કે કોઇ સ્થળે જઇને લઇ અવાય. સમાધિ–શાંતિ આત્માએ પ્રાપ્ત કરવાની છે. સમાધિ–શાંતિ અપાતી નથી પણ મેળવાય છે. શ્રી ઉત્તરાધ્યયનસૂત્રનું પદ ખૂબ માર્મિક છે. 'સમાહિં પડિસંધએ' સમાધિનું પ્રતિસંધાન કર. સમાધિની પાછળ લાગીએ તો આપણા આત્મામાં રહેલ સમાધિ પ્રાદુર્ભાવ થાય.

સમાધિ કોઇના કર્મક્ષયથી ના મળે. પણ આપણા પોતાના કર્મક્ષયથી મળે. તેમ અસમાધિ પણ કોઈના કારણે ના મળે પણ આપણો આત્મા કષાયને આધીન બને તો અસમાધિ પ્રાપ્ત થાય. 'પ્રત્યેક વ્યક્તિને શારીરિક કષ્ટની મર્યાદા હોય જ. પણ પ્રત્યેક વ્યક્તિને માનસિક કષ્ટ અમર્યાદિત જ હોય !'

**મહાપુરુષના હૃદયની ભૂમિકા એટલી ઊંચી ઉઠેલી હોય છે કે તેમને સ્વના દુઃખના વિસ્મરણ હોય છે. તેમને પરના**

દુઃખનાં સદા સંભારણાં હોય. દુનિયા કદાચ મહાપુરુષ સાથે ભદ્ર વ્યવહાર કરે પણ સમાન સાથે તો અભદ્ર વ્યવહાર કરવા જ ટેવાયેલ છે.

મહાત્માના શિષ્યો મહાત્માની પવિત્રતાને વશ થઈ અથવા તેમનાં તેજ સહન નહિ કરી શકવાથી તેમની સામે તો વિનય, વિવેક, નમ્રતા આચરે પણ બધાની સાથે તો કષાયોનું ભયંકર તાંડવ. શું જ્ઞાનીની દૃષ્ટિ બહાર આ સ્વભાવ પ્રદર્શન રહે? જ્ઞાનીને સમાધિનું સાનુકૂળ વાતાવરણ મળે? મહાત્માએ જે જ્ઞાનાભ્યાસથી આચાર વ્યવહારની ઉચ્ચ પ્રણાલિ નિશ્ચિત કરી હોય તે મહાત્માના સહવર્તીમાં હોય ?

ભલા !

ઘણીવાર એવું જ બને છે. બધાને પવિત્ર બનાવનાર, સ્વચ્છ બનાવનાર જલ. પણ તે જલની નિકટ રહેનાર અપવિત્ર....ગંદા. માછીમારને તેં જોયો છે? જે દીવો દુનિયાને પ્રકાશ આપે તે દીવા નીચે અંધારું. તેમ કેટલીકવાર એવું બને છે મહાપુરુષના નિકટવર્તી ઉપર મહાપુરુષની અસર થતી નથી. શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર કહે છે ગગર્ષિ મહાત્માના શિષ્યો ગળિયા બળદ જેવા, સારણા–વારણા–ચોયણા–પડિચોયણા દ્વારા પણ તે આત્માઓ આરાધનાને સાનુકૂળ ના બન્યા. યુગ પ્રવર્તક કાલિકાચાર્યે શિષ્ય

સમુદાયથી ઉદ્‌વિગ્ન બની એકાકી બની પારસદ્વીપમાં વિહાર પ્રારંભી લીધો.

આ કોઈ એક મહાત્માની પરિસ્થિતિ નથી. પ્રત્યેક મહાત્માની પરિસ્થિતિ છે. મહાત્મામાં જેટલી કષાયોની શાંતતા હોય તેટલી શાંતતા તેમના શિષ્યોમાં ક્યાંથી હોય ? અજ્ઞાની સહવર્તીઓ મહાત્માના દિલની કરુણાને ક્યાંથી માપી શકે ?

ઠંડા પાણીમાં સૌ હાથ નાંખે, તેમ ઠંડા ગુરુને જોઇ કષાયી આત્માઓના કષાયોનાં તોફાન માઝા મૂકે. પ્રતિક્ષણ–પ્રતિપળ અસમાધિ–અશાંતિનું વાતાવરણ દેખાય. પણ મહાત્મા પોતાના આત્માને પ્રશ્ન પૂછે, શું આ આત્મા દોષિત ? ના....કર્મો દોષિત ! નિર્દોષ ઉપર ગુસ્સો કરાય નહિ. કર્મો દોષિત છે પણ તે જડ છે. ગુસ્સો કરીએ તો તેને અસર થાય નહિ. હવે ગુસ્સો કરવાનો રહ્યો કોની ઉપર ? 'ખુદની સંગની આદત ઉપર.'

આત્મા તારો ગુણ છે–અસંગ. તારો સ્વભાવ કમલ સમો નિર્લેપ છે. સંગના કારણે શાંતિ જોખમાય–તે તારી મૌલિકતા નહિ. સંગથી પર રહી તારી શાંતિની સાધના અખંડ રહે તો તારા સાધુસ્વભાવનો વિજય ! અસંગ ગુણની આરાધના....!

સમાધિ આત્મિક સાધના છે. આત્મિક સાધના આત્મસ્વભાવ પ્રગટાવ્યા વગર મળે ? મહાત્માને જ્યારે બાહ્ય

વાતાવરણ સ્પર્શી જાય, કોઈના કારણે ગુસ્સો–રોષ પ્રગટ થાય ત્યારે પાંચદશ મિનિટમાં પશ્ચાત્તાપનાં બોર બોર જેવાં આંસુ વહેવા લાગે.

"સંગ એ વિભાવદશા.

અસંગ ગુણ એ આત્માની મૌલિક સ્વભાવદશા."

ફરી પુરુષાર્થ કર....ફરી પ્રયત્ન કર...તારી સ્વભાવ દશાનું પ્રગટીકરણ કર...!

પ્રત્યેક સૂત્ર વ્યવહારી સાધુ મહાત્માએ સમુદાયમાં જીવવાનું છે. ગચ્છના આલંબન દ્વારા તરવાનું છે. પરમાત્માએ કહ્યું, "ગચ્છ સમુદાય આરાધનામાં સહાયક ગચ્છ હોય, સમુદાય હોય, ત્યાં અલગ અલગ ઉંમરના બાલ, વૃદ્ધ, યુવાન સાધુ હોય. અલગ અલગ દેશના હોય, અલગ અલગ સ્વભાવના અને અલગ અલગ કર્મવાળા હોય, સંયમ પર્યાય જેમ વધશે તેમ કેટલાક નિર્મળ બનશે. સહુનું સહીને ઘડાઈ જશે તો કેટલાક કધોણિયા વસ્ત્ર જેવા થઈ જશે. કેટલાક બે શબ્દ સાંભળીને ચાર શબ્દ સંભળાવવાની આદતવાળા બની ગયા હશે. નાની બાબતમાં મોટું તોફાન કરનારા હશે. આ બધા વચ્ચે પણ જો તારો આત્મા ગચ્છથી ઉદ્‌વિગ્ન બને તો દોષનો ભાગી કોણ? ગચ્છ કે તું? આપણા હૈયામાં તો સૌના પ્રતિ કરુણા જન્મવી જ જોઈએ. 'પવન–પાણી' શાંતિનાં દાન કરી શકે

અને હું બધા આત્માને શાંત કેમ ના કરી શકું ? મારો પુણ્યોદય નહીં કે તીર્થંકર ન બન્યો.

તીર્થંકર હોય તો જાતિ વેરવાળાં સાપ-નોળિયો, સિંહ-બકરી સૌ એક સાથે દેશના સાંભળી શકે. તેમ મારો આત્મા પુણ્યશાળી બને તો ગચ્છમાં સમાધિ-શાંતિ સ્થપાય.

સાચે સમાધિની સાધના સિદ્ધ થાય તો કલિકાલમાં પણ આત્માના અનેરા ઓજસ પ્રગટ થાય. સાધક ! વધુ શું કહું ? વર્તમાન પરિસ્થિતિ જોતાં દિલ દ્રવે છે. અંતરની વેદના આંસુ દ્વારા પણ આલેખાય તેવી નથી. આરાધના અને સાધના દ્વારા જ પરિસ્થિતિ પરાવર્તન પામે તેવી છે.

બસ....સાધક સમાધિને સિદ્ધ કર....

**પ્રભુ !**

સમાધિનો સાધક થાઉં, આપના આશીર્વાદ મને ફળો. હું સમાધિમય બનું એજ વરદાન આપો....

# ૪૯. "અગુણિસ્સ નત્થિમુક્ખો, નત્થિઅમુક્ખસ્સ નિવ્વાણ" 卐

જગત સૌંદર્યની પૂજા પાછળ પાગલ છે. ત્યારે સાધક મહાત્મા ગુણ ઉપાસના પાછળ મસ્ત છે. સૌંદર્યની પૂજા કરનારનો એક દિવસ એવો આવે છે કે જ્યારે ઉપાસક રહે છે અને ઉપાસ્ય-સૌંદર્ય નષ્ટ બની જાય છે.

સંયમ વિનાનું સૌંદર્ય દાહક અને બાધક બને છે. સૌંદર્યની જ્વાળામાં ભસ્મીભૂત થનાર અનેક પતંગિયાં પ્રત્યેક યુગમાં હોય છે. પણ...ગુણની સાધના એવી મજાની છે....ગુણના....ગુણીના ઉપાસક જેમ વધે તેમ સાધકને શાંતિ-આનંદની અનુભૂતિ થાય...

"ન અગુણિસ્સ નત્થિમુક્ખો, અમુક્ખસ્સ નિવ્વાણં." 'ઉત્તરાધ્યયન સૂત્રનું પદ પ્રેરણાનો સ્રોત છે. જૈનશાસનની દૃષ્ટિએ ગુણ કોને કહેવાય? 'ગુણ વગર મોક્ષ નહિ.' ઉત્તરાધ્યયન સૂત્રનું આ પદ ચિંતન માગી લે છે.

આત્મ સ્વભાવને પ્રગટ કરે તે ગુણ....

ચારિત્રની ક્રિયા પણ ચારિત્રની ક્રિયા ત્યારે જ કહેવાય કે જ્યારે તે આત્માના ચારિત્ર પર્યાયને-ચારિત્ર ગુણને પ્રગટ કરે.

આશ્રવનો નિરોધ કરે તે ચારિત્ર. સામાયિક-છેદોપસ્થાપનીય, પરિહાર વિશુદ્ધિ, આ ચારિત્રમાં ક્રિયાને

પ્રધાન કરી શકાય. પણ સૂક્ષ્મ સંપરાય અને યથાખ્યાત ચારિત્રમાં તો ગુણની જ પ્રધાનતા છે. જ્યાં કષાય દહનની મુખ્ય આરાધના છે, જ્યાં સ્વભાવના પ્રગટીકરણ છે. સાતમા ગુણ સ્થાનક બાદ ચારિત્ર ક્રિયાત્મક કે ભાવનાત્મક ? પ્રવૃત્તિમૂલક કે વૃત્તિમૂલક ? અપ્રમત્ત ગુણસ્થાનક સુધી ચારિત્રની ક્રિયાત્મક આરાધના કરવાની. પ્રતિક્રમણ–પડિલેહણ–ગોચરી–વિહાર–લોચ વિગેરે એકપણ પ્રવૃત્તિ અપૂર્ણ નહિ કરવાની. અવિધિથી નહિ કરવાની. અકાલે નહિ કરવાની. ગુરુનિશ્રા વગર નહિ કરવાની. ગુરુ આજ્ઞા વગર નહિ કરવાની. શાસ્ત્રના વિધિ નિષેધ–ઉત્સર્ગ, અપવાદ, દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ વિચારીને કરવાની.

કોઈ પ્રમત્ત સાધુ કહે, "પ્રતિક્રમણ કરું છું." પણ, આત્મા પાપથી પીછેહઠ કરતો નથી. તો પ્રતિક્રમણનો ખોટો ઢોંગ ન કરું તો ચાલે ને ? પ્રતિક્રમણ આત્મ પરિણામ પેદા ન કરે, તો કરવાથી શું લાભ ?"

**સાધક !**

દવા કરી, પણ આરામ ન થયો. રોગ ના મટ્યો. એટલે દવા બરાબર નહિ ? દવા છોડી દેવાય ? ના....દવાનું પ્રમાણ વધારવાનું. દવાની મુદત વધારવાની. બહુ જ હોય તો દવા બદલવાની, પણ આરોગ્યપ્રેમીથી દવા લેવાનું ન છોડાય.

"પ્રતિક્રમણની પ્રવૃત્તિ જ તારામાં પ્રતિક્રમણની વૃત્તિ પેદા કરશે. પ્રતિક્રમણ કાળ વેળાએ કર, મુદ્રાપૂર્વક કર, અર્થની વિચારણાપૂર્વક કર, તન્મયતાપૂર્વક કર, ઉચ્ચારણપૂર્વક કર. પણ જ્યાં સુધી પાપની વૃત્તિ છે ત્યાં સુધી પ્રતિક્રમણની પ્રવૃત્તિ ચાલુ રાખ."

ક્રિયાત્મક ચારિત્રની આરાધના દ્વારા, ગુણાત્મક સ્વભાવ સિદ્ધ કરવાનો. અપ્રમત્ત ગુણ સ્થાનકથી આગળ ક્રિયાત્મક ચારિત્ર નહિ. અકષાય ભાવાત્મક ચારિત્ર અને સિદ્ધ ભગવંતમાં સ્વભાવમાં સ્થિરત્વરૂપ ચારિત્ર. ચારિત્ર એ આત્માનો મહાન મૌલિક ગુણ છે. ચારિત્રથી સર્વ કર્મ ક્ષય રૂપ મોક્ષ. સર્વ કર્મ ક્ષય રૂપ મોક્ષ વગર નિર્વાણ નહિ. **જ્યાં કષાય ત્યાં ચારિત્ર નહિ તો પછી યથાખ્યાત ચારિત્ર વગર બીજા ચારિત્રને શું કહેવાય ?**

ચારિત્રાભાસ–ગુણાભાસ....ના....એવું ના પણ કહેવાય. સામાયિક છેદોપસ્થાપનીય, પરિહાર વિશુદ્ધિ–સૂક્ષ્મ સંપરાય અને યથાખ્યાત પણ ચારિત્રના ભેદ છે તેમ પરમાત્માએ કહ્યું છે. પરમાત્માના વચનમાં રહસ્ય છે ભલે પૂર્વના ચારિત્રમાં સંપૂર્ણ કષાયનો નાશ ન થયો હોય પણ અમુક કષાયો તો નાશ પામે જ છે. કષાય મંદ થાય. કષાય અલ્પ થાય તેથી આગળના ચારિત્રમાં કષાયના અભાવ જેવી અવસ્થા પ્રાપ્ત થાય. છેવટે કષાયનો નાશ થાય. ચારિત્રધરની હાર્દિક વૃત્તિ કષાય નાશની જ છે.' હોસ્પીટલ

આરોગ્ય માટે. હોસ્પીટલમાં પ્રવેશ આરોગ્ય માટે. તેમ પ્રભુનું ચારિત્ર કષાયના નાશ માટે....ચારિત્રનો સ્વીકાર કષાય નાશ માટે. તો પછી ચારિત્રના પાલન કષાયના ક્ષય માટે જ હોય. ભવ્યાત્મા! 'પ્રભુના ચારિત્રની જડીબુટ્ટી મળી છે તો હવે આત્મિક ગુણોની પ્રાપ્તિમાં લાગી જા.'

જેમ જેમ તારાં ચારિત્ર પર્યાયનાં દિવસ–માસ અને વર્ષ વધતાં જાય, તેમ તેમ તારામાં સદ્ગુણની વૃદ્ધિ થવી જોઈએ. તેથી જ માળા ગણવાની 'અગુણિસ્સ નત્થિ મુક્ખો.' ગુણ વિના મોક્ષ નહિ, મોક્ષ ન મળે ત્યાં સુધી મને ચેન નહિ, જંપ નહિ. મોક્ષનું લક્ષ્ય સિદ્ધ કરવા તો ગ્રામ–નગર–ગોત્ર–માતા–પિતા નામ અને વેશ બદલ્યાં. મોક્ષનું લક્ષ્ય સિદ્ધ કરવા મહાવ્રત સ્વીકાર્યાં. આ જન્મમાં સાધ્યની સિદ્ધિ નહિ કરું તો ક્યારે કરીશ? જિંદગીનો જે દાવ લગાડવો પડે તે લગાવીને પણ સંયમની બાજી જીતી જવી છે. હવે હાર ખાવી પોષાય તેમ નથી. સમજ ન હતી ત્યાં સુધી રેતીના ઘરને ભવ્ય ઈમારત સમજ્યો પણ સમજ આવ્યા બાદ તો ફરક પડે જ. ગુરુકૃપા ન હતી. ત્યાં સુધી એટલું જ વિચારતો–મને દીક્ષા લીધે કેટલાં વરસ થયાં? મારાથી નાનું કોણ? હું કેટલાંથી મોટો? આંકડા દ્વારા જ સાધનાને માપતો હતો. ગુણવત્તાનો લક્ષ્યાંક જ ન હતો. હવે સમજાય છે. 'મેરૂ પર્વત જેટલાં ઓઘા મુહપત્તિ કર્યા પણ કેમ તર્યો નહિ? વેશ બદલ્યો હતો, પણ દિલ બદલ્યું ન હતું. પ્રભુ! હવે તમારા પાસે

કરગરીને વિનવું છું. હૃદય પરિવર્તન માટે ચારિત્ર આપો, હૃદય શુદ્ધિ માટે ચારિત્ર આપો, શુકલ લેશ્યાની અતિવૃદ્ધિ માટે ચારિત્ર આપો.'

મહાત્મા કંડરિકે એક હજાર વર્ષ ચારિત્ર પાળ્યું. પણ મનમાં સંસાર આવ્યો. તેથી એક હજાર વર્ષની સાધના નિષ્ફળ ગઈ, અને એક જ દિવસના સંસારના ભોગો તેમને નરકે લઈ ગયા. બહારથી રાગની પ્રવૃત્તિ એક દિવસની, પણ મનમાં તો રાગ–ભોગ વિલાસની જ વૃત્તિ જન્મી. એટલે હજાર વર્ષની આરાધનાનો પરાજય અને એક દિવસના ભોગના કારણે સાતમી નારકીના અતિથિ બન્યા.

પ્રભુ! મને મહાત્મા પુંડરિકના ચારિત્રપાલનના અભિલાષના શુભભાવ આપો. નાનો ભાઈ દીક્ષા લે. મોટાભાઈ પુંડરિકને રાજ્ય સંભાળવું પડે. મનમાં સંયમની ભાવના. હજાર વર્ષ રાજ્ય કર્યું. ફક્ત એક દિવસનો સંયમ પાળ્યો. મહાત્મા એક દિવસ જ સંયમના મેદાનમાં ઊભા રહ્યા અને મોહ પોબારા ગણી ગયો. મહાત્મા આરાધનામાં સફલ બન્યા. કારણ શું? 'સંસારમાં 'શરીર હાજર હતું.' પણ, મન ન હતું. પર્યાય સંસારનો પણ મન મોક્ષનું.' એટલે તેમનો એક દિવસનો ચારિત્રપર્યાય પણ ગુણમય બન્યો. શું મને મહાત્માનો શુભભાવ ઉધાર પણ ના મળે?

**સાધક!** 'મહાત્માના ભાવ ઉધારમાં ના મળે, પણ ઉદ્ધાર માટે મળે.' આ બધી પ્રેરણા શા માટે? તારા

આત્મામાં કંઇક નવ્ય–ભવ્ય–દિવ્ય ચિંતન જાગે એ માટે જ છે. તું પણ ભવ્યાત્મા છે. પ્રભુના ચારિત્ર ધર્મને પામ્યો. તારા સાહસને નમન અને વંદન. પણ હવે અધવચ્ચે ઊભો ના રહેતો, થાકીને વિશ્રામ ના કરતો. જેમ માણસ લેખન-કાર્ય કરતો જાય તેમ તેના અક્ષરો સુંદર થતા જાય તેના-વિચાર પ્રૌઢ થતા જાય. વિચારોનું સુંદર પૃથક્કરણ કરી શકે. તેમ હવે તારે પણ મને થોડા જવાબ આપવા પડશે. તારી આરાધના અને સાધનાના ચોપડાનાં લેખાંજોખાં કરવાં છે. નફા, જમા, ઉધારનાં પાસાં તપાસવાં છે.

'દીક્ષા લીધી ત્યારની ત્રણ વર્ષની તારી મનોભૂમિકા સ્પષ્ટ કર.' પછી હવે બાર વર્ષ બાદ તારી મનોભૂમિકા સ્પષ્ટ કર. પહેલાં કોઈ લડે તો દુઃખ થતું હતું. હવે કોઈ ઠપકો આપે તો દુઃખ થાય છે. તો તારો સંયમનો સરવાળો સાચો. પહેલાં ઉપવાસ, આયંબિલની ગણતરી રાખતો હતો હવે કર્મ ક્ષયની ગણતરી રાખે છે? તો તારી સંયમની સાધના ગુણાંકવાળી. પહેલાં બધાની ફરિયાદ કરતો હતો હવે તારા અવગુણોની ફરિયાદ કરે છે? તો તારું તે સંયમ-ગુણપ્રાપ્તિનું કારણ બન્યું. પહેલાં સ્વપ્રશંસાનું બેસૂરું સંગીત વહાવતો હતો. હવે ગુણીજનની પ્રશંસાના મધુરા સૂરોથી વિશ્વને સભર કરે છે? તો તારા ચારિત્ર રૂપ મંદિર ઉપર સુવર્ણ કળશ ચઢે છે.

'શુદ્ધ ચારિત્રના આરાધન માટે આંકડાની કિંમત

નથી.' પાંચ–દશ–પચાસ–સોના આંકડામાં શુદ્ધ ચારિત્ર પ્રાપ્ત થાય નહિ.

શુદ્ધ ચારિત્ર કષાયના ક્ષય દ્વારા પ્રાપ્ત થાય. નિષ્કષાય ભાવનું–વીતરાગભાવનું યથાખ્યાત ચારિત્ર ગુણ બને. આ ચારિત્ર ગુણવાળો મોક્ષ પામે. સર્વ કર્મ ક્ષય કરે તે જ નિર્વાણ પામે. સમસ્ત બંધનથી રહિત બને.

સાધક ! અંતરના આશિષ. નિર્વાણ. શિખર સર કર છે પ્રભુ ! આપ સમા યથાખ્યાત ચારિત્રધરની છાયા મારા આત્માને શું પવિત્ર ના બનાવે ?

'પ્રભુ મને આપની છાયામાં રાખો....હું આપની પ્રતિચ્છાયા બનું એ જ આશિષ આપો.'

## ૫૦. પાયં રસા દિત્તિકરા નરાણં 卐

ઔષધનું કાર્ય રોગને શાંત કરવાનું, જલનું કાર્ય તૃષા છિપાવવાનું, સંત મહંતનું કાર્ય વિશ્વને શાંતિ આપવાનું. જેના શિરે વિશ્વની જવાબદારી હોય તેને ખૂબ સજાગ રહેવું પડે. જેટલી મોટી સત્તા તેટલી જીવનમાં સાવધાની ખૂબ જરૂરી. ફક્ત લેખન જ જેણે કરવાનું છે તે પુસ્તકનાં પુસ્તકો લખી શકે. પણ જેણે ફક્ત સહી કરવાની છે, તેણે અનેકવાર વાંચી વિચારીને જ સહી કરાય.

ભિખારીનો દીકરો તોફાન કરે તો તેને કોઈ લડે નહિ. શ્રીમંતનો છોકરો તોફાન કરે તો મુનીમ તુરત કહે 'નાના શેઠ' તોફાન છોડો, શાંત બનો, જો તોફાની રહેશો તો તમારો લાખોનો ધંધો ખોરવાઈ જશે. રાજપુત્ર તોફાન કરે, તો મંત્રી તુરત કહે, 'તોફાની રાજકુમાર રાજ્ય ના સંભાળી શકે; તોફાની જ બનવું હોય તો ભિખારીને ત્યાં જઈ રહેવા લાગો.

શ્રમણપુત્ર તોફાન કરે તો વિશ્વમાં સર્વત્ર અવ્યવસ્થા ફેલાઈ જાય. શ્રમણપુત્ર સાધુ ક્યારેય તોફાન ના કરે. શ્રમણને કાયપ્રપ્તિ હોય અને કાયદંડથી વિરતિ હોય. શ્રમણ કાર્ય વિના હાથપગ પણ ઊંચા ના કરે અને શ્રમણ કાર્ય માટે જરા અમસ્તો પ્રમાદ પણ ના કરે! શ્રમણ એટલે સંયમી. સદા યોગોને કાબૂમાં રાખનાર. શ્રમણ એટલે

સદા યોગોનું મોક્ષમાર્ગે પ્રવર્તન કરનાર. શ્રમણના યોગો સંયમી. શ્રમણની ઇન્દ્રિયો સદા દાન્ત.

જગતમાં બધાની ઇન્દ્રિયોના અશ્વો તોફાની હોય પણ વિશ્વતારક ચોરાસી લાખ જીવયોનીના રક્ષક શ્રમણની ઇન્દ્રિયો તોફાની બને તો ? પરમાત્મા ફક્ત એટલું જ કહે છે કે તારક શબ્દમાંથી પહેલો 'તા' અક્ષર નીકળી જાય અને 'તા'ને બદલે 'મા' અક્ષર જોડાઈ જાય તો ત્રણ અક્ષરની પદવીમાં ફરક ના પડે. બોલ, સાધુ થઈને તને આ પદવી પસંદ આવશે.

**શ્રમણ !**

વિશ્વકલ્યાણની મંગલ જવાબદારી તારી....તો પછી તારી એક ભૂલ પણ માફ કરાય? તારી જીવનચર્યા જ દેવાધિદેવે એટલી મહાન દર્શાવી છે કે જો તું એ ચર્યાને અનુમોદે, તો ક્યાંય ભૂલ થાય જ નહિ. તારી કર્મેન્દ્રિય જ્ઞાનેન્દ્રિય બની જાય.

પાંચ ઇન્દ્રિયમાં ચાર ઇન્દ્રિયોનું એક કામ...રસેન્દ્રિયનાં બે કામ...તેથી તે ખાવામાં અને બોલવામાં ઉધમાત મચાવે. મહારથીઓ પણ ચાર આંગળની જિહ્વા આગળ પાણી પાણી થઈ જાય, જીભ ખાવું અને બોલવું બે એમ ખૂબ મોટાં કામ કરે છે. ખાવામાં જો સંયમ તૂટ્યો તો પાંચે ઇન્દ્રિયો બેફામ બને, શરીરને પુષ્ટિકારક ખોરાક મળ્યો તો મન-વચન-કાયાનાં બંધન તોડી અકાર્ય તરફ આંધળી

દોટ મૂકી દે. એટલે જ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં ખાસ ફરમાવ્યું છે: 'રસાપગામં હુ સેવિયવ્વા પાયં રસા દિત્તિ-કરા નરાણં' જૈનશાસનમાં ગોચરી (ભોજન) અંગે સૂક્ષ્મમાં સૂક્ષ્મ ચીવટ રાખી છે. તેવી પ્રાયઃબીજાં શાસ્ત્રોમાં નથી. ભોજન નિષ્પાદન (ગોચરી ગ્રહણ) અધિક વિધિ નિષેધ. તો ગોચરી વાપરવા માટે તેનાથી પણ અધિક વિધિ નિષેધ છે. શુદ્ધ સાધુપણાના પાલન અંગે ખાસ નિયમ છે–શુદ્ધ, સાદો, અરસ નીરસ આહાર પણ અલ્પ પ્રમાણમાં લેવાનો...તો માદક, પૌષ્ટિક આહાર તો કારણ વગર લેવાનો જ ક્યાંથી હોય? તેમાં પણ દૂધ વગેરે છ વિગઈવાળા આહાર તો લેવાના હોય જ ક્યાંથી? દૂધ, ઘી અધિક પ્રમાણમાં ભોજનમાં લેવાય તો ઇન્દ્રિય પુષ્ટ બને અને શરીરમાં સાત ધાતુઓની અભિવૃદ્ધિ થાય. વૃદ્ધિ પામેલ સાત ધાતુ શાંત રહેતી નથી પણ શાંત થયેલી વાસનાને ઉદ્દીપ્ત કરે છે. નિંદ હરામ બને છે. "અકાળે જાગવાથી દુર્વિચારનું સામ્રાજ્ય મન ઉપર સવાર થઈ જાય છે." એકાન્ત, રાત્રિ, ઉદ્દીપ્ત થયેલી વાસનાઓ અને તોફાની દોડતા ઘોડા જેવી ઇન્દ્રિઓ શ્રમણની વર્ષોની સાધનાને ક્ષણમાં ભસ્મીભૂત કરી નાખે છે. જેમ ખાઉધરો એઠું, જૂઠું વાસી, અરસ, નીરસ, ગંદુ, ગોબરું, ખૂલ્લું, બધાયે ફેંકી દીધેલું ગમે તે ખાય, તેમ વાસનાના ભયંકર વાવાઝોડા વચ્ચે સપડાયેલો કોઇને પણ પકડવા દોડે. કોઈ ભાન નહિ, કોઈ જ્ઞાન નહિ. સળગતા લોઢાના થાંભલાને પણ

આલિંગન કરે [બસ આમ કરીશ તો મારા તેમ વાસનાને આધીન ચારે બાજુ ફાંફાં મારે છે. અને વિચારે છે કે હું] હૈયામાં જન્મેલી આગ શાંત થશે. ભલા ! આગમાં ઘી નાખીએ તો આગ શાંત થાય ? અગ્નિ સળગ્યો હોય અને પવન ફુંકાય તો અગ્નિ શાંત થાય કે અગ્નિ માઝા મૂકે ? તેમ વાસનાને શાંત કરવાનો રસ્તો ભોગ નહિ પણ ત્યાગ. વાસનાની આગ બુઝાવવા ભોગનું ઘી ના જોઈએ પણ ત્યાગનું જલ જોઈએ.

સામાન્ય વ્યક્તિને ભયંકર હોનારત સર્જાયા બાદ ખ્યાલમાં આવે છે કે હોનારત કયા કારણે સર્જાઈ ? જ્ઞાનીને ખબર છે કે વિષયસેવનની ભયંકર હોનારત માદક આહારના કારણે સર્જાય છે તેથી સાધકને પરબ્રહ્મના આસ્વાદ કરવા નવ વાડ ફરમાવી તેમાં આહારનો ત્યાગ ખૂબ જરૂરી કહ્યો.

'સાધના અને અધ્યયનમાં સાત્ત્વિક, પૌષ્ટિક, આહાર સહાયક બની શકે પણ તે જ આહાર પ્રમાણથી અધિક લેવાયો અને પચ્યો નહીં તો અને પ્રાપ્ત થયેલી ઇન્દ્રિય અને મનની શક્તિને જ્ઞાન-ધ્યાનમાં લગાડવા ખ્યાલ ન રાખ્યો તો તોફાન-રમખાણ થયા વિના રહે નહીં.

જિતેન્દ્રિય જ અભ્યાસી બની શકે. આહાર અને નિદ્રા નિયમિત હોય તેનામાં સ્ફૂર્તિ રહે, ઉદ્યમ રહે.... ઉદ્યમ રહે તો અભ્યાસ થાય.

શ્રમણે વાત-પિત્ત-કફ અધિક પ્રમાણમાં ઉત્પન્ન થાય તેવો આહાર વર્જન કરવો જોઈએ. સમતોલ આહાર દેહ-ધારણમાં સહાયક છે. સમતોલ આહારથી શરીરમાં ઓજસ પેદા થાય. ઓજસ્વી શ્રમણ તેજસ્વી બની શકે. છતાં શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં 'પાયં રસા દિત્તિકરા નરાણં' પદમાં રહેલ પ્રાયઃ શબ્દ ખૂબ સૂચક છે. બધાને જ એકાન્તે ઘી, દૂધ ઉન્મત્ત બનાવનાર છે તેમ માનવું નહિ. શાસ્ત્રમાં ફરમાવ્યું છે કે દ્રવ્યાનુયોગના અભ્યાસીને અનેષણીય, અશુદ્ધિ, અકલ્પ્ય પ્રચૂર પ્રમાણમાં ઘી દૂધવાળો આહાર પણ કલ્પ્ય છે. ગ્રહણ કરી શકાય છે. દ્રવ્યાનુયોગના અભ્યાસી દેહ માટે જીવે નહિ; આત્મા માટે જીવે! દેહમાં રહ્યો હોય એટલે દેહને ખોરાક આપી દે. પણ ન તો ભોજનની વસ્તુના નામ તેને ખ્યાલ હોય, ન તો આહારનો સ્વાદ તેને ખ્યાલ હોય, નૈસર્ગિક પ્રવૃત્તિથી હાથ મુખ તરફ જાય અને ભૂખ આહારને પેટ તરફ ખેંચી લે. પણ દ્રવ્યાનુયોગના ચિંતનમાં સ્થિર બનેલા મહાત્માને આહાર અંગે કંઈપણ ખ્યાલ ના હોય. આવા મહાત્માઓને અતિ પૌષ્ટિક આહાર પણ ઈન્દ્રિયો માટે ઉત્તેજનાજનક બનતો નથી. ધાતુઓને ચલાયમાન કરી શકતો નથી. તેથી પ્રાયઃ શબ્દ મૂકેલ છે.

દુર્બલિકા પુષ્પમિત્ર પ્રતિદિન એક ઘડો ઘી વાપરી જતાં પણ શરીર જુઓ તો એક એક હાડકું ગણાય તેવું. મહાત્મા શાસ્ત્રાભ્યાસમાં એવા લાગેલા કે તેમને દિવસના ચોવીસ કલાક ઓછા પડતા હતા. તેમની સામે જે પદાર્થ

આવે તે દ્વારા દ્રવ્ય, ગુણ, પર્યાયના વિશ્લેષણમાં લાગી જતા. અભ્યાસની સતત ધૂનથી તેઓનો જઠરાગ્નિ એટલો બધો ઉદ્દીપ્ત થઈ ગયેલો કે એક ઘડા ઘી વિના તેમનો નિર્વાહ થતો ન હતો.

**સાધક !**

એક વાત તું ગોખી નાખ....મહાત્મા કરે તે બધું ન કરાય. મહાત્મા કહે તે કરાય. આચાર્યભગવંત બપ્પભટ્ટ સૂ. મ. આખો દિવસ નવ્યગ્રંથ નિર્માણ કરી આમરાજાની સભામાં ધર્મોપદેશ આપવા પધારે. શાસ્ત્રવાચન–લેખનથી તેમની આંખને એટલો શ્રમ પડ્યો હોય છે હવે આંખને આરામ મળવો જોઈએ. આંખની દવા થવી જોઈએ. વર્ણ-વિજ્ઞાનના નિષ્ણાત આચાર્યભગવંતની દૃષ્ટિ નૃત્ય કરતી વારાંગનાના લીલા કંચુક પર પડી ત્યાં તેમની આંખની દવાની ઔષધિ મળી ગઈ. દસ–પંદર મિનિટમાં આંખને આરામ થઈ ગયો. પણ બધા સાધક તેમ કરવા જાય તો ?

સાપને મદારી રમાડી શકે. ગારુડીવિદ્યાનો જાણકાર જ સાપ સાથે ખેલી શકે. શાસ્ત્રદ્વારા વિષયને નાથવાની જેનામાં શક્તિ પેદા થઈ છે તેવા મહાપુરુષના અનુકરણ અજ્ઞાનથી પણ ના કરતો નહિતર ભયંકર ગુલાંટ ખાઈ જઈશ. આપણે તો શાસ્ત્રાજ્ઞા છે તેને અનુસરવાનું.

પ્રાયઃ કરીને માદક આહાર ઉન્માદ કરે, તો તે ઉન્માદ-જનક રસોની દોસ્તી છોડી દેવાની. સ્વસ્થ, સમભાવસ્થ અને

સ્વભાવસ્થ બની આરાધનામાં આગળ વધ. આરાધકમાંથી આરાધ્ય બન એ જ આશિષ.

પ્રભુ !

મને આહારની ઝંઝટ ના જોઈએ. મારા હૈયામાં અણાહારી પદની અભિલાષા છે. આપની હિતશિક્ષા મારા મનોરથ પૂર્ણ કરે. આહાર મને મિત્રની જેમ સાધનામાં સહાયક બને....શત્રુની જેમ આરાધનામાં વિઘાતક ના બનો એ જ આપના ચરણમાં વિનંતિ...

## ૫૧. ખુદ્દો સાહસ્સિઓ નરો 卐

સદ્‌ગુણ અને દુર્ગુણથી આ જીવન તો સફળ કે નિષ્ફળ બને છે. સાથે પરલોક પણ નિષ્ફળ બને છે.

માનવ હિંસા કરે તો પાપ કર્યું એમ અનુભવે. ચોરી કરે તો પાપ કર્યું એમ દિલ દુભાય. પરસ્ત્રી સામે વિકાર-દૃષ્ટિએ જોયું તો માનવને લાગે કે મેં ખરાબ કર્યું. પણ ક્ષુદ્રતા કરે ત્યારે માનવને મનમાં રંજ પણ પેદા થતો નથી.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર ફરમાવે છે: "ખુદ્દો સાહસ્સિઓ નરો... કિલ્હલેસં તુ પરિણમે" ક્ષુદ્રતાની વૃત્તિથી કૃષ્ણ-લેશ્યાનો પરિણામ પેદા થાય. અને કૃષ્ણલેશ્યામાં આયુષ્યનો બંધ થાય તો જીવ નીચગતિમાં ગમન કરે.

માનવીનું મન કબૂલ કરવા તૈયાર થતું નથી કે ક્ષુદ્રતા એ ભયંકર પાપ છે. માનવી કહેશે પણ એમાં શું થઈ ગયું? જોયું હતું તેવું સાચું જ બોલ્યા છીએ ને! ભલા ભાઈ! બધું સાચું બોલાય નહિ; વાણીનો ઉપયોગ લાભ માટે કરાય, હિત માટે કરાય.

"ક્ષુદ્રતા–તુચ્છતા દુર્ગુણમાં કોઈનો દોષ કહેવાની ભાવના સાથે માનવીના મનનું અહં પ્રગટ થાય છે." મારો અધિકાર છે જેવો જોયો તેવો દુર્ગુણ કહેવાનો– ક્ષુદ્ર માનવી ક્યારે ય જગતમાં સુધારો કરી શકે નહિ. ક્ષુદ્ર માનવીના બોલવાથી પાપ થાય છે. પાપ એટલું જ

નહિ, પણ ભયંકર પાપ. વૈરની વૃદ્ધિ થાય. ક્ષુદ્ર માનવીનો બોલ હૈયા પર એવો ભયંકર આઘાત કરે છે. ક્યાં તો માનવીનું મૃત્યુ....ક્યાં તો નફ્ફટોની ઉત્પત્તિ થાય છે. મોટી વાતો તો દૂર રહેવા દો. જીવનના રોજિંદા વ્યવહારની જ વાત લો. એક નાનું બાળક તોફાન કરે છે, તમે દશ વ્યક્તિ વચ્ચે જાહેરમાં કહ્યું કે આ છોકરો ખૂબ તોફાની છે. પછી જોઈ લો. એ બાળકનાં પરાક્રમ. તોફાન માઝા મૂકશે. બાળકના અજ્ઞાન મનમાં સંઘર્ષ થાય છે કે બધાને ખબર જ પડી ગઈ છે કે હું તોફાન કરું છું. કુટુંબીઓ એ જાહેર કરી દીધું છે તેથી હવે મારી વાત કોણ માનશે ? હવે શા માટે શાંત બનું ? બધા મારી સારી વાતનો પ્રચાર ઓછો કરવાના છે? નામ બદનામ થયું તો હવે સારું શા માટે કરવાનું ? બસ, હવે તો રોજ કંઈક ને કંઇક નવાં પરાક્રમ કરવાનાં જ ! ! !

ક્ષુદ્ર બનનાર વ્યક્તિને આ પ્રગટ થનારી ભયંકર હોળીનો ખ્યાલ હોતો નથી. પણ જે વ્યક્તિને બદનામ કરાય છે તેના હૈયામાં વૈરની હોળી સળગી ઊઠે છે. ક્રોધ માઝા મૂકે છે. ચૂલાનો અગ્નિ ઘર ના બાળે, પણ ઈર્ષ્યાની આગ કુટુંબનો નાશ કરે. અને વેરની જ્વાળા આખા ગામને બાળે. તેમ જેની નાલેશી કરવામાં આવી તે વ્યક્તિની યોગ્યતા મરી પરવારી.

વડીલનાં–સમાજનાં કોઈનાં બંધન રાખે નહિ. તેની દૃષ્ટિમાં તેના પરિચિત બધા દુશ્મન. સર્વ પરિચિત સાથે

અસત્ય વ્યવહાર શરૂ થઈ જશે.

બધા તેના અસત્ય વ્યવહારથી ઉદ્વિગ્ન રહેશે, તે વ્યક્તિ અસંતોષથી ભડકી ઊઠશે. અંતે નાની ભૂલ કરનાર સમાજનો ભયંકર દ્રોહી બની જાય છે ક્ષુદ્રતાના કારણે !

સજ્જન અને ઊંચકુળમાં પેદા થયેલ મહાનુભાવો પત્ર વાંચતા હોય તો લેખનની અશુદ્ધિ માફ કરી પત્ર સુધારીને વાંચે. કોઈની બાજુમાં બેઠા હોઈએ અને તેનાં વસ્ત્ર ઊંચાંનીચાં હોય તો સરખાં કરવાનો મૂક ઈશારો કરીએ. કોઈના ઘરના બાથરૂમ-સંડાસનો દરવાજો ખુલ્લો હોય તો બંધ કરે છે. કોઈ ગામની ગટર ખુલ્લી હોય તો મ્યુનિસિપાલટીનું ધ્યાન ખેંચીને ગટરનું ઢાંકણ કરાવો. કારણ કે નાગરિકોના જીવનની સુરક્ષાનો સવાલ છે. આવા સજ્જન સ્વભાવવાળા મહાનુભાવો કોઈના દુર્ગુણની જાહેરાત કરે ? ભૂલ ગુનો કોઈ કરે પણ તેની ભૂલ-ગુનાની જાહેરાત તો ક્ષુદ્ર જ કરે, તુચ્છ કરે. બનીએ, તો અત્તરના દલાલ બનીએ. પણ દુર્ગંધના દલાલ ના બનાય. જે દુર્ગંધના દલાલ બને તેનું બધું બગડે. તેમ જે અવગુણ બોલે તેનું પણ સમગ્ર જીવન બગડે.

સાધક ! બોલ....નિંદા...પાપ છે કે નહિ ? તું કહીશ....નિંદા, પાપ અને ક્ષુદ્રતામાં શું ફરક ! બંને સગી બહેનો છે, એક જ માની બે દીકરી છે. નિંદા તો નાની છે.

卐 "ક્ષુદ્રતા-હલકટ વૃત્તિની પ્રેરણા વગર નિંદા શક્ય નથી."

ક્ષુદ્રતા રૂપ પવનથી પાપના રેતીના ડુંગરો હલબલે છે. એક જગ્યાએથી બીજી જગ્યાએ સ્થાનાંતર કરે છે પણ પાપ નાશ પામતાં નથી.

卐 "ક્ષુદ્રતા કરનારને કશો લાભ થતો નથી. જેની સામે ક્ષુદ્રતા કરાય છે તેને કશો લાભ નથી અને જે ક્ષુદ્રતા હલકાઈ સાંભળે છે તેને પણ કશો લાભ થતો નથી. ક્ષુદ્રતા જે હૃદયમાં ઉદ્‌ભવે છે તે હૃદય ધર્મરત્ન પ્રાપ્તિને અયોગ્ય બને છે." જ્યાં માનવસમુદાય રહેવાનો ત્યાં માનવીની નબળાઈ અજ્ઞાનના કારણે, સહવાસના કારણે, પૂર્વકર્મના કારણે, રહેવાની જ. કોઈનાથી અક્ષમ્ય અપરાધો થઈ જવાના.

"સુયોગ્ય જવાબદાર વ્યક્તિ ગંભીર હોય. ગુનો જેનો કર્યો હોય તેનું હૃદય ગુનો કબૂલ કરવા તૈયાર ન થાય ત્યાં સુધી મૌન રાખે, ધૈર્ય રાખે. પાકેલી કેરીમાંથી મધુર રસ નીકળે. પાક વગરની કેરી સુધારીયા તો ખાટો-તૂરો અને તે પણ અલ્પ જ રસ મળે.

તેમ સમજ વગરના, પરિપક્વ દશા વગરના આત્માનો કોઈ પણ દુર્ગુણ કસમયે બોલી નાખો તો જોઈ લો કેવું ભયંકર રમખાણ મચી જાય. જાણે લાગે કોમી હુલ્લડ ફાટયું ! ! !

ભૂલ કરનાર કંઈક અંશે સુયોગ્ય આત્મા હશે તો મૌન રહેશે. પણ સુયોગ્ય આત્મામાં ક્ષુદ્રતા જોશે તો,

ધર્મશ્રદ્ધા ડ્ચમચી જશે. જગતની ભલમનસાઈ પરથી વિશ્વાસ ઊઠી જશે. ભૂલ કરનાર આત્મા શરમિંદા સ્વભાવનો હશે અને તેની ભુલ જાહેર થઇ જશે તો આત્મહત્યાનો અવળો માર્ગ સ્વીકારી લેશે. ભૂલ કરનાર આત્મા અભિમાની અને ગુસ્સાના સ્વભાવવાળો હશે તો તે વ્યક્તિ જગતનો દ્રોહી બની લૂંટારો બનશે. કેટલાયના જાન લેશે. તો પણ હૈયામાં વવાયેલ બીજ નિર્મૂળ નહિ બને.

જવાબદાર વ્યક્તિ હિતભાવનાથી બોલે. મંગલની ભાવનાથી બોલે, બિનજવાબદાર વ્યક્તિ તુચ્છતા, હલકટાઈથી પ્રેરાઈ ને કોઈ ને ઉઘાડો પાડવા બોલે. જ્યાં હૈયામાં હિતભાવના ન હોય ત્યાં મંગલ કેવી રીતે થાય ?

કાળ અને જીવના દોષ એવા વધી ગયા છે કે હૈયાની ભાવનાથી કહેવાયેલ હિતકારી–હિતશિક્ષા પણ કામિયાબ નીવડતી નથી. તો અહિતભાવનાથી–તુચ્છતાથી બોલાયેલ વાતથી લાભ ન થાય. બલ્કે ભયંકર નુકશાન થાય ! ! !

તુચ્છ–ક્ષુદ્ર વ્યક્તિમાં અહં એટલો જોર કરી જાય છે કે તેને કોઈ સમજાવે, ભાઈ ! પાપીએ પાપ કર્યું. તેં તેની જાહેરાત કરી એટલે તું પણ પાપી બની ગયો. તે વાત તું કોઇ પણ સંયોગોમાં માનવા તૈયાર થતો નથી. જેમ સમજાવે તેમ વધારે દલીલો કરે છે. અને પોતાની જાતને વીતરાગ જેવી નિર્દોષ માને છે !

ઉત્તરાધ્યયન સૂત્રની ટીકામાં ક્ષુદ્રનો અર્થ કર્યો છે- સર્વનો અહિતૈષી. અવગુણનો ફેલાવો કરનાર સર્વનું અહિત કરે. સર્વનું અપમંગલ કરે. ક્ષુદ્રતાથી સાતમી નારકીની પણ ભયંકર ઘોર ખોદાય છે. તેથી સાધક ! તું સાધનાના માર્ગે સંચર્યો. હિંસા થાય તો આલોચના લે છે. જૂઠ બોલાય તો આલોચના લે છે, તેમ ક્ષુદ્રતાની પણ આલોચના લઇ શુદ્ધ બન. ક્ષુદ્રતા પણ તારા આત્માને અનેક પ્રકારના મહાન લાભોથી દૂર રાખશે. તારી આત્મિક યોગ્યતાને વધારવા અક્ષુદ્ર બન.

સાથે બીજી વાત પણ ઉત્તરાધ્યયન સૂત્રની યાદ રાખી લેજે. સહસાવૃત્તિ કરનારમાં પણ કૃષ્ણલેશ્યાનો પરિણામ પેદા થાય છે. શું કરું ? 'મારો ઉતાવળિયો સ્વભાવ છે. ઉતાવળમાં કંઈક કરી નાખું છું. પણ પછી મારા મનમાં કંઈ હોતું નથી.

ભલા સજ્જન ! શાસ્ત્રમાં કહ્યું છે. વિચાર્યા વગર પ્રવૃત્તિ કરે તે સાહસિક. આ સ્વભાવ પણ અનેક પાપને પેદા કરે છે. કોઈ ગમે તે પ્રમાણપત્ર આપે તેનાથી ખુશ ન થા. તારું મન તારો આત્મા તને શું કહે છે ? કાર્ય કરતાં પહેલાં પરિણામનો વિચાર કરે છે ?

卐 "પરિણામનો વિચાર કર્યા વગરની પ્રવૃત્તિ પરિણામે આત્મામાં કૃષ્ણલેશ્યા પેદા કરે છે."

શાસ્ત્રનું કાર્ય તને માર્ગ દર્શાવવાનું. મોક્ષે જવાની અભિલાષા હોય તો ક્ષુદ્રતા–સાહસિકતા જેવા દુર્ગુણને દૂર હટાવ. વધુ શું કહું ? તું સમજદાર છે. તારા જેવા બુદ્ધિમાન સમક્ષ મારે શાસ્ત્રના પાઠ મૂકી દેવાના ? તારા જેવો ભવભીરુ આત્મા મોક્ષના માર્ગે ગમન કરે. આ મારો વિશ્વાસ છે.

પ્રભુ ! મને ક્ષુદ્રતા અને સાહસિકતા આપો. પણ મારા પોતાના માટે, એક પણ ક્ષણનો કંઈપણ વિચાર્યા વગર મારી બધી વૃત્તિઓ અને પ્રવૃત્તિઓનું ગુરુ–ચરણે નિવેદન કરી લઉં. અક્ષુદ્રતા ગુણ તથા વિચારીને પ્રવૃત્તિ કરવા માટે તો સાધના કરવી જોઈએ. સાધના આરંભ્યા વગર કેવી રીતે ગુણ માટે આશીર્વાદ માગી શકાય ? બસ, "મારા દુર્ગુણ જાહેર કરવા પૂરતી ક્ષુદ્રતા અને સાહસિકતા અવશ્ય આપો."

卐

## પર. ભિક્ખાવિત્તી સુહાવહા 卐

કોઈ પણ વ્યક્તિ સદ્ગુણી અને દુર્ગુણી કહેવરાવતાં પહેલાં તે વ્યક્તિની અવસ્થા ઉપર ખૂબ આધાર રાખે છે. નાનો બાળક પૂછયાનો તુરત જવાબ આપે તો હોશિયાર કહેવાય. અને મોટી ઉંમરના તુરત બોલે તો ઉદ્ધત કહેવાય. કુલવંતી નારીનો ગુણ લજ્જા કહેવાય. લજ્જા વિનાની વ્યક્તિ સ્ત્રી નહિ, પણ પુરુષ. પુરુષ દરેક બાબતમાં ક્ષોભ અનુભવે તો બાયલો કહેવાય.

સાધુને માટે ભિક્ષા એ સદ્ગુણ. ગૃહસ્થ માટે ભિક્ષા દુર્ગુણ! શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે સાધુતાના શુદ્ધ પાલન માટે "**ભિખ્ખાવિત્તી સુહાવહા**." ભિક્ષા વગર શુદ્ધ સાધુતાનું પાલન સ્વપ્નમાં પણ દુર્લભ....!

યાચનાનો અધિકાર કોને? યાચનાનો અનધિકાર કોને? ખૂબ વિચારવા જેવું છે....

બેન ભાઈના ઘરની સંપત્તિની સ્વામિની કેમ ના બની શકે? અને પત્ની કેમ સંપત્તિની સ્વામિની બની શકે? સર્વ સ્થળેથી સંબંધો ત્યાગી એક સ્થળે જે સંબંધ સ્થાપે... જે જેના ચરણે જીવન સમર્પણ કરે તે તેની સંપત્તિનો માલિક બની શકે. પત્ની પતિના ચરણે સર્વસ્વ સમર્પણ કરે તો પતિની સંપત્તિની સ્વામિની બની જાય.

સાધુ બનનારે માત્ર એકાદ બે વ્યક્તિની સાથેજ સંબંધ તોડી નથી નાખ્યા પણ....વિશ્વતારક તીર્થંકરના ચરણે સર્વસ્વ સમર્પણ કર્યું છે. જેણે વિશ્વની કોઈ પણ ચીજ પ્રત્યે માલિકીભાવ રાખ્યો નથી, જેણે વિશ્વ પરથી પોતાનો સર્વસ્વ અધિકાર ઉઠાવી લીધો. કશું જ જેની પાસે નથી એને ભિક્ષાની યાચનાનો અધિકાર છે. ભિક્ષુ કહે છે દેહ ટકાવવા માટે આજે અને અત્યારે ઉદરનિર્વાહ પૂરતું, જરૂરત જેટલું કલ્પ્ય મળશે તો લઈશ. તેવા સંત માટે ભિક્ષા જેવું કોઈ આભૂષણ નથી... !

પંચમહાવ્રતના અખંડ નવકોટિ શુદ્ધિપૂર્વક પાલન કરવા ભિક્ષાવૃત્તિ અનિવાર્ય છે. ધર્મલાભ કહી ઘરે....ઘરે ગોચરી ફરતાં સાધુને એક દિવ્ય આનંદની અનુભૂતિ થવી જોઈએ. ધન્ય પ્રભુ ! તમારી ગોચરીચર્યા, જ્યાં પેટને આરામ પણ પાપને વિરામ...સારી દુનિયા કહે પેટ પાછળ ઉપાધિ છે. જો પેટ ના હોત તો કંઈ પાપ કરવાં ન પડત. સાધુ કહે, પેટ માટે પાપ ના હોય. આહાર હોય....આહાર પાપથી જ મળે એવું નહિ. ધર્મલાભથી ય મળે....સાધુનું લક્ષ્ય પેટ ભરવાનું નહિ પણ સંયમયાત્રા નિર્વાહનું.... ઘરે ઘરે પ્રભુનો મૂક સંદેશો પહોંચાડવાનું, ધર્મલાભ દ્વારા સાધુનું પાત્ર અન્નથી ભરાય છે. અને ગૃહસ્થનું પાત્ર પુણ્યથી ભરાય છે. પાપ નહિ કરવાનું અને જીવન જીવવું હોય તેના માટે યાચકવૃત્તિ સુહાવહા છે. ગૃહસ્થને માટે અયાચકવૃત્તિ શોભાસ્પદ છે. સાધુ થઈને ભિક્ષાવૃત્તિ વહન

ન કરે તો પરિગ્રહ મહાવ્રતનું ખંડન, છ કાયનો વધ.... છ કાયનાં રક્ષણ કરવાં હોય; પંચ મહાવ્રતનાં સંપૂર્ણ પાલન કરવાં હોય તેને ભિક્ષાવૃત્તિ સુખાવહા છે. જ્યાં પર-પીડા નહિ, પાપની પ્રવૃત્તિ નહિ, પરિગ્રહની ભરમાળ નહિ, ચોરીની ચિંતા નહિ. આ બધા સદ્ગુણ સાચવવા ભિક્ષા-વૃત્તિ સાધુજીવનમાં ખૂબ જ જરૂરી છે.

રાજા, મહારાજા, સમ્રાટ, ચક્રવર્તી અને તીર્થંકર પણ દીક્ષા લે તો તેમના માટે એક જ કાયદો....“સર્વસ્વનો ત્યાગ” અને “આજીવિકા માટે ધર્મલાભનો આદર.” સાધુનાં અનેક નામ–ઉપનામ તથા અનેક પર્યાયવાચી નામ હોવા છતાં પણ આગમ ગ્રંથોમાં સ્થળે સ્થળે મુખ્યત્વે એક જ શબ્દ વપરાયો છે. “સે ભિક્ખૂ વા–ભિક્ખૂણી વા.” ભિક્ષા-વૃત્તિ વગર સાધુ જીવનમાં ગોટાળો થાય! ભૂતકાળમાં અને વર્તમાનકાળમાં પણ જે સંયમજીવનમાં આગળ વધ્યા છે તે શુદ્ધ ભિક્ષાવૃત્તિથી, જે ભિક્ષાવૃત્તિથી કંટાળ્યા તે પાછળ પડ્યા છે. પ્રભુના શાસનમાં પ્રથમ તીર્થંકર ઋષભદેવપ્રભુ પણ બાર મહિના સુધી આહાર અર્થે પૃથ્વી પર વિચર્યા અને શ્રેયાંસકુમાર દ્વારા દાન મળ્યું તો ભિક્ષા ગ્રહણ કરી. પરમાત્મા મહાવીરદેવ પણ અભિગ્રહ ધારણ કરી કૌશામ્બીમાં પાંચ મહિના અને પચ્ચીસ દિવસ ભિક્ષા અર્થે વિચર્યા. અને અભિગ્રહ પૂર્ણ થયો તો ભિક્ષા સ્વીકારી....તીર્થંકર પ્રભુએ પણ ભિક્ષાર્થે વિહરણ કરી ફરમાવ્યું. સ્વાદિષ્ટ

આહાર માટે ક્યાંય ના ફરતો...ના રખડતો....પણ શુદ્ધ ભિક્ષા માટે છ મહિના પરિભ્રમણ કરવું પડે તો પણ થાકતો નહિ, કંટાળતો નહિ !

આહારની અસર તનમન ઉપર સીધી થાય છે. અશુદ્ધ આહાર શરીરમાં ખળભળાટ કરે. ક્ષુબ્ધ શરીર મન સામે મોરચો માંડે. પરિણામે ક્રોધ અને સમતાને નાહક જંગ જામી જાય.

ભિક્ષા એ સાધુનો સાચો પરીક્ષાકાળ છે. અધ્યયન કરેલ આગમ ગ્રંથોનો મૌન જવાબ ભિક્ષા લેવાની પ્રવૃત્તિથી સમજાઇ જાય છે. પદ્મિની જેવી સ્ત્રી મોહક વહોરાવી રહી છે. મુનિ નીચી નજરે ના કહી રહ્યા છે. આ અદ્‌ભુત કલાના દર્શનથી જ વાંસના મંચ ઉપર નૃત્ય કરતા ઈલાચીકુમારને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું.

જે સાધુ સંયમયાત્રાના નિર્વાહ માટે ભોજન જેવી ચીજનો સંગ્રહ અને પરિગ્રહ ના રાખે તેને વસ્ત્ર, પાત્ર, ધન અને ઘરના સંગ્રહ અને પરિગ્રહ તો ક્યાંથી જ હોય ? આ વાત સહેલાઈથી આબાલ ગોપાલ સમજી શકે ! ! ! સાધુને અનુભવ થાય છે કે આહાર પચાવવા જેટલો સમય પણ ભોજન પેટમાં રહે છે તો ભજનમાં વિક્ષેપ થાય એટલે ભોજનથી પણ ઉપાધિ જ વધે. તો પછી ભોજન તૈયાર કરવાની ઉપાધિ હોય તો જેમ બીજમાંથી વૃક્ષ પેદા થઈ જાય, તેમ સંસારનાં સમસ્ત પાપો ત્યાં પાંગરી જાય !

ભલા સાધક ! રોજ અનુમોદના કરજે, વારંવાર વંદના કરજે, દેવાધિદેવના સર્વજ્ઞ સિદ્ધાંતને....કે જ્યાં ભિક્ષાવૃત્તિ દ્વારા સર્વ પાપોને પલાયન કરવામાં આવ્યાં છે. બસ, તું શુદ્ધ ભિક્ષુક બન. તું શુદ્ધ ભિક્ષા સ્વીકાર. શુદ્ધ ભિક્ષા દ્વારા તું સિદ્ધાત્મા બન !

**પ્રભુ !**

મારી દીનવૃત્તિ નાબૂદ કરો.
અદીનવૃત્તિ પ્રગટાવો.
અદીનને આહાર મળે તો સંયમવૃદ્ધિ.
આહાર ન મળે તો તપોવૃદ્ધિ.

**પ્રભુ !**

અદૈન્ય આપો. ક્ષુધાવેદનીય કર્મ કાપો....!
વેદનીય કર્મ નિવારો....!
એજ ભિક્ષા માગું છું.

# ૫૩. "વોસટ્ઠકાએ વિહરેજ્જા" 卐

પ્રત્યેક વસ્તુ છોડવી સહેલી છે, પણ પ્રત્યેક વસ્તુ પ્રત્યેના મમત્વનો ત્યાગ કરવો ખૂબ કઠીન છે. જગતમાં કોઇપણ વ્યક્તિ વસ્ત્ર, આભૂષણ અથવા પ્રિય વ્યક્તિને આખો દિવસ સાથે લઈને ફરતો નથી. પણ તેના મમત્વને દિનરાત સદાય હૃદયમાં રાખે છે.

પરમાત્માએ પરિગ્રહના ત્યાગની હિતશિક્ષા ફરમાવ્યા પછી શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના અણગાર માર્ગગતિ નામના નાનકડા અધ્યયનમાં એક ખૂબ જ માર્મિક અને વેધક વાત ફક્ત નવ અક્ષરમાં કહી છે.

"વોસટ્ઠકાએ વિહરેજ્જા"

સાધક !

'વોસટ્ઠકાએ વિહરેજ્જા' કાજળની કોટડીમાં રહેવાનું પણ કાજલનો ડાઘ નહિ લાગવા દેવાનો, જલમાં રહેવાનું પણ જલ પીવાનું નહિ, રસોઇઘરમાં રહેવાનું પણ ભોજન નહિ કરવાનું જેમ કઠિન છે તેમ દેહમાં રહેવાનું પણ દેહને વોસિરાવીને રહેવાનું. દેહને આહાર આપવાનો, દેહને આરામ આપવાનો, દેહને નીરોગી રાખવા ઔષધ આપવાનાં, પણ દેહનાં મમત્વ ક્યાંય પુષ્ટ કરવાનાં નહિ. 'વોસટ્ઠકાએ વિહરેજ્જા' પદનું ઉચ્ચારણ ખૂબ સહેલું છે પણ

તેના રહસ્યને જીવનમાં સફળ રીતે જીવી જાણવું ખૂબ કઠિન છે.

મુસાફરીમાં ચાર કલાક મળેલ માણસની પણ વાહ ક્યારેક મનને સતાવી જાય છે. અરે....અરે સ્વપ્નના દૃશ્યથી પણ માણસ વિહ્વળ બની જાય છે, તો દેહ સાથે રહેવાનું અને દેહનાં મમત્વ નહિ કરવાનાં? આ શકય હકીકત કે અશકય હકીકત....?

**ભલા સજ્જન!**

પ્રત્યેક સાધના કઠિન હોય છે, દુઃસાધ્ય હોય છે પણ અશકય નથી હોતી. દેહમાં રહેવાનું, દેહનાં જતન કરવાનાં પણ દેહના મમત્વમાં આવવાનું નહિ. દેહાધ્યાસ પર કડક ચોકીપહેરો કરવાનો....દેહને સ્પષ્ટ ચેતવણી આપી દેવાની...મારું આ શરીર હવે શાસનની સંપત્તિ છે. ધર્મલાભના ટ્રસ્ટમાંથી તેને અન્નપાણી, વસ્ત્ર અને નિવાસ મળે છે. હવે તારે કાર્ય પણ શાસનનું જ કરવું પડશે. પ્રતિક્ષણ ધર્મધ્યાન અને શુકલધ્યાનની અભિવૃદ્ધિ કરવામાં સહાયક બનવું પડશે. જો ધર્મધ્યાન, શુકલધ્યાનની લગની લાગી જશે તો દુર્ધ્યાનને પોબારા ગણવા જ પડશે.

'વોસટ્ઠકાએ' એટલે દેહ દ્વારા મોક્ષનાં કાર્ય કરાવવાનાં. શરીર મળ્યું કર્મથી પણ તેને કહી દેવાનું 'તું સાધુનું શરીર' સાધુ શાસનને સમર્પિત. તો સાધુના શરીરને હવે શાસનની શરણાગતિ સ્વીકારવી જ રહી.

'દેહના સાક્ષીરૂપે આત્માએ દેહમાં નિવાસ કરવાનો પણ દેહના માલિક રૂપે નહિ.' દેહનું નિરીક્ષણ કરવાનું કે તે મોક્ષમાર્ગમાં સહાયક બને છે કે વિઘાતક બને છે ? જો દેહ મોક્ષમાર્ગમાં વિઘાતક બને તો કહેવાનું ચલો કાલથી તમારી સાથે કડક હાથે કામ લઇશું. સ્વાધ્યાય-જ્ઞાનાર્જનમાં શરીર સાથ આપતું હતું તો દૂધ પીવા મળતું હતું. આજે સ્વાધ્યાય નથી કર્યો, ગાથા નથી કરી તો કાલથી દૂધત્યાગ. તીવ્ર તપ માટે દેહ સાથ આપતો હતો તેથી ઇન્દ્રિયની શક્તિ ક્ષીણ ના બની જાય તે માટે આજ સુધી ઘી આપતો હતો. હવે જો દેહ ઉગ્ર તપની ના પાડે છે તો આવતી કાલથી નોકર જેવો વ્યવહાર ! રોટલી આપીશ પણ ઘી તો નહિ જ મળે. શ્રમણ સંઘની સેવા માટે, વૈયાવચ્ચ માટે શરીર સાથ આપતું હતું એટલે દેહને આરામ આપતો હતો, છ કલાક નિદ્રા લેવા દેતો હતો. હવે શરીર જો સેવા માટે તત્પર નથી તો, તેને કહી દઉં છું રાત્રે આરામ નહિ મળે. વગર મહેનતે સૂવાનું ? ચલ, હવે તો સ્વાધ્યાય અને કાઉસ્સગ્ગમાં સ્થિર રહેવું પડશે. શરીર સમાધિમાં સહાયક હતું તો તેને દવા ઔષધ અનુપાન અપાતાં હતાં; સમાધિમાં પણ સાથ નથી તો, મારે ન છૂટકે કહેવું પડે છે, 'ચલો તમારું કામ પૂરું થયું થાવ રવાના. 'સેયં તે મરણં ભવે.' પણ પ્રત્યેક પરિસ્થિતિમાં તારી પાસેથી શાસનની આરાધના કરાવીશ. મારા પ્રભુએ હજારો હિતશિક્ષાને સમાવી લે તેવું એક વચન કહ્યું છે

'વોસટ્ઠકાએ વિહરેજ્જા' દેહનું મમત્વ વિદાય થાય તો લાખો દુર્ગુણ જાય. દેહનું મમત્વ આવે તો લાખો અવગુણની અભિવૃદ્ધિ થાય.

卐 'દેહનું મમત્વ એ દુર્ગુણરૂપ ગુંડાટોળીનો નેતા. નેતા પલાયન નહિ થાય તો તેની ટોળકી વધવાની જ.'

"દુનિયાના પ્રત્યેક પાપનાં મૂળ તપાસીએ તો માલૂમ પડે છે, દેહના મમત્વનાં બીજ ઉપર જ પાપનું વૃક્ષ પાંગરે છે."

જ્યાં મમત્વ ત્યાં લોભ; જ્યાં લોભ ત્યાં પતન. અગિયારમાં ઉપશાન્તમોહ ગુણસ્થાનકેથી પતન કેમ? સૂક્ષ્માતિસૂક્ષ્મ લોભનો ઉદય, દીવાસળીની એક કાંડી જેમ લાખો મણ રૂને ક્ષણમાં હતું ના હતું કરી દે તેમ લોભના ઉદય રૂપ ભયંકર વાવંટોળ થવાથી આરાધનાની ઇમારત કડડડ ભૂસ થઈ જાય છે.

મમત્વ હોય તો સર્વનાશની ભયંકર આંધી આવવાની જ. તેથી મમત્વ જ ના જોઈએ. રોજના પ્રતિક્ષણના સાથી દેહ ઉપર મમત્વ નહીં રાખવાનું તો પછી વિશ્વની કઈ વસ્તુ ઉપર મમત્વ રાખવાનું?

છતાં જૈનશાસનની સૈદ્ધાંતિક વાત ખૂબ સમજવા જેવી છે. 'વોસટ્ઠકાએ' એટલું નથી કહ્યું પણ વોસટ્ઠકાએ વિહરેજ્જા કહ્યું છે. કાયાનું મમત્વ છોડી માત્ર અનશન નથી કરવાનું પણ વિહરણ કરવાનું છે. આત્મ. સ્વભાવમાં રમણ

કરવાનું છે. આત્મિક આરાધનામાં તત્પર બનવાનું છે. દેહનું મમત્વ ત્યાગી દેહ દ્વારા આત્મિક આરાધનાનું મંગલકાર્ય સિદ્ધ કરવાનું છે.

દેહનું મમત્વ છૂટે એટલે અપ્રમત્તભાવ વધે.

દેહનું મમત્વ છૂટે એટલે શુદ્ધ આહાર ગ્રહણ થાય.

દેહનું મમત્વ છૂટે એટલે ઉગ્ર વિહારની આરાધના થાય.

દેહનું મમત્વ છૂટે એટલે જિનાજ્ઞાની તત્પરતા પ્રગટે.

આમ દેહાધ્યાસ ત્યાગ થવાથી ગુણની જડીબુટ્ટી સહજ મળે. જે મહાત્મા અલ્પકાળમાં આરાધના– સાધના કરી સિદ્ધિના પંથે સંચર્યા તેમને દેહનાં મમત્વ છોડચાં હતાં. શ્રેણિક મહારાજાના ખોળામાં કરમાઈ જનાર ભદ્રા માતાના કોમળ ફૂલ સમા શાલિભદ્રજી વૈભારગિરિની તપ્તશિલા પર અનશન કેવી રીતે આદરી શકે ? શું ગિરિની લૂ તેમના દેહને ભરખી ના જાય ? કોમળ શાલિભદ્ર કઈ રીતે અનશન કરી શકયાં ? કહેવું જ પડશે, પ્રભુની વાણીનાં અમૃત-રસાયણ ઘોળીને તેમણે પીધાં. દેહનું મમત્વ છોડી ઉગ્ર ચારિત્રનું પાલન કર્યું. અંતે અનશન દ્વારા વૈભારગિરિને ધન્ય બનાવ્યો.

કોમળતા....શાતાની ઝંખના....સુંવાળા સ્પર્શની ભાવના...આરામ....પ્રમત્તતા બધું દેહાધ્યાસ જાય તો દૂર હટે. ભલા સાધક! 'એક ગુણની એવી સાધના કર જેથી તારા હજારો દુર્ગુણ હટે.'

કાયાનો ત્યાગ કરી વિચર. આ હિતશિક્ષા પાછળ તો હાર્દિક ભાવના એ છૂપાયેલી છે કે અદેહી બનીને જીવ. તારા આત્માને શાશ્વત બનાવ. તારા દેહથી દૂર થા.

"દેહના મમત્વના કારણે પેદા થયેલી તમામ કર્મ-પ્રકૃતિને, બંધ ઉદયને સત્તામાંથી નિર્મૂળ કર.

દેહનું મમત્વ ત્યાગી આત્મ સ્વભાવમાં વિહરણ કર.

**પ્રભુ** !

દેહના મમત્વ ત્યાગની ભિક્ષા માંગું કે જિજ્ઞાનાપાલનની શિક્ષા સ્વીકારું ?

બસ, મને બનાવો આપનો ચરણાશ્રિત, મારે બીજું કાંઈ ના જોઈએ એજ આપના ચરણે નતમસ્તકે ભાવભરી આરઝુ....

## ૫૪. અરિહા આલોયણં સોઉં 卐

સૂંઠના ગાંગડે ગાંધી ના બનાય....
એકાદ શાસ્ત્રના અભ્યાસે જ્ઞાની ના બનાય....

વાત-પિત્ત-કફનું નામ જાણી લેવાથી વૈદ્ય ના થઇ જવાય...

ક્રોધ, માન, માયા, લોભના નામ બોલવાથી ગીતાર્થ ના બની જવાય!

અષ્ટ પ્રવચન 'માતાનો જાણકાર સાધુજીવનનું પાલન કરી શકે, પણ....સાધુજીવનનું પ્રવર્તન ના કરાવી શકે! સાધુજીવનનું પ્રવર્તન કરાવનાર પાસે વિશાળ જ્ઞાન હોવું જોઈએ. સાધકની મનોદશાનો અભ્યાસ હોવો જોઈએ. પ્રાથમિક અવસ્થા કેટલી સુકોમળ અને સંભાળવા લાયક હોય તેનું જ્ઞાન જરૂર હોવું જોઈએ. ઉત્સાહ-આનંદ અને ભાવની અભિવૃદ્ધિમાં સાધક મહાવ્રત અંગીકાર કરે છે. સ્વીકાર વખતે સુલભ લાગતાં મહાવ્રત જીવનમાર્ગમાં આગળ વધતાં ક્યારેક કઠિન લાગે છે. સાધકનો ઉત્સાહ ક્યારેક ઓસરી જાય છે, તો ક્યારેક મનની વૃત્તિઓ પર કાબૂ ધરાવી શકતો નથી. ક્યારેક થાકી જાય છે તો ક્યારેક માર્ગથી સ્ખલના પામી જાય છે, તો ક્યારેક માર્ગથી ભ્રષ્ટ પણ બની જાય છે. આવા સમયે સાધકની સાધનાનાં

સુકાન કોણ સંભાળી શકે? મનમાં જાગેલા તુમુલ યુદ્ધને કોણ શાંત કરી શકે?

માટીમાંથી નવો ઘડો કુંભાર બનાવી શકે પણ ઘડો તૂટેલો ય રહેવો ન જોઇએ અને સાંધેલો ય દેખાવો ના જોઇએ. આ કલામાં પારંગત હોય તે કલાકાર. સાધકની સાધના ખંડિત ન રહેવી જોઈએ અને અખંડિત થવી જોઇએ. આવા સાધનાના નિષ્ણાત ગુરુદેવ જ સાધના-માર્ગનું પ્રવર્તન કરાવી શકે!

પ્રભુ શાસન ફરમાવે છે....આધ્યાત્મિક ઊર્ધ્વગમન એટલે ઊંચા-સીધા પહાડનું ચઢાણ. જ્યાં પગ ટેકવવાની જગા જ નહિ. ત્યાંથી પડ્યા તો સીધા નીચે. તે સમયે સાધકનું સુકાન સંભાળનાર ગુરુ જ ભાવગુરુ બની શકે. શાસ્ત્રમાં શિષ્ય માટે જે યોગ્યતા કહી છે તેનાં કરતાં કરોડ-ગણી યોગ્યતા ગુરુ બનવા જરૂરી છે તેમ કહ્યું છે.

દર્દી બૂમ મારે પણ ડોક્ટર બૂમ ના મારે! ડોક્ટર દર્દીની બૂમ સાંભળી તેનો ઈલાજ કરે....શિષ્ય ભૂલ કરે પણ ગુરુ ભૂલ ના કરે. શિષ્યની ભૂલ સુધારે તે ગુરુ, મહાવ્રત સ્વીકાર્યાં શિષ્યે, પણ મહાવ્રત પાલન કરાવવાની જવાબદારી ગુરુની.

ગાંડો છે એટલે તોફાન કરવાનો....તેમ સાધક નવો છે....હજુ અભિમાનનો એરુ ઊતર્યો નથી એટલે નાની વાતમાં પણ મદ કરવાનો. હું હુંનાં ગીતો ગણગણવાનો!

વાતવાતમાં મોઢું ચઢાવવાનો ! સત્‌ક્રિયા અને શાસ્ત્રાધ્યય-નથી થાકવાનો !

'ગુરુની ફરજ છે અજ્ઞાનીને પણ અનંત જ્ઞાનીની વાણીનું ઔષધ આપી દેવાનું.' ગુરુ બન્યા પછી સારા દેખાવાનો મોહ છોડી દેવાનો, સાચા બનવાનો પ્રયત્ન કરવાનો. મારાં શિષ્ય-શિષ્યા છે એટલે ભૂલ નભાવી લેવાની નહિ પણ પ્રભુ શાસનના પ્રતિનિધિ છે, ભાવિની પેઢીના નેતા છે. જો તેમનાં શિક્ષણ અધૂરાં રહે, તેમની કેળવણી કાચી રહે તો મારું ઉત્તરદાયિત્વ લાજે ! સાધકનાં માતા-પિતાએ મારા ઉપર કેટલો વિશ્વાસ રાખ્યો હશે ! આ ગુરુ મારા પુત્રને મોક્ષે લઈ જશે....જો હું સાધકને વચ્ચે અથડાવી દઉં તો મારું ગુરુપણું લાજે. ગુરુના મનમાંથી "મારો આ શિષ્ય" એવો મમત્વ ભાવ સદા વિદાય લેવો જોઈએ. પણ....દિલમાં થવું જોઈએ મારા શુભભાવોને વહન કરનાર મારા પ્રતિનિધિને....શિષ્યને સુધારવા મારી શુદ્ધિ વધારું પણ તેની બુદ્ધિને નિંદું... મારો શિષ્ય મારાથી વિરુદ્ધ ચાલે અને હું જે કફોડી સ્થિતિમાં મુકાઉં, તેનાથી વર્તમાનને ભૂલી અતીતનાં સંસ્મરણ હું કરું, મારા પણ તારક ગુરુ હતા તેમના પણ મારા અંગે મનોરથ હતા, મેં તારક ગુરુના મનોરથ પૂર્ણ ન કર્યા....તેની શિક્ષા મારા ગુરુએ ના કરી....પણ મારા શિષ્યનું વર્તન યાદ કરાવે છે કે ભૂતકાળને ભૂલતો નહિ. તારા શુભભાવોનું જતન કરવા

તારા ગુરુએ જે વાત્સલ્ય વહાવ્યું છે તેવું અથવા તેથી અધિક વાત્સલ્ય આ મોક્ષમાર્ગના સાધક પર તું વહાવજે. પથ્થરમાં જ પારસ છુપાયેલ હોય છે. વર્તમાનના સાધુ-સમુદાયમાં જ ભાવિનો કોઈ શાસનપ્રભાવક છુપાયેલ છે. તેના આશા–અરમાન પૂરા કરવાની તારી જવાબદારી છે.

એકાદ બે શિષ્યના ગુરુની માનસિક દશા આટલી વિશુદ્ધ જોઈએ તો ગચ્છનાયક, ગુરુવરની મનોભૂમિકા કેટલી ઊંચી હોવી જોઈએ!??

ગચ્છનાયક પાસે આરાધક આવે....વિરાધક આવે.... શાસનપ્રભાવક આવે....શાસનદ્રોહી પણ આવે....બધાનાં પાપને સમજીને–વિચારી વિશુદ્ધ બનાવવાની જવાબદારી ગચ્છનાયકની.

કેટલાક આત્મા આલોચના લેવા આવે તો કેટલાક આત્મા આલોચનાનો દેખાવ કરવા આવે. કેટલાક ભવ-ભીરુતાથી આવે. દરેક આત્માના શબ્દો સમાન રહેશે... મુખાકૃતિ સમાન રહેશે પણ શબ્દની પાછળની અંતરવેદના સૌની અલગ હશે. સૌની મુખાકૃતિ અંદર આંખની આરઝુ અલગ હશે. માનસશાસ્ત્રીય જ્ઞાનથી આત્માની ચિકિત્સા થાય નહિ એટલા માટે શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં ફરમાવ્યું છે–'અરિહા આલોયણં સોઉ' આલોચના સાંભળવાને યોગ્ય આત્માએ આલોચના સાંભળવી.

કોઈની પણ આલોચના સાંભળીને થાય 'અરે કેવો પાપી !' તે આલોચના સાંભળવાને અયોગ્ય. કર્મના ઉદયે

પાપ થઈ ગયું પણ કેવો લઘુકર્મી આત્મા છે! કેટલી સરળતાથી આલોચના લઈ રહ્યો છે! આવો વિચાર જેને આવે તે આલોચના સાંભળવાને યોગ્ય.

છેદસૂત્રો-વ્યવહારસૂત્રો-નિશીથગ્રંથોમાં આલોચના આપવા યોગ્ય ગુરુની અનેકવિધ યોગ્યતા ફરમાવી છે. તે બધાના સારાંશરૂપ શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં ફરમાવે છે આલોચના આપનાર આચાર્ય ભગવંત માત્ર સૂત્રના અભ્યાસી હોય તો ના ચાલે પણ આગમના અભ્યાસી જોઈએ. આગમનો અભ્યાસ એટલે એકાદ આગમ આવડી ગયું તો ના ચાલે. અનેક આગમમાં પારંગત હોવા જોઈએ. આગમના સૂત્ર-અર્થ અને રહસ્યના નિષ્ણાત હોવા જોઇએ. વારંવાર આગમના પરામર્શ કરનાર હોવા જોઈએ. તેઓની વાણી, વિચારધારા આગમમય થયેલી જોઈએ. તે મહાપુરુષ જે બોલે તેના આગમપાઠ પ્રાયઃ મળે જ! આગમનિષ્ણાત થાય એટલેથી જ આચાર્ય ભગવંત આલોચનાયોગ્ય ના બને પણ જે શિષ્ય આલોચના લેવા આવે તેને સમાધિ ઉત્પન્ન કરનાર જોઈએ.

**પુણ્યાત્મા !**

તારું મહાભાગ્ય છે. પ્રભુઆગમ પ્રત્યે તારા હૈયામાં શ્રદ્ધા છે. ખાનદાન કુટુંબનો નબીરો છે. ઠેસ વાગી છે પણ બચી ગયો છે. આમ જે આલોચના લેવા આવે તેને મધુર વચન વડે આશ્વાસન આપે...."તારા આત્માનું

ઊર્ધ્વીકરણ થશે.” તેમ પ્રોત્સાહન આપે તે આલોચના આપવાને યોગ્ય ગુરુ. આ ગુણથી પણ એક અધિક મહત્ત્વનો ગુણ છે ‘ગુણગ્રાહીપણું.’ આલોચના લેવા આવનાર શિષ્યની અનુમોદના કરે....પ્રોત્સાહન આપે, ધર્મભાવનામાં ઉત્સાહ વધારે...અને તેમ છતાંય પાપ પ્રત્યે અને દોષો પ્રત્યે જુગુપ્સા વધતી જ જાય તેવો સંવેગ–વૈરાગ્ય પેદા કરે.

**સાધક !**

પ્રભુનું શાસન એકવીસ હજાર વર્ષ સુધી અખંડ રહેવાનું. શાસનપ્રભાવક સુયોગ્ય ગુરુવરો ગચ્છનાયક આચાર્ય ભગવંતના વાત્સલ્યના પ્રભાવે તેમના દિવ્યજ્ઞાનના તેજમાં, તારા આત્માના અજ્ઞાનનાં અંધારાં ઉલેચવાનાં. તેઓની હિતશિક્ષા સ્વીકારી તારા આત્માને શુદ્ધ બુદ્ધ બનાવજે. મહાપુરુષનું સાંનિધ્ય તારાં ભવોભવનાં કર્મને હરશે. મહાપુરુષનું સાંનિધ્ય તારા જીવનમાર્ગમાં જ્ઞાનનાં અજવાળાં કરશે....

પ્રભુ !

સૌ યોગ્ય છે તો જ આપના શાસન વડે ધન્ય બન્યા છે. ગચ્છનાયક તો શાસનમય બની ગયા છે. મારા ગુરુ તેમના ગુરુના આશિષથી ધન્યતમ બની ગયા છે. મારે તો એક જ સાધના કરવાની છે....મારા આત્માને આરાધનાયોગ્ય બનાવવાની....મહાન સમુદાયના સુયોગ્ય બંધારણને અનુકૂળ

બનવાની...મોક્ષના મહામાર્ગના પથિક બનવાની.... અનેક સુયોગ્ય આત્મા વચ્ચે 'હું યોગ્ય બનીશ' એવું સૌના તથા આપની શુભાશિષે હિંમત કરીને કહું છું. બાકી તો મોરની વચ્ચે કાગડો મોરનાં પીંછાં લગાવીને બેઠો હોય તેવી મારી દશા છે. પણ ભાવના મોર જેવા બનવાની છે. એટલે મોરનાં પીંછાં લગાડયાં છે.

અત્યારે આરાધક હોઉં એવો જ દેખાવ છે પણ આપ કૃપાએ આરાધક બનવાનો મારો મનોરથ સફળ બનો એજ.

# ૫૫. "અણુબદ્ધ રોસ પસરો" 卐

માનવ પાસે મન એવી શકિત છે કે જો તેની સમક્ષ સુયોગ્ય પરિસ્થિતિ સર્જન ન કરીએ તો ભૂતકાળને વાગોળી દુષ્ટ વિચાર દ્વારા દુર્ભાવનામાં લીન બની જાય. આ દુર્ભાવનાથી નિવારવા બાર ભાવના અને ચાર ભાવનાનું શાસ્ત્રમાં ખૂબ વર્ણન કર્યું છેં. પણ શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર એ તો પરમ પિતા પરમાત્માની સાધક મહાત્માને અંતિમ હિતશિક્ષા છે. તેમાં કોઈ પણ વાત શાની રહી જાય? શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના છત્રીસમાં અધ્યયનમાં ચાર ભાવના દર્શાવી છે. કાંદર્પિકી, આભિયોગીકી, કિલ્બિષીકી અને આસુરી. આ ચાર ભાવનામાં રહેવાથી સાધકને પણ દેવ દુર્ગતિ પ્રાપ્ત થાય છે. સાધુપણાનું પાલન દેવનું આયુષ્ય બંધાવે છે. પણ ઉત્તમ યોગ્યતા ન કેળવવાથી, સુયોગ્ય–શુભ ભાવની અભિવૃદ્ધિ ન થવાથી, દુર્વિચારની અધિકતાના કારણે દેવગતિમાં પણ હલકો દેવ બને છે. ચાર ભાવના એટલું બધું ચિંતન માગે છે કે તેનું વિવેચન એક ગ્રંથ જેટલું થઈ જાય પણ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રનો સ્વાધ્યાય કરતાં–પ્રતિદિન "અણુબદ્ધ રોસ પસરો." પદ યાદ આવે અને પુનરાવર્તનની ગતિ બંધ થઈ જાય. મન તેના ઊંડાણમાં, ઊતરી જાય. શું ગુસ્સો રહે તો આસુરી ભાવના!! ગુસ્સો તો મોહનીય કર્મવાળા દરેક જીવને

આવે પણ ગુસ્સાની તરતમતામાં ફરક પડવો જોઈએ કેટલાક ગુસ્સો કરી તુરત ભૂલી જાય. તો કેટલાકને દિવસો વીત્યા પછી ગુસ્સો શમતો નથી. એજ ક્રૂરતા, એજ વેરવૃત્તિ, પહેલાનું જ ચિત્ર જાણે આંખ સામે હોય અને પોતે પણ એજ પરિસ્થિતિ વચ્ચે હોય તેવી જ વૃત્તિ તે....અણુબદ્ધ રોસ પસરો.

આપણી ભાષામાં કહેવું હોય તો ગુસ્સાનું કારણ દૂર થઈ ગયું હોય, પણ....ગુસ્સાની વૃત્તિ વ્યક્તિની પાછળને પાછળ ફરતી હોય, અંતરમાં રહેલ ગુસ્સો ન શમ્યો હોય, હંમેશા લડવા જોઈએ, લડ્યા વગર ચેન ન પડે–નાનામોટા કારણથી દરરોજ લડાઈ કરવાને ટેવાઈ ગયેલ તે "અણુબદ્ધ રોસ પસરો." ગુસ્સો કર્યા બાદ પણ પશ્ચાત્તાપ ન થાય. પણ કહે કે જો મેં ગુસ્સો કર્યો તો જ બધા સીધા ચાલ્યા. મારા ગુસ્સાથી કેવા દબાઈ ગયા! ગુસ્સાને સારો માની તેને જ ટકાવી રાખવો તે "અણુબદ્ધ રોસ પસરો." લડાઈના મૂળમાં ખુદ અને બીજા બંનેય દોષિત છે. સામી વ્યક્તિ ક્ષમા માગે છે. છતાં પણ પોતે પ્રસન્ન થતો નથી અને મનમાં ગુસ્સાનો ભાવ રહે તે,"અણુબદ્ધ રોસ પસરો.

ઝઘડાના નાના પ્રસંગને મોટો બનાવવો, કોઈને પણ નિમિત્ત બનાવી લડાઈ ચાલુ કરી દેવી, ઝઘડાના રોજ કારણ શોધવા, ખુદ ગુનેગાર હોય અને સામી વ્યક્તિ ક્ષમા માગે તો પણ પ્રસન્ન ન બનવું આવો સ્વભાવ તે અખંડ

ગુસ્સાની વૃત્તિ. જેમ દીવાસળીમાં અગ્નિ રહેલ છે તેને લાકડું મળવું જોઈએ, તરત જ બળવાની ક્રિયા ચાલુ થઈ જાય ! જે સાધુપણાના પાલનથી અંતમુહૂર્તમાં કેવલજ્ઞાન મળે તેવી અવસ્થા પ્રાપ્ત થાય તેના બદલે આ ગુસ્સાની સાતત્યતાના કારણે દેવલોકમાં અસંખ્ય વર્ષની સજા ! રાજા બનો પણ હોળીના, "દેવ બનો પણ નોકર જેવા,"...પ્રભુની દેશનામાં જવાનો અધિકાર નહિ, ઇંદ્રસભામાં જવાનો અધિકાર નહિ. જિનચૈત્યમાં જવાનો અધિકાર નહિ. જેમ ગધેડી માતા તો કહેવાય પણ ભારવહન કરવા, તેમ દેવ ખરો પણ અન્ય દેવનો અસ્પૃશ્ય !

સાધક ! સૌનો સ્વભાવ સૌને ભારે–આસપાસવાળા સહવર્તીઓમાં સહનશીલતા હશે તો તારી સાથે રહી તેઓ નિર્જરા કરશે. પણ જો તું નિરંતર ગુસ્સો કરીશ તો આસુરિક ભાવનામાં આવી અસુર બનીશ. સૌને શાંતિ પહોંચાડે તે સુર. સૌને દુઃખ પહોંચાડે તે અસુર. સૌને દુઃખ પહોંચાડયું તો તારા સુખના દહાડા દૂર. "દેખવાનું અને દાઝવાનું તેવી તારી અવસ્થા." વન, ઉપવન, પર્વત, ગિરિશૃંગો પર મહાલતાં પુણ્યશાળી દેવો કયાં ? અને દેવમાં પણ તારા જેવો શાપિત દેવ કયાં ? સૌને માફ ન કરવાનો સ્વભાવ તારો હતો. હવે અસંખ્ય વર્ષ સુધી આ દુર્ગતિમાંથી તને કોઇ માફ નહિ કરે. "રોજ ઝઘડા કરતો હતો. હવે પલ્યોપમ અને સાગરોપમ સુધી દેવેન્દ્રનાં હુકમ સાંભળ્યા કર. તારી દેવી હશે

પણ, તેની સાથે ય સુખચેનથી રહી શકીશ નહિ. વન–વાટિકા બધું ખરું. પણ તને ક્યાંય બે ઘડી આરામ નહિ! તોફાન કરીશ તો દેવેન્દ્રના વજ્રના આકરા પ્રહાર સહન કરવા પડશે! રુદન કરી તું નંદનવનને શોકવન બનાવી દઈશ પણ તારી સજામાં કોઈ ફેરફાર નહિ થાય! "કારણ તેં સાધુજીવનમાં ગુસ્સો કરેલ છે. સહવર્તી સાધુને સતાવેલ છે!

સાધક! તારા ઉપર ભાવ દયા આવે છે. તેથી તને કહું છું. તારા સમતાના સ્વભાવનું તું પ્રગટીકરણ કર! દુસ્તર સંસારસાગર તર્યો. સ્નેહનાં બંધન તોડ્યાં. સુકોમલતા અને સુંવાળાશ છોડીને કાયિક કષ્ટ સહન કરે છે. અગ્નિને અડકતો નથી તો મનમાં ગુસ્સાની આગ શા માટે સદા પ્રજ્વલિત રાખે છે? ગૃહસ્થના ઘરમાં પણ રાત પડે અને ચૂલો શાંત થાય. આગ ઓલવાઈ જાય. તું સાધુ અને પ્રતિક્રમણ કરે તો આગ શાંત ન થાય? સ્વાધ્યાય રૂપ નાગદમની રત્નથી પણ ગુસ્સા રૂપ સર્પનું ઝેર તારું ના ઊતર્યું?! સંથારા પોરિસી ભણાવી અને કષાયના કાળોતરા સાપનું ઝેર ના ઊતર્યું? સદ્‌ગૃહસ્થ વાસી અન્ન ન ખાય અને તું સાધુ થઈને ગઈકાલની વાત આજે યાદ કરીને લડે? ના...બને....પ્રભુનો સાધુ સમતાનો સાધક! મૈત્રીભાવમાં મહાલતો. મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ ભાવનાની પ્રબળ અસરમાં નહિ રહે તો, આવી ભયંકર ભાવના તારી સાધુતાને ભરખી જશે! શાસ્ત્ર અધ્યયનમાં નિરત બન. પ્રજ્ઞાનીની સેવામાં મસ્ત બન!

મહાપુરુષના સાંનિધ્યે દુષ્ટભાવના દૂર જશે, તારું સમતા સામ્રાજ્ય વિકસિત બનશે. તારું ભગીરથ કર્તવ્ય છે.... કષાયસંતપ્ત આત્માને શાંતિનાં જળ પિવરાવવાનું ! તારા કર્તવ્યથી ભ્રષ્ટ થઈ જો તું અશાંત બનીશ તો વિશ્વને કોણ શાંતિનાં અમીપાન કરાવશે ? તને થશે મને બધા કેમ આટલું બધું કહે છે ? મારે જ બધાનું સાંભળવાનું ? તને કહેનારા તારા સ્નેહી છે ! હિતસ્વી છે ! તારા મંગલવાંછુક છે. તારા મંગલ માટે તને સૂચન કરે છે. મને આશા છે, તું હિતકામી છે એટલે હિતસ્વીની વાત અવશ્ય માનીશ ! ભાવના તારો ભવનાશ કરે એજ તને હિતસ્વીના આશીર્વાદ છે.

**પ્રભુ !**

ભાવનો ભૂખ્યો હું ભાવના કેમ ન ભાવું ? પણ હું બાળક સ્વસ્વભાવ પ્રાપ્ત કરી શકતો નથી, વિભાવ છોડી શકતો નથી. આપે બતાવેલી શુભભાવનાની સોપાન-શ્રેણી પર ચઢવા અવશ્ય પ્રયત્ન કરીશ-મારે પણ સમતાની વિશાલ સમભૂમિના સૌંદર્યમાં મુક્ત વિહરણ કરવું છે!

આપો આશિષ મારાં સોણલાં સફળ બને !

## પ્રાંતે...

દેવેન્દ્રોના સુખોને પણ વામન કરી દેનાર, મોક્ષના અનંત સુખોનો સાચો નકશો સમજાવનાર સંસારના આધિ–વ્યાધિ અને ઉપાધિના વિવિધ તાપની વચ્ચે કમળની માફક નિર્લેપ રાખનાર જો કોઇ પરમ સુખ હોય તો તે સુખ છે સ્વાધ્યાયનું.

આવા સ્વાધ્યાયનું કંઇક 'સુખ' પ્રાપ્ત થાય છે ત્યારે આત્મા આનંદ વિભોર બની જાય છે. અનુત્તર દેવના તેત્રીશ સાગરોપમ પણ ક્ષણવારમાં કેમ પસાર થઈ જતાં હશે તે આવા ગ્રંથોના મનન ને લેખન વખતે સમજાય છે.

મને તો મારાં જીવનની એ ક્ષણો ધન્ય ક્ષણો લાગી છે કે જ્યારે આ ગ્રંથના ચિંતન વખતે મારૂં મન એકાગ્ર થતું હતું. ઘણીવાર તો એમ લાગ્યું છે કે કોઇ સુયોગ્ય વાંચક આત્માનું નિર્મલ પુણ્ય મારી પાસે લખાવી રહ્યું છે.

મારા શુભેચ્છકો કહે છે કે–" આ લખાણ શ્રેષ્ઠ છે." પણ, મને લાગે છે કે, શ્રેષ્ઠતા તેઓની દૃષ્ટિમાં છે, મેં તો મારા મનને પ્રસન્ન કરવા, મારા મનને આ કષાયોમાંથી કૂદકો મરાવવા, બહાર ફરતી ઈંદ્રિયોને અનંત શક્તિશાળી આત્માની જોડે સાંકળી રાખવા એક નાનો પ્રયત્ન કર્યો છે.

બસ, મારા આ ચિંતનના પ્રયત્નથી જ્યાં સુધી મારું જીવન રહે ત્યાં સુધી મારા આત્માને પરમાત્મા બનતા રોકે તેવો એક પણ વિચાર સ્પર્શે નહીં. પરમાત્મા બનાવે તેવા જ વિચારોમાં હું સદા રત રહું એ જ ભાવના.

સૌ વિવેચકોની ગુણમય દૃષ્ટિ, વાંચકોની સારગ્રાહીતા, પૂ. ગુરૂ દેવની કૃપા, ગુરૂ બંધુઓની સહાય અને મારી આરાધ્યા, સાક્ષાત્ કમળ જેવી પવિત્ર માતા પદ્માવતીની આરાધના અને ઉપાસનાની અચિંત્ય સહાય. જીવ ને શિવ બનાવે....

**અને જૈનં જયંતિ શાસનમ્** જગાવે....

, એજ અભ્યર્થના....

*

# શ્રી શાસનદેવી

## શ્રીમતી ભગવતી પદ્માવતીમાતાની સ્તુતિ

"भक्तानां देहि सिध्धिं,
मम सकलमघं देवि ! दूरीकुरु त्वम्,
सर्वेषां धार्मिकाणाम्,
सततनियमितं वांछितं पूरयस्व ।
संसाराब्धौ निमग्नं प्रगुणगणयुतम्,
जीवराशिं च त्राहि,
श्रीमज् जैनेंद्र धर्मं प्रकटय विमलं,
देवि ! पद्मावति ! त्वं ॥१॥"

卐